
# સંત સૌરભ

## (પ્રેરણાદાયી રેખાચિત્રો)




## લેખક : યોગેશ્વર

## NOTICE


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




E-Book

| | |
|---|---|
| Title | : Sant Saurabh |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 137 |
| Created | : April 14, 2008. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. Your suggestions are welcome.

☼ ☼ ☼ ☼ ☼

## <u>શ્રી યોગેશ્વરજી</u>

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



**"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."**



### <u>શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર</u>

જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ દઈએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ દઈએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ બીજાને જ્યોતિ દઈએ.
જીવન એક યાત્રા, વિરાટ યાત્રા,
એની યાત્રા બનાવી બીજાને યાત્રા કરાવીએ


યોગેશ્વરના આશિષ

## પ્રસ્તાવના

હિમાલયના પુણ્યપ્રવાસે આવનારા અને આવવા માગનારા પ્રવાસીઓમાંના કેટલાય પ્રવાસીઓ તરફથી મને પૂછવામાં આવે છે કે હિમાલયમાં અથવા અન્યત્ર કોઈ ઊંચી કોટિના આપ્તકામ આત્મરત સમર્થ સંતપુરુષો વસે છે ખરા ? હું એમને ઉત્તર આપું છું કે વસે છે. એવા સંતપુરુષોનો આત્યંતિક અભાવ કદી પણ નથી થતો. એ કેટલીકવાર વિજનમાં તો કોઈવાર વસતિમાં, કોઈકવાર દૂર તો કોઈવાર આપણી આજુબાજુ જ અજ્ઞાત રીતે વસતા હોય છે. એમને જોવા જાણવાની સમ્યક્ સ્વાનુભૂતિપૂર્ણ દૈવી દૃષ્ટિનો અભાવ હોવાથી આપણે એમને નથી ઓળખી શકતા. એ સત્પુરુષો કેટલીકવાર સામાન્ય વેશ ધારીને આપણી આસપાસના કર્મજગતમાં રત હોય છે; ઘર તથા પરિવારની વચ્ચે શ્વાસ લેતા હોય છે, તો કોઈકવાર સર્વસંગપરિત્યાગી બનીને વિચરે છે કે વસે છે. એમનો સમાગમ સદા શ્રેયસ્કર હોય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એવા કેટલાક સત્પુરુષોના રેખાચિત્રોને રજૂ કર્યા છે. એ રેખાચિત્રો કોઈની અંદર શ્રદ્ધાભક્તિનો સંચાર કરશે, કોઈને પ્રકાશ ધરશે, ને કોઈની જીવનસાધનામાં મદદરૂપ બનશે એવી આશા છે. એ એક પ્રકારના સૂક્ષ્મ સત્સંગની ગરજ સારશે.

- યોગેશ્વર



☼ ☼ ☼ ☼ ☼

## અનુક્રમણિકા


૧. અલીગઢનો પ્રાણવાન પરિચય
૨. ભાથીખત્રી મહારાજની કૃપા
૩. શ્રી સંતરામ મહારાજ
૪. અંબાજીનો અનુભવ
૫. સેવાભાવી સાધુપુરુષ
૬. આશ્ચર્યકારક મજૂર
૭. દરજીની પ્રામાણિકતા
૮. દીપક
૯. ભૂષણજી
૧૦. સમર્પિતા
૧૧. કામિનીબેનની કથા
૧૨. સિદ્ધદર્શનનો સ્વાનુભવ
૧૩. સ્વામી પ્રેમરૂપાનંદ
૧૪. નીલકંઠના ભક્તપુરુષ
૧૫. મહર્ષિનો મેળાપ
૧૬. મહર્ષિના મહાપ્રયાણનો સંકેત
૧૭. દેવીનો અદભુત આવેશ
૧૮. પ્રતીતિ
૧૯. બહાદુરસીંગ
૨૦. ઘરની દેવી
૨૧. મૌનીબાબા
૨૨. વિઠ્ઠલભાઈની સેવા
૨૩. ભૂતનાથ મહાદેવના બ્રહ્મગિરિજી
૨૪. બદરીનાથના સિદ્ધ સંતપુરુષ
૨૫. બદરીનાથના સિદ્ધપુરુષ બચ્ચીદાસજી
૨૬. પૂર્ણિમાનો પરિચય
૨૭. ગરીબની રોટી
૨૮. બાબા નીમકરોલી
૨૯. બટુક મહારાજ
૩૦. શબ્દોને સાચા કર્યા
૩૧. દુર્ગાસપ્તશતીનો પાઠ
૩૨. મહા મૃત્યુંજયની શક્તિ
૩૩. દક્ષિણેશ્વરની દેવી
૩૪. સાહિત્યકૃતિના સંરક્ષક
૩૫. અપરિચિત સેવાભાવી સદગૃહસ્થ
૩૬. લાકડીનો ચમત્કાર
૩૭. ચમેલીનો પ્રયોગ
૩૮. વનેશ્વરમાં થયેલો અનુભવ
૩૯. મહાસંતોના સમાધિસ્થાનો
૪૦. પ્રેતયોનિમાં સબડતા સાધુઓ
૪૧. મોહરહિત ઉપાસક
૪૨. સ્વામી શિવાનંદજી
૪૩. રામકલીનો મેળાપ


☼ ☼ ☼ ☼ ☼

## ૧. અલીગઢનો પ્રાણવાન પરિચય

સંસારના વિપરિત વિષમ વિરોધાભાસી વાયુમંડળમાં વસીને આધ્યાત્મિક જીવન જીવી શકાય અથવા આત્મોન્નતિના માર્ગે આગળ વધી શકાય ? હા. મોટા ભાગના માનવો માને છે કે સંસારના વાતાવરણને અને આધ્યાત્મિક જીવનને અથવા આત્મોન્નતિને જોઈએ તેવો મેળ નથી હોતો. એ બંનેની વચ્ચે વિરોધ છે. પરંતુ ખરેખર એવું નથી સમજવાનું. આધ્યાત્મિક જીવન જીવવાની અથવા આત્મોન્નતિના માર્ગે આગળ વધવાની ઉત્કટ ઈચ્છા હોય તો વસતીને વચ્ચે વસીને અથવા એકાંતમાં રહીને, બંને પ્રકારની પરિસ્થિતિમાં સાધના કરી શકાય છે ને જાગૃતિપૂર્વકના પવિત્ર જીવનનો આધાર લઈ શકાય છે. એ સત્યની સ્મૃતિ કરાવનારાં કેટલાક પ્રાણવાન પાત્રોનો પરિચય આપણને આ સંસારમાં થઈ જાય છે ત્યારે આપણો વિશ્વાસ વધારે બળવાન બને છે અને અવનવી પ્રેરણા મળે છે.

આ લેખ દ્વારા એવા એક પ્રાણવાન પાત્રનો પરિચય કરાવી રહ્યો છું. એ પરિચય પ્રેરક છે કે કેમ એ તો વાચકોએ જ નક્કી કરવાનું છે. એ પાત્ર અલીગઢના રીટાયર્ડ સિવીલ સર્જન શ્રી ગુપ્તાજીનું છે. એમણે ઉત્તરપ્રદેશના ગોરખપુર, ફૈઝાબાદ જેવાં જુદાંજુદાં સ્થળોમાં સિવીલ સર્જન તરીકે નોકરી કરીને નિવૃત્તિની વયમર્યાદાએ પહોંચ્યા પછી અલીગઢને એમનું કાયમનું નિવાસસ્થાન બનાવ્યું છે. વરસનો થોડોક સમય હિમાલયના સુપ્રસિદ્ધ પર્વતીય સ્થાન મસૂરીમાં પસાર કરીને બીજો મોટા ભાગનો સમય એ અલીગઢમાં વીતાવે છે. ચારેક વરસથી એ મને એમના અતિથિ થવા માટે આગ્રહપૂર્વકનું આમંત્રણ આપતા ને કહેતા કે અલીગઢમાં તમને ગમશે. ત્યાંની સત્સંગપ્રેમી જનતાને સત્સંગનો લાભ મળશે. ત્યાં મારા પૂજ્ય પિતાશ્રીની સ્મૃતિમાં બંધાયેલું સુપ્રસિદ્ધ ટીકારામ મંદિર છે. એનું વાતાવરણ ખૂબ જ શાંત, એકાંત અને પવિત્ર છે. દર વરસે મને અલીગઢ જવાની અનુકૂળતા નહોતી રહેતી તો પણ એટલા જ પ્રેમ અને ઉત્સાહથી એ મને વરસોવરસ આમંત્રણ આપતા રહેતા. છેવટે એમની સુદીર્ઘ સમયની પ્રતીક્ષા ફળી અને ઈ. સ. ૧૯૭૪ના ઓક્ટોબરમાં અમે અલીગઢમાં પ્રવેશ કર્યો. ગુપ્તાજીની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

*

અલીગઢનું ટીકારામ મંદિર સાચેસાચ સુંદર, શાંત તથા વિશાળ લાગ્યું. એના અવલોકનથી આનંદ થયો. મંદિરની આગળના ભાગમાં બે બાજુએ દુકાનો હતી. તેમનાં બારણાં જાહેર રસ્તા તરફ હોવાથી મંદિરની શાંતિમાં કશો ભંગ નહોતો પડતો. ગુપ્તાજીએ જણાવ્યું : 'મંદિરની બહારના ભાગની દુકાનો સહેતુક બાંધવામાં આવી છે. તેથી મંદિરને લાભ થાય છે. આર્થિક મદદ મળી રહે છે.'

'એ વ્યવસ્થા ઘણી સારી કરી છે.' મેં કહ્યું : 'મંદિરો આર્થિક રીતે પગભર તથા સમૃદ્ધ થાય એ ઈચ્છવા જેવું છે.'

'મંદિરની વાર્ષિક આવક પ્રમાણમાં ઘણી મોટી છે. અમે એની બીજી વ્યવસ્થા વિચારી છે. મંદિરની આવકમાંથી એના નિભાવ કે ખર્ચ પૂરતી રકમ લઈને બાકીની બધી જ રકમ કન્યાઓની કોલેજ તથા બાળમંદિરના વિકાસ માટે વાપરવામાં આવે છે. એ સંસ્થાઓ મંદિરની બાજુમાં જ છે ને મારા પિતાજીની પુણ્યસ્મૃતિમાં ચાલે છે.'

'એ તો ઘણું જ સારું કહેવાય.'

'મંદિરની આવકનો એથી બીજો સારો ઉપયોગ બીજો કયો હોઈ શકે ? મંદિર સાર્વજનિક હોઈને સાર્વજનિક હેતુપૂર્તિ માટે વપરાવું જોઈએ. મારા પિતાશ્રીને કન્યા કેળવણી પ્રત્યે પ્રેમ હતો.'

'તમે તેને યાદ રાખીને એમનું સાચું શ્રાદ્ધ કરી રહ્યા છો.' મારાથી એમને અભિનંદન આપ્યા વિના રહી શકાયું નહીં.

મંદિરોની આવકનો આવો સદુપયોગ સઘળે ઠેકાણે સઘળાં મંદિરો તરફથી કરાતો હોય તો ? સમાજને કેટલો બધો લાભ મળે ? જનતાના અંતરમાં મંદિરો માટે અભિનવ આદરભાવ ઉત્પન્ન થાય. અળખામણાં બનતાં જતાં મંદિરો પ્રત્યે આકર્ષણ થાય. મંદિરો સંસ્કારધામો બને. ત્યાં કેટલીય લોકહિતકારક પ્રવૃત્તિઓ થાય. એમનો એ પ્રવૃત્તિઓમાં મહત્વનો ફાળો મળે.

'મંદિર તમને કેવું લાગ્યું ?'

'સારું લાગ્યું.'

'અહીં ઉતરવાનું અને રહેવાનું ગમે ?'

'ગમે.'

'મને ખબર જ હતી. તો પણ તમારો ઉતારો મેં મારા મકાનમાં રાખ્યો છે. મારી પાસે. ત્યાં અનુકૂળ નહિ આવે તો અહીં રાખીશું.'

મારે તો એમની યોજનાને અનુસરવાનું જ હતું. મંદિરમાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલું. તેથી કથાકારનો ઉતારો ત્યાં જ હતો. આખો દિવસ શ્રોતાઓની અવરજવર પણ રહેતી. એ દૃષ્ટિએ વિચારતાં ઉતારો બીજે હોય એ ઈચ્છવા જેવું હતું.

ગુપ્તાજીનું મકાન મંદિરની છેક જ પાસે, સુંદર, સ્વચ્છ, એકાંત અને વિશાળ હતું. એમાં એ એકલા જ રહેતા. એ જ કંપાઉન્ડમાં થોડેક દૂર એમના પુત્રનો બંગલો હતો. ગુપ્તાજીના ધર્મપત્ની ત્યાં જ રહેતાં.

મેં એમને પૂછ્યું : 'તમારા શ્રીમતિજી તમારી સાથે નથી રહેતાં ?'

'ના. દિવસનો મોટો ભાગ એ મંદિરમાં ભગવાનની આરાધનામાં પસાર કરે છે ને રાતે પેલા મકાનમાં અલગ રહે છે. અમારી વચ્ચે પતિ-પત્નીનો શારીરિક સંબંધ નથી.'

'ક્યારથી ?'

'જ્યારથી સમજતાં થયાં ત્યારથી. વરસોથી. લગ્નજીવન છેવટે તો પવિત્રતામાં પ્રવેશીને પરમાત્મા તરફ વળવા માટે જ છે ને ?'

'તમારી પત્ની તમારી પાસે દિવસે પણ નથી આવતી ?'

'ના. એ એના કામકાજમાં ને ભક્તિભાવમાં મશગુલ રહે છે. એની પાસે સમય જ નથી હોતો. હું પણ મારા કામકાજમાં મગ્ન હોઉં છું. અમારે એકમેકનું એવું કામ પણ નથી હોતું.'

મને થયું કે માનવ જો ધારે તો વ્યવહારની વચ્ચે વસીને પણ સંયમી જીવન જીવી શકે.

'તમારી ઉંમર કેટલી થઈ ?'

'૮૫ વરસની.'

'ઉંમરના પ્રમાણમાં શરીર ઘણું સારું છે.'

'ઈશ્વરની કૃપા છે.'

*

ઈશ્વરની કૃપા તો એમની ઉપર હતી જ-એટલે તો એમની અંદર સદબુદ્ધિ અને સંસ્કારિતા હતી, પરંતુ એમની જીવનચર્યા પણ એને અનુકૂળ હતી. એનું અવલોકન કરવાનો અવસર મળવાથી મને આનંદ થયો. એ રોજ રાતે સાડા નવે લગભગ સુઈ જતા ને અઢી વાગ્યાની આસપાસ ઊઠીને સવારે પાંચ વાગ્યા સુધી ધ્યાનમાં બેસતા. મકાનના એક ખંડને એમણે ધ્યાન તથા પુસ્તકાલયના અલગ ખંડ તરીકે તૈયાર કરેલો. એ ખંડમાં સિદ્ધ સનાતન મહાપુરુષ બાબાજી શ્રી શ્યામાચરણ લાહિરી મહાશય, યુક્તેશ્વર મહારાજ, મહાત્મા યોગાનંદજીના અને અન્ય પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષોના ફોટાઓ હતા. એનું વાતાવરણ પવિત્ર ને પ્રેરક હતું.

પ્રભાતે પાંચ પછી એ રોજ પગે ચાલીને ફરવા જતા. છ વાગ્યા પછી થોડાંક યોગાસનો કરતા. એ પછી સ્નાનાદિથી પરવારીને નાસ્તો કરતા. તેમને ચા પીવાની ટેવ નહોતી. વરસોથી એમણે એ ટેવને છોડી દીધેલી. તેમણે રાત્રી ભોજનનો પણ ત્યાગ કરેલો. દિવસ દરમ્યાન સેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં રત રહીને સાંજનો થોડોક વખત તે વળી પાછા ધ્યાનમાં ને પ્રાર્થનામાં પસાર કરતા.

એક દિવસ એમણે મને જણાવ્યું : 'વરસોથી ધ્યાન કરું છું અને નિયમિત રીતે કરું છું તો પણ હજુ નિર્વિકલ્પ સમાધિ નથી થતી.'

'સાધનાને ચાલુ રાખજો. ઈશ્વર તમારી ભાવના પૂરી કરશે.'

'જીવનમાં એના સિવાયની બીજી કોઈ જ ઈચ્છા નથી રહી. શરીર શાંત થાય તે પહેલાં એ ઈચ્છાની પૂર્તિ થાય તો સારું.'

એમની આંખ ભીની થઈ.

એમની ભાવના અદભુત અને અસાધારણ હતી.

ગુપ્તાજીનું જીવન સાધના, શુદ્ધિ અને સેવાનું જીવન હતું. એ જીવનને જોઈને મને થયું કે માનવનું મન તૈયાર હોય તો સાંસારિક જીવન એના માર્ગમાં બાધક નથી બનતું. એ પોતાની જાત પ્રત્યે જાગ્રત રહીને આત્મનિરીક્ષણ દ્વારા આત્મવિકાસ સાધી શકે છે.

કન્યા કોલેજમાં મારા પ્રવચનની પૂર્ણાહૂતિ પછી તેમણે કહ્યું :

'કન્યા કેળવણીમાં મને ખાસ અભિરુચિ છે. આ કન્યાઓમાં મને દેશની આવતીકાલની આશા દેખાય છે. એ જ્યાં જશે ને વસશે ત્યાં બીજાને ઉપયોગી બનશે.'

મને થયું કે આવું સાત્વિક સ્વપ્ન સૌ કોઈ સેવતા હોય તો ? એનું પરિણામ કેટલું બધું કલ્યાણકારક આવે ?

છેલ્લે દિવસે વિદાય થવાનો વખત આવ્યો ત્યારે ગુપ્તાજીની પત્ની એમના મકાનની પરસાળમાં આવી પહોંચી. વિદાયના બે શબ્દો બોલીને એ મંદિરમાં ગઈ. અમે એ બંનેને નિહાળી રહ્યાં. એમનો સંબંધ

કેવો આસક્તિરહિત અને આહ્લાદક હતો ! કોઈને કોઈના પ્રત્યે કશો અસંતોષ નહોતો, આસક્તિ ન હતી, ફરિયાદ ન હતી.

અલીગઢનો એ પ્રવાસ પહેલવહેલો હોવા છતાં યાદગાર બની ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. ભાથીખત્રી મહારાજની કૃપા

આજના પ્રખર બુદ્ધિવાદમાં માનનારા, ડગલે ને પગલે આગળ વધતા, વિજ્ઞાનયુગમાં કેટલીક વ્યક્તિઓ એવી મળે છે અને કેટલીક ઘટનાઓ એવી બને છે જે આપણને આશ્ચર્યચકિત કરી દે છે અને વિચારમાં ગરકાવ બનાવે છે. સામાન્ય બુદ્ધિ દ્વારા એમના રહસ્યનો ઉકેલ એટલી સહેલાઈથી નથી કરી શકાતો. તો પણ એ હોય છે એકદમ વાસ્તવિક, પ્રામાણિક અને પ્રમાણભૂત. આલમની અનેક અજાયબીઓમાં એમનો પણ સમાવેશ કરવો હોય તો સહેલાઈથી વિનાસંકોચ કરી શકાય છે. એવી વ્યક્તિઓને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ પણ મળી નથી હોતી, અને એવી પ્રસિદ્ધિની એમની આકાંક્ષાયે નથી હોતી. એ એમના કર્તવ્યને મૂક રીતે પરમ નિષ્ઠાપૂર્વક કર્યે જાય છે. એ કર્તવ્ય આંશિક હોવા છતાં ખૂબ જ કલ્યાણકારક હોય છે. એ કર્તવ્ય દ્વારા એમને ધનની, વૈભવની, પ્રતિષ્ઠાની, માનપાનની, સાંસારિક સુખોપભોગની, કશાની લાલસા નથી હોતી. એથી એમને ઊંડો આત્મસંતોષ મળે છે. એની પાછળ એમનો યજ્ઞભાવ હોય છે. એથી પ્રેરાઈને એ આજીવન કર્તવ્યાનુષ્ઠાન કરતા જ રહે છે. એમનું કાર્ય કેટલું બધું આશીર્વાદરૂપ હોય છે તે જોવા જેવું છે.

એક નાનાસરખા ગામની કલ્પના કરો. એ ગામમાં રહેતા એક યુવાનને-તાજેતરમાં જ પરણેલા યુવાનને-ખેતરમાં કામ કરતાં અચાનક સાપ કરડ્યો છે. એના સ્વજનોના શોકનો પાર નથી. એનાં માતાપિતા અને એની ધર્મપત્ની કાળજું કપાઈ જાય એવું કલ્પાંત કરે છે. આખુંય વાતાવરણ અતિશય કરુણ બની જાય છે. એકાએક ભાથીખત્રી મહારાજની સ્મૃતિ થાય છે. સુદૃઢ સ્વસ્થ શરીરવાળા એ યુવાનને ભાથીખત્રી મહારાજના સુપ્રસિદ્ધ સ્થળમાં લઈ જવામાં આવે છે. એ સ્થળમાં ભાથીખત્રી મહારાજના પરમ કૃપાપાત્ર પુજારી કે ભુવા મોતીભાઈ મળે છે. મોતીભાઈ સાપ ઉતારવાનું કલ્યાકાર્ય કરી રહ્યા છે. એ કાર્યમાં સિદ્ધહસ્ત મનાય છે. એ કાર્યને સફળતાપૂર્વક કરતા આવ્યા છે. એ ભાથીખત્રી મહારાજનું સ્મરણ કરીને શુદ્ધ બનીને તરત જ બહાર આવે છે. એમની ઉપર ભાથીખત્રી મહારાજનો અસાધારણ અમોઘ અનુગ્રહ છે. એ અનુગ્રહથી પ્રેરાઈને એમનો આદેશ મેળવીને એ કરુણાથી ભરાઈને પરમ શ્રદ્ધાભક્તિપૂર્વક આગળ આવે છે અને સર્પદંશનો ભોગ બનેલા યુવાનના શરીરે હાથ ફેરવીને કહે છે કે હવે સારું થઈ ગયું. સાપ ઉતરી ગયો. એ જ ક્ષણે સાપ ઉતરી જાય છે. અચેત જેવી અવસ્થામાં પડેલો યુવાન તરત જ બેઠો થઈ જાય છે. શાંતિપૂર્વક, નવજીવન પામીને, જાણે કશુંય ના બન્યું હોય એમ ચાલવા માંડે છે. ત્યાં એકઠા મળેલા સઘળા ભાથીખત્રી મહારાજનો જયજયકાર કરે છે. યુવાનનાં માતાપિતા, સ્વજનો ને એની પત્ની પ્રસન્નતા અનુભવે છે. મોતીભાઈના ઉપકારના બદલામાં એ શું આપે ? પ્રિયજનનું જીવનદાન કરનારને જે પણ આપવામાં આવે એ ઓછું છે. પરંતુ પોતાની સેવાના બદલામાં કશું પણ ના લેવાનો મોતીભાઈનો નિયમ છે. એ નિયમનું પાલન એ ખૂબ કડકાઈથી કરી રહ્યા છે, એટલે સૌ લાચાર છે. કૃતજ્ઞતા સહિત ભાથીખત્રી મહારાજને પગે લાગીને સૌ પોતપોતાને ઘેર પાછાં વળે છે.

એવા પ્રસંગો તો અનેકવિધ બન્યા કરે છે. મોતીભાઈની પાસે એમના ગામ ધોળકા તાલુકાના સરોડાના અને એની આજુબાજુના કેટલાય લોકો સાપને ઉતરાવવા માટે આવે છે અને સાપને ઉતરાવીને

શાંતિ સાથે પાછા ફરે છે. ભાથીખત્રી મહારાજની કૃપાથી મોતીભાઈ અનેકના જીવ બચાવે છે. એમની કશી ફી નથી. એ કશી દક્ષિણા કે ભેટ લેતા નથી. એ કાર્ય એમની આજીવિકા માટે નથી. કર્તવ્યભાવનાની પૂર્તિ માટે છે. એ ખૂબ જ નમ્રતાપૂર્વક સરળ શબ્દોમાં જણાવે છે : 'આ કામ હું ક્યાં કરું છું ? મારામાં એ કરવાની શક્તિ જ ક્યાં છે ? આ કામ તો મહારાજનું છે. એ જ કરે છે કે કરાવે છે. એનો બધો જ યશ એમને ઘટે છે. એમની જ શક્તિ સઘળું કરી રહી છે. એટલે મારે એ નિમિત્તે કાંઈપણ લેવાનું ન હોય. લેવાનો વિચાર પણ ના કરવાનો હોય.'

કેટલી બધી સરસ ભાવના ? મોતીભાઈને પોતાના કાર્યનો સહેજ પણ અહંકાર નથી થતો. એ સીધા, સાદા, સરળ અને નિખાલસ છે. એમની અંદર દંભનું નામ નથી. દર વરસે કારતક સુદ એકમે ભાથીખત્રી મહારાજના સ્થાનમાં મેળો ભરાય છે, ઉત્સવ યોજાય છે, ભજનકીર્તન ચાલે છે ને માણસોએ પોતપોતાની બાધાને અનુસરીને કે બીજી રીતે જે વસ્તુઓ આપી હોય છે તે સૌને પ્રસાદરૂપે વહેંચવામાં આવે છે. બાકીના દિવસોમાં પણ મહારાજના મંદિરમાં જે કાંઈ મૂકવામાં આવે છે એનો હિસાબ રહે છે અને એ એવી રીતે જ વાપરવામાં આવે છે. મોતીભાઈ એનો અંગત ઉપયોગ અથવા ઉપભોગ નથી કરતા. શહેરોમાં સાપ કરડે તો માણસને હોસ્પિટલમાં લઈ જવાય, ઈન્જેક્શનો આપવામાં આવે, અને કેટલોય ખરચ થાય, પરંતુ મોતીભાઈને ત્યાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સૌનો નિઃસ્વાર્થ રીતે ઉપચાર થાય છે અને બદલામાં કશું જ નથી લેવાતું. એ કેટલી બધી મોટી, માન ઉપજાવે તેવી વાત છે ? એમની એ પ્રવૃત્તિ કેટલી બધી આશીર્વાદરૂપ છે ? એની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. આજના અર્થપ્રધાન યુગની એ એક અજાયબી છે.

*

મોતીભાઈનું પૂર્વજીવન કેવું હતું, અને એ ભાથીખત્રી મહારાજના પરમ કૃપાપાત્ર કેવી રીતે બની શક્યા, એની ઓછીવત્તી માહિતી મેળવવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પૂર્વજીવનમાં એમની અંદર કોઈ વિશેષતા અથવા અસાધારણતા નહોતી દેખાતી. પાટીદાર ખેતીપ્રધાન ઘરમાં જન્મીને એમણે કશી અસામાન્યતા નહોતી દાખવી. એમના જમાપાસે એમને ત્યાં પરાપૂર્વથી ચાલ્યું આવતું એમની કુળદેવી માતા સિકોતરનું સ્થાન હતું. એમની માતા દયાળુ, પરગજુ અને શ્રદ્ધાભક્તિસંપન્ન હતાં. એ સિકોતર માતાની નિયમિત સેવા કરતાં. ઘર આર્થિક રીતે દુઃખી હતું. ઉછળતી યુવાનીમાં મોતીભાઈ ખોટા માર્ગે વળી ગયેલા. એને લીધે કેટલાક કુકર્મો પણ કરી બેઠેલા. ગામમાં એમની સારી પ્રતિષ્ઠા નહોતી રહી. ભાથીખત્રી મહારાજ પ્રત્યે પણ એમને લેશ શ્રદ્ધાભક્તિ ન હતી. એમના સ્થાનમાં જવા માટે પણ એ નહોતા ટેવાયેલા. પરંતુ જીવનની જડતા ક્યારે કેવી રીતે ટળે છે ને જીવનનો પ્રવાહ ક્યારે ક્યાં પલટાય છે તેની કલ્પના કોણ કરી શકે છે ? કેટલીક વાર તો એ પરિવર્તન આકસ્મિક રીતે જ થતું હોય છે. પૂર્વના કોઈ સંસ્કાર સંબંધો એમાં ભાગ ભજવે છે ખરા, પરંતુ કયા સંસ્કાર સંબંધો ક્યારે, ક્યાં, કેવી રીતે, કેટલા પ્રમાણમાં ભાગ ભજવે છે તે નથી કળાતું. એનું તો ઉપરછલ્લું અનુમાન જ કરવું રહે છે. મોતીભાઈના અદૃષ્ટ શુભ સંસ્કારની જાગૃતિનો અવસર આવી પહોંચ્યો એટલે એમનો જીવનપ્રવાહ એકાએક અને શુભ દિશામાં પલટાયો.

વાત એમ બની કે ભાથીખત્રી મહારાજના સાપ ઉતારનારા પહેલાંના ભુવા કોયા પટેલનો સ્વર્ગવાસ થયો એટલે ભુવા તરીકે કામ કરીને કોણ સાપ ઉતારે એ પ્રશ્ન પેદા થયો. મહારાજના ભક્તોએ નક્કી કર્યું કે આ ઉત્તમ, સ્વાર્થરહિત પરમહિતકારક લોકોપયોગી સેવાકર્મને ચાલુ તો રાખવું જ. કોયા પટેલે એકાદ બે યુવાનોને સાપ ઉતારતાં શીખવેલું ખરું, પરંતુ તે એ પ્રવૃત્તિમાં પારંગત નહોતા બન્યા. મહારાજની મરજી જુદી જ હતી. એ પ્રમાણે એમના સ્થાનમાં કુતૂહલભાવથી ભરાઈને આવેલા મોતીભાઈના શરીરમાં પ્રવેશ કર્યો, અને બીજી રીતે ચમત્કાર બતાવીને એમને પોતાના પરમ કૃપાપાત્ર તથા ભુવા તરીકે જાહેર કર્યા. ભક્તોએ પોતાની પ્રતીતિ માટે પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તરો પામીને સૌને સંતોષ થયો. સૌએ મોતીભાઈને મહારાજીની મરજી મુજબ સ્વીકારી લીધા. ગામ લોકોને એની માહિતી મળી ત્યારે એમના આશ્ચર્યનો અંત રહ્યો નહિ. એ મોતીભાઈના જીવનને જાણતા હતા.

એનો અર્થ એવો થોડો છે કે એ જીવન બદલાય જ નહીં ? કર્મના નિયમો કોના જીવનમાં ક્યારે કામ કરે છે એ વિશે કશું જ નથી કહી શકાતું. વળી ઈશ્વરની ઈચ્છા સર્વોપરી છે. એને માટે કશું જ આશ્ચર્યકારક નથી. એ રંકને રાય કરે છે અને રાયને રંક. નિરક્ષરને સાક્ષર બનાવે છે સાક્ષરને નિરક્ષર. જળને ઠેકાણે સ્થળ ને સ્થળને ઠેકાણે જળ. એની લીલા અપાર છે, ગહન છે, અસાધારણ છે. મોતીભાઈનો જીવનપ્રવાહ એ પ્રસંગ પછી પલટાઈ ગયો. એમનાં સઘળાં વ્યસનો છૂટી ગયાં. કુકર્મો મટી ગયાં. એ સારા ને સાચા માનવ બનવા લાગ્યા. મહારાજે એમની બુદ્ધિ, વૃત્તિ, કૃતિ કે પ્રવૃત્તિ પલટાવી દીધી. જેને એમણે અપનાવ્યો એને એ અશુદ્ધ કેવી રીતે રહેવા દે ? કુમાર્ગગામી કેમ બનાવે ? એથી તો એ જ લાજે. એને તો એ સુંદરમાં સુંદર, સર્વોત્તમ બનાવવા માંડે. ગામ આખું કહેવા લાગ્યું કે મોતીભાઈ બદલાઈ ગયા. મોતી જેવા મૂલ્યવાન ને સાચા થવા માંડ્યા.

*

આજે મોતીભાઈ આદર્શ માનવ અથવા આરાધક તરીકે જીવવાની કોશિશ કરે છે. નમ્ર, સરળ, નિષ્કપટ છે. એમને પૂછવામાં આવે છે, 'તમે સાપને કેવી રીતે ઉતારો છો ? કોયાજી તો ઢોલ વગાડાવતા, લોકો પાસે પોકારો પડાવતા, સાપના ડંખને ચૂસતા. તમારે એવું કરવું પડે છે ?'

એ ઉત્તર આપે છે, 'મહારાજની કૃપાથી મારે એવું કશું જ નથી કરવું પડતું. મહારાજની રજા લઈને જેને સાપ કરડ્યો હોય છે તેનાં શરીર પર મહારાજનું નામ લેતાં હાથ ફેરવું છું એટલે થોડી જ વારમાં સાપ ઉતરી જાય છે ને માણસ સાજો થઈ જાય છે.'

'એ તો એકદમ અસાધારણ કહેવાય.'

'જે છે તે મહારાજની કૃપા છે. એમની શક્તિનું જ પરિણામ છે.'

'કોયાજી સાપ ઉતારતા ત્યારે કેટલીક વાર માણસને માધ્યમ બનાવીને સાપ બોલતો પણ ખરો. એકવાર એણે જણાવેલું કે મારા આ મોટા છોકરાને હું મારી મરજીથી કરડ્યો છું. મારા મૃત્યુ પછી હું સાપ થઈને ઘરમાં રહું છું. આ મોટો છોકરો નાના છોકરા સાથે સારો વ્યવહાર નથી રાખતો. એ મારી બધી મિલકત પચાવીને બેસી ગયો છે. એના વતી જો બે માણસો નાના છોકરાને મિલકતનો સરખો ભાગ આપવાની બાંયધરી આપે તો હું અત્યારે જ ઉતરી જઉં. ત્યાં સુધી નહીં ઉતરું. છેવટે મોટા છોકરા તરફથી બે

સંબધીઓએ મિલકતના સરખા ભાગ કરાવવાની બાંયધરી આપી ત્યારે સાપ ઉતર્યો અને અચેતાવસ્થામાં પડેલો મોટો છોકરો સાજો થઈને બેઠો થયો. તમે સાપ ઉતારો છો ત્યારે એવું બને છે ખરું ?'

'બને છે. કોઈવાર આવશ્યકતા હોય તો સાપ પોતાના કરડવાનું કારણ બોલી બતાવે છે.'

'કોઈવાર ભેંસને જીવડા પડ્યા હોય ને વહેલી સવારે કોયાજી પાસે જઈએ તો એ કહેતા કે મહારાજ મટાડી દેશે. એની સામું જોશો નહીં. કુતરાંને અમુક લોટના રોટલા નાખી દેજો. એ પ્રમાણે રોટલા નાખવામાં આવતા ને ભેંસ તરત જ સારી થતી.'

'અત્યારે પણ એવું થાય છે. સાપ સિવાય બીજું કશુંક કરડ્યું હોય તો પણ મહારાજ કહી આપે છે. માણસોની જુદી જુદી ભાવનાઓ પૂરી થાય છે. પોતાના દ્વારે, મંદિરની પાસે આવેલા કોઈને મહારાજ નિરાશ નથી કરતા. દૂર રહીને એમને યાદ કરનારને પણ એ મદદ કરે છે.'

*

કોઈને પાતાના મકાનની સમસ્યા સતાવી રહેલી. એણે મોતીભાઈને વાત કરી તો એમણે એકાદ મિનિટ આંખ મીંચીને તરત જ જણાવ્યું : 'ઘરની ચિંતા ના કરશો. એની વ્યવસ્થા થઈ જશે. મહારાજ બધું સારું કરશે.'

ઘરની સમસ્યા ત્રણચાર દિવસમાં જ ઉકલી ગઈ.

*

મોતીભાઈ કોઈવાર મળે છે ત્યારે મહારાજની કૃપાને યાદ કરીને ગદગદ્ બની જાય છે. એમની આર્થિક સ્થિતિ સારી નથી. આજીવિકા માટે થોડીક જમીન છે તે જ. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ ઘણી મોટી છે છતાં સ્વસ્થ ને શાંત રહે છે. છેલ્લે છેલ્લે મને મળવા આવ્યા ત્યારે ભાવથી ભરાઈને કહેવા લાગ્યા : 'વખત ઘણો જ બારીક છે તો પણ મહારાજ બધું ચલાવે છે. જેમતેમ કરીને ચલાવે છે ને લાજ રાખે છે. હવે તો ફકત આત્મકલ્યાણ જ કરી લેવું છે. બીજી કોઈ જ લાલસા નથી. માનવદેહ દુર્લભ છે. એ ફરીફરી ક્યારે મળવાનો છે ?'

એમના શબ્દો સાંભળીને મને આનંદ થયો. મેં કહ્યું : 'તમારા પર મહારાજની કૃપા છે. માટે જ આવા શુભ વિચારો પેદા થાય છે. મહારાજે તમને અપનાવ્યા છે એટલે આત્મકલ્યાણના માર્ગે પણ એ જ લઈ જશે. એમની શક્તિ અપાર છે.'

મોતીભાઈના મુખમંડળ પર સંતોષની છાયા ફરી વળી.

એક મકાનમાં એકાએક વીંછી નીકળ્યો. મકાનમાં રહેનારે ભાથીખત્રી મહારાજને યાદ કરીને એમના નામનો ઘીનો દીવો કર્યો તો વીંછી તરત જ અદૃશ્ય થઈ ગયો. પછીથી દેખાયો જ નહીં. દૂર રહીને પણ શ્રદ્ધાભક્તિથી સ્મરનારને મહારાજ એવી અનેક રીતે મદદ કરે છે તો મોતીભાઈ તો તદ્દન પાસે છે. એમને શા માટે મદદ ન કરે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૩. શ્રી સંતરામ મહારાજ

'સંતરામ મહારાજનું સ્વરૂપ કેવું હતું તેની ખબર છે ?'

'એમના સ્વરૂપ વિષે કશી ચોક્કસ માહિતી નથી મળતી. આછી પાતળી કલ્પના જ કરવાની રહે છે. આ સ્થળમાં એ સૌથી પહેલાં સંવત ૧૮૭૨ના અરસામાં આવેલા ને વૃક્ષની નીચે વાસ કરતા. એમનું આગમન ક્યાંથી થયેલું એની ખબર કોઈને ન હતી. એ એકાએક આવી પહોંચેલા અને પેલા ખેતરમાં રહેલા. એ વખતે પણ આ સ્થળ વસતિથી દૂર હતું. એમની સ્મૃતિમાં આ દેરી તો પાછળથી થઈ છે.'

'મારા પ્રશ્નનું પ્રયોજન જરાક જુદું છે. આ પુણ્યપ્રદેશમાં પ્રવેશતાંવેંત મને એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષના વાસ્તવિક સ્વરૂપ વિશે જાણવાની ઈચ્છા થઈ. એ ઈચ્છાથી પ્રેરાઈને આ સ્થળમાં એમની જ્યોત આગળ હું આંખ મીંચીને પ્રાર્થના કરવા ઊભો રહ્યો તો થોડા જ વખતમાં મને એમની અલૌકિક આકૃતિના દર્શનનો લાભ મળ્યો. પાતળું ઘંઉવર્ણું શરીર, એના પર સાધારણ ભસ્મ, મસ્તક પર જટા, નાની સરખી દાઢી, કમર પર વીંટાળેલો સ્વચ્છ સફેદ ટૂકડો, મુખ પર પરમશાંતિ તથા સંમોહિત સ્મિત, એવું એમનું સ્વરૂપ હતું. એમનું વાસ્તવિક સ્વરૂપ એવું જ હોવું જોઈએ. એમના દૈવી દર્શનથી મને આનંદ થયો. એમણે મને જણાવ્યું કે એ ભગવાન દત્તના અવતાર હતા અને ગિરનારના પવિત્ર પ્રદેશમાંથી આ તરફ આવી પહોંચેલા.'

'બરાબર છે. એમના શિષ્યો દ્વારા પ્રાચીન કાળથી ચાલી આવતી પરંપરાગત કથા પ્રમાણે સંતરામ મહારાજનું સ્વરૂપ એવું જ હતું. એ દત્ત ભગવાનના અવતાર મનાતા અને ગિરનારમાંથી આવેલા એવું પણ કહેવાતું.'

એ સ્પષ્ટીકરણથી મને આનંદ થયો. નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરના શ્રદ્ધાભક્તિભરપુર સંનિષ્ઠ કાર્યકર્તા જયંતિભાઈની સાથે અમે એ સ્થળ-સંતરામ મહારાજની દેરી-જોવા ગયેલા અને એ પવિત્ર સ્થળમાં એમની સાથે વાર્તાલાપ થયેલો.

સંતરામ મહારાજે મારી જિજ્ઞાસાવૃત્તિના જવાબમાં જ મને કૃપા કરીને એમના મૂળ સ્વરૂપનું દર્શન કરાવ્યું અને એ રીતે સાંકેતિક રીતે સૂચવ્યું કે એમની અલૌકિક આત્મશક્તિ આજે પણ અબાધિત રીતે કાર્ય કરી રહી છે. એમણે વરસો પહેલાં સ્વેચ્છાથી સમાધિ લીધી છે એનો અર્થ એવો નથી કે પોતે પણ સમાધિસ્થ થઈ ગયા છે. શરણાગતો, ભક્તો, પ્રેમીજનો અને પ્રસંશકોને એક અથવા બીજી રીતે મદદ કરવા અને પોતાના અસાધારણ અનુગ્રહ દ્વારા કૃતાર્થ કરવા એ આજે પણ તૈયાર છે.

*

સંતરામ એ નડિયાદ પાસેના પીપલગ ગામની સીમમાં અવધૂતવેશે વિરાજતા ત્યારે એમને સ્નાન કરવાની ઈચ્છા થવાથી એ બાજુના ખેતરના કૂવા પાસે જઈ પહોંચ્યા. એમણે સ્નાનક્રિયામાં સરળતા થાય એટલા માટે ખેડૂતને ડોલ તથા દોરડું મૂકી જવાની સુચના કરી. ખેડૂતને એમનો સાધારણ જેવો વેશ જોઈને એમનો વિશ્વાસ થયો નહીં એટલે એ ડોલ તથા દોરડાને લઈને વિદાય થયો. સંતરામ મહારાજ કૂવાના થાળા પાસે બેસી ગયા. કૂવાનું પાણી આજ્ઞાંકિત સેવકની પેઠે ઉપર આવ્યું. એ મહાપુરુષે પોતાના પાત્ર દ્વારા એથી શાંતિપૂર્વક સ્નાન કરવા માંડ્યું. ખેડૂતે ફરીવાર કૂવામાંથી પાણી ભરવા આવતી વખતે એ અલૌકિક દૃશ્ય

જોઈને સ્વાભાવિક રીતે જ આશ્ચર્ય અનુભવ્યું. એને એ મહાપુરુષની મહત્તાનો ખ્યાલ આવ્યો. એમને માટે સેવેલી શંકાને માટે અને એમની ઉપેક્ષાને માટે એને પશ્ચાતાપ થયો. એણે એમની માફી માગીને એમનું શરણ લઈને મનોમન એમનું શિષ્યત્વ સ્વીકાર્યું.

એ મહાપુરુષનો નિવાસ ખેતરમાં આવેલા રાયણ વૃક્ષની બખોલમાં હતો. એમાં એમને રાજપ્રાસાદ કે સ્વર્ગસુખ કરતાં પણ અધિક સુખનો આસ્વાદ મળતો. બાજુના ખેતરમાં અન્નના ઢગલા પડેલા. એ અન્ન કોથળામાં ભરાતું ને ગાડામાં નંખાતું. ખેડૂત અનાજને લઈને ઘેર જવાની તૈયારી કરવા લાગ્યો. એટલે એ મહાપુરુષે એને ઘેર જવાની ના પાડી, ખેડૂતે એમના આદેશનું અનુસરણ કર્યું. થોડી વારમાં આકાશમાં વાદળ ઘેરાયાં, ચપલાના ચમકાર તથા ગડગડાટ થયા, ને વરસાદ વરસવા માંડ્યો. જો ખેડૂત ઘર તરફ ચાલી નીકળ્યો હોત તો એનું અનાજ બગડત. મહાપુરુષે એની રક્ષા કરી. એમની અસાધારણતાનું એને ભાન થયું.

એકવાર એક ખેડૂત એમને ભિક્ષા કરાવવા માંડ્યો. એમણે એને દૂધ લાવવાની આજ્ઞા કરી. ખેડૂત વિચારમાં પડ્યો ને બોલ્યો, મહારાજ, દૂધ ક્યાંથી લાવું ? મારી ભેંસ દૂધ આપતી નથી, નહીં તો જેટલું માગત તેટલું દૂધ હાજર કરત. મહારાજે એને એમનું તુંબીપાત્ર આપીને દોહવા જણાવ્યું. ખેડૂતે એ તુંબીપાત્રને લઈને ભેંસને દોહવાનું શરૂ કર્યું તો એના અસાધારણ આશ્ચર્ય વચ્ચે ભેંસના દૂધની ધારા નીકળવા લાગી. એ દૂધ એણે એ મહાપુરુષને અર્પણ કર્યું. એનું સાધારણ મન એ મહાપુરુષની અસાધારણ શક્તિને સમજી શક્યું નહીં. એણે એમને પૂજ્યભાવે પ્રેરાઈને પ્રણિપાત કર્યા.

વખતના વીતવાની સાથે સંતરામ મહારાજની અસાધારણ શક્તિની વાતો લોકોમાં ફેલાવા લાગી. લોકોમાં એમને માટે અતિશય આદરભાવ પેદા થયો. સૌના આગ્રહથી એમણે નડિયાદ નગરમાં પ્રવેશીને અત્યારે જ્યાં સુપ્રસિદ્ધ સંતરામ મંદિર છે ત્યાં વાસ કર્યો. જનતાને એમનો અધિક પ્રમાણમાં લાભ મળવા લાગ્યો. એમનું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક હતું. હૃદય સરળ, શુદ્ધ અને પ્રેમાળ. એ અપરિગ્રહની મૂર્તિ હતા. આકાશવૃત્તિથી જે કાંઈ સહજ રીતે આવી મળે તે દ્વારા પોતાનો નિર્વાહ કરતા. તે દયા, પરોપકાર, અભેદભાવ, અનન્ય ભક્તિભાવ, ત્યાગ, અક્રોધ અને શાંતિના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા. એમનું જીવન અનેકને માટે પ્રેરણાદાયક અને આશીર્વાદરૂપ થઈ પડ્યું. થોડાક વખતના વસવાટ પછી એમણે સ્થાનાંતર કરવાનો વિચાર કર્યો પરંતુ ભક્તોના અસાધારણ આગ્રહને લીધે ત્યાં જ રોકાઈ ગયા.

મહાપુરુષની મહાનતાને મહાપુરુષ સિવાય બીજું કોણ જાણે ? બીજાને તો એની કલ્પના પણ ના આવી શકે. ગુજરાતની પુણ્યભૂમિમાં એ વખતે એક બીજા લોકોત્તર મહાપુરુષ રહેતા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામી અથવા શ્રીજી મહારાજ. શ્રીજી મહારાજે વિક્રમ સંવત ૧૮૮૦ની આસપાસ નડિયાદ નગરમાં પદાર્પણ કરીને ત્યાં પોતાના સ્થાનના નિર્માણની આકાંક્ષાવાળા ભક્તોને જણાવ્યું કે આ નગર આપણે માટે નથી. આપણે હજુ આગળ, બીજા સ્થળમાં જવાનું છે. આપણે માટે બીજું સ્થળ નિર્માયેલું છે. આ નગર તો શ્રી સંતરામ મહારાજને માટે છે. એ એક લોકોત્તર લોકહિતૈષી મહાપુરુષ છે. ભવિષ્યમાં એમનો મહિમા ખૂબ જ વધી જશે, એમની કીર્તિ ચારે તરફ ફેલાઈ જશે અને પ્રવૃત્તિ પાંગરશે.

એમની એ ભવિષ્યવાણી પાછળથી શબ્દશઃ સાચી પડી. એ પોતે ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને એ પછી આગળ વધ્યા અને વડતાલમાં વસ્યા. ત્યાં સુંદર સ્થાન નિર્માણ થયું. એ જ સ્થાનમાં વિરાજીને એમણે

એમના સુપ્રસિદ્ધ ધર્મગ્રંથ શિક્ષાપત્રીની રચના કરી. ગુજરાતની પુણ્યભૂમિને પોતાના કાયમી નિવાસસ્થાન માટે પસંદ કરનારા એ બંને સમકાલીન સમાજહિતૈષી સત્પુરુષોએ સમાજના પછાતવર્ગની સુધારણા તથા સમુન્નતિનું કલ્યાણકારક કાર્ય કર્યું છે. શ્રીજી મહારાજે સૌરાષ્ટ્રમાં ને સંતરામ મહારાજે ચરોતરમાં અને એ દ્વારા સમસ્ત ગુજરાતમાં. સમાજના ઉજળા વર્ગને સુધારવાના કાર્ય કરતાં પછાત તથા વ્યસની વિપથગામી વર્ગને સુધારવાનું કે સુસંસ્કૃત બનાવવાનું કાર્ય વધારે વિકટ હોય છે. એને માટે અસાધારણ આત્મબળની આવશ્યકતા હોય છે. એ બંને સ્વનામધન્ય પ્રાતઃસ્મરણીય મહાવિભૂતિઓ એવા આત્મબળથી અલંકૃત હોવાથી એ કલ્યાણકાર્યમાં સફળ થઈ શકી. ગામડાના પછાત વર્ગ પ્રત્યે સંતરામ મહારાજને ઊંડી સહાનુભૂતિ હતી. એને લીધે ખેડૂતો, કારીગરો, મજૂરો, ધારાળા, બારૈયા, ઠાકોરો, વાઘરી તથા હરિજનો એમના પ્રત્યે આકર્ષાઈને એમના ભક્તો, શિષ્યો, અનુયાયીઓ અને પ્રસંશકો બનેલા.

પોતાના દર્શન, સદ્‌ઉપદેશ અને બીજી રીતે જનતાજનાર્દનનું કલ્યાણ કરીને પરમયોગી સ્વનામધન્ય શ્રી સંતરામ મહારાજે જીવિત સમાધિ લેવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય સાંભળીને ભક્તોને દુઃખ થાય એ સ્વાભાવિક હતું, પરંતુ એમનો નિર્ણય અફર હતો. સંવત ૧૮૮૭ના મહા સુદ પૂર્ણિમાના દિવસે સાંજ પાંચ વાગ્યે સમાધિની તૈયારી થઈ. એમના આદેશાનુસાર એક અપ્રગટ દીપક રાખવામાં આવ્યો. સૌના દેખતાં એ સમાધિમાં પ્રવેશ્યા. એમના મસ્તકમાંથી એકાએક પ્રાગટ્ય પામેલી દિવ્ય જ્યોતિના પ્રકાશથી પેલો અપ્રગટ દીપક સ્વતઃ પ્રકટી ઊઠ્યો. એ વખતે જનતા પર સાકરની વર્ષા થઈ. એ દિવસ મંગલ મહોત્સવમય બની ગયો. સંતરામ મંદિરમાં દર વરસે એ દિવસે મોટો મેળો ભરાય છે અને મંદિરના મહારાજ તરફથી જનતા પર સાકરવર્ષા થાય છે. એ જ્યોતિ મંદિરનું મુખ્ય પૂજાપ્રતીક બનેલી છે. મંદિરમાં કોઈ મૂર્તિ કે તસ્વીર રાખવાનો રીવાજ નથી. એને બદલે આત્મજ્યોતિની સ્મૃતિ કરાવતો અખંડ દીપક રાખવામાં આવો છે. ભક્તો તથા દર્શનાર્થીઓ એમાંથી પ્રેરણા અને પથપ્રદર્શન મેળવે છે. એ જ્યોતિની આગળ અનેક ભક્તો આત્મનિવેદન કરે છે, જપ, ધ્યાન, તેમજ પ્રાર્થનાનો આધાર લે છે, અને એમની બાધા રાખે છે. એ અંખડ જ્યોતિ કોઈને નિરાશ નથી કરતી. સૌના મનોરથ પૂરા કરે છે. સૌને સંતોષ અને શાંતિ આપે છે. અજ્ઞાનનાં અનેકવિધ આવરણોમાં અટવાતા આત્માઓને પ્રજ્ઞાના પવિત્ર પ્રદેશમાં પ્રવેશ પૂરો પાડે છે.

સંતરામ મંદિર તીર્થધામ બન્યું છે. સંતરામ મહારાજના શિષ્ય લક્ષ્મણદાસજી મહારાજ પણ પરમપ્રતાપી મહાપુરુષ હતા. એ પછીના મહંતોમાં મંદિરને એની વર્તમાન જાહોજલાલી પર પહોંચાડનારા જાનકીદાસજી મહારાજ ખાસ ઉલ્લેખનીય છે. તે પંચાવન વરસ સુધી ગાદી પર રહેલા. અત્યારે શ્રી નારાયણદાસ મહારાજની અધ્યક્ષતામાં મંદિર લોકહિતની વિવિધ પ્રકારની પ્રવૃત્તિ દ્વારા ઉપયોગી સેવાકાર્ય કરી રહ્યું છે. નારાયણદાસજી મહારાજ પરમ ત્યાગી, તપસ્વી, પરમાત્માના કૃપાપાત્ર અને આધુનિક વિચારપ્રવાહથી પરિચિત હોવાથી સમસ્ત સેવાકાર્યનું સંચાલન સુચારુરૂપે કરી રહ્યા છે. એમનું અને એ સ્થાનનું દર્શન સૌને માટે પ્રેરણાદાયક થઈ પડશે. ગરીબ વિદ્યાર્થીઓને માટે નિવાસ તથા ભોજનપ્રબંધ, નેત્રચિકિત્સાલય, અન્નક્ષેત્ર, ધ્યાનાદિ માટેનું મૌન મંદિર, સત્સંગ ભવન, સમૂહ લગ્નની વ્યવસ્થા, એવી એવી એની પ્રવૃત્તિઓ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. અંબાજીનો અનુભવ

અંબાજીના સુપ્રસિદ્ધ સ્થળનો વિશેષ પરિચય ના કરાવવાનો હોય. ભારતના અસાધારણ શ્રદ્ધાભક્તિથી જોવાતાં પરમ દર્શનીય મનાતાં દેવી સ્થળોમાં અંબાજીનો મહિમા મહત્વનો મનાય છે. અંબાજીની ખાસ ગણના થાય છે. ગુજરાતની ભાવભક્તિ ભરેલી ભૂમિમાં એનું સ્થાન અજોડ ગણાય છે. દર વરસે ત્યાં લાખોની સંખ્યામાં ભાવિકો, ભક્તો તથા જિજ્ઞાસુજનો એકઠા થાય છે, આરાધના આદરે છે, પ્રેરણા તથા પ્રકાશ પામે છે, અને અવનવી શક્તિથી સંપન્ન બને છે. એ પવિત્ર પ્રાચીન તીર્થસ્થાન આજે પણ અનેકને શાંતિ આપે છે. એ તીર્થસ્થાન જડ નથી, પરંતુ ચિન્મય છે. આજે પણ એની અધિષ્ઠાત્રી દેવી માતા અંબિકા એક અથવા બીજી રીતે દર્શનાર્થીઓને પોતાની દિવ્યતાનો અનુભવ આપે છે, એવી રીતે એમની શ્રદ્ધાભક્તિને વધારે છે. માતા અંબિકાનું જયગાન કરતાં ભક્તો તથા દર્શનાર્થીઓ પાછા ફરે છે.

આજથી પાંચેક વરસ પહેલાં અમે આબુ થઈને અંબાજીની યાત્રાએ ગયાં. મંદિરના દર્શનથી અમને અતિશય આનંદ થયો. ત્યાંના પવિત્ર વાતાવરણમાં થોડોક સમય શાંતિપૂર્વક પસાર કરીને ઉતારા પર આવીને જરૂરી આરામ કરીને સાંજે કોટેશ્વર અને કુંભારિયાની મુલાકાત લીધી. એ સ્થળો ખૂબ જ એકાંત, શાંત, સુંદર અને આહ્લાદક હતાં.

બીજે દિવસે વહેલી સવારે ગબ્બર ગયાં. મુકામ પર પાછા ફર્યા પછી તપાસ કરતાં ખબર પડી કે અંબાજીથી અમદાવાદની આગલા દિવસે લીધેલી લકઝરી બસની ટિકિટ ભૂલથી ક્યાંક પડી ગઈ છે ! ટિકિટ વિના મુસાફરી કરવાની મુશ્કેલી પડે એ સમજી શકાય તેમ હતું. ખૂબ જ ઝીણવટપૂર્વક તપાસ કર્યા છતાં પણ ટિકિટનો પત્તો ના લાગ્યો ત્યારે મેં અંબાજી માતાને પ્રાર્થના કરીને જણાવ્યું કે તમે જો સાચેસાચ હો અને શક્તિશાળી હો તો ટિકિટને મેળવી આપો. તો તમારી ચેતના સક્રિય છે એવું સમજાશે.

મોટર સ્ટેન્ડ પર જઈને તપાસ કરી ને ટિકિટ ખોવાયાની ખબર આપી. કોઈ એ ટિકિટ સાથે આવે તો ઘટતું કરવા કહ્યું. ગામમાં પ્રવેશવા માટે વેરો આપવો પડે છે ત્યાં જઈને તપાસ કરી જોઈ પરંતુ પરિણામ શૂન્યમાં આવ્યું. અંબાજીની પ્રાર્થના પ્રબળ બનતાં એકાએક મંદિર તરફ જવાની પ્રેરણા થઈ. એ પ્રેરણા જાણે કે અંબામાતાએ જ પેદા કરી. એને અનુસરીને અમે મંદિર તરફ જઈને મંદિરના વિશાળ પ્રાંગણમાં પ્રવેશ કર્યો. ત્યાંની એક દુકાનમાંથી અમે માતા અંબિકાને માટે પૂજાની સામગ્રી લીધેલી. એ દુકાન પાસે પહોંચીને અંબાજીનું સ્મરણ કરતાં જોયું તો નીચે એક નાનો સરખો કાગળનો લોચો દેખાયો. એને ઉપાડીને જોયું તો એ પેલી ખોવાયેલી બસની ટિકિટ હતી.

અમારાં અંતર આનંદથી આપ્લાવિત બની ગયાં. અમને નિરાંત વળી. અમારી પ્રતીક્ષા કરતી એ ટિકિટ ત્યાં કલાકોથી પડી રહેલી. એની અને એ દુકાન પાસેથી કેટલાય લોકો પસાર થયા હશે, કેટલાયની એની ઉપર દૃષ્ટિ પડી હશે, તો પણ એ સુરક્ષિત રહેલી. એનું કારણ માતા અંબિકાની કૃપા નહીં તો બીજું શું હોઈ શકે ? આજે પણ એની શક્તિ કાર્ય કરે છે અને એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપે છે એની પ્રતીતિ થઈ. અત્યંત ભક્તિભાવપૂર્વક અભિનવ શ્રદ્ધાથી સંપન્ન બનીને અમે એ સુંદર સ્થળની વિદાય લીધી.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. સેવાભાવી સાધુપુરુષ

ગુજરાતના પુણ્યપ્રદેશમાં છેલ્લા ત્રણેક વરસથી કેટલેય ઠેકાણે વરસાદ ના વરસવાથી દુષ્કાળની પરિસ્થિતિ રહી. મૂંગા પ્રાણીઓને અને માણસોને ખૂબ જ મુસીબતમાં મૂકાવું પડ્યું. ઘાસની, અનાજની, પાણીની તંગી રહી. પ્રજા કુદરતી કોપનો સામનો કરીને જેમતેમ કરીને જીવી રહી. એવે વિપરીત વખતે કેટલાક દેવદૂત જેવા માનવોએ પોતપોતાની સાધનસામગ્રી અને શક્તિની મર્યાદામાં રહીને ઠેકઠેકાણે સ્વેચ્છાએ સેવાકાર્ય ઉપાડી લીધું. એમાં નાના મોટા અનેકનો સહયોગ સાંપડી શક્યો. એ એક ઉજળું અને પવિત્ર પાસુ હતું. એની સ્મૃતિથી અંતર આનંદ અનુભવે છે.

જામનગર એના જ્ઞાનભક્તિભરપૂર ધાર્મિક વાયુમંડળને લીધે વખણાય છે તથા છોટી કાશી તરીકે ઓળખાય છે. ત્યાંના પ્રખ્યાત ભીડભંજન મહાદેવના મંદિરમાં એના સત્સંગ મંડળના આમંત્રણથી મારે એપ્રિલ ૧૯૭૪માં સૌથી પ્રથમ વાર પ્રવચનો કરવા જવાનું થયું. ત્યાંના પ્રવચનો દરમ્યાન માહિતી મળી કે પ્રવચનના સમય પછી રોજ સાંજે મંદિરના પ્રાંગણની એક બાજુએ કેટલાંય આબાલવૃદ્ધ ગરીબ લોકો એકઠા થાય છે, રામધૂન બોલે છે, અને એમને પ્રેમપૂર્વક જમાડવામાં આવે છે. એ માહિતી મેળવીને મને આનંદ થયો. એમાં પણ જ્યારે જાણવામાં આવ્યું કે એ પવિત્ર પ્રવૃત્તિના પ્રણેતા અને સંચાલક એક સાત્વિક સાધુપુરુષ છે ત્યારે તો મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. એક દિવસ એ સેવાભાવી સાધુપુરુષને મેં અભિનંદન આપ્યાં તો એમણે અત્યંત નમ્રતાપૂર્વક જણાવ્યું : 'ઈશ્વરનું કામ ઈશ્વર કરે છે. એને માટે અભિનંદનના સાચા એકમાત્ર અધિકારી તો એ છે. હું તો માત્ર નિમિત્ત છું.'

'ઈશ્વરના હાથમાં શુભ સેવાકાર્યમાં નિમિત્ત બનવું એ પણ કાંઈ જેવું તેવું ભાગ્ય નથી.' મેં કહ્યું.

'એ ભાગ્ય પણ એ જ આપે છે. એ એમની કૃપા છે.'

એ મને મંદિરની એક તરફ લઈ ગયા. ભોજન માટે ભેગાં મળેલાં લોકોની સંખ્યા સાતસો જેટલી હતી. એમના મુખમંડળ અને શરીર પરથી લાગ્યું કે એ બધાં જ અભાવગ્રસ્ત હતાં. ભગવાનનું નામસંકીર્તન ચાલુ હતું ત્યારે જ એમને પીરસવામાં આવ્યું. એ પછી સૌએ શાંતિપૂર્વક ભોજન કર્યું ને વિદાય લીધી. મારા પર એ પ્રવૃત્તિનો પ્રભાવ ઘણો સારો પડ્યો. બીજા દિવસના મારા પ્રવચનમાં મેં એનો સુચારુરૂપે પરિચય કરાવ્યો.

બે ત્રણ દિવસ પછી એ સાધુપુરુષે માતાજીને જણાવ્યું : 'યોગેશ્વરજીની અમારી ઉપર ખાસ કૃપા છે. તેમનો ખાસ આભાર માનવાનો છે.'

'કેમ ?'

'એમણે એમના પ્રવચનમાં મારા કામની જાહેરાત કરી છે ત્યારથી અમારી ભિક્ષાની સામગ્રી ખૂબ જ વધવા માંડી છે. જનતા ખૂબ જ પ્રેમથી આપે છે.'

'ઘણું સારું છે. સારા કામની જાહેરાત કરવી જોઈએ. તમે આટલી બધી મહેતન કરો છો તો એમને તો અંજલિ જ આપવાની છે.'

મહેનત પણ કેવી ? એ સાધુપુરુષ બીજા બેત્રણ સાધુઓ સાથે ૧૧।।-૧૨ ના સમયે ખભે કાવડ લઈને ઘંટડી વગાડતા ને રામધૂન કરતા ઉઘાડા પગે મંદિરમાંથી પ્રસ્થાન કરતા. શહેરના જુદા જુદા લત્તાઓમાં ફરીને જે મળે તે ભિક્ષાસામગ્રી ભેગી કરીને બપોરે ત્રણેક વાગ્યા પછી પાછા ફરતા. પછી પોતે એ ભિક્ષાન્નમાંથી આવશ્યકતાનુસાર ભોજન કરતા. ગરીબોને માટે જરૂર જણાતાં લગભગ રોજ શાક અને ઘી વગરની લાપસી તૈયાર કરાવતા. એની સાથે ભિક્ષાની ભેગી થયેલી સામગ્રી સાંજે ગરીબોને પીરસાવતા. એમની એ પ્રવૃત્તિ વરસોથી ચાલ્યા કરતી. એ પ્રવૃત્તિને માટે કોઈ મકાન ન હતું. સ્વતંત્ર સધ્ધર ફંડ ન હતું. કાર્યકર્તાઓનું સુસંગઠિત સારું દળ પણ ન હતું. સાધુપુરુષના ઉત્સાહ, પ્રેમ ને સેવાભાવને લીધે સઘળું ચાલ્યા કરતું. એમને મહંત બનીને બેસી રહેવાને બદલે મહેનતુ સેવક બનવાનું પસંદ પડેલું. મને થયું કે આવા થોડાક સેવાભાવી સાધુપુરુષો સમાજમાં પેદા થાય ને સ્થળે સ્થળે પોતાની આગવી રીતે સેવાપ્રવૃત્તિ કરે તો સમાજને કેટલો બધો લાભ થાય ?

ત્યાંથી નીકળતી વખતે એ સર્વોપયોગી સેવાકાર્યમાં સહાયતા કરવા માટે મેં થોડીક રકમ આપી. સાધુપુરુષને એની માહિતી મળતાં મને એમણે પોરબંદરને સરનામે પત્ર લખ્યો. એ પત્રમાં આર્થિક મદદ માટે આભાર દર્શાવેલો. આભારદર્શનની કશી આવશ્યકતા તો હતી જ નહિ, કારણ કે સમાજના શુભ સેવાકાર્યમાં સૌએ યથાશક્તિ ફાળો આપવો જોઈએ એવું સમજીને મેં તો મારું કર્તવ્ય જ બજાવેલું.

એ સેવાભાવી સાધુપુરુષનું નામ રામરોટીવાળા મહારાજ હતું. રામરોટી પહોંચાડવાનું કાર્ય કરતા હોવાથી એમનું એ નામ પ્રચલિત બનેલું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. આશ્ચર્યકારક મજૂર

'કાલી કમલીવાળાની તો. દી. ધર્મશાળા બીજી બધી રીતે સારી અને સાનુકૂળ છે પરંતુ ત્યાં મજૂરની મુશ્કેલી છે. ધર્મશાળા એક તરફ હોવાથી સામાનને લેનારા ને મેડા ઉપર ચઢાવનારા મજૂરો સહેલાઈથી નથી મળતા. કેટલીક વાર તો લાંબા વખત સુધી રાહ જોવી પડે છે.' ઋષિકેશ આવી પહોંચ્યું એટલે મેં માતાજીને જણાવ્યું.

માતાજીએ મારા શબ્દોનું સમર્થન કર્યું. મેં કહ્યું : 'તો પણ રહીશું તો આ વખતે પણ એ જ ધર્મશાળામાં. ઈશ્વર કૃપા કરીને કોઈને કોઈ મજૂરને મોકલી દેશે. આપણું કામ નહીં અટકે.'

અમારી ટેક્ષી ધર્મશાળાના દરવાજા આગળ આવીને ઊભી રહી અને અમે સામાનને નીચે ઉતારવા માંડ્યા કે તરત જ કોઈક સારા દેખાતા અપરિચિત પુરુષે અમારી પાસે આવીને પૂછ્યું : 'સામાન ઉપાડવાનો છે ?'

'હા, ઉપાડવાનો છે.'

'ક્યાં લઈ જવાનો છે ?'

'આ જ ધર્મશાળામાં ઉપર. સામાન તમે ઉપાડશો ?'

'હા. હું ઉપાડીશ.'

એ પુરુષનો પ્રત્યુત્તર અમને કાંઈક આશ્ચર્યકારક એટલા માટે લાગ્યો કે એમનો દેખાવ સદગૃહસ્થને છાજે તેવો હતો. એમનું શરીર ગૌર અને મુખમંડળ મધુર હતું. એમણે સ્વચ્છ વસ્ત્રો પહેરેલાં. એવો સુઘડ સ્વચ્છ મજૂર-જો એ મજૂર હોય તો-અમે કદી જોયેલો નહીં.

પરંતુ ... અમારા આશ્ચર્યની પરવા કર્યા વિના એ પુરુષે અમારો સામાન ઉપાડવા માંડ્યો.

સામાન ઉપના ઓરડામાં પહોંચી ગયો એટલે મેં એમને મજૂરી પેટે એક રૂપિયો આપવા માંડ્યો. એમણે એ લેવાની ના પાડીને કહ્યું : 'મારાથી એ રકમ ના લેવાય.'

'કેમ ?'

'મારી મહેનતના પ્રમાણમાં એ રકમ ઘણી વધારે છે.'

મને એ શબ્દો સાંભળીને નવાઈ લાગી. આવી રીતે સામેથી વગર માગ્યે મળતા પૈસા લેવાની ના પાડનાર વ્યક્તિ કાંઈ સામાન્ય તો ના જ હોય.

મેં કહ્યું : 'હું રાજીખુશીથી આપું છું.'

'તો પણ મારાથી ના લેવાય. હું અપરાધી થઉં. મને દોષ લાગે.'

મેં કેટલોય આગ્રહ કરી જોયો તો પણ એમણે ના માન્યું અને આખરે કહ્યું : 'મારી મજૂરી બે આનાથી વધારે નથી. મને સેવા કર્યાનો સંતોષ છે. છતાં પણ તમારી ઈચ્છા હોય તો એટલી રકમ આપી શકો છો.'

'તમે અહીં જ રહો છો ?'

'ના. રાજસ્થાનનો નિવાસી છું.'

'તો પછી અહીં કેવી રીતે આવ્યા ?'

'યાત્રાએ નીકળ્યો છું. હાલ ગઈકાલે જ બદરીનાથથી આવ્યો છું.'

'બદરીનાથથી ? અને ગઈકાલે જ આવ્યા છો ?'

'હા.'

'તો તો તમે મજૂર નથી. યાત્રી છો.'

'યાત્રી છું એ સાચું પરંતુ કામ કરી શકું છું. તમને જોઈને મને તમારી સેવા કરવાનું મન થયું એટલે મેં મારી ભાવનાને પૂરી કરી. મારું જ્યારે પણ કામ પડે ત્યારે મને બોલાવજો. તમારી સેવામાં હાજર થઈશ. તમારા જેવા સત્પુરુષની સેવાનું સદભાગ્ય ક્યાંથી ?'

'પરંતુ તમે અહીં થોડા જ રહેવાના છો ?'

'રહું પણ ખરો અને જઉં પણ.'

એમની વિદાય પછી અમે એમને ઋષિકેશમાં જોયા જ નહીં. એમની સુખદ સ્મૃતિ શેષ રહી. એ સ્મૃતિ પ્રેરક હતી. મજૂર બનીને એમના રૂપમાં એક સહૃદયી સહાનુભૂતિસંપન્ન સજ્જન આવ્યા. સિદ્ધપુરુષ પધાર્યા કે પરમકૃપાળુ પ્રેમસિંધુ પરમાત્મા પોતે પ્રકટ થયા, તે કોણ કહી શકે ? એ અનુમાનનો વિષય છે. કોઈપણ પ્રકારના પૂર્વ પરિચય વિના એ પુરુષે પ્રદર્શાવેલા પ્રેમને યાદ કરીને ભક્તકવિ સુરદાસની પેલી પંક્તિઓનું સ્મરણ થાય છે : 'રાજસૂયજ્ઞ યુધિષ્ઠિર કીનો તામેં જૂઠ ઊઠાઈ;

પ્રેમ કે બસ નૃપસેવા કીનહી, આપ બને હરિ નાઈ,

સબસે ઊંચી પ્રેમ સગાઈ.'

જે હરિ નાઈ બની શકે તે મજૂરનો સ્વાંગ ધારે કે કોઈને મજૂરનું કાર્ય કરવા પ્રેરિત કરે તો એમાં શું આશ્ચર્ય છે ? એમાં અશક્ય જેવું અથવા ના માનવા જેવું પણ શું છે ?

ઈ. સ. ૧૯૭૧ની ૩૦મી ઓક્ટોબરનો એ પાવન પ્રસંગ આજે પણ તાજો છે. કાયમને કાજે તાજો રહેવા સરજાયેલો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. દરજીની પ્રામાણિકતા

શું માનવતા રસાતલમાં જવા બેઠી છે ? રસાતલમાં જતી રહી છે ? આગલે દિવસે જ કોઈએ એના સમર્થનમાં દલીલો કરતાં કહેલું કે માનવતા મરી પરવારી છે. પરંતુ એવું નથી લાગતું. એટલી બધી નિરાશાજનક વાત કરવાનું મન નથી થતું. જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં માનવતાનો હ્રાસ થતો જતો હશે તે ભલે, પરંતુ એનો સર્વનાશ નથી થયો. ચારે તરફ મોટા પ્રમાણમાં અંધકારના ઓળાઓ ઉતર્યા હશે એ બનવાજોગ છે. તો પણ અંધકારનાં એ ગાઢ આવરણોની વચ્ચે એમના પ્રાણને પ્રકાશિત કરવાનો પ્રામાણિકપણે પ્રયાસ કરતા પ્રદીપો પણ પ્રકાશે છે. આકાશના તારાઓની પેઠે એ પણ ટમકે છે એની ના નહિ. આજુબાજુના દુર્ગંધીયુક્ત વાતાવરણમાં એવાં અલ્પસંખ્યક પુષ્પો પણ પ્રકટે છે જે પોતાની સુવાસથી સઘળે સંજીવન ભરે છે. ચારે તરફ રેતાળ રણ છે, વૃક્ષોનું નામનિશાન નથી, જળાશય નથી, શીળી છાંય નથી, તો પણ ક્યાંક ક્યાંક વનસ્થલી છે. મીઠી વીરડી અને શીળી છાંયડી છે. એનો ઈન્કાર નથી થઈ શકે તેમ. એને લીધે જ જગત જીવવા જેવું લાગે છે, રસાળ ભાસે છે, અને શ્વાસ લે છે. એટલે માનવતા મરી પરવારી નથી. એનું પ્રમાણ ઓછું થયું હશે ને થતું જતું હશે તે ભલે, પરંતુ એનો મઘમઘાટ સંપૂર્ણપણે શાંત નથી થયો. એનો સૂર્ય આથમી નથી ગયો. માનવનું દિલ દાનવતાથી દૂષિત નથી થયું. દેવત્વથી દીપ્તિમાન પણ છે. એ હકીકતની પ્રતીતિ કરાવતા પ્રસંગો આજે પણ બને છે. અહીં જેનો ઉલ્લેખ કરી રહ્યો છું તે સિંધી દરજીનો એવો જ પુણ્ય પ્રસંગ છે.

આજથી પાંચેક વરસ પહેલાં મારા રોજના નિયમ પ્રમાણે હિમાલયના મસૂરી નગરના નિવાસસ્થાનમાં મારું લેખન કાર્ય ચાલી રહેલું. મારું સમગ્ર ધ્યાન એમાં કેન્દ્રિત થયેલું. સવારનો શાંત સમય હતો. ત્યારે કોઈએ ઓરડામાં એકાએક પ્રવેશ કર્યો. આગંતુક પુરુષને હું ઓળખતો ન હતો એટલે મેં એમના તરફ જિજ્ઞાસાપૂર્વક જોયું તો એમણે મને પૂછ્યું : 'માતાજી નથી ?'

'કેમ ? એ બહાર ગયાં છે. તમારે કાંઈ કામ છે ?'

'કામ તો છેક સાધારણ છે.'

'તમે ક્યાં રહો છો ને શું કરો છો ?'

'કુલડી બજારમાં રહું છું ને દરજીકામ કરું છું.'

'દરજીકામ કરો છો ?'

'હા. માતાજી મને એમનો સાલ્લો છેડો ઓટવા માટે આપી ગયેલા. એ સાલ્લાને મેં ઓટવા માટે ઉકેલ્યો તો એની અંદરથી થોડીક નોટો નીકળી.'

'નોટો નીકળી ?'

'હા. રૂપિયાની નોટો નીકળી. તે લઈને હું આપવા માટે આવ્યો છું. હું તો જાતમહેનત કરનાર એક સામાન્ય દરજી છું. મને ઈશ્વર આજીવિકા જેટલું આપી રહે છે. મારે પરધન ના જોઈએ. દરજી તરીકેના જીવન દરમ્યાન મને આવા અનુભવો અવારનવાર થયા કરે છે. કપડાંમાં રહી ગયેલી નાનીમોટી રકમ કેટલીકવાર મારા હાથમાં આવી જાય છે. એ રકમ એના માલિકને સુપ્રત કરું છું ત્યારે જ મને શાંતિ વળે છે.'

એમણે સાલ્લામાંથી મળેલી ત્રણસો રૂપિયા જેટલી રકમ મને સુપ્રત કરી.

એ નાનકડા છતાં પણ મોટા મનના દરજીની વાત સાંભળીને મને આનંદ થયો. એમના પ્રત્યે આદરભાવ જાગ્યો. મેં એમની પ્રામાણિકતા જોઈને એમને પુરસ્કાર આપવાનો વિચાર રજૂ કર્યો તો એમણે હાથ જોડીને જણાવ્યું : 'મેં તો માનવી તરીકેનું મારું સામાન્ય કર્તવ્ય જ બજાવ્યું છે. એના બદલામાં જે આત્મસંતોષ મળે છે એ જ સાચો પુરસ્કાર છે. બીજો કોઈ સ્થૂળ પુરસ્કાર ના લેવાનો હોય. મને આશીર્વાદ આપો કે મારી બુદ્ધિ બગડે નહીં. આર્થિક રીતે હું મારી પત્ની ને પુત્રો સાથે સુખી છું. પાકિસ્તાનની સ્થાપના પછી અમે અહીં આવીને કાયમી વસવાટ કર્યો છે. બધાં સાથે મળીને કામ કરીએ છીએ. દાળરોટલો મળી રહે છે એનો આનંદ છે. છેવટ સુધી મહેનત કરીને જીવીએ, કુકર્મ ના કરીએ, અને અનીતિનું કમાવાની ઈચ્છા ના રાખીએ એ જ ભાવના છે.'

'તમારી ભાવના ખરેખર ખૂબ ઊંચી છે.'

'છોકરાઓને પણ કહું છું કે ભલે નાના મકાનમાં રહેવું પડે, નોકર ચાકર કે મોટર ના થાય પરંતુ નીતિ કે માણસાઈને ના ચૂકશો. માણસાઈ ગઈ તો બધું જતું રહ્યું એવું સમજી લેજો. ઈશ્વરની કૃપાથી છોકરાઓ પણ સારા છે.'

થોડાક વખત પછી એમણે કહ્યું : 'સાંભળ્યું તો છે કે તમારાં પ્રવચનો અહીં રોજ ચાલે છે. લોકો વખાણ પણ કરે છે. પરંતુ મારાથી નથી આવી શકાતું. મારી બુદ્ધિ કાચી છે. સાંભળી સાંભળીને આચરણમાં ના ઉતારું તો શું કામનું ? દરજીકામ કરતાં કરતાં ઈશ્વરનું નામ લેતો રહું છું. એથી મને શાંતિ મળે છે.'

'તમે જે કરો છો તે બરાબર છે.'

એ ચાલી નીકળ્યા ત્યારે મને થયું કે આવી પ્રામાણિકતા અને સદભાવના સૌમાં ફેલાવા માંડે તો ? સમાજનું સ્વરૂપ કેટલું બધું સુધરી જાય ?

કુલડી બજારના એ દરજી આજે પણ એવા જ પ્રામાણિકતાપૂર્વક પોતાની નાનકડી દુકાનમાં કર્માનુષ્ઠાન કરી રહ્યા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. દીપક

મસૂરીમાં કુલડી બજારથી લાયબ્રેરી બજારના માર્ગે આગળ વધતાં રસ્તામાં રોપ-વે આવે છે. એની પાસે જ ઝૂલા છે. સૌથી પહેલાં એની પાસેની સડક પર મેં એ કિશોરને ઊભેલો જોયો. એના ખભા પર થેલી લટકાવેલી અને હાથમાં મકાઈની ધાણી જેવી ખાસ બનાવટ-'પોપ કોર્ન'નાં પેકેટો. એનાં વસ્ત્રો સાધારણ હતાં. એને એ અવસ્થામાં જોઈને મને કાંઈક કુતૂહલ થવાથી મેં એની પાસે ઊભા રહીને એને પૂછ્યું : 'પોપ કોર્ન વેચવાનું શરૂ કર્યું છે ?'

એણે સહેજ સંકોચ છતાં સ્વસ્થતાપૂર્વક કહ્યું : 'હા.'

'ભણવામાં મન નથી લાગતું ?'

'લાગે છે. સ્કૂલમાં જઉં છું. બાકીના થોડાક સમય દરમિયાન આવું કામ પણ કરું છું.'

'માલ ક્યાંથી લાવે છે ?'

'મોટા દુકાનદારો પાસેથી લાવું છું. મને એમાં થોડું કમીશન મળી જાય છે.'

'કેટલું ?'

'એક પાકીટ પર લગભગ વીસ પૈસા.'

'વેચાણ સારી રીતે થઈ જાય છે ?'

'થઈ જાય છે. કોઈ વાર વધારે થાય છે તો કોઈ વાર ઓછું.'

'રોજનો આશરે કેટલો નફો મળે છે ?'

'ચારથી પાંચ રૂપિયા.'

'અત્યારથી આવું કામ કરવાનું કારણ ?'

'પિતાજીનો સ્વર્ગવાસ થયો છે. ઘરમાં માતા અને નાના ભાઈબેન છે. માતા બને તેટલી મહેનત કરે છે. પરંતુ એટલાથી બધાનું ગુજરાન કેવી રીતે ચાલે ? એટલે સ્કૂલમાંથી છૂટ્યા પછી હું પણ મારાથી બનતા પ્રમાણમાં આવી રીતે મદદ કરાવતો રહું છું. બીજાની પાસે ભીખ માંગવાનું સારું નથી. અને માંગેલું પહોંચે પણ ક્યાં સુધી ? કામ કરવામાં કાંઈ નાનમ છે ?'

એની વાણીમાં નિખાલસતા હતી. એ વાણીને સાંભળીને મને આનંદ થયો. એનું અંતર ઉદાત્ત લાગ્યું. મેં કહ્યું : 'કામ કરવામાં નાનમ શાની ? નાનમ તો કેવળ કુકર્મ કરવામાં છે. તારા વિચારો ને તારું કામ જોઈને મને ખરેખર આનંદ થાય છે.'

એ કિશોરને એવી રીતે પોપ કોર્ન વેચતાં હું કેટલીય વાર જોતો અને પ્રત્યેક વખતે આનંદાનુભવ કરતો. મને થતું કે આટલી નાની ઉંમરમાં જ આવા સુંદર સેવાસભર ભાવો કે વિચારોને સેવનાર આ કિશોર આગળ પર કેવો થશે ?

એ નાનકડા કિશોરને એક વાર મેં ફીની કે બીજી મદદ કરવાનો વિચાર કર્યો. એણે એની માતાને પૂછી જોવા જણાવ્યું. બેત્રણ દિવસ પછી માર્ગમાં મેળાપ થતાં એણે મારા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવા માંડ્યું : 'માતાને પૂછી જોયું પણ મદદ લેવાની ના કહે છે. અમારું જીવન તો ઈશ્વરની કૃપાથી જેમતેમ કરીને ચાલે

છે, પરંતુ બીજાં એવાં પણ હશે જેમની મુશ્કેલીનો પાર નહિ હોય. એમને મદદ કરી શકો છો. બાકી મારી માતા એવી રીતે મદદ મેળવવાની વિરુદ્ધ છે. એ કહે છે કે એથી વૃત્તિ બગડે છે.'

બીજી વાર કોઈ સદગૃહસ્થે એને કામળો આપવાની ઈચ્છા બતાવી ત્યારે પણ એણે ના પાડી. 'એવી રીતે લેતો રહીશ તો લેતા રહેવાની ટેવ પડશે. કામ કરવાનું મન નહિ થાય. એટલા માટે ના લઉં એ જ સારૂં છે.' એવી એની ભાવના હતી. એ ભાવના ઉત્તમ અને આવકારદાયક નહોતી એવું કોણ કહી શકે ?

એ કિશોરની પ્રવૃત્તિ આજે પણ ચાલી રહી છે. એનું જીવન એક શક્તિશાળી સ્ફુલ્લિંગ જેવું છે. એની અંદર જ્વાળા જાગવાની શક્યતા છે. એક એવા અસાધારણ બીજ જેવું છે જેમાં સુંદર સૃષ્ટિ સમાયેલી છે. આપણે કહીએ છીએ કે આપણે ત્યાં વસતિ વધે છે પરંતુ 'માનવો' ઘટતા જાય છે. એવી પરિસ્થિતિમાં આપણા સમાજના સુખદ સમૃદ્ધ ભાવિ માટે આવા કિશોરો આશાજનક છે. એમની સંખ્યા વધતી જશે તો અવનીને માટે આશીર્વાદરૂપ થશે. દિવ્યતાના એવા દીપકોને ઈશ્વર અમર અને અખંડ રાખો !

☼ ☼ ☼ ☼ ☼

## ૯. ભૂષણજી

પંડિત મુન્નાલાલ ભૂષણજી. કાનપુરના પ્રખ્યાત એડવોકેટ. છેલ્લા બેત્રણ વરસથી એમનો એકધારો આગ્રહ હતો કે મારે કાનપુરમાં એમના અતિથિ બનવું અને ત્યાંની સત્સંગપ્રેમી પ્રજાને સત્સંગનો લાભ આપવો. એમના એ આગ્રહને અનુસરીને અમે ઈ.સ. ૧૯૭૨માં કાનપુરની પહેલવહેલી મુલાકાત લીધી.

કાનપુર શહેર અમને એકંદરે ખૂબ જ સુંદર અને આકર્ષક લાગ્યું. ત્યાંના પ્રવચનોના પૂર્વયોજિત કાર્યક્રમ દરમિયાન કેટલાય અવનવા અનોખા પુરુષોનો પરિચય થયો. પરંતુ સૌથી યાદગાર સવિશેષ આહ્‌લાદક પરિચય તો પંડિત શ્રી મુન્નાલાલ ભૂષણનો પોતાનો થયો. એ પરિચયની આછીપાતળી રૂપરેખાને દોરી બતાવવાનું કાર્ય ઓછું આલ્હાદક કે પ્રેરક નહિ થાય.

આપણે ત્યાં મોટા ભાગના માનવોની માન્યતા છે કે શ્રેય તથા પ્રેયને કદાપિ બને નહીં અને જેણે આત્મવિકાસની સાધના કરવી હોય એણે સાંસારિક પ્રવૃત્તિઓને પરિત્યાગીને સ્નેહીજનોનો સંબંધ વિચ્છેદ કરીને એકાંત અરણ્યમાં વસવું જોઈએ. ઘર તો દર છે. એમાં રહીને કશું બની શકે નહીં, આત્મિક ઉન્નતિ અને સાંસારિક સુખાકારી તથા સમુત્કર્ષ એ બંનેનો સમન્વય કદી પણ ના કરી શકાય. કાં તો આત્મિક ઉન્નતિને અપનાવો કાં તો પછી ભૌતિક પ્રવૃત્તિના પથ પર પ્રયાણ કરો. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. એવા માનવો સત્પુરુષોની શોધ કરવા માટે એકાંત અરણ્યોમાં ફરે છે અને સાધકોને વસતિની બહાર વિજનમાં પર્વત કે સરિતાતટવર્તી શાંત પ્રદેશમાં શોધવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસ કોઈવાર સફળ થાય છે. તો પણ એનો અર્થ એવો નથી કે સાચા સાધકો કે સત્પુરુષો વસતિની વચ્ચે નથી વસતા, વનમાં જ વસે છે, અને સાંસારિક સુખાકારી, સમુન્નતિ કે સ્વજનોનો ત્યાગ કરે છે. કેટલીકવાર એ આપણી આજુબાજુ જ વસતા તથા વિચરતા હોય છે, નોકરી કે ધંધો કરતા હોય છે, અને ગૃહસ્થી તરીકેનું જીવન જીવતાં, સ્ત્રી-સંતાન-પરિવાર સાથે રહીને, પ્રલોભનો, ભયસ્થાનો, વિઘ્નો તથા વિષમતાની વચ્ચે માર્ગ કાઢતાં, શ્રદ્ધા-ભક્તિ-ધીરજ અને હિંમતપૂર્વક આત્મોન્નતિના મંગલ માર્ગે આગળ વધતા હોય છે. એવા સાધકોનાં જીવન, સંસારના વિરોધાભાસી વાતાવરણમાં વસીને આત્મોન્નતિની આશીર્વાદરૂપ સુખદ સાધના સ્વપ્ને પણ ના થઈ શકે એવી નિરાશાવાણી બોલનારા માનવોને માટે, અવનવી આશાશ્રદ્ધાનો સંચાર કરનારાં, પથપ્રદર્શન અને પ્રેરક થઈ પડે છે. એ દ્રષ્ટિએ મનનીય છે. ભૂષણજી પ્રેયની વચ્ચે વસીને શ્રેયના મંગલમય માર્ગે આગળ વધનારા જીવનસાધક હોવાથી એમના જેવા બીજા જીવનસાધકોને માટે પ્રેરણાસ્પદ હતા.

કોઈ કહેશે કે ભૂષણજી એડવોકેટ એટલે વકીલાત કરતા હશે. અસીલોના કેસોમાં ઊભા રહેતા હશે. તો પછી સાધક કેવી રીતે હોઈ શકે ? વકીલ તો સાચાનું ખોટું ને ખોટાનું સાચું કરવાની કોશિશ કરે છે. એને માટે જ દલીલો કરે છે. એ જાણે છે કે આ સાચું છે અને આ ખોટું છે તો પણ પોતાની બધી જ બુદ્ધિ એને અન્યથા કરવા માટે કામમાં લે છે. વકીલનો ધંધો એવી રીતે એટલો બધો સારો નથી ગણાતો. ભૂષણજી એવા ધંધામાં રહીને સાધક તરીકે જીવન જીવી શકે ? જીવી શકે તો કેવી રીતે ? અમને તો એવું જીવન એકદમ અશક્ય લાગે છે.

બરાબર છે. એવી શંકા છેક જ સ્વાભાવિક છે. છતાં પણ ભૂષણજી સાધકનું જીવન જીવે છે એ પણ બરાબર છે. એમની દિનચર્યાને જોવાથી એની પ્રતીતિ થાય છે. ભૂષણજી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જાય છે. સવારે ચારેક વાગે ઉઠીને પ્રાર્થના તથા ધ્યાનાદિ કરે છે. પાછળથી થોડોક વ્યાયામ પણ કરી લે છે. છ વાગ્યાની આસપાસ ફરવા નીકળે છે. ત્યાંથી પાછા ફરીને માલીશ તથા સ્નાનાદિથી પરવારીને સંધ્યા કરીને પૂજાના ઓરડામાં પ્રવેશે છે. ત્યાં રોજ નિયમપૂર્વક જપ તથા રામાયણપાઠ કરીને સાડા નવે લગભગ નીચે આવે છે. એ પછી હોમ કરી, અગ્નિદેવને ભોજન સમર્પી, જમવા બેસે છે. પછી કોર્ટમાં જાય છે. કોર્ટથી સાંજે પાછા ફરીને સંધ્યાદિ કરે છે. રાતે એમને ત્યાં એમના એક નિવૃત્ત ન્યાયાધીશ મિત્ર આવે છે. એમની સાથે ને બીજા સત્સંગીભાઈઓ સાથે બેસીને શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા સુંદર ધર્મગ્રંથોનો સત્સંગ કરે છે. એ પછી હવનવિધિને પતાવી, જમી, પ્રાર્થના કરી સુઈ જાય છે. દિવસ દરમિયાન વચ્ચેવચ્ચે વખત કાઢીને સુંદર પ્રેરક સદગ્રંથોનો સ્વાધ્યાય પણ કરતા રહે છે. એ દિનચર્યા એક વકીલ કે સંસારી વ્યક્તિ કરતાં સાધકની જ વધારે છે.

વકીલ સાધક બની જ ના શકે અને આત્મવિકાસની સાધના કરી જ ના શકે એવું માનવું ખોટું છે. વકીલ, દાક્તર, વૈદ, વેપારી, ઈજનેર, ખેડૂત, મજૂર, માલિક, સૈનિક, શિક્ષક, કોઈપણ સાધના કરી શકે છે. ફકત એને માટેની રુચિ, લગન, ઉત્કટ ઈચ્છા તથા પુરુષાર્થપરતા જોઈએ. વકીલનો વ્યવસાય સાચાનું ખોટું અને ખોટાનું સાચું કરવાનો વિકૃત વ્યવસાય છે એવું પણ નથી સમજવાનું. એ તો સત્યની સમ્યક્ સ્થાપનાનો અને અસત્યને ઉઘાડું પાડવા માટેની પ્રામાણિક પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિમાં પ્રામાણિક રહીને સત્યની, પ્રામાણિકની ને નિર્દોષની સેવા કરી શકાય છે ને કરાવી જોઈએ. એમાં કેવળ ધન તરફ દૃષ્ટિ રાખવી ના જોઈએ પરંતુ નીતિમત્તા, ન્યાય અને માનવતાને પણ મહત્વ અપાવું જોઈએ. એવી રીતે એ એક પવિત્ર, પરોપકારી, પ્રગતિકારક પ્રવૃત્તિ બની જશે અને અભિશાપરૂપ બનવાને બદલે આશીર્વાદરૂપ થશે. વકીલોએ અને અન્ય જનોએ એના પ્રત્યેના અભિગમને બદલવાની આવશ્યકતા છે.

મેં એકવાર ભૂષણજીને પૂછ્યું : 'વકીલ તરીકેનો વ્યવસાય તમારા સાધનાત્મક જીવનની વચ્ચે નથી આવતો ?'

'ના. આખો વખત એકાંતિક સાધના કરવાની શક્તિ તો મારામાં છે નહિ. આજીવિકા માટે એ વ્યવસાય આવશ્યક છે. એથી મારા સાધનાત્મક જીવનમાં વિરોધ નથી પેદા થતો.'

'તમારે કોર્ટમાં જુઠું બોલવું નથી પડતું ?'

'ના.'

'બને નહીં.'

'છતાં પણ બને છે. શરૂઆતમાં સાચાખોટાનો આધાર લેવો પડતો પણ હવે નથી લેવો પડતો.'

'કારણ ?'

'હવે હું એવા જ કેસને હાથમાં લઉં છું જેમની યથાર્થતા કે નિર્દોષતામાં મને વિશ્વાસ હોય. સત્ય કે પ્રમાણિક પક્ષને સહન કરવું પડ્યું હોય કે અન્યાય થયો હોય ત્યારે મારી બુદ્ધિને કામે લગાડીને એક કર્તવ્યનિષ્ઠ માનવ તરીકે એને બનતી બધી જ મદદ કરું છું. પરંતુ અસત્યને સત્યના સ્વાંગમાં રજૂ નથી

કરતો. અપરાધીને નિરપરાધી ઠરાવવાની પ્રવૃત્તિ મારાથી નથી કરી શકાતી. નિર્દોષ માર્યો જતો હોય તો એને બચાવવા તૈયાર થઉં છું પરંતુ દોષિતને બચાવવાનો પ્રયત્ન નથી કરતો. એને સાફ શબ્દોમાં સંભળાવી દઉં છું કે મારાથી ખોટી વાતને સાચી નહિ કરી શકાય. કેસ નહિ લડાય. કેસ કોઈક બીજા વકીલને સોંપો.'

'તો પછી તમારું કામ ચાલે છે ખરું ?'

'સારી રીતે ચાલે છે. સારા ને સાચા વકીલ તરીકે મારી શાખ બંધાઈ ગઈ છે. કોર્ટમાં હાજર થઉં છું એટલે જજ જાણે છે કે મારો કેસ સાચો જ હશે. ચુકાદો ભાગ્યે જ મારી વિરુદ્ધમાં આવે છે. મારું કામ કદીપણ નથી અટકતું. બીજા વકીલો કરતાં મારી ફી પણ વધારે હોય છે. એટલે જેમને ખાસ આવશ્યકતા હોય છે એ જ મારી પાસે આવતા હોય છે. ઈશ્વર મને મારા પરિશ્રમના પ્રમાણમાં પૂરતું આપી રહે છે, એટલે આર્થિક ચિંતા મને લેશ પણ નથી સતાવતી.'

'તમારી વાત ખૂબ જ વિલક્ષણ છે.'

ભૂષણજી થોડીવાર શાંતિ રાખીને આગળ બોલ્યા : 'મારું મન મોટે ભાગે સંતપુરુષોની સંનિધિમાં અને ઈશ્વરની ઉપાસનામાં રહે છે. એટલે વરસમાં એકાદ-બે વાર વખત કાઢીને હું કોઈક શાંત તીર્થસ્થળમાં, વૃંદાવન-હરિદ્વાર-ઋષિકેશ-મસૂરીમાં, થોડાક દિવસ રહેવા માટે જતો રહું છું. ત્યાં બને તેટલી વધારે સાધના કરું છું. મારા જીવનનો મૂળભૂત અંતિમ આદર્શ તો એ જ છે-પરમાત્માના સાક્ષાત્કારનો. એનું સ્મરણ મને નિરંતર રહ્યા કરે છે.'

મેં કહ્યું : 'તમારી એવી પ્રવૃતિ તથા વિચારધારા પરથી તમારી અસાધારણ સંસ્કારીતાનો ખ્યાલ આવે છે. તમારા અંતરાત્માની ઉદાત્તતાનું પણ એમાં દર્શન થાય છે. તમારા જીવનનો આદર્શ પણ ઘણો ઊંચો છે.'

એમણે જણાવ્યું : 'એ આદર્શની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ પણ ખૂબ જ પ્રખર હોવો જોઈએ એ જાણું છું. એટલા માટે તો મેં વકીલ તરીકેના વ્યવસાયને છોડી દેવાનો સંકલ્પ કર્યો છે.'

'વ્યવસાયને છોડી દેવાનો ?'

'હા અને સમગ્ર ધ્યાન સાધનામાં લગાડવાનો. ત્યારે જ વહેલી તકે સાધનાની સિદ્ધિ સાંપડી શકશે. મારો વિચાર ત્રણ ચાર વરસ પછી જાહેર જીવનમાંથી નિવૃત્ત થઈને કાનપુર, હરિદ્વાર કે વૃંદાવનના કોઈક શાંત એકાંત સ્થળમાં રહેવાનો છે. આશીર્વાદ આપો કે મારી એ ભાવના પૂરી થાય.'

એમની ભાવનાને જોઈને મને આનંદ થયો.

ધાર્યું ધરણીધરનું થાય છે એ નિયમને અનુસરીને બીજે જ વરસે ભૂષણજીના યુવાન વકીલપુત્રનો એકાએક સ્વર્ગવાસ થયો. એમના માથે જાણે કે વીજળી તૂટી પડી. એ આઘાતને એમણે ખૂબ જ સ્વસ્થતાપૂર્વક શાંતિથી સહન કર્યો.

આજે પણ એમની સાધના અબાધિત રીતે ચાલ્યા કરે છે. વકીલોને જ નહિ, બીજા બધાને એ પ્રેરણા પાય છે. કાદવની વચ્ચે કમળ જેમ કાંતિમય અને અલિપ્ત રહેનારા ભૂષણજી સંસારમાં સાચેસાચ ભૂષણરૂપ છે. ઈશ્વર એમને દીર્ઘાયુ કરે અને જીવનની સંસિદ્ધિનો સંતોષ ધરે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. સમર્પિતા

આજથી આશરે પાંચેક વરસ પહેલાંની, ઈ.સ. ૧૯૭૦ની વાત છે. હિમાલયના સુંદર સુપ્રસિદ્ધ સ્થળ મસૂરીમાં એક દિવસ મારા પર એક અપિરિચિત વ્યક્તિનો કાગળ આવ્યો. કાગળ ખૂબ જ ભાવપૂર્ણ ભાષામાં લખાયેલો અને ધાર્યા કરતાં ઘણો લાંબો હતો. એને રસપ્રદ કહેવો હોય તો પણ કહી શકાય. કાગળો તો મારા પર જુદી જુદી કેટલીય વ્યક્તિઓના આવ્યા કરે છે. પરંતુ એ કાગળ જરાક જુદી જાતનો ને વિલક્ષણ હતો. એનો અગત્યનો ટુંકસાર નીચે પ્રમાણે હતો :

'મારો પત્ર વાંચીને તમને થોડીક નવાઈ લાગશે. તમે મને નથી ઓળખતા, મારા પ્રત્યક્ષ પરિચયમાં નથી આવ્યા, પરંતુ હું તમને ઓળખું છું. તમે આ વરસે અને એ પહેલાં પણ અહીં આવેલા ત્યારે મેં તમારા દર્શનનો લાભ લીધો છે.'

'મારા પૂજ્ય પિતાજી તમારા સંબંધી વારંવાર વાતો કરે છે. ગઈ કાલે એમણે લગભગ કલાક લગી વાતો કરી. એમને તમારે માટે ખૂબખૂબ માન છે. પુષ્કળ પ્રેમ તથા પૂજ્યભાવ છે. તમારી વિશેષતાની વાતો કરતાં એ થાકતાં કે કંટાળતા નથી. એમને કદી તૃપ્તિ જ નથી થતી. એ પોતે પરમજ્ઞાની, સાધક અને સાક્ષર છે એટલે તમને સારી રીતે સમજી શકે છે. મને પોતાને પણ કોણ જાણે કેમ કોઈ પૂર્વ સંસ્કારોના પરિણામે તમારા પ્રત્યે અસાધારણ આકર્ષણ થયું છે. તમારું સુદર સાધના વિષયક અનુભવોનું પુસ્તક 'શ્રેય અને સાધના' વાંચ્યા પછી તો એ આકર્ષણ અનેક ગણું વધી ગયું છે. મને થાય છે કે તમારા જેવા સદગુરુને ચરણે બેસવાનું અને એમના સદ્દુપદેશ પ્રમાણે સાધના કરવાનું સદભાગ્ય મળે તો કેવું સારું ? જીવનનું કલ્યાણ સહેલાઈથી થઈ શકે. મને પરમાત્માના સાક્ષાત્કારની અને એને માટેની આવશ્યક સાધનાની ઈચ્છા છે. ઘરમાં ને સંસારની પ્રવૃત્તિમાં મારું મન જરા પણ નથી લાગતું.'

'આ વરસે મેં એસ. એસ. સી. ની પરીક્ષા સેકન્ડ ક્લાસમાં પાસ કરી છે. મારા પૂજ્ય પિતાજીની ઈચ્છા મને આયુર્વેદ કોલેજમાં દાખલ કરવાની છે. પરંતુ મારું મન આગળ ભણવા માટે નથી માનતું. આગણ ભણવામાં જીવનનું કલ્યાણ નથી લાગતું. મારે તો એકાંતમાં રહીને સાધના દ્વારા પરમાત્માની કૃપા જ મેળવવી છે. મારા પિતાજીને કે ઘરના બીજા કોઈને આવી વાત કરું તો ગાંડપણમાં ખપાવે એટલે એમને વાત નથી કરી. કરવાની જરૂર પણ નથી. મેં તમારી પાસે આવવાનો ને જીવનભર તમારી સેવા કરવાનો સંકલ્પ કર્યો છે. એ સંકલ્પમાં કશો ફેર નથી પડવાનો. મારી ઉંમર હાલ સોળ વરસની છે. મારું નામ સમર્પિતા. હું અહીંથી પંદર દિવસ પછી ૨૫મી તારીખે દહેરાદૂન એક્સપ્રેસમાં નીકળીને ૨૭મી તારીખે દહેરાદૂન ઉતરીશ ને રાતે મસૂરી પહોંચીશ. મેં સફેદ સાડી ને સફેદ બ્લાઉઝ પહેર્યું હશે. ઉંમરના પ્રમાણમાં મારી ઊંચાઈ થોડી વધારે છે. રંગે સહેજ શ્યામ છું. મને ઓળખી લેજો. તમારા ઉત્તરની-અનુકૂળ ઉત્તરની-૨૨મી સુધી રાહ જોઈશ. સાથે મારી બેનપણીના સરનામાવાળું કવર મોકલ્યું છે.

- તમારી આજ્ઞાકારિણી શિષ્યા

સમર્પિતા

*

કાગળ વાંચીને મને અવનવી લાગણી થઈ આવી. એનો સારાંશ સ્પષ્ટ હતો. સમર્પિતાને મેં જોઈ ન હતી. એની પરોક્ષ ઓળખાણ પણ મને ન હતી. એની નાની ઉંમરના પ્રમાણમાં એના લખાણમાં ભાષાની દૃષ્ટિએ અસાધારણતા હતી એ ચોક્કસ, પરંતુ એ લખાણ પ્રતીતિકર ના લાગ્યું. એવી કેટલીય કોમળ કન્યાઓ અને એવા અનેક ઉછરતા યુવાનો એક અથવા બીજા કારણે ત્યાગી જીવનનાં સ્વપ્નાં સેવે છે તથા ઘર છોડીને નીકળી પડે છે. આ ઉદાહરણ પણ એવું જ હતું. મેં એને સંક્ષેપમાં છતાં નિશ્ચયાત્મક રીતે લખ્યું :

'બેન, તમારો પત્ર મળ્યો. આનંદ થયો. આટલી નાની ઉંમરમાં પરમાત્મ પ્રાપ્તિના અથવા આત્મકલ્યાણના આવા વિચારો આવે છે એ આવકારદાયક છે. પૂર્વના સારા સાનુકૂળ સંસ્કારો સિવાય આવું ભાગ્યે જ બની શકે. તો પણ તમે બાહ્ય ત્યાગના જે પંથે પ્રયાણ કરવા માગો છો તે બરાબર નથી. એવા ત્યાગ માટે મારાથી અનુમતિ નહિ આપી શકાય. ઘરને છોડીને અહીં કદાપિ ના આવશો. ઘરને છોડીને અહીં આવવાથી લાભ નહિ થાય. આવશો તો તમારા પિતાજીને ખબર આપીને તમને તરત જ પાછાં મોકલવાં પડશે. અહીં મારો કોઈ સ્વતંત્ર આશ્રમ નથી. હું માતાજી સાથે સંસ્થાની જગ્યામાં વાસ કરું છું. અહીં મારી સાથે તમારી કે કોઈની રહેવાની વ્યવસ્થા નથી. તમને નહીં રાખી શકું.'

'તમારા પિતાજીની સુચનાનુસાર આયુર્વેદનો અભ્યાસ કરો તે જ બરાબર છે. એથી તમને લાભ થશે. એને લીધે ભવિષ્યમાં બીજાની સેવા કરી શકશો અને અનેકના આશીર્વાદ મેળવશો. લગ્નજીવનમાં પ્રવેશવાની ઈચ્છા નહિ હોય તો પણ સ્વતંત્ર રીતે જીવવામાં અને આર્થિક રીતે પગભર થવામાં એ અભ્યાસ ઉપયોગી બનશે. માટે ક્ષણિક આવેશને વશ થઈને બહાર નીકળવાને બદલે કોલેજમાં દાખલ થાવ એ જ કલ્યાણકારક છે.'

'તમારી બેનપણી ગમે તેટલી સારી અથવા વિશ્વાસુ હોય તો પણ તમારા પિતાજીને ને ઘરના અન્ય સ્વજનોને ખબર ના પડે તેમ તેને સરનામે પત્રોત્તરોને મંગાવવાનું યોગ્ય નથી લાગતું. એનું પરિણામ કોઈ વાર ખૂબ જ પ્રતિકૂળ આવે એવો સંભવ છે. એથી એ સરનામે વધારે પત્રોત્તરો ના મંગાવશો.'

'અભ્યાસની સાથે સાથે સમય કાઢીને રોજ નિયમિત રીતે નામજપ, ધ્યાન, પ્રાર્થના, સદગ્રંથોનું વાંચન-મનન કરવાનું ચાલુ રાખજો. એથી આત્મોન્નતિના માર્ગે આગળ વધવામાં મદદ મળશે. શિયાળામાં પ્રતિવર્ષની પેઠે મારે એ બાજુ આવવાનું થશે ત્યારે રૂબરૂ મળાશે.'

*

કાગળ સમર્પિતાની કલ્પના બહારનો હતો. એ તો ગૃહત્યાગ માટે તૈયાર થઈને બેઠેલી. એણે એવું માનેલું કે એના કાગળને વાંચીને હું એને સહર્ષ સત્વર બોલાવી લઈશ. પરંતુ એની માન્યતા મિથ્યા થઈ. એક કુમળી કળીને ખીલતા પહેલાં કસમયે કરમાવા દેવાની મારી ઈચ્છા નહોતી. એવું અમાનવીય કૃત્ય મને પસંદ નહોતું. મને ખબર હતી કે એ બિનઅનુભવી કુમારીને-વણખીલેલી કુસુમકળીને-મારો કાગળ કડવો લાગશે, કદાચ કુઠારાઘાત જેવો કઠોર થઈ પડશે, તો પણ એના જીવનને ભળતા માર્ગે જતું બચાવવા માટે, એના વાસ્તવિક જીવનવિકાસનો મંગલ માર્ગ સૂચવ્યા સિવાય છૂટકો જ નહોતો. એવી રીતે મેં તો મારું પવિત્ર કર્તવ્ય બજાવેલું. ત્યાગનો માર્ગ ધાર્યા જેટલો સરળ નથી. એની કેડી કપરી અને ક્લેશમય છે. એ કેડી પર ચઢીને કલાંત બનેલી, ક્લેશ પામેલી, આડેમાર્ગે અટવાઈ ગયેલી, જીવનને ખોઈ બેઠેલી, કેટલીય

કુમારીઓને મેં જોઈ છે, આજે પણ જોઉં છું. 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' જેવી એ કુમારીકાઓ જેમતેમ કરીને જીવતી હોય છે. સમર્પિતાને હું એમાંની એક બનાવવા નહોતો માગતો. એટલા માટે મારે એને એવો અપ્રિય ઉત્તર આપવા પડ્યો. બીજો કોઈ વિકલ્પ જ ન હતો.

સમર્પિતા મારો પત્ર વાંચીને વિસ્મય પામી, વિચારમાં પડી. એ પત્ર એને અતિશય અળખામણો લાગ્યો. પરંતુ એની આગળ બીજો વિકલ્પ ક્યાં હતો ? અઠવાડિયા પછી એનો કાગળ આવ્યો. એનો ભાવાર્થ આવો હતો :

'તમારા પત્રથી મને દુઃખ થયું છે. મારી ચિંતા તથા વેદના વધી પડી છે. મેં તો કેવીકેવી આશા રાખેલી ને કેવા સ્વપ્નાં સેવેલાં. મારી બેનપણીના સંપૂર્ણ સહયોગથી, ઘરના કોઈને ગંધ આવે નહિ એવી રીતે ઘરત્યાગની ગુપ્ત યોજના બનાવેલી. એ સૌની ઉપર પાણી ફરી વળ્યું. મને અસાધારણ આઘાત લાગ્યો.'

'તમે મને જોઈ નથી નહિ તો તમારા અભિપ્રાયમાં ફેર પડત. તમે મને સંપૂર્ણપણે ના સમજી શક્યાં. હવે મારે શું કરવું ? આ બાજુ નર્મદાકિનારે એક આશ્રમ છે. ત્યાં જઉં તો કેમ ? હિમાલયમાં મારે લાયક કોઈ બીજો આશ્રમ, કોઈ બીજું અનુકૂળ સ્થાન હોય તો સૂચવશો. ત્યાં રહીને મારે આત્મકલ્યાણ કરવું છે.'

મેં એના પત્રના પ્રત્યુત્તરમાં જણાવ્યું :

'તમારું આત્મકલ્યાણ ત્યાં રહીને આગળ અભ્યાસ કરવામાં ને બનતી સાધનાનો આશ્રય લેવામાં રહેલું છે. ચંચળતાને કાઢી નાખો. નર્મદા કિનારે કે બીજે ક્યાંય જવાનું બરાબર નથી. ત્યાં જવાથી લાભ નહિ થાય. આ બાજુ હિમાલયમાં તમારે માટે કોઈ અનુકૂળ આશ્રમ હોય તો તેનો મને ખ્યાલ નથી. સાહસ કરીને નીકળશો નહીં. પાછળથી પસ્તાવું પડે એવું ખોટું પગલું ના ભરશો.'

એ અભિપ્રાયથી એને આનંદાનુભવ ના થાય એ સ્વાભાવિક હતું. તો પણ મારે એવો અભિપ્રાય આપ્યા સિવાય છૂટકો જ નહોતો. એ અભિપ્રાય પછી એણે લખ્યું :

'મારું નસીબ ફૂટલું લાગે છે. હું તો તમારી સેવામાં રહીને આત્મસાક્ષાત્કાર કરવાનાં સ્વપ્નાં સેવતી'તી. પરંતુ તમે મારો સ્વીકાર કરવા તૈયાર નથી એટલે તમને ગુરુ માનીને હવે અહીં રહીને આગળ અભ્યાસ કરીશ અને આધ્યાત્મિક સાધનાના માર્ગે પણ આગળ વધીશ.'

મેં એના નિર્ણયને વધાવી લીધો. એને માટે એને અભિનંદન આપ્યાં ને જણાવ્યું કે 'આ મારો છેલ્લો પત્ર છે. આ સરનામે વધારે પત્ર લખવાની આવશ્યકતા નથી. જે કહેવાનું હતું તે મેં કહી દીધું છે.'

*

મારા ગુજરાતના પ્રવાસ દરમ્યાન સમર્પિતાનો મેળાપ થયો. એ આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતી. ત્યાગમય જીવનનું એનું આકર્ષણ હજુ મટ્યું નહોતું. એક વાર તો એણે અસંતોષથી પ્રેરાઈને આપઘાત કરવાનો દિવસ ને સમય પણ નક્કી કર્યો. એ સમય વીતી ગયો. અને એણે મારી મુલાકાત લીધી ત્યારે મેં એને જણાવ્યું કે આપઘાત કરવાનું કામ એટલું સહેલું નથી. માનવજીવન મહામૂલ્યવાન, દેવોને પણ દુર્લભ છે. એનો સદુપયોગ કરવો જોઈએ.

*

આયુર્વેદનો પાંચ વરસનો અભ્યાસક્રમ એણે પૂરો કર્યો છે. હવે એ થોડીક તાલીમ લેશે ને પછી પ્રેક્ટીસ કરશે. એની સેવાનો અનેકને લાભ મળશે. સાધના તો જેમ ચાલે છે તેમ ચાલ્યા કરશે. એ તો એના જીવનનું અભિન્ન અંગ બની રહેશે. એના સમાચાર સાંભળીને મને એટલો સંતોષ થાય છે કે અણીના વખતે એક ઉછરતા આશાસ્પદ જીવનને મેં ઉચિત માર્ગદર્શન આપીને ઉગારી દીધું ને સેવાભાવથી ભરીને સમાજસેવાની વાટે વાળ્યું. એવી રીતે એના સમર્પિતા નામને જાણ્યે-અજાણ્યે સાર્થક કરવાનું ભાથું ધર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. કામિનીબેનની કથા

ઋષિકેશમાં લક્ષ્મણઝૂલાનો પવિત્ર પ્રશાંત પ્રદેશ. આજુબાજુ બધે જ આકાશને અડવાની હરિફાઈ કરતી ઉત્તુંગ પ્રેરણાત્મક પર્વતમાળા અને નીચે પર્વતના પેટાળમાંથી વહી જતી યોગીના નિર્મળ હૃદયને રજૂ કરનારી, એની સ્મૃતિ કરાવનારી વિશાળ ગંભીર ગૌરવમયી ગંગા. કેટલું સરસ હૃદયંગમ દૃશ્ય છે ? એ સુંદર દૃશ્યને જેણે પણ જોયું હશે એનું અંતર આહ્લાદાનુભવ કર્યા વિના નહિ રહ્યું હોય. એ દૃશ્યના અસાધારણ આનંદને અનુભવતાં અમે શાંતિપૂર્વક લક્ષ્મણ ઝૂલાના પુલ પરથી પસાર થઈને આગળ વધતાં હતાં ત્યાં જ એક સફેદ શુભવસના સ્ત્રીએ એકાએક આગળ આવીને મારા ચરણે પ્રણિપાત કર્યાં. હું સહેજ ચમક્યો. વિસ્મય પામ્યો. મને થયું કે હિમાલયના આ એકાંત પાવન પ્રશાંત ચિરપરિચિત પ્રદેશમાં આમ એકાએક પ્રણામ કરનાર વળી કોણ છે ?

સ્વલ્પ સમય પછી એ સ્ત્રીએ ઊભા થઈને મારી તરફ જોયું તો મેં એને ઓળખી કાઢી.

‘ઓહો ! કામિનીબેન તમે ? તમે અહીં ક્યાંથી ? યાત્રા કરવા આવ્યાં છો કે શું ?’ મેં ઉદગાર કાઢ્યા.

કામિનીબેનની આંખમાં આંસુ હતાં. એમનું અંતર અતિશય ભાવવિભોર બનવાથી એમનો કંઠ રૂંધાયેલો લાગ્યો. પોતાની જાતને જેમતેમ કરીને સંભાળીને એમણે કૃત્રિમ રીતે સ્મિત કરવાના પ્રયત્ન સાથે કહ્યું : ‘તમારા દર્શનથી મને અતિશય આનંદ થયો. છેલ્લા કેટલાય દિવસથી હું તમને ખૂબ જ યાદ કરતી’તી. ગઈ કાલે તો તમે ખૂબ જ યાદ આવેલા. તમે મસૂરીમાં રહો છો એ તો જાણેલું, પરંતુ તમારી પાસે પહોંચવું કેવી રીતે ?’

‘કેવી રીતે પહોંચવું એટલે ? મોટરમાં. અહીંથી દહેરાદૂન ને દહેરાદૂનથી મસૂરી.’

‘એ તો ખબર છે પણ એમ કાંઈ ત્યાં પહોંચી જવાય ? રહેવાની વ્યવસ્થા જોઈએ ને ? તમારી સાથે રહેવાની સગવડ થોડી જ છે ?’

‘તમે આવ્યાં હોત તો ગમે ત્યાં સાનુકૂળ સ્થળે સગવડ કરી શકાત. પરંતુ હવે તો અમે ઓક્ટોબરનો અંત હોવાથી ઠંડીને લીધે પ્રત્યેક વરસની પેઠે આ તરફ આવી ગયાં. ભવિષ્યમાં વાત. તમે યાત્રાએ નીકળ્યાં છો ? સુરતથી ક્યારે નીકળ્યાં ?’

‘યાત્રાએ નથી નીકળી. અથવા વિશાળ અર્થમાં કહેવું હોય તો કહી શકાય કે જીવનની યાત્રાએ નીકળી છું. સાધનાત્મક યાત્રાએ.’

‘સાધનાત્મક યાત્રાએ ?’

‘હા.’

‘એટલે તમે ઘરનો ત્યાગ કર્યો છે ? સુરત છોડી દીધું છે ?’

‘મોટે ભાગે એવું જ.’

‘શા માટે ?’

'એ બધું પાછળથી વિગતવાર જણાવું છું. હમણાં તો મારા મુકામ પર ચાલો. મારી મઢૂલીને પાવન કરો. મારી એટલી પ્રાર્થનાને સ્વીકારો. મારે તમારું માર્ગદર્શન મેળવવું છે. તમે તે આપી શકશો ને તમે જ આપી શકશો. મને તમારી અંદર વિશ્વાસ છે. મને નિરાશ ના કરશો.'

'પરંતુ અમે તો આ તરફ ફરવા નીકળ્યાં છીએ. નવ તો વાગી ગયા છે. હજુ તો સ્વર્ગાશ્રમ તરફ જવું છે ને બપોર પછી ઋષિકેશના ઉતારે પાછા ફરવું છે.'

'એ બધું થઈ રહેશે. હું તમને વધારે નહિ રોકું. મારા સદભાગ્યે આજ આટલા વખતે મળી ગયા છો તો એમનેમ નહિ જવા દઉં.'

એમની આંખમાંથી અશ્રુ ટપકવાં લાગ્યાં.

મને થયું કે આ સરળ હૃદયની ભાવિક બેનને દુઃખી કરવાનો કશો અર્થ નથી.

'તમારી મઢૂલી ક્યાં છે ?'

'આ સામે જ પેલો આશ્રમ દેખાય છે એમાં. હમણાં જ પહોંચી જઈશું.'

સફેદ-સાધ્વી જેવા-સાલ્લાના છેડાથી આંખને લૂછીને એમણે ચાલવા માંડ્યું. અમે એમનું અનુસરણ કર્યું. આશ્રમ ત્યાંથી પાસે જ હતો. એમાં પ્રવેશતાંવેંત જ અમે એના પ્રાંગણમાં એક નવયુવાન સુદૃઢ સાધુપુરુષને એક તરફ બેઠેલા જોયા. અમને નિહાળીને એમણે કાંઈક વિચિત્ર કહી શકાય એવો દૃષ્ટિપાત કર્યો. અમારી ઉપર એમની છાપ પ્રથમ દૃષ્ટિએ જ બહુ સારી ના પડી.

કામિનીબેને એમની ઓરડીમાં લઈ જઈને અમારું સ્નેહપૂર્વક સમુચિત સ્વાગત કર્યું એટલે મેં એમને પૂછ્યું : 'પેલા સાધુપુરુષ કોણ છે ?'

'બહાર બેઠા છે તે ?'

'હા.'

'એ આ સ્થાનના અધ્યક્ષ કે મહંત છે. આ સ્થાન એમણે તાજેતરમાં જ લીધું છે.'

સહેજવાર શાંતિ રાખ્યા પછી કામિનીબેને પોતાની કથા કહેવાની શરૂઆત કરી.

'સુરતમાં તમે જાણો છો તેમ કેટલાય સાધુમહાત્માઓ પધારે છે ને કથા કરે છે. ત્રણેક વરસ પહેલાં એક વિદ્વાન મહાત્મા પધારેલા. એમનો ઉપદેશ ત્યાગપ્રધાન હતો. મારા પર એમનો ખૂબ જ પ્રભાવ પડ્યો. મેં એમને ગુરુ તરીકે પસંદ કરવાનો વિચાર કર્યો. એમની પાસે પહોંચીને મારો વિચાર જણાવ્યો એટલે એ બોલ્યા કે તારો સંકલ્પ સારો છે. હું તને મારી શિષ્યા તરીકે સ્વીકારીશ. પરંતુ ત્યાગ કર્યા વિના કોઈનું કલ્યાણ નથી થતું. સંસાર અસાર છે. એમાં રહેવાથી પરમાત્માની પ્રાપ્તિ નથી થઈ શકવાની. એને ત્યાગીને મારી પાસે મારા ઋષિકેશના આશ્રમમાં આવી જા તો તને થોડા જ વખતમાં આત્મસાક્ષાત્કાર કરાવી આપીશ.'

'તમે એમની વાતને સાચી માની લીધી ?'

'હા. કારણ કે અધ્યાત્મમાર્ગનો મારો અનુભવ ઘણો કાચો હતો. એ ઉપરાંત એ સંન્યાસી મહારાજના વ્યક્તિત્વથી હું પુષ્કળ પ્રભાવિત બનેલી અને અંજાઈ ગયેલી. મારાં સગાંવહાલાંએ તો મને ઘરનો ત્યાગ ના કરવા માટે ખૂબખૂબ સમજાવી. એમણે મને સુરતમાં જ આઠવા લાઈન્સ, અશ્વિનીકુમાર અથવા એવા કોઈક

સાનુકૂળ સ્થળે રહેવું હોય તો સર્વ પ્રકારની સગવડ કરી આપવા જણાવ્યું તો પણ મેં ના માન્યું. મને તો ઋષિકેશનો અને એ સંન્યાસી મહારાજનો જ નાદ લાગેલો.'

'પહેલાં તમે કદી ઋષિકેશ જોયેલું ?'

'એકવાર એ બાજુ યાત્રાએ ગયેલી ત્યારે જોયેલું. હરિદ્વાર અને ઋષિકેશ બંને મને ખૂબ જ ગમેલાં. બંને સ્થળોનું કુદરતી સૌંદર્ય મને સ્પર્શી ગયેલું.'

કામિનીબેને અમારી આગળ ફળ મૂક્યા. મેં એમને કહ્યું : 'ત્યારે તમે ઋષિકેશ આવ્યાં ખરાં.'

'હા. એ જ વરસે આવી પહોંચી.'

'સંન્યાસી મહારાજની સાથે કે પાછળથી ?'

'પાછળથી. મારે ઉતરવાની મુશ્કેલી તો હતી નહીં એટલે સીધી એમના આશ્રમમાં પહોંચી ગઈ. મહારાજ મને જોઈને ઘણાં રાજી થયા. એમણે મને શાબાશી આપી.'

'તમે ઘણું મોટું સાહસ કર્યું. દુસ્સાહસ.'

'હવે આટલા સ્વાનુભવ પરથી સમજાય છે કે એ એક દુસ્સાહસ હતું. મારા સંસ્કારો એવા હશે એટલે મારાથી એ થઈ ગયું.'

'પછી આત્મસાક્ષાત્કાર થયો કે ના થયો ?' મેં હસતાં હસતાં પૂછ્યું.

'આત્મસાક્ષાત્કાર કાંઈ એટલો સહેલો છે ? એને બદલે મારે ખૂબ જ વિચિત્ર અવનવો અનુભવ કરવો પડ્યો.' એમણે જણાવ્યું.

'કેવો અનુભવ ?'

'બે-ત્રણ મહિનામાં જ સંન્યાસી મહારાજે પોતાનું પોત પ્રકાશ્યું. એમનું મન મલિન હતું. એમની દૃષ્ટિ બગડેલી. એક વાર રાતે મારી પાસે એકાંતમાં આવીને એમણે મારો હાથ પકડ્યો. મેં હાથને છોડાવી દીધો તો એમણે કહ્યું કે તું તો મારી શિષ્યા છે. મેં કહ્યું કે શિષ્યા છું એનો અર્થ એવો નથી કે તમે મારી સાથે જેમ તેમ વર્તી શકો.'

તારે મને સર્વસમર્પણ કરવું જોઈએ.

સર્વસમર્પણ ?

હા. મારી મરજી મુજબ ચાલવું જોઈએ. સુરતમાં તને જોયેલી ત્યારથી જ હું તારા પર મોહિત થયો છું. તું કામિની છે. તારે મારી શરીરસુખની કામના પૂરી કરવાની છે. આશ્રમમાં તારું કામ એટલું જ છે.

હું કંપી ઊઠી. મને એ સંન્યાસીનું સ્વરૂપ ભયંકર લાગ્યું. ખૂબ જ ભયંકર. મને થયું કે આ સંન્યાસી કહેવાય ? આ તો રાગી તથા દુરાચારી છે. મેં કહ્યું કે હું તો તમારી દીકરી જેવી છું. તમે મારા પિતા છો.

ત્યાગી કોઈનો પિતા નથી હોતો.

તમે બીજાને કેવા કેવા ઉપદેશ આપો છો તેનો વિચાર તો કરી જુઓ.

મેં બધો વિચાર કરી જોયો છે. હવે વાતો કરીને વાર ના કર.

એમણે પાછો મારો હાથ પકડ્યો. મેં હાથ છોડાવીને બૂમ પાડી. એ ઝડપથી એમના ઓરડામાં જતા રહ્યા. એમને ખબર નહોતી કે એમનો એવો સામનો કરવામાં આવશે.

'પછી ? પછી શું થયું ? આશ્રમમાં બીજું કોઈ હતું કે નહિ ? તમારી બૂમ સાંભળીને કોઈ આવ્યું કે ના આવ્યું ?'

'બે-ત્રણ શિષ્યો દોડી આવ્યા ને શું થયું, શું થયું, પૂછવા લાગ્યા. પેલા સંન્યાસી મહારાજ પણ આવી પહોંચ્યા ને કહેવા માંડ્યા કે કોઈક ખરાબ સ્વપ્નું આવ્યું હશે. હું તો એનો અવાજ સાંભળીને ભર ઊંઘમાંથી ઝબકીને જાગ્યો.

મને એમના શબ્દો સાંભળીને દુઃખ થયું. થોડોક ક્રોધ પણ ચઢ્યો. પરિસ્થિતિને વિચારીને મેં સઘળું સ્પષ્ટીકરણ કરવાને બદલે મારી જાતને શાંત રાખી. બીજે દિવસે મેં સંન્યાસી મહારાજને એમના વર્તન માટે ઠપકો આપ્યો. મારા ઠપકાની એમની ઉપર કશી અસર ના થઈ. મેં આશ્રમનો ત્યાગ કર્યો.'

'સંન્યાસી મહારાજે આશ્રમ છોડવા દીધો ?'

'એ વખતે તે સનાતન ધર્મસંમેલનનું ઉદઘાટન કરવા અને સંમેલનમાં ભાગ લેવા અઠવાડિયા માટે હરિદ્વાર આવેલા. અને હોત તો પણ શું ? મને એ થોડા જ રોકી રાખવાના હતા ? રોકવાનો પ્રયાસ કરત તો હું એમના પોકળને બહાર પાડત.'

મેં કહ્યું : 'ઈશ્વરે તમારી અણીને વખતે રક્ષા કરી.'

'હા.' એમણે જણાવ્યું : 'ઈશ્વરે જ મારી રક્ષા કરી. એને માટે એમનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. એ પછી કેટલાક સમય સુધી હું એક સાધ્વી પાસે રહી, અને હમણાં જ આ સ્થાનની માહિતી મળતાં ને સ્વામીજીની ઓળખાણ થતાં અહીં રહેવા આવી છું. પરંતુ અહીં પણ અનુકૂળતા નથી. સ્વામીજીનો સ્વભાવ ખૂબ વિચિત્ર છે. એમને લક્ષ્મીનો લોભ છે. કીર્તિની વધારે પડતી કામના છે. અહંકારનો પાર નથી. દૃષ્ટિ પણ નિર્મળ નથી.'

'તમે સુરતમાં કે ગુજરાતમાં બીજે ક્યાંક રહો તો ?'

'ત્યાં સગાસંબંધીઓ અને ઓળખીતાઓ આવે-જાય. એના કરતાં આટલે દૂર રહું તો સારું. એમ તો મારા સાસરા પક્ષના લોકો પણ કહે છે કે ગુજરાતમાં જ્યાં ઈચ્છા હોય ત્યાં રહેવાની સગવડ કરી આપીએ. પરંતુ મારું મન માનતું નથી. તમે કૃપા કરીને આશીર્વાદ આપો કે મને રહેવા માટે સારું સ્થાન મળી જાય. મારે બને તેટલું ભજન કરીને શાંતિ મેળવવી છે. બને તો આ જ જન્મમાં ઈશ્વરનું દર્શન કરવું છે. મારી બીજી કોઈ જ કામના નથી.'

મેં એમને આશ્વાસન આપ્યું ને કહ્યું : 'ઈશ્વર તમારી કામના પૂરી કરશે. તમારી ભાવના ઘણી જ સારી છે. કોશિશ કરતાં રહેવાથી રહેવાનું સ્થળ પણ સારું મળી રહેશે.'

એમને સંતોષ થયો.

અમે બહાર નીકળ્યાં. મેં એમને ગીતાભવન કે પરમાર્થ નિકેતનમાં રહેવાની જગ્યા મળે તો કોશિશ કરવા કહ્યું.

બીજે વરસે એમનો સુરતમાં અચાનક રીતે જ મેળાપ થઈ ગયો. એ ત્યાં ફરવા માટે આવેલાં. એમનો અસંતોષ ઓછો થયેલો દેખાયો. ખાસ તો એટલા માટે કે એમને ઋષિકેશમાં પરમાર્થ નિકેતનમાં રહેવા માટે સુંદર સાનુકૂળ સ્થાન મળેલું. એમણે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું : 'તમારા આશીર્વાદ ફળ્યા.'

મેં કહ્યું : 'આશીર્વાદ ઈશ્વરના.'

*

કામિનીબેને પોતાનું નામ બદલીને સાધ્વી તરીકેનું નામ ધારણ કરેલું.

એમના ઉદાહરણમાંથી બીજી છોકરીઓએ કે સ્ત્રીઓએ પદાર્થપાઠ લેવા જેવો છે. ખાસ કરીને ગૃહત્યાગ કરીને બહાર જવા માગતી સ્ત્રીઓએ કોઈના ખોટા પ્રભાવ, પ્રલોભન, દબાવની અસર નીચે આવીને અથવા અંગત આવેગમાં તણાઈને જે સ્ત્રીઓ ઘરને છોડીને પૂરતા વિચાર, વૈરાગ્ય અને અનુભવ વિના નીકળી પડે છે તે પાછળથી દુઃખી થાય છે ને પસ્તાય છે. એમનું જીવન અસ્તવ્યસ્ત અને અશાંત બની જાય છે. માટે સ્ત્રીઓએ ખૂબખૂબ વિચાર કરીને સમજીને નાછૂટકે જ બહાર નીકળવાની ને પરિચિત સ્થાનમાં પરિચિત પુરુષની પાસે રહેવાની આવશ્યકતા છે. ખોટું સાહસ કરવા કરતાં ઘરનાં સુરક્ષિત વાતાવરણમાં રહીને આગળ વધવું વધારે સારું છે. સ્ત્રીઓ સારી રીતે શાંતિપૂર્વક રહીને સાધના કરી શકે એવા આશ્રમો આપણે ત્યાં અત્યંત ઓછા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. સિદ્ધદર્શનનો સ્વાનુભવ

હિમાલયમાં પુરાણ પ્રસિદ્ધ ઉત્તરાખંડના મહત્વનાં ચાર ધામ મનાય છે : બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમનોત્રી. એ ચાર ધામમાં બદરીનાથનો મહિમા વધારે વખણાય છે. એ મહિમા શ્રવણથી મંત્રમુગ્ધ બની, આકર્ષાઈ, અથવા ગુણાનુરાગી થઈને અસંખ્ય પ્રવાસીઓ બદરીનાથની પુણ્યભૂમિના પ્રવાસે આવે છે. એમની અંદર આધ્યાત્મિક અભિરુચિવાળા આત્માઓ પણ હોય છે. એ આધ્યાત્મિક ભાવનાથી અનુપ્રાણિત બનીને બદરીનાથની યાત્રા કરે છે. એમને બદરીનાથના પુણ્યપ્રદેશનું પ્રાકૃતિક સૌંદર્ય એટલું બધું નથી આકર્ષતું. એના એકાંત વિશુદ્ધ વાયુમંડળનો અને એની શાંતિનો પ્રભાવ પણ એમની ઉપર એટલો બધો નથી પડતો. એમનો અંતરાત્મા તો ત્યાંના લોકોત્તર વિશદ વાતાવરણનો લાભ ઉઠાવીને આધ્યાત્મિક અનુભવોથી અલંકૃત થવાની અને એવા અનુભવસંપન્ન મહાપુરુષોના દર્શનલાભ મેળવવાની ઈચ્છા રાખે છે. એમની ઈચ્છા કદી કદી પૂરી થાય છે. બદરીનાથના પુણ્યપ્રદેશમાં આજે પણ અસાધારણ શક્તિસંપન્ન પ્રાતઃસ્મરણીય મહાત્માપુરુષો વાસ કરે છે, પરંતુ એમના દૈવી દર્શનનો લાભ સૌ કોઈને નથી મળતો. કોઈક સાધનાસંપન્ન સંસ્કારી આત્માઓને એ પોતે જ કૃપા કરીને કોઈ ધન્ય સમયે દર્શન આપે છે. ત્યારે જ એમના અલૌકિક અસ્તિત્વની પ્રતીતિ થાય છે.

એવી અનુભવાત્મક પ્રતીતિવાળા એક સંતપુરુષનો મેળાપ મને થોડાક વખત પહેલાં જ થઈ ગયો. એ સંતપુરુષ ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં વિચરણ કરતા. એ મને મુંબઈમાં મળેલા. એમણે વર્ણવેલો એમનો સ્વાનુભવ એમના પોતાના શબ્દોમાં જ કહી બતાવું :

બદરીનાથની યાત્રા દરમ્યાન કોઈ મહાપ્રતાપી મહાપુરુષના મેળાપનો મનોરથ મારા મનમાં પેદા થયેલો. બદરીનાથમાં અલકનંદા નદીની પેલી તરફ આવેલી બાબા કાલી કમલીવાલાની કુટિરોમાંની એક કુટિરમાં મેં રહેવા માંડ્યું. એ કુટિર પ્રમાણમાં નાની છતાં પણ સ્વચ્છ અને સુંદર હતી. એની આગળપાછળ ઊંચાઊંચા હિમાચ્છાદિત નરનારાયણ પર્વતો હતા. મને થતું કે એ પર્વતોમાં કેટલાય સિદ્ધિપ્રાપ્ત સ્વનામધન્ય સત્પુરુષો સાધનામગ્ન દશામાં વસતા હશે. એમનો કદીકાળ અભાવ નહિ હોય, પરંતુ એમનું દર્શન કોઈક વિરલ પુરુષને જ થતું હશે. મને એમનામાંથી કોઈ સત્પુરુષના દર્શનનો લાભ મળે તો કેટલું સારું ? મારા પર એમનો અનુગ્રહ થાય તો કેટલો બધો આનંદ આવે ? મારી બદરીનાથ યાત્રા સાર્થક થાય અને જીવન ધન્ય બને.

બદરીનાથમાં તપ્તકુંડ, મંદિર, ચરણપાદુકા, વ્યાસાશ્રમ જેવાં સુંદર સુપ્રસિદ્ધ સ્થળોમાં ફરતી વખતે કોઈ અસાધારણ મહાત્માપુરુષનો મેળાપ થાય તેને માટે હું પ્રયાસ કરતો. ત્યાંના પંડાઓને પૂછતો પણ ખરો. પરંતુ જોઈએ તેવો સંતોષ નહોતો મળતો. બદરીનાથમાં મહાત્માઓ તો અનેક હતા કિન્તુ કોઈ વિશિષ્ટ વિભૂતિનું દર્શન નહોતું થતું. મંદિરમાં જઈને એવા દર્શન માટે હું રોજ પ્રાર્થના કરતો. કોઈકોઈવાર એમ પણ થતું કે આ ઘોર કિલ્મિષથી ભરેલા કલિકાળમાં કદાચ એવા લોકોત્તર મહાત્માપુરુષો નહિ હોય અથવા હશે તો અદૃષ્ટ રીતે રહેતા હશે. કોઈને દર્શન આપતા નહિ હોય. પરંતુ મન એવું માનવા કે એટલું બધું નિરાશ

બનવા તૈયાર નહોતું થતું. અંતઃકરણ ઉંડેઉંડે પ્રાર્થના કરતું કે મારો સિદ્ધદર્શનનો મનોરથ પૂરો થાય તો સારૂં. મારી યાત્રા સફળ થાય ને શ્રદ્ધા બળવાન બને.

બદરીનાથમાં એક વિચિત્ર દેખાતી પગલી જેવી સ્ત્રીને જોઈ. એ જ્યાં ત્યાં ફર્યા કરતી. એને પોતાના વસ્ત્રોનું ભાન નહોતું રહેતું. કોઈકોઈવાર એ શ્યામ વર્ણની, પ્રૌઢાવસ્થાએ પહોંચેલી, બેડોળ જેવી દેખાતી સ્ત્રી તપ્તકુંડ પર સુઈ રહેતી. કોઈક યાત્રી એને ખાવાનું આપતા તો એ ગ્રહણ કરતી. બાકી એ શું ખાતી, ક્યાંથી આવેલી, શું કરતી, તેની કોઈને કશી માહિતી ન હતી. મને થયું કે મોંઘા મનુષ્યશરીરને મેળવીને આ પગલી સ્ત્રીએ એને બરબાદ કર્યું છે. એનું જીવન કોઈપણ પ્રકારના વિશેષ પ્રયોજન વિના જ વ્યર્થ વહી રહ્યું છે. આવી ભ્રમિત દશામાં ભમતી પગલી સ્ત્રીઓ સંસારમાં કેટલી હશે ? મને એની દયા આવતી. વિખરાયેલા મેલા વાળવાળી એ પગલી સ્ત્રી મને મળતી ત્યારે કોઈવાર બબડતી પરંતુ હું એને સ્વાભાવિક રીતે જ કશું મહત્વ ના આપતો અને એના પ્રત્યે આછોપાતળો દૃષ્ટિપાત કરીને કાંઈક અવજ્ઞાભાવે આગળ વધતો.

બદરીનાથના પવિત્ર પુણ્યપ્રદેશમાં રહેતાં ને શક્તિ પ્રમાણે સાધના કરતાં એકાદ માસ વીતી ગયો. મારે નીકળવાનો દિવસ પાસે આવ્યો. મારા મનોરથની પૂર્તિ ના થવાથી મન સહેજ ઉદાસ બનવા લાગ્યું. એ અવસ્થામાં એક દિવસ મારા નિયમ પ્રમાણે વહેલી સવારે સહેજ અંધારામાં હું તપ્તકુંડ પર સ્નાન કરવા માટે ગયો. માર્ગમાં પાતાળગંગા અને અલંકનંદાના સંગમસ્થળ આગળ આવ્યો ત્યારે હજુ આજુબાજુ સર્વત્ર અંધકાર છવાયેલો. અચાનક મારી આગળ પ્રકાશ પથરાયો. પ્રકાશના એ વર્તુળમાં મેં જોયું તો કોઈ મહાપ્રતાપી, પરમ પ્રકાશમય શરીરવાળા, કેવળ કૌપીનધારી દિવ્ય મહાત્માપુરુષ મારી સામે વિરાજેલા. એમણે પદ્માસન વાળેલું. એમની આંખ બંધ હતી. એ ઉંડી સમાધિમાં લીન બનેલા. એમના મુખમંડળ પર અસીમ શાંતિ પથરાયેલી. એમનું શરીર પૃથ્વીથી ઉપર ઉર્ધ્વ અવકાશમાં સ્થિત હતું. એમના દર્શનથી મને આનંદ થયો. આશ્ચર્ય પણ થયું. એમની સામે ઉભા રહીને મેં એમને પૂજ્યભાવે પ્રણામ કર્યાં. મને થયું કે ભગવાન બદરીવિશાલની કૃપાથી સિદ્ધદર્શનની મારી અભિલાષા આજે પૂરી થઈ. મારી આંખમાં આનંદાશ્રુ આવ્યાં. એ જ વખતે એ મહાત્માપુરુષની અલૌકિક આકૃતિ આજુબાજુના વાયુમંડળમાં વિલીન બની ગઈ. એને ઠેકાણે અંધકારના ઓળા પથરાયા.

મારા અંતરમાં કેટલો બધો અસાધારણ અવર્ણનીય આનંદ છવાયો હશે તેની કલ્પના તમે સહેલાઈથી કરી શકશો. મને જે જોઈતું'તું તે મળી ગયું. સિદ્ધ મહાપુરુષની સાથે કોઈ પ્રકારની વાતચીત કરવાનું સૌભાગ્ય નહોતું સાંપડ્યું તો પણ એમનું દર્શન થયેલું એ ભાગ્ય પણ કાંઈ જેવુંતેવું નહોતું. એ દર્શન કલ્યાણકારક અને શાંતિપ્રદાયક હતું.

દર્શનના આનંદને અનુભવતો હું તપ્તકુંડ તરફ ચાલી નીકળ્યો. ભુખ્યાને ભોજન ને તરસ્યાને પાણી મળતાં જે સંતોષ સાંપડે તેથી પણ વિશેષ સંતોષ મને સાંપડી ચુકેલો. ઈશ્વરનું નામસ્મરણ કરતાં કરતાં છેક તપ્તકુંડ પર આવી પહોંચ્યો ત્યારે ત્યાં પેલી પગલી સ્ત્રીને આંટા મારતી જોઈ. મને જોઈને એ કોઈવાર કશું નહોતી બોલતી પરંતુ એ દિવસે એને કોણ જાણે શું થયું કે એ મને જોતાંવેંત જ ભાવવિભોર બનીને અતિશય ઉલ્લાસપૂર્વક બોલી ઉઠી : 'સિદ્ધોનું દર્શન ! કરવું'તું ને સિદ્ધોનું દર્શન ? થઈ ગયું સિદ્ધનું દર્શન. સિદ્ધોનું દર્શન !'

એના શબ્દોને સાંભળીને મને ખૂબ જ નવાઈ લાગી. મને થયું કે મને થયેલા સિદ્ધદર્શનની વાત આ પગલી સ્ત્રીએ કેવી રીતે જાણી ? પરંતુ મારી નવાઈની પરવા કર્યા વિના 'સિદ્ધોનું દર્શન, સિદ્ધોનું દર્શન' બોલતી એ સ્ત્રી બદરીનાથના મંદિર તરફ આગળ વધી.

તપ્તકુંડના ઉકળતા પાણીમાં સ્નાન કરવા માટે કેટલાક બીજા ભક્તો પણ આવી પહોંચ્યા. સ્નાનાદિથી પરવારીને તપ્તકુંડ પર બેસીને એ આખીય ઘટનાને હું યાદ કરવા લાગ્યો. સ્મૃતિનો પણ એક આગવો અનોખો આનંદ હોય છે. થોડીવારમાં બધે અજવાળું થયું. મને લાગ્યું કે પેલી પગલી સ્ત્રી ખરેખર પગલી નથી. એ પગલી હોવાનો અભિનય કરે છે. એ કોઈ સિદ્ધાવસ્થાએ પહોંચેલી સાધ્વી છે, કૃતકામ યોગિની છે.

એના દર્શન માટે મેં કોશિશ કરી જોઈ કિન્તુ એ કોશિશ નિષ્ફળ ગઈ. કોણ જાણે એ સ્ત્રી ક્યાં ગઈ. એનો લાભ મારાથી લઈ શકાયો નહીં એટલો વસવસો રહી ગયો.

એ દિવસે બપોરે બદરીનાથની પુણ્યભૂમિની મેં વિદાય લીધી ત્યારે મારું અંતર આર્દ્ર બની ગયું. મને અનુભવવા મળેલું કે એ ભૂમિ સિદ્ધવિહોણી નથી. એવો સિદ્ધદર્શનનો અનુભવ આજે પણ અને કોઈ પણ કરી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૧૩. સ્વામી પ્રેમરૂપાનંદ

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદે પરદેશથી પાછા ફરીને ભારતમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી ત્યારે એમનો સંકલ્પ સમાજના ચરણે સાધનાસંપન્ન શુદ્ધ સેવાભાવ ભરપુર સંતપુરુષોનો ઉપહાર ધરવાનો અને એવી રીતે માનવસમાજને સામાજિક, નૈતિક, આધ્યાત્મિક રીતે મદદરૂપ બનવાનો હતો. એમનો એ સદભાવનાસંપન્ન સંકલ્પ કેટલા પ્રમાણમાં સંતોષાયો છે એ તો એમણે સ્થાપેલા રામકૃષ્ણ મિશનના આજ સુધીના કલ્યાણકાર્યને વિચારવાથી સહેજે સમજી શકાય છે. આજે પણ એની અંદર કેટલાક વિશિષ્ટ સંતપુરુષો જોવા મળે છે ત્યારે અંતર આનંદ અનુભવે છે.

એવા એક સંતપુરુષની ઓળખાણ આપું તો એ અસ્થાને નહિ કહેવાય. એમનું નામ સ્વામી પ્રેમરૂપાનંદ.

સુરતની યોગદા સંસ્થાએ એક વાર મારું પ્રવચન ગોઠવેલું. એ પ્રવચનના પ્રારંભ માટે મારે પ્રવચન સ્થળે જવાનું થયું ત્યારે એક કાષાય વસ્ત્રધારી સંતપુરુષને મેં પ્રવચન ખંડની બહાર ઊભેલા જોયા. સંસ્થાના મંત્રીએ એમનો પરિચય કરાવતાં કહ્યું કે સ્વામીજી મૂળ બંગાળના અને રામકૃષ્ણ મિશનના છે તથા પૂરપીડિત પ્રજાને મદદરૂપ થવા માટે આ બાજુ આવી પહોંચ્યા છે. છેલ્લા કેટલાય વખતથી એ એમના બીજી સાથીદારો સાથે ઘરબાર વગરના ગ્રામજનોને માટે ઘર બંધાવવાના કાર્યમાં રસ લે છે. એમને લીધે ઘર વગરના અસંખ્ય લોકો ઘરમાં રહેતા અને કામ કરતા થયા છે. એમનું સેવાકાર્ય અનેકને માટે આશીર્વાદરૂપ બન્યું છે. શહેરમાં આજ એ કોઈક કામ પ્રસંગે પધારેલા. એમને પ્રવચનની માહિતી મળી એટલે રોકાઈ ગયા છે.

સ્વામીજીની નમ્રતા, સરળતા અને ગુણગ્રાહકતાને જોઈને મને આનંદ થયો. મેં એમને અંદર આવવા અને મારી બાજુમાં બેસવાની સુચના કરી.

'તમે તો ખૂબ જ સુંદર સેવાકાર્ય કરી રહ્યા છો.' મેં જણાવ્યું.

'ઠાકુરની ઈચ્છા તથા પ્રેરણા પ્રમાણે બધું થઈ રહ્યું છે. એ જ બધું કરાવી રહ્યા છે. અમે તો નિમિત્ત છીએ.'

એમની વાણીમાં નમ્રતા ને નિષ્ઠા હતી.

મેં કહ્યું : 'તમારી ભાવના ઘણી સારી છે. એ જ પ્રેરક છે, પરંતુ જેને એ પ્રેરે છે ને નિમિત્ત બનાવે છે એ પણ ધન્ય છે.'

પ્રવચનનો ને બીજો કાર્યક્રમ પૂરો થયા પછી એમણે પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં ઉદગાર કાઢ્યા : 'તમારી વાણી સાંભળીને મને ખૂબ જ આનંદ થયો.'

'તમે ગુજરાતી સમજી શક્યા ?'

'સંપૂર્ણપણે તો ના સમજી શક્યો પરંતુ ઘણી ખરી વાતો સમજી શક્યો. એ ઉપરાંત વાતાવરણને અનુભવી શક્યો. વાતાવરણ મને ખૂબ જ શાંતિકારક, આનંદદાયક અને અસરકારક લાગ્યું.'

*

એ પ્રસંગ પછી લગભગ બે વરસ પછી મારે કાનપુર જવાનું થયું. કાનપુરના કાર્યક્રમ દરમ્યાન એક દિવસ મેં ત્યાંની રામકૃષ્ણ મિશનની સુપ્રસિદ્ધ સંસ્થાની મુલાકાત લીધી. રામકૃષ્ણ મિશનની સેવા સંસ્થાઓ પ્રત્યે પ્રેમભાવ હોવાથી એમની મુલાકાત લેવાના શુભાવસરને વધાવવામાં મને આનંદ આવે છે.

રામકૃષ્ણ મિશનની સંસ્થાનો વિસ્તાર ઘણો મોટો હતો. એમાં એક તરફ સામે જ રામકૃષ્ણદેવનું મંદિર હતું. અમે એમાં પ્રવેશ કર્યો. રામકૃષ્ણદેવની મૂર્તિ મધુમય, મંગલ અને આકર્ષક લાગી. એના દર્શન લાભથી સંતુષ્ટ બનીને અમે મંદિરની બહાર નીકળવા માંડ્યા ત્યારે મંદિરના પ્રમુખ પ્રવેશદ્વાર પાસે એક સંન્યાસી મહારાજને ઊભેલા જોયા. એ અમને અનિમેષ નેત્રે નિહાળી રહેલા. મારી પાસે પહોંચીને એમણે પ્રેમપૂર્વક પૂછ્યું : 'મને ઓળખો છો ?'

એમની મુખાકૃતિ મને પરિચિત લાગી. એમને ક્યાંક જોયેલા, કિન્તુ ક્યાં જોયેલા એ નક્કી ના કરી શકાયું. મેં પૂર્વસ્મૃતિનાં પડળોને હઠાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એ જ વખતે એમણે ભાવપૂર્ણ ભાષામાં જણાવ્યું : 'આપણે સુરતમાં મળેલા તે ખબર છે ? બે વરસ પહેલાં ત્યાં તમારું પ્રવચન હતું ત્યારે હું આવેલો.'

'યોગદા કેન્દ્રમાં ?'

'હા.'

એ પૂર્વ પ્રસંગનું મને સ્મરણ થયું. એમની વાત બરાબર હતી. મને એમની સ્મરણશક્તિને માટે માન પેદા થયું.

'તમે તો ત્યાં પૂરપીડિત પ્રજાના રાહતકાર્ય માટે આવેલા.'

'હા. એ કાર્ય ઠાકુરની કૃપાથી સુચારુરૂપે નિર્વિઘ્ને પૂરું થયું એટલે ત્યાં રહેવાની આવશ્યકતા ના રહી. મને બે વરસથી અહીં મૂકવામાં આવ્યો છે. અમને જ્યાં મૂકવામાં આવે છે ત્યાં અમારે ઠાકુરની ઈચ્છા સમજીને જવું અથવા રહેવું પડે છે. બધે એમનું જ કાર્ય કરવાનું હોય છે. મને ઓળખી શક્યા ?'

'ઓળખી શક્યો. સારી રીતે ઓળખી શક્યો. આટલા વખત પછી તમને મળીને મને ખૂબ જ આનંદ થાય છે.'

'મને પણ આનંદ થાય છે.'

એ મને અંદર, એમના ઓફીસ ખંડમાં લઈ ગયા ને બોલ્યા : 'મારું નામ પ્રેમરૂપાનંદ.'

'તમે પ્રેમરૂપ જ છો.' મેં કહ્યું.

'તમારા સરખા સંતોની ને ઠાકુરની કૃપા છે. એ કૃપાથી પ્રેમરૂપ બની શકીશ. પ્રયત્ન કરું છું.'

જીવનને ઉજ્જવળ કરવું, પ્રકૃતિને પલટાવવી, એ કાંઈ જેવીતેવી વાત છે ? માનવ સાચા દિલથી પ્રયત્નશીલ બને તો એ ભગીરથ કાર્યને પૂરું કરી શકે. સ્વામી પ્રેમરૂપાનંદ એ દિશામાં સતોષકારક રીતે આગળ વધેલા. એમણે મને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ બતાવી. હાઈસ્કૂલ, એક્ષ-રે કલીનીક, દવાખાનું, મહિલામંડળનું સ્થળ, પુસ્તકાલય એ બધાના અવલોકનથી મને આનંદ થયો.

'તમે ઘણું સરસ સેવાકાર્ય કરી રહ્યા છો.' મેં અભિપ્રાય આપ્યો.

'ઠાકુરની કૃપા છે.' એ ભારોભાર નમ્રતા અને નિખાલસતાપૂર્વક કહેવા લાગ્યા : 'એમની કૃપા સિવાય કશું થઈ શકે છે ? કશું કરવાનો વિચાર પણ આવી શકે છે ? એ જે કરે છે કે કરાવે છે તે થયા કરે છે. બધી એમની જ લીલા છે.'

'અહીંની હાઈસ્કૂલની કશી વિશેષતા છે ખરી ?'

'હા. હાઈસ્કૂલમાં શરીર, મન તથા ચારિત્ર્યના ઘડતર અને વિકાસ તરફ વિશેષ લક્ષ આપવામાં આવે છે. આધ્યાત્મિકતાની અભિરુચિને જગાવવામાં ને પોષવામાં આવે છે. અમારી આકાંક્ષા રાષ્ટ્રને રાષ્ટ્રપ્રેમી સેવાભાવી શુદ્ધ સદાચારી શ્રેષ્ઠ યુવકોની ભેટ ધરવાની છે. આ હાઈસ્કૂલ આખા જીલ્લામાં અગ્રગણ્ય અને આદર્શ મનાય છે.'

*

બીજે દિવસે શારદામાતા મહિલા મંડળના આશ્રયે એમણે અતિશય આગ્રહપૂર્વક મારું પ્રવચન રાખ્યું. પ્રવચનની પરિસમાપ્તિ પછી આભારદર્શનની વિધિ વખતે એમણે જે કાંઈ કહ્યું તે એમના અંતરની ઉદારતા, ઉદાત્તતા અને અસાધારણતાને અનુરૂપ હતું : 'યોગેશ્વરજી મહારાજની વાણી સાંભળતી વખતે ઠાકુરને સાંભળતા હોઈએ એવો અનુભવ થાય છે. એમની પાસે બેસતી વખતે ઠાકુરની પાસે જ બેઠા હોઈએ એવી શાંતિ, પ્રેરણા ને પ્રસન્નતા સાંપડે છે. આ વખતે તો આપણે મોડા પડ્યા છીએ. એમની માહિતી આપણને ઘણી મોડી મળી પરંતુ હવે પછી કાનપુર આવવાનું થાય ત્યારે એ આપણને અગાઉથી જણાવીને વધારે લાભ આપે એવું ઈચ્છીશું.'

મેં એમની વિદાય લીધી ત્યારે એમણે જણાવ્યું : 'બીજે વરસે વધારે લાભ આપજો. એ વખતે વિશાળ પાયા પર કાર્યક્રમ ગોઠવીશું.'

એ પ્રસંગને લગભગ અઢી વરસ થઈ ગયાં તો પણ હજુ સુધી કાનપુર નથી જવાયું. ગયે વરસે શિયાળામાં પંડિત મુન્નાલાલ ભૂષણના આગ્રહ હોવા છતાં ના જઈ શકાયું. તો પણ રામકૃષ્ણ મિશનના રત્ન જેવા સાચા સાધુપુરુષ સ્વામી પ્રેમરૂપાનંદની સ્મૃતિ હજુ તાજી જ છે. એ 'ઠાકુરપરાયણ' મહાત્માપુરુષની સ્મૃતિ કદાપી નહિ સૂકાય. સાધુની મહત્તા શેમાં છે ? એની નમ્રતા, નિખાલસતા, સાધુતા અને ઈશ્વરપરાયણતામાં. એનામાં અધિક જ્ઞાન, યોગ, શક્તિ કે ભક્તિ નહિ હોય તો ચાલશે પરંતુ શુચિતા, સરળતા, સાત્વિકતા, શાંતિ અને સેવામયતા તો જોઈશે જ. સાધુજીવનની સાચી સૌરભ એમાં જ સમાયેલી છે. એ દૃષ્ટિએ સ્વામી પ્રેમરૂપાનંદનું સ્થાન ખૂબ જ આગળ પડતું છે. એમને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે !

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. નીલકંઠના ભક્તપુરુષ

ઋષિકેશની આખીયે ભૂમિ નૈસર્ગિક સૌંદર્યથી સંપન્ન, શાંત અને સુંદર છે, પરંતુ એમાં પણ સ્વર્ગાશ્રમની ભૂમિ વધારે શાંત, સુંદર અને ચિત્તાકર્ષક છે. વખતના વીતવાની સાથે પરિસ્થિતિ પલટાતી જાય છે તો પણ એ દિવ્ય પ્રાચીન ઋષિમુનિઓના પવિત્ર સાધનાત્મક પરમાણુઓથી ભરપૂર ભૂમિમાં આજે પણ કેટલાય જ્ઞાનીપુરુષો, ભક્તો, યોગીઓ, સાધકો ને સિદ્ધો જોવા મળે છે. હિમાલયની ઋષિમુનિસેવિત ભૂમિમાં અસાધારણ આધ્યાત્મિક અવસ્થા પર પહોંચેલા સ્વનામધન્ય સત્પુરુષોનો કદીપણ સર્વથા અભાવ નથી રહ્યો. સ્વર્ગાશ્રમ તથા લક્ષ્મણઝુલાનો પુણ્યપ્રદેશ એમની પવિત્ર પદરજથી વધારે પવિત્ર ને પ્રાણવાન બનતો રહ્યો છે.

એ પુણ્યપ્રદેશથી આગળ વધીને સ્વર્ગાશ્રમની પાછળની પર્વતમાળામાં પ્રવેશીએ એટલે નીલકંઠ નામે શાંત, એકાંત, સુંદર સ્થળ આવે છે. ઋષિકેશમાં અને એમાંય વિશેષરૂપે સ્વર્ગાશ્રમ વિસ્તારમાં એ સુંદર સ્થળની પ્રસિદ્ધિ ઘણી છે. આબાલવૃદ્ધ સૌ કોઈ એનાથી સુપરિચિત છે. અમે એ સરસ તીર્થસ્થળની મુલાકાત લીધી ત્યારે ત્યાં એક હરિજન ભક્તનો નિવાસ હતો. નીલકંઠ મહાદેવનું સ્થાન બાબા કાલી કમલીવાલાની સેવાસંસ્થાની અંતર્ગત હોવાથી એનો વહીવટ પણ એ સંસ્થા તરફથી જ ચાલે છે. હરિજન ભક્ત એ સંસ્થા તરફથી સફાઈ માટે નીમાયેલા.

એમનો આત્મા જન્માંતર શુભ સંસ્કારોથી સંપન્ન, ભક્તિભાવથી ભરપૂર અને અસાધારણ હતો એટલે એમણે એ સ્થાનની બહારની સાફસુફી કરવાની સાથે સાથે પોતાની અંદરની આત્મિક સાફસુફી પણ શરૂ કરી. એના અમોઘ અકસીર ઉપાય તરીકે વધારે ને વધારે પ્રમાણમાં નામજપ કરવાનું અને એ તીર્થસ્થળમાં જે આવે તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાનું શરૂ કર્યું.

એક પ્રવાસીએ એમને પૂછ્યું : 'તમે સૌને દંડવત પ્રણામ કરો છો ?'

'હા.' એમણે ઉત્તર આપ્યો.

'એનું કારણ ?'

'સૌની અંદર મારા ઈષ્ટદેવની ઝાંખી કરું છું એટલે સૌને પૂજ્યભાવે પ્રણામ કરવાની મેં ટેવ પાડી છે. 'સિયારામમય સબ જગ જાની કરહું પ્રણામ જોરિ જુગપાનિ.' એથી મને ખૂબ જ લાભ થાય છે. નમ્રતા, આત્મીયતા અને ભગવદ્ ભાવના વધે છે. કરાળ કલિકાળમાં ઈશ્વરની કૃપાપ્રાપ્તિ તથા જીવનના કલ્યાણ માટે બીજું કયું સાધન થઈ શકે તેમ છે ? હું તો અધમાધમ, પાપી, મલિન અને મંદબુદ્ધિ છું. સાધનાના મર્મને કેવી રીતે સમજી શકું ? એક સદગુરુએ આપેલા મંત્રને મેં પકડી રાખ્યો છે. એનું શ્રદ્ધાભક્તિપૂર્વક રટણ કરું છું ને સૌને પગે લાગું છું.'

'તમને ઝાડુ કાઢવાનો કે સાફસુફી કરવાનો કંટાળો નથી આવતો ? એ કામ હલકું અથવા નાનું છે એવું નથી લાગતું ?'

'ના. મારાથી બીજું કયું કામ થઈ શકે તેમ છે ? ઝાડુ કાઢવાનું કે સાફસુફી કરવાનું કામ મને આનંદ આપે છે. એ કામ કરતાં હું નામજપ કર્યા કરું છું ને વિચારું છું કે મારી સાફ કરેલી સડક કે ધર્મશાળાનો

ઉપયોગ કરીને બીજાને સંતોષ થશે. સફાઈનું કાર્ય મારે માટે સાધના જેવું ઉપયોગી છે. પરંતુ વાતો કરીને તમારો વધારે વખત નહીં બગાડું. જીવન ખૂબ જ મૂલ્યવાન છે. શ્વાસોશ્વાસે જેટલું બને તેટલું સ્મરણ કરીએ તો જ તેને સાર્થક કરી શકાય.'

એ ભક્તપુરુષની ભાવનાને જાણીને અમને આનંદ થયો.

દિવસનો મોટો ભાગ અને રાતનો પણ મોટા ભાગનો સમય એ નામજપમાં પસાર કરતા. કહેતા કે જન્મો સુધી અજ્ઞાનનિંદ્રામાં પડ્યા પછી હવે તો જાગવું જ જોઈએ. વધારે ને વધારે ભજન કરવું જોઈએ. રાતે ઉંઘમાં કાપ મૂકીને ભજન કરવાથી મન સહેલાઈથી સ્થિર થાય છે અને અનેરો આનંદ અનુભવે છે. એ લાભ કોણ જવા દે ?

કામના બદલામાં કોઈ એમને બક્ષીસ આપતું તો એને સ્વીકારવાની સાફ ના પાડતા ને કહેતા, 'મારા કામનો સંતોષ એ જ બક્ષીસ છે. હું તો માત્ર કર્તવ્ય બજાવું છું. એને માટે કશી બક્ષીસ કે કશું આપવાનું ના હોય.'

અમે નીલકંઠથી નીકળીને સ્વર્ગાશ્રમની દિશામાં થોડાક આગળ વધ્યા ત્યારે એમણે અમારી પાછળ દોડતા આવીને પૂછ્યું : 'પાછળ કાંઈ રહી ગયું તો નથી ?'

'ના.'

'રહી ગયું છે. તમારા ઓરડાને સાફ કરવા ગયો ત્યારે આ નોટ જોઈ.'

નોટ સો રૂપિયાની હતી. અમારી સાથેના જ એક ભાઈની એ નોટ ઉતાવળમાં પડી ગયેલી.

હરિજન ભક્તની પ્રામાણિકતા પેખીને અમને આનંદ થયો. એમણે એ વખતે પણ કોઈ પ્રકારનું પારિતોષિક લેવાની ના પાડી અને જણાવ્યું : 'મને મારા ગુજરાન પૂરતું મળી રહે છે, પછી વધારે શા માટે લઉં ? પરધન મારે મન પથ્થર બરાબર છે.'

હરિજન ભક્તની ભાવના અદભુત અને આદરણીય હતી. ભક્ત અથવા પરમાત્માના પરમ કૃપાપાત્ર બનવા માટે પોતાના સહજ કર્મને ત્યાગવાની આવશ્યકતા નથી; વૃત્તિ તથા બુદ્ધિને ઉદાત્ત કરવાની ને ઈશ્વરાભિમુખ બનાવવાની આવશ્યકતા છે. એમના જીવનમાંથી એ સંદેશ સાંપડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. મહર્ષિનો મેળાપ

શ્રી રમણ મહર્ષિના સુખદ સમાગમમાં આવવાનું સૌભાગ્ય સૌથી પ્રથમ મને ક્યારે ને કેવી રીતે સાંપડ્યું એ જાણવા જેવું છે. એની માહિતી રસપ્રદ થઈ પડશે. એ મહાપુરુષનું નામ તો મેં વરસો પહેલાં સાંભળેલું. મારી કિશોરાવસ્થામાં મારા પરમાત્મપ્રેમથી પરિપ્લાવિત અંતરમાં પરમાત્માના સાક્ષાત્કારની સદભાવનાએ જોર પકડ્યું ત્યારે એક દિવસ મને સ્વપ્નમાં કોઈનો સ્વર સંભળાયો કે આત્મસાક્ષાત્કાર કરવાની ઈચ્છા હોય તો રમણ મહર્ષિ પાસે જાવ. પરંતુ મારા અંતરમાં હિમાલયનું આકર્ષણ ઉત્કટ હોવાથી દક્ષિણના પ્રદેશમાં જવાનો પ્રસ્તાવ મને પસંદ ના પડ્યો. કાળક્રમે ઈશ્વરના અપાર અનુગ્રહથી સંજોગો સાનુકૂળ બનતાં મારે હિમાલયના પુણ્યપ્રદેશમાં પ્રવેશવાનું થયું. એ પ્રદેશમાં આવેલા નૈસર્ગિક સૌંદર્યસભર શાંત સ્થળ ઉત્તરકાશીમાં રહેવાનો અવસર મને પ્રાપ્ત થયો ત્યારે ઈ.સ. ૧૯૪૪માં, ગંગાના પ્રશાંત તટપ્રદેશ પરની નાનીસરખી મઢૂલીમાં રોજના નિયમાનુસાર હું રાતે ધ્યાનમાં બેઠો ત્યારે, સમાધિની શાંત અવસ્થામાં એકાએક, કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ વિના, રમણ મહર્ષિનું દર્શન થયું. એમના એ દૈવી દર્શનથી મારા અંતરમાં અસાધારણ આનંદનો આવિર્ભાવ થયો.

એ પણ પોતાની પ્રસન્નતાને પ્રકટ કરવા માગતા હોય તેમ મારા તરફ નેહભરેલા નેત્રે નિહાળી રહ્યા. મારા પર અનુગ્રહની વર્ષા વરસાવતાં એમણે મારી પાસે આવીને મને સ્પર્શ કર્યો એ જ વખતે મારું શરીર તખત પરથી નીચે ઉતરીને અવકાશમાં સ્થિર થયું. એક નિમિષમાં જ એમણે મને પુનઃસ્પર્શ કર્યો. એના પરિણામે મારું શરીર જોતજોતામાં મઢૂલીમાંથી બહાર નીકળીને એમની સાથે અવકાશમાં ચાલવા માંડ્યું. મેં યોગીઓની આકાશગમનની જે મહાન આશ્ચર્યકારક સિદ્ધિ સંબંધી વારંવાર વાંચેલું ને સાંભળેલું તે સિદ્ધિનો મને એ મહાપુરુષના અનુગ્રહથી આકસ્મિક રીતે આપોઆપ અનુભવ થયો. આકાશગમનનો અર્થ હું આકાશમાં ઉડવું એવો સમજતો, પરંતુ એનો અર્થ અવકાશ અથવા રિક્ત પ્રદેશમાંથી પસાર થવું એવો થાય છે એનું મારી સમક્ષ સ્પષ્ટીકરણ થયું. ઈશ્વરની અનંત અનુકંપા વિના સાધનાપ્રાપ્ત યોગીઓને પણ દુર્લભ એવો અસાધારણ યોગાનુભવ મને ભાગ્યે જ થઈ શકત.

થોડા વખતમાં તો માઈલોના વિશાળ અંતરને કાપીને અમે મુંબઈમાં ચોપાટીના સુંદર સમુદ્રતટ પર આવી પહોંચ્યા. મહર્ષિએ મને નેહપૂર્વક નિહાળીને ફરી સ્પર્શ કર્યો. અમારાં બંનેના શરીરો સીમારહિત સમુદ્રની સપાટી પર થઈને અંનત અવકાશાવરણમાં આગળ વધવા લાગ્યાં. બીજી જ પળે હું એમની સાથે તિરુવણ્ણામલૈમાં આવેલા એમના એકાંત આશ્રમના હોલમાં પહોંચી ગયો.

એમણે મારો હાથ પકડીને મને એમની બાજુ કોચ પર બેસાડ્યો. એ વખતે થયેલા સંકોચને લક્ષમાં લઈને એમણે જણાવ્યું : 'મારી પાસે બેસવામાં સંકોચ શા માટે થાય છે ? તમને તમારા પૂર્વજન્મનું જ્ઞાન નથી થયું ? એ જ્ઞાન સાચું છે. મને એટલા માટે જ તમારા પ્રત્યે પ્રેમ થયો છે ને મેં તમને આ વિલક્ષણ અનુભવ કરાવ્યો છે.'

'પરંતુ હજુ તો મારે ઘણો ઘણો વિકાસ કરવાનો છે.' મેં આત્મનિરિક્ષણની વૃત્તિથી પ્રેરાઈને નમ્રતાપૂર્વક કહ્યું.

'તેથી શું ?' તે તરત બોલ્યા : 'તે સઘળો વિકાસ સમય પર સ્વાભાવિક રીતે જ થઈ રહેશે.'

એ પછીનો થોડોક વખત ઊંડા આત્માનંદમાં ને મૌનમાં વીતી ગયો. છેવટે એ બોલ્યા : 'ભવિષ્યમાં અહીં આવજો. તમને મળીને મને આનંદ થશે.'

થોડી વાર પછી આંખ ઊઘડી ત્યારે હું ઉત્તરકાશીની મારી મઢૂલીમાં શાંતિપૂર્વક બેઠેલો. આજુબાજુ બધે જ અંધારું વ્યાપેલું. ગંગાનો સુમધુર સ્વર સંભળાવા લાગ્યો. એ સિવાય સમસ્ત વાતાવરણ નીરવ ને નિસ્પંદ હતું. મારાં લોચનમાંથી પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવા લાગ્યો. એ મહાપુરુષની અહેતુકી અનુકંપા સિવાય મને એવો અસાધારણ અનુભવ થઈ શકત ખરો ?

એ અદભુત અસાધારણ અનુગ્રહ પ્રસંગ પરથી મને પ્રતીતિ થઈ કે રમણ મહર્ષિની આત્મિક શક્તિ અસાધારણ છે. એ રહે છે દૂર દક્ષિણના નાના નગર તિરુવણ્ણામલૈમાં ને બહારથી કોઈ પ્રકારની વિશેષ પ્રવૃત્તિ કરતા નથી દેખાતા તો પણ દૂર દૂર સુધી જઈ શકે છે, દેશકાળના દુન્યવી ભેદથી પર છે, ને લોકોપયોગી પ્રવૃત્તિ કરે છે. મારા જેવા અધ્યાત્મ પંથના કેટકેટલા પ્રવાસીઓને એમણે એક અથવા બીજા પ્રકારે સહાયતા કરી હશે એનો સાંગોપાંગ સંપૂર્ણ ઈતિહાસ કોની પાસે છે ? એમનું કર્મ બહારથી એટલું બધું જોરદાર દેખાતું ના હોય તો પણ એ નિષ્કર્મણ્ય તો નથી જ. ના જ હોઈ શકે.

રમણ મહર્ષિના એ અલૌકિક અનુભવે મને વિચાર કરતો કરી મૂક્યો. એ અનુભવ મારો પોતાનો હોવાથી એમાં કશું શંકા જેવું ન હતું. જે સાર સહસ્ત્રો શાસ્ત્રો શીખવી કે સમજાવી ના શકે એ સાર એ સ્વાનુભવે સહેલાઈથી સમજાવી દીધો. મહર્ષિની શક્તિ માટે મને માન પેદા થયું.

કાળચક્ર પોતાના નિશ્ચિત નિયમાનુસાર બદલાયું અને એક ધન્ય દિવસે હું તિરુવણ્ણામલૈના એકાંત શાંત રમણાશ્રમમાં જઈ પહોંચ્યો. ઈ.સ. ૧૯૪૫માં. આશ્રમમાં જવાનો મારો ઉદ્દેશ જરાક જુદો હતો. રમણાશ્રમનું વાતાવરણ જો સાનુકૂળ લાગે તો ત્યાં ઈચ્છાનુસાર રહીને સાધના કરવાની મારી આકાંક્ષા હતી. પ્રભાતના પ્રથમ પ્રહરમાં મંદમંદ વાતા વાયુની વચ્ચે મેં એ અસાધારણ ખ્યાતિ પ્રાપ્ત આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાંના શાંત વિશુદ્ધ વાતાવરણની અસર મારા પર સ્વાભાવિક રીતે જ ઘણી સારી થઈ. આશ્રમ નાનો હોવા છતાં આહ્‌લાદક અને આકર્ષક હતો. અરુણાચલ પર્વતની પ્રશાંત ગોદમાં વસેલો હોવાથી વધારે નયનમનોહર દેખાતો. સ્વચ્છતા તથા સાદાઈના પ્રતીક જેવા એ આશ્રમને નિહાળીને મારું હૈયું હરખાઈ રહ્યું. એક પ્રકારના ઊંડા આત્મસંતોષ સાથે મેં આશ્રમના અધિષ્ઠાતા દેવતા ભગવાન રમણ મહર્ષિના દર્શનની અભિલાષાથી હોલમાં પ્રવેશ કર્યો.

હોલમાં મહર્ષિ એક કોચ પર બેઠેલા. એમની આગળ અગરબત્તીઓ સળગતી. એ કશુંક વાંચતા હતા. એમણે કેવળ સફેદ લંગોટી પહેરેલી. એમના વદન પર વૃદ્ધાવસ્થાની અસર દેખાઈ આવતી. કોઈ પણ પ્રકારનો દંભ નહિ, ઘમંડ નહિ, અહંભાવ નહિ, કેવળ શિશુસહજ સરળતા, શુચિતા ને નમ્રતા. સામે જમીન પર દર્શનાર્થી સ્ત્રીપુરુષો શાંતિપૂર્વક બેઠેલાં. કોઈ મહર્ષિ તરફ જોતાં તો કોઈ ધ્યાનમાં ડૂબેલાં કે પ્રાર્થનામગ્ન બનેલાં. મેં એ સૌની પાછળ એક તરફ બેસવાનું ઉચિત માન્યું.

મહર્ષિના પ્રથમ દર્શને મારા મનમાં જુદા જુદા છતાં ઉદાત્ત ભાવો પેદા થયા. અરુણાચલ પર્વતની પ્રશાંત તળેટીમાં વરસોથી વસનારા આ મહાપુરુષ કેવા છે ? એમનામાં કશી અસાધારણતા છે એવું કોઈ

પ્રથમ દર્શને તો કહી જ ના શકે. કોઈ અદભુત આકર્ષણયુક્ત મુખાકૃતિ, અદૃષ્ટપૂર્વ વ્યક્તિત્વ કે દિલ અને દિમાગને આંજી દેનારા દમામથી એ સંપન્ન નથી. કોઈ વિશેષ પ્રતિભા કે ચમત્કૃતિ પણ એમનામાં નથી દેખાતી. માર્ગે મળ્યા હોય અને કોઈ આપણને કહે કે આ રમણ મહર્ષિ તો મન માને નહિ. એ એવા અત્યંત સીધાસાદા કોઈ સાધારણ આશ્રમવાસી સાધુ જેવા દેખાય છે. કોઈ એમની તરફ જુએ છે, એમને નમે છે, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે, પુષ્પો ચઢાવે છે, એ તરફ એમનું કશું ધ્યાન જ નથી. એવા છે એ જીવનમુક્ત સર્વાત્મભાવમાં પ્રતિષ્ઠિત, આત્મદર્શી મહાપુરુષ. પ્રથમ દૃષ્ટિએ એમનું મૂલ્યાંકન કરવામાં ભૂલથાપ ખાઈ જવાનો પૂરતો સંભવ છે.

મને થયું કે થોડા સમય પહેલાં જ કોઈપણ પ્રકારના પૂર્વ પરિચય વિના આ પરમ પ્રતાપી મનાતા મહાપુરુષે મને ઉત્તરકાશીમાં અદભુત અનુભવ આપેલો. એ મહાપુરુષ શું આ જ છે ? એ અનુભવ એમણે સ્વેચ્છાએ આપ્યો હશે કે એની પ્રાપ્તિ ઈશ્વરની અપાર અનુકંપાથી થઈ હશે ? મહર્ષિએ એ અનુભવ એમની અસાધારણ શક્તિની ચમત્કૃતિ રૂપે સ્વેચ્છાએ આપ્યો હોય તો એ આટલા બધા ઉદાસીન કેમ છે ?

ત્યાં તો એમણે વાંચવાનું બંધ કર્યું. મારા મનોભાવો એમને પહોંચ્યા કે શું ? એમણે હોલમાં બેઠેલા દર્શનાર્થીઓ પર દૃષ્ટિ ફેરવવા માંડી. એ દૃષ્ટિ છેવટે મારા પર આવીને સ્થિર થઈ. મારી તરફ એ ટકટકી લગાવીને નિહાળી રહ્યા.

એ નિહાળવાનું સામાન્ય નિહાળવાનું થોડું જ હતું ? એ દ્વારા એ જાણે કે મારામાં વિચાર સંક્રમણ કરી રહેલા. એ એમની મહાન લાક્ષણિકતા મનાતી. સમાધિ પરના પરિપૂર્ણ પ્રભુત્વ દ્વારા એમણે શક્તિ મેળવેલી. આત્મા દ્વારા એ મારા આત્માને જાણે કે જણાવી રહ્યા : તમારે અહીં રહીને શું કરવું છે ? તમારે માટે હિમાલયનો પુરાણ પ્રસિદ્ધ પાવન પ્રદેશ જ યોગ્ય છે. અત્યાર સુધી રહ્યા તેમ હજુ ત્યાં જ રહો ને સાધના કરો. તમને શાંતિ સાંપડશે. સિદ્ધિ કે સર્વોત્તમ અવસ્થાની અનુભૂતિ થશે.

એ પછી એમણે દૃષ્ટિ ફેરવી લીધી. કોચ પર આડા પડીને એ પત્રોના પ્રત્યુત્તર માટે આવશ્યક સુચનાઓ આપવા લાગ્યા. મારા મનનું એ મૂક વાર્તાલાપથી સંપૂર્ણ સમાધાન થયું. એ અવિસ્મરણીય પ્રસંગ પછી મહર્ષિ કેટલા બધા અસાધારણ છે અને કેવી અલૌકિક શક્તિથી સંપન્ન છે એની પ્રતીતિ મને થઈ ચૂકી. આત્મસ્થ મહાપુરુષની દૃષ્ટિ બહારના ઉપદેશો કે પ્રવચનો કરતાં વિશેષ કિમતી તથા ક્રાંતિકારી હોય છે એ સંબંધી સાંભળેલું તો ખરું, પરંતુ શ્રવણ અને સ્વાનુભવ વચ્ચે કેટલીક વાર આભજમીનનું અંતર હોય છે. એ અંતર એવી રીતે આપોઆપ કપાઈ જવાથી મને અતિશય આનંદ થયો.

રમણાશ્રમનો મારો ફેરો સફળ થયો.

યોગિક વિકાસથી માનવની શક્તિ કેટલી બધી અસીમ બની શકે છે એની અપરોક્ષાનુભૂતિ મહર્ષિના સંસર્ગમાં આવેલા અનેકને થઈ હશે. આ તો એનો આછોપાતળો આભાસ છે.

કોઈને કદાચ પ્રશ્ન થશે કે રમણ મહર્ષિને માટે આટલો બધો પ્રેમ અથવા આદરભાવ હોવા છતાં તમે રમણાશ્રમમાં અવારનવાર જઈને એમની મુલાકાત કેમ ન લીધી ? હું એમને પૂછીશ કે જેના સાંનિધ્યમાં સદા સર્વદા ગંગા વહેતી હોય તેને ગંગાની પાસે પહોંચવાનું શેષ રહે છે ખરું ? જે સુમનના સુંદર સૌરભસભર ઉપવનમાં બેઠો હોય તેને તેવા ઉપવન પાસે પહોંચવાનું ક્યાં રહે છે ? એવી રીતે હું

તિરુવણ્ણામલૈથી હજારો માઈલ દૂર હિમાલયના પ્રશાંત પુણ્યપ્રદેશમાં વસતો'તો પણ એમનો અનુગ્રહ મારા પર અવારનવાર વરસ્યા કરતો. સિદ્ધ યોગીપુરુષો એમની અસાધારણ આત્મશક્તિથી દેશકાળ પર શાસન કરે છે ને પસંદગી પ્રમાણેના પ્રદેશમાં પહોંચી જાય છે એવું મેં વાંચેલું ને સાંભળેલું ખરું, પરંતુ મહર્ષિ દ્વારા અપાયેલા અનેકવિધ અનુભવોથી મને એની પ્રતીતિ થઈ. સ્થૂલ રીતે દૂર રહીને પણ જેમણે મારી ઉપર અવારનવાર અસીમ અનુકંપાવૃષ્ટિ વરસાવી એવા સમર્થ મહાપુરુષોમાં એમનું સ્થાન આગળ પડતું છે. એ મને પ્રસંગોપાત મળતા રહેતા એટલે એમના આશ્રમમાં જવાની ને રહેવાની આવશ્યકતા નહોતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. મહર્ષિના મહાપ્રયાણનો સંકેત

શ્રી રમણ મહર્ષિએ પોતાના મહાપ્રયાણનો પૂર્વસંકેત કોઈને પૂરો પાડેલો ખરો ? એના વિશે કોઈ પ્રેમી, પ્રશંસક કે ભક્તપુરુષને અનુભવ મળેલો ? બીજા કોઈના અનુભવની માહિતી તો મને નથી મળી એટલે એ સંબંધી કશું પ્રમાણભૂત રીતે નથી લખી શકાય તેમ, પરંતુ એ સંબંધી મારા સ્વાનુભવનો નિર્દેશ કરવા જેવો છે.

ઈ.સ. ૧૯૪૯ માં દેવપ્રયાગમાં મને થયેલા ટાઈફોઈડ દરમ્યાન એક દિવસે સવારે એમણે મારી સમક્ષ દેહાતીત દશામાં પ્રકટીને જણાવ્યું કે મારા શરીરત્યાગનો સમય હવે સમીપ છે.

એ જાણીને મને અલ્પ પણ આનંદ ના થાય એ સ્વાભાવિક હતું. એમના જેવા લોકોત્તર મહાપુરુષ પોતાની જીવનલીલા સંકેલી લે એ સંસારના હિતમાં નહોતું. એમના પ્રત્યેના અસાધારણ આદરભાવથી પ્રેરાઈને મેં કહ્યું કે તમારા જેવા મહાપુરુષનું જીવન માનવજાતિને માટે મંગલમય હોવાથી હજુ પણ કેટલાંક વરસો સુધી શરીરને સાચવી રાખો તો સારું.

મારી વિજ્ઞપ્તિના ઉત્તરમાં એમણે કહ્યું કે ના. હું હવે વધારે સમય સુધી નહિ રહી શકું. આજથી છ મહિના પછી હું શરીર છોડીશ ને જ્યારે પણ છોડીશ ત્યારે સાંજના છ વાગ્યા પછી છોડીશ.

મારે માટે એ સમાચાર તદ્દન નવા હતા.

એ પછી તો મારું શરીર સ્વસ્થ થઈ ગયું ને થોડાક મહિના પછી મારે મુંબઈ જવાનું થયું. ત્યાં એ અસાધારણ અનુભવના પાંચેક મહિના પછી એમણે મને એવી જ રીતે ફરીવાર દર્શન આપીને જણાવ્યું કે મારા દેહત્યાગનો હવે એક મહિનો શેષ રહ્યો છે.

મેં ઘરના (જ્યાં હું ઉતરેલો તે ઘરના) માણસોને એ અનુભવની વાત કરી અને અનુકૂળતા કાઢીને એ મહાપુરુષના દર્શને જવાની સુચના આપી. પરંતુ એ એમના દર્શને ના જઈ શક્યા.

એ પછી બરાબર એક મહિને, અમે હરિદ્વારમાં કુંભમેળાના શુભાવસર પર રમાભવનમાં હતા ત્યારે ચૌદમી એપ્રિલે એમણે પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કર્યો. અને એ પણ એમના પૂર્વકથન પ્રમાણે જ સાંજના છ વાગ્યા પછી, આઠ ને સુડતાલીસ મિનિટે. કેટલો બધો યથાર્થ અનુભવ !

એમના અસાધારણ અનુગ્રહથી પ્રેરાઈને એમણે મને એનો અધિકારી માન્યો એ એમની મહાનતા હતી એમાં સંદેહ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. દેવીનો અદભુત આવેશ

હિમાલયના પવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશ ઉત્તરાખંડનું સુંદર દેવસ્થાન દેવપ્રયાગ. જેમને પણ એ લોકોત્તર અસાધારણ સૌંદર્યસંપન્ન સ્થાનવિશેષના અવલોકનનો લાભ મળ્યો હશે એ એને કદાપિ નહિ ભૂલ્યા હોય. એનું મુખ્ય આકર્ષણ અલકનંદા અને ભાગીરથીનું સુંદર સંગમસ્થળ છે. બદરીનાથના પુણ્યપ્રદેશ તરફથી આવનારી અલકનંદા અને ગંગોત્રીની આગળની હિમાચ્છાદિત પર્વત પંક્તિઓમાંથી પ્રવાહિત થનારી ભગવતી ભાગીરથી બંનેનું ત્યાં સુખદ સંમિલન સધાય છે. અલકનંદા શાંત દેખાય છે ને ભાગીરથી ભાવોદ્રેકથી ભરાઈને અસાધારણ આવેગમાં આવીને એને આલિંગન આપવા આગળ વધે છે. ઘડીભર એમ થાય કે આ આનંદદાયક દૃશ્યને જોયા જ કરીએ. એને અવલોકીને મન ધરાતું નથી. ઉપરામ નથી બનતું, ને ત્યાંથી હઠવાની ઈચ્છા નથી કરતું. એની મંત્રમુગ્ધતા એવી મોટી હોય છે.

વરસો પહેલાં એ સંમોહક સુંદર સંગમસ્થળ પર બેસીને રાતના શાંત સમયે અમે વાર્તાલાપ કરી રહેલા.

'ચંદ્રદની દેવીનું સ્થાન કેટલું બધું શાંતિદાયક ને સુંદર લાગે છે ?' મારી બાજુમાં બેઠેલા દેવપ્રયાગના જ્યોતિષાચાર્ય પ્રસિદ્ધ પંડિત ચક્રધરજીએ જણાવ્યું.

'ઘણું સુંદર ને શાંતિદાયક લાગે છે.' મેં સૂર પુરાવ્યો.

'ચંદ્રવદની દેવીનું દર્શન આજે થઈ શકે ?'

'જરૂર થઈ શકે. એને માટેની ભાવના, લગની કે તાલાવેલી હોય તો જરૂર થઈ શકે.'

'એ કોઈની અંદર પ્રવેશ કરી શકે ?'

'એમની ઈચ્છા હોય તો જરૂર પ્રવેશ કરી શકે. એમની શક્તિ અલૌકિક હોવાથી એમને એમ કરતાં કોણ રોકી શકે તેમ છે ?'

પંડિતજી સહેજ વાર શાંત રહીને કહેવા લાગ્યા : 'મારું કહેવાનું તાત્પર્ય જરા જુદું છે. અહીં એક સ્ત્રી રહે છે. એને વરસમાં બે વાર ચૈત્ર અને આસો મહિમાની નવરાત્રિ દરમ્યાન નવમીની રાતે ચંદ્રવદની દેવીનો આવેશ આવે છે. એ પરણેલી ને સંતાનવાળી છે. આમ તો એની અંદર કોઈ પ્રકારની વિશેષતા કે સંસ્કારિતા નથી દેખાતી. એ તદ્દન નિરક્ષર જેવી છે.'

'આપણી સ્થૂળ ઉપલક દૃષ્ટિએ એનામાં કોઈ વિશેષતા ના દેખાતી હોય એનો અર્થ એવો નથી કે કોઈ પ્રકારની વિશેષતા હશે જ નહીં. એના આ જન્મના નહિ તો જન્માંતરના સંસ્કારો ચંદ્રવદની દેવી સાથે સંકળાયેલા હશે. એ અદૃષ્ટ આધ્યાત્મિક સંસ્કારોના અનુસંધાનમાં જ એની ઉપર દેવીની અનુગ્રહવર્ષા વરસતી હશે. કશું અકારણ તો નથી જ હોતું. કોઈ વાર કારણ દેખાય છે તો કોઈ વાર નથી દેખાતું; કોઈ વાર સમજાય છે તો કોઈ વાર નથી સમજાતું; તો પણ હોય છે તો ખરું જ. આ જીવનમાં પણ એ સન્નારીનું હૃદય સરળ, સીધું અને નિષ્પાપ હશે.'

'હા. એનો સ્વભાવ સાત્વિક છે.'

'બસ ત્યારે સ્વભાવની સાત્વિકતા હોય તે પણ ઘણી મહત્વની ને મોટી લાયકાત કહેવાય છે.'

એટલામાં તો કોઈની ઉપરાઉપરી ચીસો સંભળાઈ. રાત્રીની હૃદયસ્થ શાંતિને ભેદનારી એ સુતીક્ષ્ણ ચીસો પાસે ને પાસે આવવા લાગી. સંગમના ઘોર અવાજમાં પણ એને સહેલાઈથી સાંભળી શકાઈ.

અમે ઘાટ પરથી ઊભા થઈને એ દિશામાં જોવા લાગ્યા. આજુબાજુના અંધકારમાં કશું ના દેખાયું.

પંડિતજીએ કહ્યું : 'પેલી ચંદ્રવદની દેવીના આવેશવાળી સ્ત્રી જ આવતી લાગે છે. આજે નવરાત્રીનો છેલ્લો દિવસ છે, નવમીનો. મને યાદ આવ્યું.'

'બરાબર છે. પરંતુ એ આ તરફ શા માટે આવે છે ?'

અવાજ પાસે ને પાસે આવતો જતો'તો. જોતજોતામાં તો અંધકારથી ભરેલાં ઘાટનાં પગથિયાં પરથી દિવસના પ્રખર પ્રકાશમાંથી ચાલતી હોય એમ એ સ્ત્રી દોડતી દોડતી છેક અમારી આગળ નીચે આવી પહોંચી. અમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એટલા બધા અંધકારમાં સારી આંખવાળાથી પણ સંભાળીને પગ મૂકીને આગળ વધી શકાય તેમ ન હતું. ત્યારે એ ઉતરાણવાળા સાંકડા ને વાંકાચૂકા માર્ગ પરથી વાયુવેગે દોડતી આવી. એવી રીતે દોડવાથી જરાક પણ ભૂલ થાય તો નીચે પાણીના પ્રબળ પ્રવાહમાં પડી જવાની સંભાવના હતી. છતાં પણ એ સ્ત્રી સહીસલામત રીતે રમત રમતી હોય એમ આવી પહોંચી. એથી અનુમાન કરી શકાયું કે એની અંદર કોઈક અલૌકિક શક્તિ કાર્ય કરી રહી છે. એની કેટલેય પાછળ એના ઘરના ને પરિવારના માણસો ફાનસ તથા બેટરી લઈને ધીમે પગલે ખૂબ જ સંભાળપૂર્વક આવી રહેલા. એ હજુ ઘાટ પર પહોંચ્યા પણ ન હતા. સ્ત્રીનું શરીર કૃશ હતું. ઉંમર નાની, પચીસથી ત્રીસની દેખાતી. એના કેશ કમર સુધી પહોંચવાનો પ્રયાસ કરતા છૂટા પડી ગયેલા. હાથમાં દેવીનું ત્રિશૂળ હતું. એની નિર્ભયતા તથા હિંમત અદભુત લાગી.

અમારી પાસે પહોંચીને સહેજ વાર રોકાઈને એ ચક્રધરજીને ઉદ્દેશીને બોલી : 'પંડિત, ડરો નહીં. હું ચંદ્રવદની છું. ચંદ્રવદની દેવી.'

તેણે આગળ લંબાવ્યું : 'તુમ્હારે પંડે લોગોંકા જો મુકદ્દમા ચલ રહા હૈ ઉસમેં ઉન લોગોંકા વિજય હોગા. મેરે વચનમેં વિશ્વાસ રખના. ઉનકા જરૂર વિજય હોગા.'

તે દિવસો દરમ્યાન પંડાજનનો કેસ ચાલી રહેલો. તેમાં વિજય મળે તે માટે દેવપ્રયાગના રામચંદ્રજીના મંદિરમાં કેટલીક વાર રામાયણના સુંદરકાંડનો પાઠ પણ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવતો. લગભગ ત્રણેક વરસ કેસ ચાલ્યો ને તેમાં અંતે પંડાજનોનો વિજય થયો. એ કેસની વિગતમાં ઉતરવાની અહીં જરૂર નથી.

અમારી તરફ દૈવી દૃષ્ટિપાત કરીને એ હાથમાં ત્રિશૂળ સાથે ઝડપથી આગળ વધી. સંગમના પાણીમાં સાંકળ પકડ્યા વિના સ્નાન કરવાનું શક્ય નહોતું. આસો મહિનો અને રાતનો સમય એટલે પાણી બરફ જેવું ઠંડું હતું. તો પણ એમાં કૂદીને એ નહાવા પડી. ઉપરાઉપરી ત્રણેકવાર ડૂબકી મારીને બહાર નીકળીને પૂર્વવત્ પોકારો પાડતી એ વળી પાછી વાયુવેગે દોડતી પગથિયાં ચઢતી આગળ વધી. વાતાવરણમાં થોડાંક વખત સુધી એના પોકારોના પડઘા સંભળાયા. ઘેર પહોંચ્યા પછી એનો આવેશ આપોઆપ શાંત થયો.

કહે છે કે નવરાત્રીની પ્રત્યેક નવમી રાતે એની અંદર એવી રીતે ચંદ્રવદની દેવીનો પ્રવેશ થતો. સંગમમાં સ્નાન કરીને ગયા પછી એનો આવેશ શમી જતો અને એ સાધારણ સ્ત્રી જેવો વ્યવહાર કરવા લાગતી. એનાં લક્ષણો બદલાઈ જતાં. દેવપ્રયાગથી દસેક માઈલ દૂર આવેલા ચંદ્રવદની દેવીના સ્થાનની સર્વાધિષ્ઠાત્રી દેવી એના પર કર્મના કયા સંબંધને અનુસરીને અનુગ્રહની વર્ષા વરસાવતી તેની કોઈને ખબર નહોતી પડતી. પરંતુ એના પરિણામને પેખી શકાતું.

આ અવનીમાં આપણી સામાન્ય બુદ્ધિથી સહેલાઈથી ના સમજાય એવાં અનેક રહસ્યો રહેલાં છે. માણસે જે જાણ્યું છે તે તો સિંધુનું બિંદુ છે. હજું બીજું ઘણું ઘણું જાણવાનું ને પામવાનું બાકી છે. ખાસ કરીને આત્માની અદભુત દુનિયામાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. પ્રતીતિ

હિમાલયનો પર્વતીય પ્રદેશ અને ચોમાસાના ચિત્રવિચિત્ર રૂપરંગવાળા દિવસો. ક્યારે વરસાદ વરસે ને ક્યારે ના વરસે એ વિશે કશું ચોક્કસપણે કહી જ ના શકાય. થોડાક વખત પહેલાં આકાશ એકદમ ઉઘાડું હોય, સરસ મજાનો તડકો હોય, ક્યાંય વાદળ ના હોય, અને વાદળની સેના એકાએક વાતાવરણને વીંટળાઈ વળે, ઉપરાઉપરી ગૌરવ ગર્જના કરે, ચપલાઓ લાસ્યનૃત્ય કરતી ચમકવા માંડે, ઝરમર ઝરમર વરસાદ વરસે, અને મૂશળધાર વરસે, તો કોઈવાર પવન એનો પ્રતિકાર કરતાં તોફાને ચઢે ને વાદળાં વીખરાઈ જતાં વરસાદ બંધ પણ પડે. કોઈવાર ચારે તરફ ધુમ્મસ છવાયું હોય અને એવું લાગે કે કેટલોય વરસાદ વરસી પડશે તો પણ કલાકો સુધી એવું વિપરીત વાતાવરણ રહેવા છતાં પણ વરસાદનું બિંદુ પણ ના વરસે, ને કોઈવાર કોઈ પ્રકારની પૂર્વસૂચના સિવાય જ અનુકૂળ વાયુમંડળની વચ્ચે તાપ હોય તો પણ વરસવા લાગે. એવી રીતે ક્યારે શું થશે તે વિશે સુનિશ્ચિત રીતે કશું કલ્પી શકાય જ નહિ. માનવના ચંચળ મનની પેઠે એ પણ પળેપળે પરિવર્તન પામ્યા કરે.

તાજેતરમાં જ અમને એનો એક વિશેષ અનુભવ થયો. દિવસનો મોટો ભાગ વાદળ તથા વરસાદ વગરનો ને ઘણો સારો ગયો એટલે સાંજે ચાર વાગ્યા પછી અમે છત્રી વિના જ બહાર ફરવા નીકળ્યા. મસૂરીમાં કેમલ બેક રોડ ખૂબ જ શાંત અને એકાંત માર્ગ મનાતો હોવાથી વરસાદ નહિ પડે ને પડશે તો જોઈ લેવાશે એવું માનીને અમે એ માર્ગને પસંદ કર્યો. એ માર્ગ કાચો, લાંબો અને એક સિવાય અન્ય આશ્રયસ્થાન સિવાયનો હોવાથી વરસાદ વખતે ફરવા માટે અનુકૂળ નથી કહેવાતો.

ઉત્તુંગ પર્વત શિખરોનું અવલોકન કરતાં મંદગતિએ આગળ વધતાં અમે અડધા જેટલો માર્ગ કાપી નાખ્યો ત્યાં જ વાયુમંડળ બદલાવા લાગ્યું અને એકાએક વરસાદ શરૂ થયો. થોડેક છેટે છત્રીનું વિશાળ એકમાત્ર આશ્રયસ્થાન હતું ત્યાં અમે ઉતાવળે પગલે પહોંચી ગયા. એ આશ્રયસ્થાનમાં બીજા નવેક માણસો ઉભાં રહેલા. વરસાદના વાદળાં અમારા આશ્રયસ્થાનના પ્રવેશની પ્રતીક્ષા કરતાં હોય તેમ, એ પછી તરત જ જોરશોરથી તૂટી પડ્યાં. આજુબાજુ બધે જ અંધકાર છવાઈ ગયો. ગગનનો ગેબી ગડગડાટ શરૂ થયો, ચપલાઓ ચમકવા લાગી, સમીરના સુતીક્ષ્ણ સુસવાટા શરૂ થયા, ને વાંકોચૂકો મૂશળધાર વરસાદ પડ્યો. ઈશ્વરની એટલી કૃપા કે અમે વરસાદના એ તાંડવ પહેલાં કંઈક અંશે સુરક્ષિત કહેવાય એવા આશ્રયસ્થાનમાં પહોંચી ગયા. એ આશ્રયસ્થાન સંપૂર્ણપણે સલામત તો નહોતું જ, કારણ કે એમાં ઉપરના લાકડાના છાપરાંમાંથી વરસાદનો વેગ વધતા ઠેકઠેકાણે પાણી ટપકતું અને આજુબાજુની ખુલ્લી જગ્યામાંથી પવન સાથે છંટકાવ થતો. તો પણ એની બીજી બધી જ ક્ષતિઓ સાથે એ પ્રવાસીઓને માટે અનોખા આશીર્વાદરૂપ હતું. એની પાસે પહોંચેલા કેટલાક પ્રવાસીઓ પવન અને વરસાદના તોફાનમાં થથરતા હતા. વાતાવરણ એકાએક અને અતિશય ઠંડું બની ગયેલું.

એ આશ્રયસ્થાનમાં અમારા પ્રવેશ વખતે પોણા પાંચ વાગી ચૂકેલા. છ વાગે ગાંધી નિવાસ સોસાયટીમાં રોજની પેઠે મારે પ્રવચન કરવા જવાનું હતું. વરસાદ ના હોત તો એટલા વખતમાં ત્યાં પહોંચવાનું જરાપણ મુશ્કેલ ન હતું. પરંતુ વરસાદ વધતો જ ગયો. એના રોકાવાનો કોઈ સંભવ ના દેખાયો.

ઘડિયાળમાં સાડા પાંચ વાગવાની તૈયારી થઈ. અમારી બાજુમાં ઊભેલી ઠંડીથી ધ્રૂજતી એક પંજાબી સ્ત્રી બોલી 'વરસાદ કોણ જાણે ક્યારે રોકાશે !'

'હમણાં રોકાય એવું નથી લાગતું.' બીજી સ્ત્રી બોલી.

'રોકાય તો સારું. કોઈ સંત મંત્રપ્રયોગ કરે તો રોકાઈ જાય.'

'પરંતુ એ મંત્રપ્રયોગ કરે શા માટે ? આપણને વરસાદ નથી ગમતો પણ ખેડૂતો ને પશુઓને કામનો પણ હોય.'

'થોડીક વાર રોકાઈ જાય તો ઠેકાણે પહોંચી જઈએ. આ તો રસ્તામાં જ ભરાઈ પડ્યા છીએ.'

છત્રીના આશ્રયસ્થાને ઉભેલા પ્રત્યેકનો એવો મનોભાવ હતો એવું કહીએ તો ચાલે. પરંતુ વરસાદ અટકે કેવી રીતે ? એ તો વધતો જ જતો'તો.

માતાજીએ જણાવ્યું : 'વરસાદ રોકાય અને આગળ રીક્ષાસ્ટેન્ડ સુધી પહોંચી જઈએ તો ત્યાંથી રીક્ષામાં બેસી શકીએ.'

પરંતુ વરસાદ રોકાય તો ને ?

એવે વખતે બીજું થઈ શકે પણ શું ? પ્રાર્થના. મેં પ્રાર્થનાનો આધાર લીધો. સઘળાં સાધનો સારરહિત બન્યા હોય ત્યારે પ્રાર્થનાનું સાધન સારરૂપ અને અમોઘ ઠરે છે. બીજાં બધાં જ બારણાં બંધ બન્યા હોય ત્યારે પ્રાર્થનાનું પ્રવેશદ્વાર અકસીર ઠરે છે, ખુલ્લું બને છે ને બીજા બંધ બારણાને ખુલ્લાં કરે છે. મનમાં એવો ઊંડો વિશ્વાસ હોવાથી મેં મનોમન પ્રાર્થનાનો આધાર લીધો. એના પરિણામે કે બીજા ગમે તે કારણે પેલી મંડળીના એક પુરુષને રીક્ષાસ્ટેન્ડે પહોંચીને મંડળી માટે રીક્ષા લાવવાનું મન થયું. સાથીઓએ સાહસ કરવાની ના પાડી તો પણ એ વરસતા વરસાદમાં છત્રી વિના ભીંજાતા ભીંજાતા ચાલી નીકળ્યા.

એ પછી તો વરસાદ વધારે તોફાને ચઢ્યો. અંધકારના ઓળા કેમે કરીને ઓછા ના થયા. માતાજીએ કહ્યું : 'આપણે પેલા ભાઈને કહ્યું હોત તો આપણે માટે બીજી રીક્ષા મોકલત. એનો ખ્યાલ જ ના રહ્યો.'

સાચું હતું. પરંતુ હવે શું થાય ? પ્રાર્થના સિવાય બીજો ઉપાય જ ના રહ્યો. એમને જેનો ખ્યાલ ના રહ્યો એનો ખ્યાલ ઈશ્વરને તો હતો જ. કાં તો વરસાદ રોકાઈ જાય કે બીજો કોઈ ચમત્કાર બને તો જ છ વાગ્યાના પ્રવચનમાં પહોંચી શકાય. ઈશ્વરની ઈચ્છા ત્યાં પહોંચાડવાની ને શ્રોતાઓને લાભ પહોંચાડવાની હશે તો કોઈક રસ્તો કરશે જ. ત્યાં સુધી એવી રીતે પ્રતીક્ષા કર્યા સિવાય છૂટકો નથી.

પેલા ભાઈની રીક્ષા પોણા છ વાગ્યે આવી પહોંચી. પરંતુ અમારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે પાંચેક મિનિટમાં બીજી રીક્ષા આવી પહોંચી. એ રીક્ષા કોને માટે, કોના કહેવાથી, કેવી રીતે આવી ? રીક્ષાવાળા ત્રણે માણસોએ સ્પષ્ટીકરણ કર્યું કે અમે કોઈના કહેવાથી નથી આવ્યા. અમારી મેળે જ, કોઈને બેસવું હશે તો બેસાડીશું એવી ગણતરીથી આવ્યા છીએ.

'તમને કોઈએ મોકલ્યા કે બોલાવ્યા નથી ?'

'ના.'

એમને શી ખબર કે એમને ઈશ્વરે જ મોકલ્યા છે. પરમાત્માની પરમશક્તિથી પ્રેરાઈને જ એ અહીં આવી પહોંચ્યા છે.

અમે કહ્યું : 'તો પછી ગાંધી નિવાસ સોસાયટી લઈ લો.'

એ તૈયાર થયા એટલે અમે રીક્ષામાં બેસી ગયાં.

માર્ગમાં વરસાદ હળવો પડ્યો. ગાંધી નિવાસ સોસાયટી પાસે પહોંચ્યા ત્યારે છ વાગવામાં બે મિનિટ બાકી હતી.

તોફાન હવે શમી ગયેલું, પરંતુ શમતાં પહેલાં એણે અમને પ્રાર્થનાનો અને પ્રાર્થનાના પરિણામનો એક અધિક અનોખો અવિસ્મરણીય અનુભવ કરવાનો અવસર આપ્યો. આજુબાજુ બધે જ અંધકારના અનંત ઓળાઓ ઉતર્યા હોય ત્યારે પ્રાર્થના પ્રકાશનાં પવિત્ર કૃપાકિરણ પ્રસરાવે છે, મરુભૂમિમાં વનસ્થલી બને છે, જીવનની જટિલ યાત્રામાં વિશ્રાંતિ ધરે છે. એ દિવસે એ ઘટના પ્રસંગ પરથી એની પુનઃપ્રતીતિ થઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. બહાદુરસીંગ

મસૂરીનો સુંદર પર્વતપંક્તિઓથી સુશોભિત શાંત એકાંત કેમલ બેક રોડ. પ્રવાસીઓને એ માર્ગ ખૂબ જ આકર્ષે છે અને આનંદ આપે છે. દેવદાર, ચીડ અને અન્ય સુંદર ગુચ્છાદાર ઉત્તુંગ વૃક્ષોથી વીંટળાયેલો એ માર્ગ સાધકો તથા સહેલાણીઓ ઉભયને માટે ઉત્સાહવર્ધક તથા પ્રેરક છે. જે એની એક વાર મુલાકાત લે છે એ અવારનવાર લેવા પ્રેરાય છે. અમારા મસૂરી નિવાસના સુદીર્ઘ સમયપર્યંત સાંજે અમે એ માર્ગે અવારનવાર ફરવા જતાં. એથી અમને અનેરો આનંદાનુભવ થતો. જંગલના એ માર્ગે વરસાદના દિવસોમાં કોઈ કોઈ વાર સાપ પણ મળતા.

એક વાર એક સાપ અમારી આગળ થઈને પસાર થયો. માર્ગે મળેલા રીક્ષાવાળાઓને એની માહિતી મળતાં એમણે એને મારવાની તૈયારી કરી. મેં એમને સમજાવવાનો પ્રયાસ કરવા છતાં એ સહેજ પણ ના સમજ્યા અને બોલ્યા કે અમે એ ઝેરી જાનવરનો ભરોસો ના કરીએ. અમારાં છોકરાં પર્વતમાં ફરતાં હોય તો એ કરડે. મેં કહ્યું કે બધા સાપ ઝેરવાળા નથી હોતા. એ વનમાં ના વસે તો બીજે ક્યાં વસે ? પરંતુ મારી દલીલથી લેશ પણ પ્રભાવિત થયા સિવાય એમનામાંના એકે પથ્થરના એક જ પ્રહારથી પર્વતમાંથી પસાર થતા સાપના ટુકડા કરી નાંખ્યા. એને એથી અભૂતપૂર્વ આનંદ થયો.

બીજી વાર એ જ જગ્યાની પાસે અમે એક બીજો સાપ જોયો. એ અમારી આગળ ઉછળી આવીને રસ્તામાં એક તરફ પડી રહ્યો. એની ઈચ્છા અમારા રસ્તાને રોકવાની હોય એવું લાગ્યું. થોડી વાર પ્રતીક્ષા કરીને અમે આગળ વધવા માંડ્યું તો એ પણ મંદ ગતિએ આગળ વધ્યો અને પર્વતની નીચેના ઘોર જંગલમાં ઉતરી ગયો. એ અનુભવ એકદમ આકસ્મિક અને અદભુત હતો. જનસમાજના કેટલાક વર્ગમાં એવી માન્યતા પ્રવર્તે છે કે સાપ આડો ઉતરે તો અમંગલ થાય છે. પરંતુ એ આડો ઉતરે કે ના ઉતરે એ કોઈના હાથની વાત ક્યાં છે ? જે વખતે જે થવાનું હોય છે તે ઈચ્છા-અનિચ્છાએ, જાણ્યે-અજાણ્યે, થયા જ કરે છે.

કેમલ બેક રોડ પર એવા એવા અનેકવિધ અનુભવો થયા કરતા. એ અનુભવોમાં બહાદુરસીંગના મેળાપનો અનુભવ ખાસ ઉલ્લેખનીય છે. એની રજૂઆત રસપ્રદ તથા પ્રેરક થઈ પડશે.

બહાદુરસીંગનો આમ તો કોઈ પૂર્વ પરિચય નહોતો; એનો મેળાપ પેલા સાપની પેઠે આકસ્મિક રીતે જ થયેલો. એક દિવસ અમે એ રસ્તા પરથી પસાર થઈ રહેલાં ત્યારે એને રસ્તાની એક બાજુએ કુહાડીની મદદથી લાકડાં કાપતો જોયો. એનું શરીર પ્રસ્વેદથી લથપથ થયેલું. અમે એની આગળ કુતૂહલવશ ઊભાં રહ્યાં એટલે એણે કુહાડીને એક તરફ મૂકીને અમને પ્રણામ કર્યાં. અમને એની મુખાકૃતિ નિર્મળ, નિરાળી અને આકર્ષક લાગી. એની આંખ પણ ઓજસ્વી અને નિર્મળ હતી. મેં એને પૂછવા ખાતર જ સહજભાવે પૂછ્યું : 'લાકડાં કાપવાનું કામ ચાલે છે ?'

એણે કહ્યું : 'હા, બીજું શું કરું ? કોઈ ને કોઈ રીતે આજીવિકા તો ચલાવવી જોઈએ ને ! ભણતર તો એવું છે કે નહિ કે કોઈક સારી નોકરી કરી શકું.'

'જન્મસ્થાન ક્યાં છે ?'

'આલ્મોડાની પાસે.'

'આલ્મોડાની પાસે ?'

'હા. કૈલાસ માનસરોવરની યાત્રા કરી છે ? આલ્મોડાથી કૈલાસના યાત્રા માર્ગે આગળ વધીએ એટલે મારું જન્મસ્થાન પર્વતની અંદરના પ્રદેશમાં દસેક માઈલ દૂર છે. ગામ તદ્દન નાનું સરખું ને પછાત છે. પર્વતીય વિસ્તારમાં હોય છે એવું.'

'બાર મહિના અહીં રહે છે ?'

'ના. શિયાળામાં ઘર જઉં છું. અહીં દર વરસે એપ્રિલમાં આવી જઉં છું.'

'લાકડા કાપવાનું ફાવે છે ?'

'ફાવે છે. આ કામ નિર્દોષ અને સ્વતંત્ર છે. કોઈની લાચારી કે ગુલામી નથી કરવાની. હું મારા પગ પર ઊભો રહું છું ને પરસેવાનો પૈસો પેદા કરીને આજીવિકા ચલાવું છું એટલો મને સંતોષ છે.'

'એ સંતોષ કાંઈ જેવો તેવો નથી.' મારાથી બોલી જવાયું.

'કોઈ વાર કોલસા તૈયાર કરીને એમાંથી પણ કમાણી કરું છું. જે પણ કામ સૂઝે છે તે કરું છું. કામ કરવામાં કશી નાનમ નથી. નાનમ ભીખ માંગવામાં છે. મારા પિતાજીની આજ્ઞા છે કે પરિશ્રમ કરીને પેટ ભરવું, ખોટે માર્ગે ના ચાલવું, અને ભીખ માગવી નહીં. એ આજ્ઞાને અનુસરીને જીવવાનો પ્રયાસ કરું છું. એથી મને નિરાંત રહે છે.'

થોડીક વાર અટકીને એણે આકાશ તરફ અવલોકીને જણાવ્યું : 'તમે મને સૌથી પહેલાં મારા જન્મસ્થાન વિશે પૂછ્યું અને મેં એનો સામાન્ય રીતે ઉત્તર આપ્યો. પણ જરાક જુદી રીતે વિચારીએ ને વાત કરીએ તો આપણા સૌનું, અરે આખાય જગતનું જન્મસ્થાન એક નથી ? જગત પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ પામે છે ને પરમાત્મામાં જ લીન થાય છે. સૌના મૂલાધાર એ જ છે. સૌએ એમની જ પાસે પહોંચવાનું છે. એ અસલ વતનને કે જન્મસ્થાનને અજ્ઞાનને લીધે ભૂલીને માણસ ભવાટવીમાં કોણ જાણે કેટલા કાળથી ભમ્યા કરે છે !'

મને એની ઊંડી સમજ જોઈને આનંદ થયો, આશ્ચર્ય પણ થયું.

'તું તો જ્ઞાની લાગે છે.' મેં એને સહર્ષ જણાવ્યું.

'ના. હું જ્ઞાની નથી. જ્ઞાનના ગહન રહસ્યને મારા જેવો અજ્ઞાની ક્યાંથી સમજી શકે ?'

'તો પણ તારા શબ્દો જ્ઞાનીના છે.'

'હું જ્ઞાની નથી. પરમાત્માનું બને તેટલું નામ લઉં છું. એમનામાં શ્રદ્ધાભક્તિ રાખું છું, અને એમના આધારે કામ કરું છું.'

'તો તો તને ભક્તિમાં રુચિ છે.'

'તમારે જે કહેવું હોય તે કહી શકો છો. હજુ મારામાં સાચી અને સંપૂર્ણ ભક્તિ પ્રકટી નથી. જ્યારે પ્રકટશે ત્યારે મારા લક્ષણો જુદાં જ હશે.'

'જુદાં એટલે કેવાં ?'

'હું ભગવાનથી દૂર નહિ હોઉં અને ભગવાન પણ મારાથી દૂર નહિ હોય.'

'અત્યારે તમે એકમેકથી દૂર છો ?'

'મને એવું લાગે છે.'

એટલામાં તો પાસેની પર્વત પંક્તિમાંથી એક સાપ નીકળ્યો. અમને જોઈને એ ઝડપથી ચાલવા લાગ્યો એટલે બહાદુરસીંગ બોલ્યો : 'ભાઈ, શા માટે ગભરાય છે ? આ અરણ્ય અમારું નથી, તારું છે. અમે તો અહીં ફરવા ને કામ કરવા આવ્યા છીએ. તને મારીશું નહીં. મારવાનો વિચાર પણ નહિ કરી શકીએ. તું તારે નિર્ભય નિશ્ચિંત બનીને વિહાર કર. તું ભગવાન ભોળાનાથનો પ્યારો છે. તારી ઉપર એમની કૃપા છે પછી તારે કોઈથી ડરવાનું કારણ જ ક્યાં છે ?'

સાપ પર્વતની બીજી બાજુએ લપાઈ ગયો.

અમે આગળ વધવાની તૈયારી કરી એટલે એણે પ્રણામ કરીને કહ્યું : 'માફ કરજો. મેં નાના મોઢે મોટીમાટી વાતો કરી છે. આ તો તમે મળ્યા એટલે મને આનંદ થયો ને બેચાર વાતો કરી લીધી. ભૂલચૂક થઈ હોય તો માફ કરજો.'

'અમને તારી વાતોથી આનંદ થયો છે. એમાં માફી માગવા જેવું કશું નથી.'

પર્વત પર ફરી વળતા ધુમ્મસના ગોટાઓને અવલોકતાં અમે મંદગતિએ આગળ વધ્યાં. એ આખુંય દૃશ્ય કેટલું બધું અદભુત, આકર્ષક અને આનંદદાયક હતું ? થોડીવારમાં તો આકાશને અડવા માગતા ઉત્તુંગ લીલાછમ પર્વતો પર પડદો પથરાઈ ગયો. માનવના અંતરાત્માની આગળ પણ એવી જ રીતે અવિદ્યાનો મોહ પડદો પથરાઈ ગયો છે. એને લીધે એને એના વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપનું, પરમ સત્યનું દર્શન નથી થઈ શકતું. કોઈક બડભાગીના જ અંતરનો અવિદ્યા પડદો દૂર થયો હોય છે.

*

બે દિવસ પછી એ માર્ગે બહાદુરસીંગનો ફરી મેળાપ થયો. એ લાકડાં કાપીને એક વિશાળ વૃક્ષની છાયામાં શાંતિથી બેઠેલો. એના હાથમાં માળા હતી. એમને નિહાળીને એણે પ્રણામ કર્યાં. મેં વાતચીતને આરંભવા ખાતર કહ્યું : 'તું માળા જપે છે ખરો ?'

'રોજ જપું છું. નાનો હતો ત્યારનો નિયમ છે. જ્યારે પણ વખત મળે છે ત્યારે માળા ફેરવી લઉં છું. સવાર-સાંજ બે વાર તો અચૂક ફેરવું છું. આ તો વધારામાં.'

હું એના તરફ ખૂબ જ ભાવપૂર્વક જોઈ રહ્યો ને બોલ્યો : 'એક તરફ લાકડાં કાપવાનો કુહાડો છે ને બીજી તરફ માળા છે.'

'એ બંનેમાં વિરોધ જેવું લાગે છે ?'

'વિરોધ તો માનવે પેદા કર્યો છે. એને એ મિટાવી પણ શકે છે. જીવનમાં સારી રીતે જીવવા માટે એ બંનેની આવશ્યકતા છે.'

'સાચું કહું. હું પોતે પણ એવું જ માનું છું. કુહાડી શ્રમનું તથા સ્વાશ્રયનું પ્રતીક છે ને માળા ઈશ્વરના સ્મરણ, મનન અને અનુસંધાનનું. એક સાંસારિક સમુન્નતિનું સૂચક છે તો બીજું આધ્યાત્મિક ઉત્કર્ષનું. એ બંનેનો અનાદર કોઈપણ સમજદાર પુરુષથી ના કરી શકાય.'

'તું કોના જપ જપે છે ?'

'ભગવાન ભોળાનાથના.'

'તારા ઈષ્ટદેવ એ જ છે ?'

'હા. ભગવાન ભોળાનાથ. પરંતુ એક વાત કહું ? જપ કરતી વખતે હું મારા પૂજ્ય પિતાજીને પણ યાદ કરું છું.'

'પિતાને ?'

'હા.'

એ સહેજ અટકીને આગળ બોલ્યો : 'તમને આશ્ચર્ય થયું ? આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. તમને તો શું, કોઈને પણ એવું સાંભળીને આશ્ચર્ય થાય. પંડિતો કહે છે કે માતા ને પિતા દેવ બરાબર માનો. મારી માતા મારા બાળપણમાં જ મૃત્યુ પામી પરંતુ પિતાજી આજે પણ જીવે છે. એમણે મારી ખૂબ જ સંભાળ રાખીને મને મોટો કર્યો છે. એ મારા પ્રત્યક્ષ દેવતા છે. એમના ઉપકાર અનેક છે. ગુણો ઘણાં છે. એ મને પ્રેરણા આપે છે. એમને મારાથી સ્વપ્ને પણ નથી ભૂલી શકાય તેમ. ભગવાન ભોળાનાથે એમના રૂપે મારા જીવનમાં પ્રથમવાર પ્રવેશ કરેલો. મોટા થયા પછી મને એ વાતની ખબર પડી.'

'એ શું કરે છે ?'

'અમારા ગામમાં રહીને ખેતી સંભાળે છે ને ગાય-ભેંસ રાખે છે. મારા બે ભાઈઓ એમની સંભાળ રાખે છે. હું શિયાળામાં એમના દર્શન અને એમની સેવા માટે ત્યાં દર વરસે જઈ પહોંચું છું.'

'એમની ઉંમર કેટલી છે ?'

'પંચોતેર વરસની. મને ધાર્મિક સંસ્કારોથી સંપન્ન બનાવવામાં એમનો ફાળો સૌથી મોટો છે. એ મારા જીવનના પ્રત્યક્ષ દેવતા છે.'

એની આંખ ભરાઈ આવી.

મેં પૂછ્યું : 'જમીન છે તો પછી ત્યાં કામ કરવાને બદલે અહીં શા માટે કરે છે ?'

એણે ઉત્તર આપ્યો : 'ભાઈ તો પરણેલા ને સંતાનવાળા છે. એમની વચ્ચે વસવા કરતાં મને એકલા રહેવાનું વધારે ફાવે છે.'

'તું પરણેલો નથી ?'

'પરણેલો પરંતુ પત્નીનો સ્વર્ગવાસ થયો. પરણ્યા પછી પાંચ વરસે. ત્યારથી એકલો જ છું.'

'પુનર્લગ્ન કરવાનો વિચાર ના આવ્યો ?'

'ના. સગાંવહાલાંએ આગ્રહ તો ઘણોય કર્યો, પરંતુ મારું મન ના માન્યું. મને લગ્નની જરૂર જ ના લાગી. હવે તો એ પ્રસંગ પુરાણો થઈ ગયો. બધું ભૂલાઈ પણ ગયું છે. હવે તો એનો વિચાર પણ નથી આવતો. મારા પિતાજીએ મને પુનર્લગ્નનો કદીપણ આગ્રહ ના કર્યો. મારી ભાવનાને જોઈને મને શિખામણ આપી કે પરસ્ત્રીને માતા બરાબર માનવી. એમની એ શિખામણને હું આજે પણ પાળી રહ્યો છું.'

'એ સિવાય બીજી કોઈ શિખામણ આપેલી ?'

'હા. એમણે કહેલું કે જીવનમાં સંપૂર્ણપણે સુખી થવું હોય તો સદગુણી બનવું. ધૂમ્રપાન તથા શરાબ-દારૂનું સેવન ના કરવું, માંસભક્ષણથી દૂર રહેવું, ને ચોરી, હિંસા, રાગ તથા દ્વેષથી મુક્તિ મેળવવી. બીજાનું ભલું કરવાની ભાવના રાખવી અને ભગવાનની ભક્તિ કરવી. એવી તો બીજી કેટલીય શિખામણો અથવા

સૂચનાઓ એ મને આપતા રહેતા. ધર્મના મર્મને તો હું નથી જાણતો તો પણ મને એ ધર્મના સારરૂપ લાગે છે. મારા આજ સુધીના જીવનમાં મેં એમની એ શિખામણોને અનુસરીને ચાલવાની કોશિશ કરી છે. એ શિખામણો મારે માટે સોનેરી અને સુખમય થઈ પડી છે. એમને હું કદીપણ, કોઈયે સંજોગોમાં નથી ભૂલતો.'

બહાદુરસીંગ બહારથી જોતાં નિરક્ષર જેવો હોવા છતાં ધર્મના મર્મને એની પોતાની રીતે સારી પેઠે સમજી ચૂક્યો હતો અને એને અનુસરીને જીવવાનો પ્રામાણિક પ્રયત્ન કરતો'તો એમાં સંદેહ નહિ. અમને એના પ્રત્યે માન પેદા થયું. ધર્મમાં માનનારા ને બીજા બધા જ એવી રીતે સમજીને સારામાં સારી રીતે જીવવાની કોશિશ કરે તો ? સંસાર કેટલો બધો સુંદર, સ્વર્ગીય અને સુખમય બની જાય ?'

*

દસેક દિવસ પછી એ માર્ગ પરથી પસાર થતી વખતે અમે બહાદુરસીંગના વ્યક્તિત્વનું એક બીજું પાસું જોયું. એ કોઈને પોકાર પાડીને ઊભા રાખવાની કોશિશ કરતો'તો : 'સાહેબ ! સાહેબ ! ઓ સાહેબજી !'

આગળ જનારા પુરુષ પંજાબી જેવા દેખાયા. એમની સાથે એમની પત્ની તથા છોકરી હતી. પોકારોને સાંભળીને એ કોપ કરીને બોલી ઊઠ્યા : 'શું છે ? શા માટે બૂમો પાડે છે ? હું તારો નોકર છું કે ઊભો રહું ?'

'બે મિનિટ ઊભા રહો. ફકત બે મિનિટ.'

એ સદગૃહસ્થ થોડેક દૂર જઈને ઊભા રહ્યા એટલે બહાદુરસીંગ એમની પાસે પહોંચીને બોલ્યો : 'મારે તમને તકલીફ આપવી પડી તેને માટે માફ કરજો. તમે મારી પાસેથી પસાર થયા ત્યારે ખિસ્સામાંથી રૂમાલ કાઢતી વખતે તમને ખબર ના પડે તેવી રીતે આ નોટોની થપ્પી નીચે પડી ગઈ.'

'શું કહે છે ? નોટો નીચે પડી ગઈ ?'

'હા. મારી નજર એના પર પડતાવેંત જ મેં એને લઈ લીધી અને તમને ઊભા રહેવા બૂમ પાડી.'

પેલા ભાઈએ પાટલૂનના ખિસ્સામાં હાથ નાખીને જોયું તો નોટો સાચેસાચ પડી ગયેલી. એ બોલ્યા : 'અરે, એ તો સો સોની પાંચ નોટો હતી.'

'એટલી જ હશે.'

'કેવી રીતે ને ક્યારે પડી ગઈ તેનો ખ્યાલ જ રહ્યો નહીં.'

બહાદુરસીંગે નોટો સુપરત કરી. પેલા ભાઈએ ગણી જોઈ તો નોટો બરાબર હતી. એમને એ સામાન્ય મજૂરની પ્રામાણિકતા માટે માન પેદા થયું. એને પારિતોષિક રૂપે પાંચ રૂપિયા આપવાની એમણે તત્પરતા દર્શાવી તો એણે જણાવ્યું : 'મારાથી કશું પણ ના લેવાય.'

'કેમ ?'

'એ મારા હકનું નથી, પરધન છે. મારે એની જરૂર પણ નથી.'

'હું મારી મરજીથી આપું છું. બક્ષીસરૂપે.'

'તો પણ ના લેવાય. મેં મારું માનવસહજ કર્તવ્ય જ બજાવ્યું છે. કોઈ પરાક્રમ પણ નથી કર્યું.'

'તો પણ ...'

'ના. તમારે દાન કરવું હોય તો કોઈ બીજાને કરી દેજો. જેને ખાસ આવશ્યકતા હોય એને. મને તો ભગવાન ભોળાનાથ મારા નિર્વાહ પૂરતું આપી રહે છે. પછી વધારે શા માટે લઉં અને એ પણ આવી રીતે ?'

એ પાછો વળ્યો. પેલા પંજાબી જેવા ભાઈ પાંચ રૂપિયાની નોટને ખિસ્સામાં પાછી મૂકીને આગળ વધ્યા ને બોલ્યા : 'આવો ધર્માત્મા બનવાનો દેખાવ કરે છે તેથી જ મજૂરી કરે છે. લેતાં શીખ્યો હોત તો માલદાર બની ગયો હોત. પરંતુ એને માટે ભાગ્ય જોઈએ ભાગ્ય.'

બહાદુરસીંગે મને જણાવ્યું : 'તમને ખબર નથી, પરંતુ મારા પિતાશ્રીની સુચના પ્રમાણે હું જે કમાઉં છું તેનો દસમો ભાગ બીજાની સેવામાં વાપરું છું. મારી કમાણી ઓછી છે તો ઓછામાં ઓછું મારાથી એકલપેટા ના બનાય. એકલપેટો બનું તો સ્વાર્થી ને સમાજનો ગુન્હેગાર ગણાઉં. મારો આત્મા અશાંતિ અનુભવે.'

*

બીજા અઠવાડિયે બહાદુરસીંગની આંખમાં આંસુ હતાં. એ કોલસાની ગુણ તૈયાર કરતો હતો.

'કેમ રડે છે ?' મેં પૂછ્યું.

'ઘેરથી સમાચાર આવ્યા છે. મારા પિતાશ્રીની તબિયત સારી નથી. ખૂબ જ બિમાર છે. મારે ત્યાં જવું પડશે. કાલે જ જઈશ. મારો આત્મા કહે છે કે આ વખતે એ નહિ બચે. એમને મળીને એમના આશીર્વાદ મેળવી લઉં એટલે થયું. મને શાંતિ વળે.'

'એમને માટે પ્રાર્થના કર.'

'પ્રાર્થના તો કરું જ છું. એ સારા થઈ જાય તો તો એથી ઉત્તમ બીજું શું હોઈ શકે ? પરંતુ ...' એ વધારે ના બોલી શક્યો. એનો કંઠ રૂંધાઈ ગયો.

એને સહેજ શાંત પડવા દીધા પછી મે કહ્યું : 'ઘેર તારા ભાઈઓ છે એટલે એમની સેવા કરતા હશે.'

'કરે છે.'

'કોઈ બેન છે ?'

'ધર્મની બેન છે. એ અમારા ગામથી થોડેક દૂર રહે છે.'

'ધર્મની બેન ?'

'હા. તમને નવાઈ લાગી ? એ મને રક્ષાબંધનના પર્વ પર રક્ષા મોકલે છે. એની ઈચ્છા મારી સાથે લગ્ન કરવાની હતી.'

'લગ્ન કરવાની ?'

'હા. એ મને જોઈને મોહિત બનેલી.'

'તો પછી ...'

'મારી ધર્મપત્નીના મૃત્યુ પછી. એ ખૂબ જ સદગુણી ને સુંદર હતી. એની ઈચ્છાને સંતોષું નહીં તો એણે આપઘાત કરવાની ધમકી આપી તો પણ મારું મન ચળ્યું નહીં. એણે આપઘાત ના કર્યો. છેવટે મેં એને સમજાવીને મારા એક મિત્રની સાથે પરણાવી દીધી. ત્યારથી અમે ધર્મનાં ભાઈબેન બન્યાં છીએ. પરણ્યા પછી એ સંપૂર્ણ સુખી છે. એના પતિને પોતાનું ઘર છે, જમીન છે, ને નાનુંસરખું કારખાનું છે.'

એની વાત એકદમ અનોખી હતી. મને એણે વિચાર કરતો કરી મૂક્યો.

*

એ વાતને ત્રણેક વરસ વીતી ગયાં છે. એ દરમિયાન એનો ફરીવાર મેળાપ નથી થયો. એના કશા સમાચાર પણ નથી. તો પણ એની સ્મૃતિ કાયમ છે. કેમલ બેક રોડ પરથી પસાર થતાં એ વધારે બળવાન બને છે. બહાદુરસીંગ ક્યાં છે તેની ખબર નથી, પરંતુ જ્યાં પણ હશે ત્યાં બહાદુરની જેમ જીવતો હશે અને સંસારની શોભા બનતો હશે એમાં શંકા નથી. સંસાર છે જ પરિવર્તનશીલ. એમાં સઘળું બદલાય છે ને કાળને આધીન બને છે. પરંતુ કાળ સ્મૃતિનો કોળિયો નથી કરી શકતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. ઘરની દેવી

'તારું નામ ?'

'રાધા.'

'રાધા ?'

'હા. મૂળ નામ તો રાધિકા છે, પરંતુ રાધાના નામથી જ ઓળખાઉં છું.'

'નામ તો ઘણું સારું છે. પવિત્ર, મીઠું ને ભાવવાહી નામ. ઉંમર પણ નાની લાગે છે. કેટલીક છે ?'

'ચોવીસમું ચાલે છે.'

'આટલી નાની ઉંમરમાં કપડાં ધોવાનું કે વાસણ ઉડકવાનું કામ કરવા માંડી ?'

'નાની ઉંમરમાં મહેનતનું કામ કરવામાં કશી નાનમ છે ?'

'ના.'

'આ કામ તો ચારેક વરસથી કરી રહી છું. પરણ્યા પછી માંડ બે વરસ થયાં કે તરત.'

'તારા પતિ શું કામ કરે છે ? નોકરી ?'

'ના. એ જો નોકરી કે ધંધો કરતા હોત તો મારે આવું કામ શા માટે કરવું પડત ?'

'એમની કમાણી ઓછી હોય તો એમને આર્થિક રીતે મદદરૂપ થવાની ભાવનાથી પ્રેરાઈને કોઈ કામ કરવું પડે. એ કશું જ નથી કરતા ?'

'ના. કમાય નહિ અને શાંતિથી બેસી રહે તો પણ સારું. મારી પાસેથી બળજબરી કરીને પૈસા લે છે અને દારૂ પીવામાં ખર્ચી નાખે છે. અમારા લગ્ન પછી બે વરસ તો બધું સરખું ચાલ્યું. એ મીલમાં નાનીસરખી નોકરી કરતા'તા. પરંતુ પછીથી કુસંગે ચઢી ગયા. એમની નોકરી છૂટી ગઈ અને એ દેવાદાર બની ગયા. મારે કામ કર્યા સિવાય છૂટકો જ ના થયો. મારાં માતાપિતા પુનામાં રહે છે ને થોડીઘણી મદદ કરે છે, પરંતુ એ પણ પાકાં સંસારી હોવાથી કેટલીક મદદ કરે ?'

'ઘરમાં કોણ કોણ છે ?'

'હું, મારા પતિ, મારા સાસુ અને ચારેક વરસની નાની છોકરી.'

'તારી સાસુ તારા પતિને કશી શિખામણ નથી આપતી ?'

'આપે છે, પરંતુ ઉલટી શિખામણ આપે છે ને કહે છે કે સ્ત્રીને સદા વશમાં રાખવી જોઈએ. જરૂર પડ્યે ચૌદમું રતન પણ વાપરવું જોઈએ. સ્ત્રી તો ગુલામડી છે. પુરુષની વાતોમાં ડખલ કરવાનો એને અધિકાર નથી. એણે તો પુરુષની આજ્ઞા પ્રમાણે ચાલ્યા કરવાનું. કોઈકવાર તો મારા પતિને એ જ ચઢાવે છે ને મને મરાવે છે.'

'મરાવે છે ?'

'હા. હજુ ગઈકાલે જ મને માર મરાવ્યો છે. મારો બરડો દુખે છે.'

રાધાની આંખમાં આંસુ આવી ગયાં.

મુંબાઈમાં વેદાંત સત્સંગ મંડળના ઉપક્રમે મારે ગયા વરસે ફેબ્રુઆરીમાં ફરીવાર પ્રવચનો કરવા જવાનું થયું ત્યારે મરીન ડ્રાઈવ પરના મારા ઉતારે એ કામ કરવા આવતી. એની સાથેના એ આકસ્મિક વાર્તાલાપ પરથી લાગ્યું કે એનું જીવન અતિશય કરુણ છે. કરુણાતિકરુણ. એ શ્યામ વર્ણની, કૃશ કાયાવાળી, સુડોલ અંગવાળી સ્ત્રીના જીવનમાં શાંતિ ના દેખાઈ. સમાજમાં કોણ જાણે એવી કેટલીય રાધાઓ રહેતી હશે.

એણે સહેજ વાર પછી જણાવ્યું : 'ચિંતામાં ને ચિંતામાં મારું શરીર શ્યામ પડી ગયું છે. મારાથી બીજું થઈ શકે પણ શું ? ભગવાન પાંડુરંગની પ્રાર્થના સિવાય બીજો કોઈ જ રસ્તો નથી દેખાતો. એમની રોજ કેટલીયવાર પ્રાર્થના કરું છું કે એમને સદબુદ્ધિ આપે ને સન્માર્ગે વાળે. એ દયાળુ છે. મારી પ્રાર્થના સાંભળશે.'

'તને ભગવાન પાંડુરંગમાં ને પ્રાર્થનામાં શ્રદ્ધા છે ?'

'ખૂબ જ છે. મારા પિતાશ્રીએ મને નાનપણથી જ પ્રાર્થના કરવાની ટેવ પાડી છે. એમની સાથે હું અનેકવાર પંઢરપુરની યાત્રાએ ગઈ છું. મને ભગવાન પાંડુરંગને માટે પ્રેમ છે. મારો વિચાર અવિવાહિત જીવન જીવીને ભગવાનની ભક્તિ કરવાનો હતો પરંતુ મારા કર્મસંસ્કારોએ મને ગૃહસ્થાશ્રમમાં નાખી. મારે આ બધું ભોગવવાનું હશે એટલે.'

મને એની વિશુદ્ધ વિચારસરણીથી આનંદ થયો. એનો અંતરાત્મા ઉદાત્ત લાગ્યો. મેં એને કહ્યું : 'પ્રાર્થનાની શક્તિ અસાધારણ અને અમોઘ છે. અને એથી વિશેષ શક્તિ છે જેમની પ્રાર્થના કરવામાં આવે છે તે પરમાત્માની. એ તને મદદ કરશે ને સહનશક્તિ તથા શાંતિ આપશે. એમનું શરણ અને સ્મરણ કદી નકામું નથી જતું.'

'કામકાજ કરતાં કે હાલતાં ચાલતાં એમનું પવિત્ર સુધાસભર નામ સ્મરણ કર્યા કરું છું અને ભૂલેચૂકે પણ કોઈપણ પ્રકારની અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિમાં બુદ્ધિ બગડે નહિ એનું ધ્યાન રાખું છું. બુદ્ધિ બગડે તો પ્રવૃત્તિ બગડે અને એ બંને બગડતાં આખું જીવન બગડી જાય. જીવન બગડે તો જીવવામાં સાર શો ? એનાં કરતાં તો મરણને શરણ થવાનું હજાર દરજ્જે સારું કહેવાય. જીવનમાં રહેવાનું મકાન સારું ના હોય તો ચાલે, ધનવૈભવ, માનપાન, ભોગવિલાસ કે સંતતિ ના હોય તો પણ ચાલે, પરંતુ પવિત્રતા ના હોય તો જરાપણ ના ચાલે. પરમાત્માને પ્રાર્થના કરું છું કે બીજું બધું સંસારનું સુખ ના આપવું હોય તો ભલે ના આપીશ પણ જીવનને પવિત્ર રાખવાની ને વધારે ને વધારે પવિત્ર કરવાની શક્તિ આપજે.'

એના ઉદગારો અદભુત, આશ્ચર્યકારક, આનંદદાયક હતા. કયા આત્મામાં કેવી અલૌકિકતા વસે છે તે કોણ કહી શકે ? બહારથી સામાન્ય દેખાતાં શરીરો કેટલીક વાર અસામાન્ય આત્મિક આભાથી અલંકૃત હોય છે. રાધાનું ઉદાહરણ એવું જ અનોખું હતું.

મેં કહ્યું : 'તું તો ભગવાનની ભક્ત લાગે છે.'

'ભક્ત થવાની કોશિશ કરું છું. વ્રજમંડળની રાધા જેમ કૃષ્ણની બનીને કૃષ્ણને માટે જીવતી હતી તેવી રીતે ભગવાનની બનીને ભગવાનને માટે શ્વાસ લેવાનો મારો મનોરથ હતો. આજે પણ છે. એને માટે બનતો પ્રયત્ન કરી રહી છું પરંતુ ...'

એ વધારે ન બોલી શકી. એનું હૃદય ભરાઈ આવ્યું. લાંબે વખતે બોલી : 'હવે જઉં. ઉપર બીજે માળે કામ રાખ્યું છે.'

'શું આપે છે ?'

'સો રૂપિયા. તમારા દર્શનથી આનંદ થયો. હૈયું સહેજ હળવું બન્યું. અહીં સંસ્થામાં ભાતભાતના સંત મહાત્માઓ આવ્યા કરે છે. કોઈની સાથે કામ પડે તો પણ વધારે સંબંધ રાખવાનું કે વાત કરવાનું નથી ગમતું. તમારી સાથે આજે આટલી વાતો થઈ ગઈ. હરકત નહિ.'

એ ચાલી નીકળી.

*

બીજે દિવસે એ કામ કરીને પાછી ફરતી'તી ત્યારે મકાનના નોકર નીલમણિએ દુર્ભાવનાથી પ્રેરાઈને એની મશ્કરી કરી. એથી એ એકદમ છંછેડાઈ ઉઠી : 'હરામી, મારી મશ્કરી કરે છે ? હું તો તારી બેન બરાબર છું.'

એ ચંપલ કાઢીને નીલમણિને મારવા દોડી.

નીલમણિ ડઘાઈ ગયો ને બોલ્યો : 'તું આટલી બધી રૂપાળી છે તો તને જોઈને બે શબ્દો કહેવાઈ ગયા એમાં આમ ગુસ્સે શું થાય છે ?'

'મને તું કોઈ વેશ્યા સમજે છે ?'

'મેં એવું ક્યાં કહ્યું છે ?'

'તો પછી ?'

'તો પછી શું ?'

'ફરીવાર આવી રીતે મારી મશ્કરી કરી તો આવી બન્યું સમજજે. મને છેડવામાં સાર નથી. હું તને કદી બોલાવું કે મને જોઈને મન બગાડે છે ?'

લોકો ભેગા થઈ ગયા એટલે રાધા ચાલી નીકળી.

નીલમણિએ લોકસમૂહને સંભળાવતાં જણાવ્યું : 'દુનિયા પણ કેવી છે ? કેટલી બધી બદલાઈ ગઈ છે ? ચોર કોટવાળને દંડે એવી વાત છે. મારી પાસે આવીને એણે સિનેમા બતાવવાની માગણી કરી અને મેં ના પાડી તો એ મારી ઉપર આળ ચઢાવીને ગુસ્સે થઈ. સારા માણસને શાંતિપૂર્વક જીવવાનું જ મુશ્કેલ છે. આવું બધું જોઈને મને તો નોકરી કરવાનું મન જ નથી થતું. વૈરાગ્ય થઈ જાય છે.'

*

ત્રણચાર દિવસ પછી રાધાએ એ બધી વાત કરીને મને કહ્યું : 'હું ગરીબ માબાપની દીકરી છું તો પણ સ્વમાની છું. મારા માતાપિતાએ મને પવિત્રતાનો પાઠ શીખવ્યો છે. જીવનમાં શીલ, સંયમ તથા પવિત્રતા ના હોય તો એ જીવનની કશી કિંમત નથી. એ જીવન ધૂળ જેવું છે. મારા પર કોઈ કુદૃષ્ટિ કરે ને મને જોઈને ફાવે તેમ બોલે એ મને ના ગમે. મારે માટે પરપુરુષ પિતા અને બંધુ બરાબર છે.'

સામે જ સમુદ્ર ઉછાળા મારી રહેલો. જીવન પણ એવા જ અનેકવિધ અભિનય કરે છે, જાતજાતના ઉછાળા મારે છે. એમાં પણ ભરતી અને ઓટ આવે છે. એનું સ્વરૂપ એકસરખું નથી રહેતું. તો પણ એનું અંતરંગ સંગીત અખંડ, સતત અથવા સનાતન રહેતું હોય, એનું કોઈક ધ્રુવપદ બનતું હોય, તો જીવવાનો આનંદ રહે છે, એનો અનેરો આસ્વાદ આવે છે.

રાધાના દિલમાં દર્દ હતું. એને ઠાલવતાં એણે વાતવાતમાં કહ્યું : 'મારા પતિના સંસ્કારો જુદા છે.'

'જુદા એટલે ?'

'મારાથી ઉલટા. મને ધર્મમાં, ભક્તિમાં, ભગવાનમાં શ્રદ્ધા છે તો એમને જરાય નથી. મને શીલ, સંયમ ગમે છે તો એમને સહેજ પણ નથી ગમતાં. એ બીજી સ્ત્રીના પ્રેમમાં પડ્યા છે, એનાથી મોહિત થયા છે. હું એમને ખૂબખૂબ સમજાવું છું પણ એ નથી સમજતા. પુત્રની પ્રાપ્તિ માટે એ મને છોડી દેવા ને બીજું લગ્ન કરવા તૈયાર થયા છે. મારી સાસુનો એમને ટેકો છે.'

'એ પુનર્લગ્ન કરશે તો ?'

'તો શું ? હું એમને કહું છું કે પુનર્લગ્ન કરવું હોય તો કરો. મને એની કશી જ ચિંતા નથી. હું તો આવી રીતે કામ કરીશ, આજીવિકા ચલાવીશ, ને ભગવાનની ભક્તિ કરતી રહીશ. મારી પુત્રી મારે પુત્ર બરાબર છે. એને મોટી કરીશ ને સંસ્કારી બનાવીશ. એમના જીવનપરિવર્તનને માટે પ્રાર્થના કરું છું. ભગવાનની કૃપાથી એમની બુદ્ધિ બદલાય અને એ સન્માર્ગે ચઢે તો સારું. મને સૌથી વધારે આનંદ થાય. નહિ તો પછી જેવું નસીબ. જેવી લેણાદેણી.'

'તું એકલી રહી શકીશ ?'

'ખુશીથી રહી શકીશ. અત્યારે પણ એકલા જેવી જ છું. મને સમજનારું કે ન્યાય કરનારું મારું આત્મીય એક ભગવાન વિના બીજું કોઈ નથી.'

*

રાધાની પ્રાર્થના આખરે ફળી ખરી.

એના પતિની વૃત્તિ તથા પ્રવૃત્તિમાં પરિવર્તન આવ્યું. એણે જ એના સમાચાર આપતાં ચારેક મહિના પછી મારે ફરીવાર મુંબાઈ જવાનું થયું ત્યારે કહ્યું : 'કલિયુગમાં ભગવાન નથી એવું થોડું છે ? એમણે મારી પ્રાર્થના સાંભળી.'

'કેમ શું થયું ?'

'મારા પતિનું મન બદલાયું. એમણે દારૂ, જુગાર બધું છોડી દીધું.'

'કેવી રીતે ?'

'જેની સાથે ખરાબ સંબંધ હતો તે સ્ત્રીનું એકાદ મહિના પહેલાં અચાનક મરણ થયું. એનો આઘાત લાગ્યો હોય કે ગમે તે હોય પણ એમનાથી એ બધું છૂટી ગયું. એમની બુદ્ધિ ઠેકાણે આવી ગઈ. એમના દુર્વ્યવહારને માટે એમણે મારી માફી માગી. હવે એ નોકરી કરવા પણ તૈયાર થયા છે. કોશિશ ચાલે છે. કોઈ કામ મળી જશે.'

'બીજા લગ્નનો વિચાર કરતા'તા એનું શું ?'

'એ વિચાર એમણે પડતો મૂક્યો છે. જો કે મારી સાસુનું મન નથી બદલાયું, પરંતુ હવે એમની શિખામણની એટલી બધી અસર નથી થતી.'

*

બીજે વરસે મેં મુંબઈની મુલાકાત લીધી ત્યારે રાધાના મુખમંડળની શ્યામતા સારા પ્રમાણમાં ઓછી થયેલી. એની સઘળી ચિંતાનો અંત આવેલો. એનો પતિ નોકરી પર ચઢેલો અને એને અનુકૂળ બનેલો. એની સાસુનો વીસેક દિવસની બિમારી બાદ સ્વર્ગવાસ થયેલો. એનો ઉલ્લેખ કરતાં એણે જણાવ્યું : 'બિમારી દરમ્યાન મેં મારી ફરજ સમજીને સાસુની સારી પેઠે સેવા કરી. એક દિવસ એમની સ્થિતિ સહેજ ગંભીર બની ગઈ ત્યારે એમના સારા થવાની પ્રાર્થના કરતાં કરતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. એમના પૂછવાથી મેં મારાં આંસુનું કારણ કહી બતાવ્યું તો એની અસર એમના પર ઘણી મોટી થઈ. એમણે પૂછ્યું કે તું મારે માટે પ્રાર્થના કરે છે ?

હા.

મેં તો તને સતાવવામાં કાંઈ બાકી નથી રાખ્યું. ખૂબ જ કષ્ટ આપ્યું છે. મારી તથા મરાવી પણ છે.

તેથી શું થયું ? મારાથી વેરભાવ રાખીને એનો બદલો થોડો જ લેવાય છે ? આપણું જીવન વેર માટે નથી, પ્રેમ માટે છે. મારો સ્વભાવ સદભાવ રાખવાનો છે. એને શી રીતે છોડી શકું ?

એમની આંખમાંથી અશ્રુધારા ચાલી. એમનું અંતર બદલાયું. એમણે કહ્યું : તું સ્ત્રી નથી, દેવી છે.

ના. સ્ત્રી છું. સ્ત્રી જ રહેવા માંગું છું.

મારા દુર્વ્યવહારને માટે મને માફ કરજે. ઈશ્વર તારું કલ્યાણ કરે.

એમણે મને આશીર્વાદ આપ્યા. પાંડુરંગે મારી પ્રાર્થના સાંભળી તો ખરી, એમને થોડોક આરામ પણ થવા લાગ્યો, પરંતુ અઠવાડિયા પછી એમની આંખ મીંચાઈ ગઈ. મરતાં પહેલાં સદભાવો જાગવાથી એમની સદગતિ થઈ.'

*

રવિવારે એના પતિને મારી પાસે લાવીને એણે કહ્યું : 'મહારાજને પગે લાગો. એમના આશીર્વાદથી આપણું કલ્યાણ થશે.'

મેં કહ્યું : 'તમારા પર ભગવાનનાં આશીર્વાદ છે. શીલ અને સંયમના આશીર્વાદ.'

એ ભાવવિભોર બની ગઈ ને બોલી : 'હવે હું રાધા બનવાની કોશિશ કરતાં વધારે ને વધારે ભક્તિ કરું છું. રાતે બને તેટલું જાગું છું.'

એના પતિએ જણાવ્યું : 'એ અમારા ઘરની દેવી છે. એના દર્શનથી હું પ્રસન્ન ને પાવન બનું છું.'

રાધા બોલી : 'એવું કહીને મને લજવશો નહીં.'

તો પણ ... એના વદન પર આનંદ વ્યાપ્યો. એથી અધિક સન્માનાંજલિ બીજી કયી હોઈ શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. મૌનીબાબા

નગરની ધર્મપ્રેમી પ્રજામાં ઉત્સાહની નવી લહરી ફરી વળેલી. નગરમાં એક મૌનીબાબા પધારેલાં. તે માત્ર દૂધ પર રહેતા, કેવળ કૌપીન પહેરતા, ને જાતજાતના ચમત્કારો કરી બતાવતા. અવકાશમાંથી હાથ હલાવીને જુદા જુદા પદાર્થો કાઢતા, મનની વાતોને જાણી લેતા, ભૂતભાવિનાં રહસ્યોનો ઉકેલ કરતાં, અને રોગનિવારણ તથા દુઃખમુક્તિના આશીર્વાદ આપતા. લોકો મોટી સંખ્યામાં એમના દર્શને જતા. મૌનીબાબા આવશ્યકતાને અનુસરીને કોઈ વાર સંકેત અથવા અભિનય દ્વારા તો કોઈ વાર લખીને વાત કરતા. ભાવિક લોકો એમના અનુભવના આધાર પર જાહેર કરતા કે આવા પરમ પ્રતાપી સમર્થ મહાપુરુષ અમારા અત્યાર સુધીના જીવનમાં અમે કદાપિ, ક્યાંય નથી જોયા. આ તો સાક્ષાત ઈશ્વર છે.

એ નગરમાં એ દિવસોમાં મારાં પ્રવચનો ચાલતાં હોવાથી થોડાક ભાવિક ભક્તોએ મારી પાસે આવીને મૌનીબાબાની પ્રસંશા કરીને મને એમના દર્શન માટે આવવાનો આગ્રહ કર્યો. મેં એમના અનોખા ઉત્સાહને માટે એમને અભિનંદન આપીને જણાવ્યું કે હમણાં તો અનુકૂળતા ઓછી છે એટલે આગળ પર અનુકૂળતા હશે તો જોઈશું.

શાસ્ત્રો તથા સંતો કહે છે કે બહારની નાનીમોટી સિદ્ધિઓ માનવનું કલ્યાણ નથી કરી શકતી. માનવનું વાસ્તવિક કલ્યાણ કરનારી સૌથી મોટી સાચી સિદ્ધિ આત્મસિદ્ધિ છે. તો પણ મોટા ભાગના માનવો બહારની સિદ્ધિઓથી પ્રભાવિત બને છે ને મોહાય છે. મૌનીબાબાથી પણ પ્રજા એટલી બધી પ્રભાવિત થઈ કે વાત નહિ. એમની સિદ્ધિઓની વાતો સાંભળીને આજુબાજુનાં નગરો ને ગામોની જનતા એમના દર્શને ઉમટવા લાગી. જનતાએ અભૂતપૂર્વ ઉલ્લાસનો પરિચય કરાવ્યો.

એ ઉલ્લાસ એકાએક એટલા માટે ઓસરી ગયો કે મૌનીબાબા માંદા પડ્યા. સાધારણ તાવ તથા પેટના દુખાવામાંથી શરૂ થયેલી એમની બિમારી છ સાત દિવસમાં તો એટલી બધી વધી ગઈ કે આખરે એમને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા. એક શ્રીમંત સેવાભાવી ભક્તિશાળી કુટુંબ એમની સેવામાં ખાસ રોકાયું. એ કુટુંબ એમના પ્રત્યે અસાધારણ આદરભાવ રાખતું.

મૌનીબાબાની વધારે પડતી બાહ્ય મુલાકાતો બંધ થઈ. લોકો કહેવા લાગ્યા કે જે બીજાના રોગો મટાડી શકે છે તે કદી બિમાર પડી શકે ? આ તો એમની લીલા છે. એક પ્રકારનો અભિનય. એમણે કોઈક શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્તની બિમારી લઈ લીધી લાગે છે.

એ છે જ દયાળુ ને ભક્તવત્સલ.

સંતો એવી રીતે બીજાની બિમારી લઈ શકે છે. એમની લીલા સામાન્ય માનવો ના સમજી શકે તેવી, ખૂબ જ ગહન હોય છે.

એમણે જુદા જુદા ભક્તોને રોગમુક્ત કરવા એમના રોગોને એક સાથે જ લઈ લીધા લાગે છે.

આપણે સામાન્ય આત્માઓ એમના મહિમાને શી રીતે સમજી શકીએ ? સમજવાની આવશ્યકતા પણ શી છે ? આપણે તો જે થાય તે કેવળ જોવાનું જ રહ્યું.

એમને આગળ પર કેટલીક અવનવી ઘટનાઓ જોવાની હતી એની કલ્પના પણ ક્યાંથી આવી શકે ?

એકાદ મહિનાની માંદગી પછી મૌનીબાબા સાજા થયા એટલે ભક્તોએ ઉત્સવ કરીને એ પાવન પ્રસંગને વધાવી લીધો. મૌનીબાબા હોસ્પિટલમાંથી બહાર આવ્યા એટલે દર્શનાર્થીઓની અને આશીર્વાદની અપેક્ષા રાખનારાની ભીડ જામી.

માનવમહેરામણ ઉમટવા માંડ્યો.

લોકોએ કહ્યું કે એવા સિદ્ધપુરુષને કશું જ ના થાય. કાળ એમને એમની અનુમતિ સિવાય સ્પર્શી પણ ના શકે.

પરંતુ ... બેચાર દિવસ પછી બનેલી એક ઘટનાએ એમનામાંના અનેકને વિચાર કરતા કરી મૂક્યા. મૌનીબાબાએ પોતાની સેવા કરનારા શ્રદ્ધાભક્તિસંપન્ન પરિવારની એક સુશિક્ષિત કન્યા સાથે સ્નેહલગ્ન કર્યું. કેટલાક તો એ સમાચારને સાચા માનવા તૈયાર ના થયા. પરંતુ તપાસ કરવાથી એ સાચા જણાયા. કોઈએ જણાવ્યું કે એવા સિદ્ધપુરુષ તો એમની ઈચ્છાનુસાર બધી જાતના અભિનયો કર્યા કરે. લગ્ન કરે તો પણ અલિપ્ત રહે. એ આપણી શ્રદ્ધાભક્તિની એવી રીતે કસોટી કરતા હશે. એ લગ્ન કરે એમાં આપણું શું ?

કોઈએ કહ્યું કે એ તો માયામાં પડ્યા. પતન પામ્યા. ત્યાગી સંતપુરુષો લગ્ન કરશે તો ત્યાગનો મહિમા શી રીતે સચવાશે ? એમણે એમના ઉચ્ચ આદર્શોને ગમે તે ભોગે વળગી રહેવું જોઈએ. એમાં કશી બાંધછોડ ના કરવી જોઈએ.

ગમે તેમ પણ લગ્ન પછી મૌનીબાબાના બાહ્ય રૂપરંગમાં ફેર પડ્યો. એમણે મૌન મૂકી દીધું. કોટપાટલૂન પહેરવા માંડ્યા. પેલી કન્યાને ત્યાં ઘરજમાઈ બનીને રહેવા માંડ્યું. ધ્યાન તથા સ્વાધ્યાયનો ત્યાગ કર્યો, અને સ્ત્રીમાં આસક્ત બનીને એને માટે જ જીવવા માંડ્યું. એ પણ અધુરા રહેલા કર્મસંસ્કાર અથવા શેષ રહેલી વાસનાના ઉપભોગની ભૂમિકા હતી. લગ્ન કર્યા પછી એમના જીવનવ્યવહારમાં ફેર પડ્યો અને એમની આત્મનિષ્ઠા બદલાઈ ગઈ એ આવકારદાયક તો નહોતું જ.

એમના ભક્તો અથવા અનુયાયીઓના બે ભાગ પડી ગયા. મોટા ભાગના ભક્તો અથવા અનુયાયીઓ એમના વિરોધી બન્યા.

ચારેક મહિના પછી મારે એ નગરમાં ફરીવાર જવાનું થયું ત્યારે મૌનીબાબા વધારે મોહમગ્ન બની ગયેલા. પેલી કન્યા-એમની સ્ત્રી એક દિવસ મને અચાનક મળી ગઈ. થોડીક ઉપલક વાતો કર્યા પછી એણે મને પૂછ્યું : 'તમે અમને ધિક્કારતા નથી ?'

'ના. જરાય નહિ.' મેં ઉત્તર આપ્યો. 'લગ્ન કોઈ ધિક્કારવા જેવી ઘટના નથી. પરંતુ મારે તમને એક અગત્યની સુચના આપવાની છે. નારી નારાયણી છે. એ ઉક્તિને તમે સાર્થક કરો. મૌનીબાબા તમારી અંદર વધારે પડતા આસક્ત થઈને ધર્મકર્મને, જીવનના ઉચ્ચતમ આદર્શને ભૂલી ગયા છે. તમે એમને એનું સ્મરણ કરાવો. એના અનુષ્ઠાન માટેની પ્રેરણા પૂરી પાડો, તથા મોહમુક્ત કરો. એક આદર્શ સન્નારી તરીકે એના જેવી સર્વોત્તમ સેવા બીજી કોઈયે નહિ હોય. એ ગૃહસ્થી તરીકે ભલે રહે, પણ સંત તરીકે મરી પરવારે નહીં એનું ધ્યાન રાખો.'

મારા ઉદગારોની અસર એમના પર અસાધારણ થઈ. એમણે એને માટે બાંયધરી આપીને જણાવ્યું : 'મારાથી બનતો બધો પ્રયત્ન હું જરૂર કરીશ. મારી સફળતા માટે તમારા આશીર્વાદ માંગું છું.'

'એને માગવાની જરૂર નથી. એ તો છે જ.'

મને નિરાંત થઈ. બેત્રણ વરસના ગાળામાં તો એ સન્નારીએ જપ, ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાયમાં વિશેષ રુચિ દ્વારા મૌનીબાબામાં પવિત્ર પરિવર્તન પ્રારંભ્યું. એ સાંભળીને મને આનંદ થયો. મેં એમને અભિનંદન આપ્યાં. એમણે સંકોચ સાથે કહ્યું : 'હજુ અભિનંદનને વાર છે.'

મેં જણાવ્યું : 'જાણું છું. પણ આ તો શરૂઆત છે.'

સ્ત્રી-એક સન્નારી ધારે તો શું ના કરી શકે ? એ નારાયણી છે. અસાધારણ શક્તિવાળી છે. એ દેવી બને તો બીજાને દૈવી બનાવી શકે. તરવાનો પ્રયત્ન કરીને તારી શકે. મૌનીબાબાનો દેહ બદલાયો છે કિન્તુ આત્મા પાછો આવ્યો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. વિઠ્ઠલભાઈની સેવા

ભારતના ઐતિહાસિક શકવર્તી સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધીજીએ જે ભાગ ભજવ્યો એ એકદમ અનોખો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રમુખ પ્રેરક અને પથપ્રદર્શક બનવાનું કાર્ય એમને સોંપાયેલું, અને એમણે એને સંતોષકારક રીતે સફળતાપૂર્વક પૂરૂં કર્યું. એ અગત્યના કલ્યાણકાર્યમાં અસંખ્ય આત્માઓનો સાથ હતો, અસંખ્ય જ્ઞાત-અજ્ઞાત આત્માઓએ એ અસાધારણ સેવાયજ્ઞમાં પોતાની અનુરાગપૂર્ણ આદરયુક્ત આહુતિ આપેલી, એનો ખ્યાલ એના ઈતિહાસનું વિહંગાવલોકન કરવાથી સહેલાઈથી આવી શકે છે.

એ સંબંધમાં મહત્વની સામગ્રી પૂરી પાડનારા નીચેના પત્રોને વાંચવા જેવા છે. એ પત્રો શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને મહાત્મા ગાંધીજીના લખેલા છે.

(૧)

આર્ય ભવન
સેંડહર્સ્ટ રોડ, મુંબઈ
૧૦ મે, ૧૯૨૬

પ્રિય મહાત્માજી,

લેજીસ્લેટીવ એસેમ્બલીના સભાપતિત્વનો સ્વીકાર કરતી વખતે મેં મનોમન નિશ્ચય કરેલો કે મારા પગારમાંથી જે કાંઈ બચત થશે એનો કોઈ રાષ્ટ્રોપકારી કામ માટે ઉપયોગ કરીશ. કેટલાંક કારણોને લીધે, પહેલા છ માસ દરમ્યાન કોઈ ખાસ રકમ નથી બચાવી શક્યો. મને જણાવતાં હર્ષ થાય છે કે ગયા મહિનાથી હું મુશ્કેલીમાંથી મુક્તિ મેળવી શક્યો છું ને મોટી રકમ બચાવી શકું છું. મારે લગભગ માસિક બે હજાર રૂપિયાની આવશ્યકતા છે. ઈન્કમટેક્ષને બાદ કરતાં મારો માસિક પગાર ૩૮૨૫ છે. એટલા માટે ઈચ્છું છું કે ગયા માસથી શરૂ કરીને દર મહિને ૧૮૨૫ રૂપિયાની રકમ અલગ રાખું. એનો ઉપયોગ આપ જે કામમાં, જેવો ચાહો તેવો, કરો. મારા મનમાં એ વિશે થોડાક વિચારો છે. એમના સંબંધી હું આપની સાથે સમય પર ચર્ચા કરીશ, પરંતુ આપ મારા વિચારો સાથે સહમત થશો કે નહિ થાવ તો પણ, એ રકમ પર આપનો અધિકાર રહેશે. આ સાથે એપ્રિલ માસના પગારમાંથી ૧૮૨૫ રૂપિયાનો ચેક મોકલું છું.

મને વિશ્વાસ છે કે આપ આ જવાબદારીનો અસ્વીકાર નહિ કરો.

આપનો
(હ.) વી. જે પટેલ

(૨)

'સુખડેલ'
સિમલા, ૩૧ મે, ૧૯૨૬.

પ્રિય મહાત્માજી,

આ સાથે ૪૩૨૫ રૂપિયાનો ચેક મોકલ્યો છે. એમાં ૧૬૨૫ રૂપિયા મે ના મારા પગારના હિસ્સાના છે અને ૨૭૦૦ રૂપિયા મુંબઈ કોર્પોરેશનના સભાપતિત્વના કાર્યકાળની સમાપ્તિ સમયે મારે માટે એકઠી કરેલી ૫૦૦૦ ની થેલીમાંથી ૩૨૦૦ રૂપિયામાંથી બાકી છે.

એ રકમ મારા પગારમાંથી અપાતા મારા માસિક સહાયતા કોષમાં માની લેવાની છે.

આપનો

(હ.) વી. જે પટેલ

(૩)

આશ્રમ

સાબરમતી, ૨૫-૭-૧૯૨૬.

પ્રિય વિઠ્ઠલભાઈ,

મારી પાસે આપના પત્રો અને બધા મળીને ૭૫૭૫ રૂપિયાના ચેક આવ્યા છે. એમાં એસેમ્બલીના પ્રમુખના રૂપમાં આપના ત્રણ મહિનાના પગારનો ભાગ છે અને ૫૦૦૦ની થેલીની બચત છે. એ રકમ આપે મને મારી મરજી મુજબના દેશોપકારી કામમાં વાપરવા માટે આપી છે. એ પત્ર લખ્યા પછી આપે મારી સાથે આપના સુંદર દાનના ઉપયોગ સંબંધી વિચારોની ચર્ચા કરી છે. એ રકમના ઉપયોગ વિશે મેં ખૂબ વિચાર કર્યો છે, અને એવા નિર્ણય પર પહોંચ્યો છું કે હાલ તો એને જમા કરું. એટલા માટે આશ્રમના એજન્સી ખાતામાં એને છ માસની બાંધેલી મુદત માટે જમા કરું છું જેથી વ્યાજની સારી રકમ મળે, અને દલબંધીનો ઝઘડો પૂરો થતાં કેટલાંક મિત્રોની મદદથી, આપની અને એમની સલાહથી કોઈક પ્રસંશનીય રાષ્ટ્રીય કામમાં વાપરું.

એ પહેલાં આપને આપ જેથી પ્રેરાઈને આપના પગારનો મોટો ભાગ સાર્વજનિક કામ માટે આપો છો એ ઉદારતાને માટે અભિનંદન આપું છું. આશા રાખું છું કે આપનું ઉદાહરણ અન્ય લોકોને અસર કરશે.

આપનો

(હ.) મો. ક. ગાંધી

(૪)

૨૦, અકબર રોડ

નવી દીલ્હી, ૯ માર્ચ ૧૯૨૭.

પ્રિય મહાત્માજી,

ગયા એપ્રિલના મારા પત્રમાં કહ્યા પ્રમાણેના કામ માટે, મારા પગારમાંથી બચાવી શકાતી રકમ મેં આપને આપવાનો નિશ્ચય કર્યો છે એ આપ જાણો છો. એસેમ્બલીના સભાપતિત્વના મારા કાર્યકાળ દરમ્યાન સંભવ હોય ત્યાં સુધી એવો પ્રબંધ ચાલુ રાખવા માગું છું.

ફેબ્રુઆરીના અંત સુધી જે કાંઈ બચત કરી શકાઈ છે તેનો ચેક ૨૦૦૦ રૂપિયાનો આ સાથે મોકલી રહ્યો છું.

આપનો

(હ.) વી. જે પટેલ

એ પત્રો શ્રી વિઠ્ઠલભાઈ પટેલની અસાધારણ રાષ્ટ્રભક્તિનું દર્શન કરાવે છે. એવી રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈને ગાંધીજી રાષ્ટ્રસેવાના કાર્યમાં પડેલા એથી એમને પોતાની રીતે મદદરૂપ થવાનો એમણે નિર્ણય કરેલો. એ જમાનામાં હજારો રૂપિયાની એ મદદ ઘણી મોટી હતી. એ મદદ દ્વારા વિઠ્ઠલભાઈએ પોતાનું રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અદા કર્યું.

વિઠ્ઠલભાઈનું જીવન સાદું અને ઉચ્ચ વિચારો, ભાવો અને સંકલ્પોથી સંપન્ન હતું. એ અપરિગ્રહ, ત્યાગ, દયા તથા સ્વાર્થરહિત સેવાભાવના પ્રતીક હતા. એમના કાર્યક્ષેત્રમાં રહીને એમની શક્તિ સામગ્રીની મર્યાદા મુજબ એ અન્યને ઉપયોગી થવાની કોશિશ કરતા. રાષ્ટ્રના નવનિર્માણના કપરા કસોટીકાળ દરમ્યાન રાષ્ટ્રભક્તિનું એ ઉદાહરણ ખાસ યાદ રાખવા જેવું ને પ્રેરણા પામવા જેવું છે. પોતપોતાના કાર્યક્ષેત્રમાં રહીને સર્વોચ્ચ માનવીય ગુણોથી સંપન્ન બનવાનો પ્રયાસ કરતાં, સૌ કોઈ રાષ્ટ્રના સેવાયજ્ઞમાં પોતપોતાની રીતે આહુતિ આપે અને અન્યની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ તથા સમુન્નતિને માટે કાર્ય કરતાં શીખે તો રાષ્ટ્રનું રૂપ બદલાઈ જાય. રાષ્ટ્રને મોટી મદદ મળે. વિઠ્ઠલભાઈની જેમ પોતાની રીતે સૌ સેવાનો સંકલ્પ અને એ સંકલ્પનો અમલ કરે એ ઈચ્છવા જેવું છે. રાષ્ટ્રને તન, મન, ધન, સર્વથી મદદ કરનારા માનવોની આવશ્યકતા છે. કોઈપણ રાષ્ટ્ર એમના સિવાય સાચી ને સંપૂર્ણ સમુન્નતિ ના સાધી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. ભૂતનાથ મહાદેવના બ્રહ્મગિરિજી

સિદ્ધયોગીસેવિત ગિરિવર ગિરનારની ગૌરવવંતી ગોદમાં, એની તપઃપૂત પ્રશાંત તળેટીમાં વસેલું જુનાગઢ.

એમાં વેરાવળ રોડ પર પ્રસિદ્ધ બહાઉદ્દીન કોલેજની સામે આવેલું ભૂતનાથ મહાદેવનું સુંદર સુવિશાળ સ્થાન.

એના માયાળુ મહંત બ્રહ્મગિરિજી મહારાજ.

ઈ. સ. ૧૯૭૫ના ડીસેમ્બર મહિનામાં મારે ત્યાં પહેલીવાર પ્રવચનો કરવા જવાનું થયું ત્યારે અનાયાસે એમના પરિચયમાં આવવાનું થયું. મારો ઉતારો ત્યાં રાખવામાં આવ્યો અને મારા પ્રવચનો પણ ત્યાં જ યોજાયા.

બ્રહ્મગિરિ મહારાજ મૂળ ગોંડલના. પૂર્વના કોઈક અદૃષ્ટ અગમ્ય કર્મસંસ્કારોને લીધે નાની ઉંમરથી જ ગિરનારના અસાધારણ આકર્ષણને અનુભવતા અને એની પુરાણપ્રસિદ્ધ પવિત્ર ભૂમિમાં જવાના સ્વપ્નાં સેવતાં.

પરમાત્માની પરમ કૃપાથી એમનાં સ્વપ્નાં સાચાં પડ્યાં અને એક ધન્ય દિવસે એમના અસાધારણ અનોખા આત્મસંતોષ સાથે એ ગિરનારના પાવન પ્રદેશમાં પહોંચી ગયા. સંસારની સફરે નીકળેલા આત્માને એનું અસલ વતન મળ્યું; ચિરપરિચિત સાધનાસ્થળ જડ્યું.

એમણે ગિરનારની યાત્રા કરી. કોઈ પ્રાતઃસ્મરણીય સિદ્ધ મહાપ્રતાપી મહાપુરુષના મેળાપ માટે દૃષ્ટિ દોડાવી. એવા મહાપુરુષનો મેળાપ તો પૂર્વજન્મના પ્રબળ સંસ્કારો અથવા પરમાત્માની પરમ કૃપા હોય તો જ થઈ શકે. એમની શોધ ફળી. એમને સાધનાની સુયોગ્ય ભૂમિ પણ પ્રાપ્ત થઈ.

ગિરનારને ચઢનારા પ્રવાસીઓ અંબાજીની ટૂંક સુધી પહોંચીને દૂર દૃષ્ટિપાત કરે છે તો ગોરખનાથની તથા દત્તાત્રેયની ટૂંકનું દર્શન કરે છે. ગોરખનાથના સુપ્રસિદ્ધ સ્થાનની નીચેના ભાગમાં દૃષ્ટિપાત કરતાં કમડંલ કુંડનું દર્શન થાય છે. એ સ્થાન ઘોર જંગલમાં વસેલું છે. ત્યાં ભગવાન દત્તાત્રેયની ધૂણી છે, કેટલાક સાધુઓ વસે છે, અતિથિઅભ્યાગતની અન્નક્ષેત્ર દ્વારા સેવા કરાય છે, અને પરંપરાગત લોકોક્તિ પ્રમાણે આજે પણ કોઈક અલૌકિક અવસર પર ભગવાન દત્તાત્રેય પધારે છે ત્યારે કોઈ સૌભાગ્યશાળી સુસંસ્કારી સાધકો કે સત્પુરુષોને એમનું દેવદુર્લભ દૈવી દર્શન સાંપડે છે. એ એકાંત શાંત સ્થળના મહંતો પણ મોટે ભાગે પરમ તપસ્વી, ત્યાગી તથા સેવાભાવી હોય છે. એ સ્થળ અને એના સ્થાનાધ્યક્ષોના સંબંધમાં પ્રાચીનકાળથી જાતજાતની ચમત્કારિક વાર્તાઓ વહેતી આવે છે. એમનો પોતાનો અનોખો આહ્લાદક ઈતિહાસ છે. એ ઈતિહાસના સ્વલ્પ શ્રવણમનનથી પ્રભાવિત થયેલા બ્રહ્મગિરિ એ સુપ્રસિદ્ધ સ્થાનવિશેષમાં જઈ પહોંચ્યા. એના અવલોકનથી એમનું અંતર આનંદ પામ્યું અને શાંતિ અનુભવવા લાગ્યું. એમણે દત્તાત્રેયની ધૂણીનું, આજુબાજુના વિશાળ વનનું, તથા સ્થાનાધ્યક્ષનું દર્શન કર્યું. એમનું મન માની ગયું. સેવાભાવી સાધનાપરાયણ પરમતપસ્વી સ્થાનાધ્યક્ષનાં ચરણોમાં એમણે સર્વસમર્પણ કર્યું. સદગુરુએ શિષ્યનો સ્વીકાર

કર્યો. એ એમની સેવામાં રહ્યા. સદગુરુએ સુયોગ્ય સમય પર એમનું નવીન નામકરણ કર્યું. એમના જીવનના અવનવીન અજ્ઞાત આધ્યાત્મિક અંકનો આરંભ થયો.

એ સંબંધી એમના જ શબ્દોમાં સાંભળીએ :

'મારા જીવનનો એ અનોખો અધ્યાય આરંભાયો. મારામાં કોઈ બીજું જ્ઞાન તો હતું નહીં. ગુરુના આદેશાનુસાર એમની અને ત્યાં આવનારા સંતોની સેવા કરતો અને મંત્ર જપતો. મારી સમજ અને શક્તિ પ્રમાણે બનતી સાધના કરતો. મારા ગુરુ પરમ પ્રતાપી તપસ્વી સિદ્ધ હતા. એમને વચનસિદ્ધિ સાંપડેલી. એમના આશીર્વાદ ફળતા. એમનો સમાગમ સાચેસાચ સુખદ હતો.'

'તમે કમંડલ કુંડના એ સ્થાનમાં કેટલો વખત વાસ કર્યો ?' મેં પૂછ્યું.

'બધાં મળીને બાર વરસ.'

'બાર વરસ ?'

'હા. એ સ્થળમાં સામાન્ય રીતે એક યુગ થઈ ગયો.'

'એ દરમ્યાન ત્યાં જ રહીને સેવા કરતા કે બીજે ક્યાંય જતા ?'

'મારા ગુરુએ મને ભગવાન દત્તાત્રેયની સેવા સોંપેલી એટલે રોજ સવારસાંજ હું દત્ત ભગવાનના સ્થાન પર જતો. કડકડતી ઠંડી હોય કે મૂશળધાર વરસાદ હોય, રોજ પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં મારે ત્યાં પહોંચવું પડતું. વરસો સુધી મેં એ સેવાકાર્ય કર્યું, અને એ પણ અતિશય ઉત્સાહપૂર્વક ને આદર સાથે. ઉંમર નાની હતી પણ ઉત્સાહ અનેરો એટલે કોઈવાર કંટાળો ના આવ્યો. એ સ્થાનની સેવામાં અસાધારણ આનંદ આવતો. એ સેવાકાર્યને સોંપાવીને ભગવાન દત્તાત્રેયે મારા પર કૃપા કરી હોય એવું લાગતું.'

'તમને એ દિવસો દરમિયાન કોઈ સિદ્ધ મહાપુરુષના કે દત્ત ભગવાનના દર્શનનો લાભ મળેલો ?'

'કમંડલ કુંડનું સ્થાન અતિશય અદભુત મનાય છે. એ સુંદર શાંત સ્થાનમાં કોઈ કોઈવાર સિદ્ધપુરુષો પધારતા. અમારા ગુરુદેવ અમને એમની માહિતી આપતા. પરંતુ અમારી અલ્પ બુદ્ધિ તથા શક્તિને લીધે એમને ઓળખવાનું અઘરું હતું. મારા એ વખતના જીવનના એક આશ્ચર્યકારક પ્રસંગને હું આજે પણ નથી ભૂલ્યો. ભવિષ્યમાં પણ નહીં ભૂલી શકું. મારા નિત્ય નિયમ પ્રમાણે એક દિવસ વહેલી સવારે હું દત્ત ભગવાનના સ્થાન તરફ આગળ વધતો'તો ત્યારે દત્ત ભગવાનના સ્થળથી થોડેક દૂર પગથિયાં પર મેં કોઈક સંતપુરુષને સુતેલા જોયા. હું વિચારમાં પડ્યો કે આ સંત આટલા બધા વહેલા હજુ પૂર્ણ પ્રકાશ પ્રકટ્યો નથી તે પહેલાં અહીં કેવી રીતે ને ક્યાંથી આવ્યા ? મારી બુદ્ધિ કામ કરી શકી નહીં. એ પગથી માથા સુધી ઓઢીને સુતેલા. એ પાછળથી ક્યારે અને ક્યાં વિદાય થયા તેની ખબર ના પડી. ભગવાન દત્તાત્રેય અથવા ગિરનારના પવિત્ર પ્રદેશમાં રહેતા કોઈક પરમસિદ્ધ મહાપુરુષ મારા પર કૃપા કરીને મને એવી રીતે દર્શનલાભ આપવા આવ્યા હોય એવું લાગ્યું. એમની સાથે કશી વાતચીત ના થઈ. એમની મુખાકૃતિની ઝાંખી પણ ના કરી શકાઈ તો પણ કોણ જાણે કેમ પણ એમના દર્શનથી શાંતિ મળી. અંતરમાં અલૌકિક અવર્ણનીય આનંદ ફરી વળ્યો.'

'એવા કોઈ બીજા અસાધારણ પ્રસંગનું સ્મરણ થાય છે ?'

બ્રહ્મગિરિજી વિચારમાં પડ્યા. એમનું મન ગિરનારનાં વાદળ સાથે વાતો કરનારાં શૃંગો અને ગોરખનાથની ટૂંકથી દત્તશિખર સુધીનાં પગથિયાં પર પહોંચી ગયું. સહેજ વાર શાંત રહીને એમણે કહેવા માંડ્યું : 'દત્ત ભગવાને મારી કસોટી કરવામાં કશું બાકી નહોતું રાખ્યું. એ કસોટીમાંથી હું એમની કૃપાથી જ પાર ઉતર્યો. ઠંડી અને વરસાદની કસોટી તો ઠીક પરંતુ એક દિવસ એમણે મારી ખૂબ જ કપરી કસોટી કરી. ગિરનારનાં જંગલોમાં ભયંકર હિંસક પશુઓ વસે છે. એમાંથી એકનો મને મેળાપ થયો. ભગવાન દત્ત પોતે જ એ સ્વરૂપમાં મારી પરીક્ષા માટે પધાર્યા હોય તો પણ કોને ખબર ? ગોરખ ટૂંકથી આગળ વધીને એક દિવસ હું દત્ત શિખર તરફ જઈ રહેલો ત્યારે માર્ગમાં મને એક ભયંકર પશુની મુલાકાત થઈ. એ પશુ પગથિયાંની એક તરફ ઊભેલું. અમારી આંખ એક થઈ. મારા હાથમાં પૂજાની સામગ્રી હતી. શું કરવું એ પ્રશ્ન પેદા થયો. ભયભીત બનવાથી કશું વળે તેમ ન હતું. મેં દત્ત ભગવાનનું સ્મરણ કર્યું. એમને પ્રાર્થના કરી. એ ભયંકર પ્રાણી મારી પરીક્ષા કરતાં ઊભું રહ્યું. આખરે હું એક તરફથી આગળ વધ્યો એટલે એ પર્વતની નીચેના વિસ્તારમાં કૂદી પડ્યું ને અદૃશ્ય થયું. ભગવાનની કૃપાથી જ મારી રક્ષા થઈ. ગિરનારના પર્વત પરનું જીવન એવી અનેક પ્રકારની અગ્નિપરીક્ષાઓથી ભરેલું હોવા છતાં હું હિંમત ના હાર્યો. નિરાશ ના થયો. કર્તવ્ય પ્રત્યે પ્રમાદી ના પણ ના બન્યો. ગુરુદેવની કૃપાથી મને કશી મુશ્કેલી ના પડી. અગ્નિપરીક્ષાનો એ આકરો સમય સમાપ્ત થયો અને મારે આ સ્થળમાં આવવાનું થયું. કમંડલ કુંડના મહંત તરીકે મારા ગુરુભાઈ કામ કરે છે.'

બ્રહ્મગિરિ મહારાજે ભૂતનાથ મહાદેવના મંહત તરીકે નીમાયા પછી એ સુંદર સ્થાનના વિકાસમાં સક્રિય રસ લીધો. એ સ્થાનનો પાર વિનાની પ્રતિકૂળતાઓની વચ્ચે વસીને ધીરજ ને હિંમતથી ઉત્તરોત્તર વિકાસ કર્યો. એમની આકાંક્ષા ત્યાં વિશાળ વિદ્યાલય સ્થાપવાની છે. મહાદેવમાં એમણે થોડાક વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે આશ્રય આપ્યો છે. સાધુસંતો અથવા અતિથિ અભ્યાગતોને માટે ત્યાં સદાવ્રત ચાલે છે. જેમને કરવું હોય તેમને બંને વખતે તૈયાર ભોજન મળે છે. બ્રહ્મગિરિજીએ જણાવ્યું કે રામરોટીનો રિવાજ અમારે ત્યાં પરંપરાથી ચાલ્યો આવે છે. જે આવે છે તેને ભિક્ષા મળે છે. કોઈકવાર કોઈ મહાપુરુષ પણ આવી જાય છે. એમના દર્શનથી કૃતાર્થ થવાય છે. મારા આવ્યા પછી આ સ્થળમાં સ્ત્રીઓ નિર્ભયતાથી વિહરે છે. એમનું કોઈ નામ નથી લેતું. કેટલાક લાગવગવાળા માથાભારે માણસોએ મને હેરાન કરવાના, અહીંથી નસાડવાના, અને અહીંના કેટલાક વિસ્તારને પચાવી પાડવાના પ્રયત્નો કરી જોયા પરંતુ ભૂતનાથ ભગવાનની કૃપાથી એ બધા નિષ્ફળ ગયા.

બ્રહ્મગિરિજી મહારાજ ભગવાન ભૂતનાથના કૃપાપાત્ર છે. એમની કૃપાથી એ સરસ કાર્ય કરી રહ્યા છે. નાથ સંપ્રદાયની સુખદ સ્મૃતિ કરાવતાં એ કાનમાં કુંડળ પહેરે છે. એમને લીધે એ સ્થળની શોભા ને મહત્તા વધી ગઈ છે. ગરવા ગિરનારની સુખદ છત્રછાયામાં સુશોભિત એ સ્થાન એમને લીધે વધારે શોભાયમાન અને સજીવ લાગે છે.

પ્રવાસીઓને એ પ્રેરણા પૂરી પાડે છે. પર્વત પર ચઢવાની ઈચ્છાવાળા પ્રવાસીઓને પ્રોત્સાહન પૂરું પાડતાં એકવાર એમણે જણાવ્યું : 'ગિરનાર પર ચઢવાનું કામ ધાર્યા જેટલું અઘરું નથી. દત્ત ભગવાનની કૃપાથી ચઢી જશો. એ જ ચઢાવી દેશે. હિંમત ના હારશો. જેટલું જવાય એટલું જશો તો પણ લાભ જ થશે.'

અમારે નીકળવાનું થયું તે પહેલાં એમણે કહ્યું : 'કોઈવાર મહાશિવરાત્રીના મેળા પર અહીં આવો તો ખૂબ જ સારું લાગશે. એ વખતે આ ભૂમિ સંતપુરુષોથી ભરાઈ જાય છે. એ દૃશ્ય અનેરું હોય છે.'

એવો અવસર તો જ્યારે આવે ત્યારે ખરો. અત્યારે તો એ પવિત્ર ભૂમિની સ્મૃતિ પણ આનંદ આપે છે ને પ્રેરક ઠરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. બદરીનાથના સિદ્ધ સંતપુરુષ

ઉત્તરાખંડની પુણ્યભૂમિએ અતીતકાળથી માંડીને અર્વાચીન સમયપર્યંત અસંખ્ય આત્મદર્શી આપ્તકામ પ્રાતઃસ્મરણીય સિદ્ધ મહાપુરુષોને આશ્રય આપ્યો છે. એમના સુરદુર્લભ સુખદ સમાગમે તથા સદુપદેશે અનેકને પ્રેરણા અને પથપ્રદર્શન પહોંચાડીને કૃતકૃત્ય કર્યાં છે. વરસો પહેલાં બદરીનાથના ઋષિમુનિસેવિત તપઃપૂત પવિત્ર પ્રદેશમાં સિદ્ધબાબા સુંદરનાથજી રહેતા. એમના નામ પ્રમાણે એ નાથ સંપ્રદાયના સંતપુરુષ હોવાનું અનુમાન થતું. બદરીનાથની અસહ્ય ઠંડીમાં દિગંબર દશામાં રહેનારા એ સ્વનામધન્ય સંતપુરુષ સતત સાધના દ્વારા આત્મવિકાસની એવી અલૌકિક અવસ્થા પર પહોંચેલા જ્યાં કોઈ પણ પ્રકારનાં વર્ણાશ્રમ કે સંપ્રદાય સંબંધી બાહ્ય બંધનો નહોતાં રહ્યાં, તો પણ આરંભમાં એમને નાથસંપ્રદાય પ્રત્યે અભિરુચિ રહી હશે એવું લાગતું. એમના અવલોકનથી જ એ જીવનમુક્ત પૂર્ણપદ પ્રતિષ્ઠિત થયા હોય એવી છાપ પડતી. એમના દર્શનના દિવ્ય લાભને પ્રાપ્ત કરનારા કોઈ કોઈ વિરલ વયોવૃદ્ધ પુરુષો આજે પણ એમના સુમધુર સંસ્મરણોને સંભળાવે છે ત્યારે અવર્ણનીય આનંદ અનુભવાય છે.

એ સિદ્ધ મહાપુરુષના મહિમાની મંગલમય વાતોને સાંભળીને મને થયું કે એમના દેવદુર્લભ દર્શનનો લાભ મળ્યો હોત તો કેટલું સારું ? દર્શનાર્થીઓ કહેતા કે એ બદરીનાથ મંદિરની સામે અલકનંદાના પ્રશાંત તપઃપૂત તટપ્રદેશ પર અર્ધ પદ્માસનસ્થ દશામાં લીન બનીને બેસી રહેતા. કોઈએ એમને ઊઠતાં, ચાલતાં કે સુતાં નહોતા જોયા. એમણે તન, મન, અંતર અને આત્મા પર પૂર્ણ પ્રભુત્વ પ્રસ્થાપિત કરેલું. એમના વિશેની વિવિધ વાતોને સાંભળીને મને એમને માટે અસાધારણ આદરભાવ થયો. અંતરમાં એમના દૈવી દર્શનની આકાંક્ષા થઈ.

જેમણે પોતાના પંચમહાભૂતના સ્થૂળ શરીરને છોડી દીધું હોય તે કોઈને દર્શન આપી શકે ? જો એ સિદ્ધપુરુષ હોય અને ઈચ્છે તો પોતાની સવિશેષ શક્તિથી દર્શન અવશ્ય આપી શકે. મહાપુરુષો સુક્ષ્મ સ્વરૂપમાં રહીને અનેક પ્રકારનાં આશ્ચર્યકારક કામો કરતા હોય છે. સુંદરનાથજીએ પોતાના પંચભૂતાત્મક પાર્થિવ શરીરનો પરિત્યાગ કર્યો હોય એવો કોઈ પુરાવો નહોતો મળ્યો. એમનું મૃત શરીર કોઈએ નિહાળ્યું નહોતું. એ અદૃશ્ય થઈ ગયું એવું અનુમાન કરાતું. જો એવું જ હોય અથવા એ સૂક્ષ્મ અથવા આત્મસ્વરૂપે અસ્તિત્વ ધરાવતા હોય તો પણ ઈચ્છાનુસાર દર્શન આપી શકે. એવા અડગ આત્મવિશ્વાસથી પ્રેરાઈને મેં એમના દર્શન માટે ઈચ્છા કરી અને પ્રેમપૂર્વક પ્રાર્થના આદરી. એના પરિણામે મને એક પ્રભાતે ધ્યાનાવસ્થામાં જણાવવામાં આવ્યું કે સિદ્ધબાબા સુંદરનાથનું દર્શન-પ્રત્યક્ષ દર્શન-તમને બદરીનાથની પુણ્યભૂમિમાં આ વરસે જૂન મહિનાની એકવીસમી તારીખે થશે. એ અદભુત અનુભવથી મને આનંદ થાય અને સંતોષ સાંપડે એ સ્વાભાવિક હતું.

એ વરસે ઈ.સ.૧૯૪૮માં મારે બદરીનાથ જવાનું થયું ત્યારે મારી સાથે પ્રયાગરાજથી આવેલા મહાત્મા કુલાનંદ પણ હતા. કુલાનંદ શાંત પ્રકૃતિના સ્વાનુભવના પ્રદેશમાં પ્રવેશેલા સંતપુરુષ હતા. યાત્રા દરમિયાન વાત નીકળતાં એમણે જણાવ્યું કે મારા સદગુરુ શ્રી સચ્ચેબાબાએ આજે મને દર્શન આપીને કહ્યું છે કે બદરીનાથમાં સુંદરનાથનું દર્શન જૂનની એકવીસમી તારીખે થવાનું છે.

અમને બંનેને એક જ મહિનાની એક જ તારીખ મળેલી એ આશ્ચર્યકારક લાગે તેવું હોવા છતાં એમાં કશું આશ્ચર્યકારક નહોતું. ઈશ્વરની અચિંત્ય મહિમામયી શક્તિ એવી અદભુત રીતે અનુભવ આપી શકે છે. એ અનુભવો બે કે વધારે વ્યક્તિઓને થતા હોય તો પણ કેટલીક વાર મળતા આવે છે. સાધન અથવા માધ્યમ જુદાં જુદાં પરંતુ સત્ય અને એનો પ્રાદુર્ભાવ એક જ હોય છે.

પર્વતોની પગદંડી પરથી પ્રવાસ કરીને અમે બદરીનાથ પહોંચ્યા. ત્યાંના પાવન પ્રદેશમાં પરમાત્મમય પરમાણુઓની વચ્ચે થોડાક દિવસો સાધનાપરાયણ બનીને શાંતિથી વાસ કર્યો. ત્યાં સુંદરનાથજી તો નહોતા. પરંતુ જે શિલા પર એ વિરાજતા એ અલકનંદાના તટપ્રદેશ પરની સાર્થક શિલા હતી. ત્યાં એક નાનો છોડ ઉગેલો. સુંદરનાથના સુરદુર્લભ દર્શનની આકાંક્ષા તો હતી પરંતુ એ આકાંક્ષા કેવી રીતે ફળે ? પેલા દિવ્ય દિવસની પ્રતીક્ષા કરતાં અમારે કેવળ પ્રાર્થના જ કરવાની શેષ રહેલી. સંતપુરુષો તો બદરીનાથમાં બીજા અનેક હતા કિન્તુ કોઈને જોઈને મન માનતું નહોતું.

આખરે એ તારીખ આવી પહોંચી. અમારું ધ્યાન કેટલાય વખતથી એના તરફ કેન્દ્રિત થયેલું. સવારે સૂર્યોદય પછી તપ્તકુંડમાં સ્નાન કરીને અમે બદરીનાથના મંદિરની નીચેના રાજમાર્ગ પર આવ્યા ત્યારે અમારા આશ્ચર્ય વચ્ચે એક સંતપુરુષને જોયા. એમના શરીર પર ભસ્મ ચોળેલી. એમની આંખ અતિશય તેજસ્વી હતી. માથે જટા, હાથમાં ત્રિશૂળ, અંગ પર કૌપીન અને સામાન્ય સફેદ ઉપવસ્ત્ર. કોણ જાણે કેમ પણ અમને થયું, અમારા અંતરમાં પડઘો પડ્યો કે આ સિદ્ધ બાબા સુંદરનાથજી છે. એમણે એમની સર્વતંત્ર સ્વતંત્ર યોગશક્તિથી સ્વેચ્છાથી આવું સ્વરૂપ ધારણ કર્યું છે. સિદ્ધ યોગીપુરુષો એમની સ્વતંત્ર સત્ય સંકલ્પશક્તિથી એવું કરી શકે છે.

અમે એમને અસાધારણ આદરભાવપૂર્વક અવલોકી રહ્યા. ત્યાં તો અમારી પ્રતિક્રિયાની પરવા કર્યા સિવાય એ અમારી પાસે આવી પહોંચ્યા. મારા તરફ દૃષ્ટિપાત કરીને એમણે સુમધુર સ્મિત કર્યું અને મારી સાથે ચાલતા મહાત્મા કુલાનંદના હૃદયપ્રદેશ તરફ ત્રિશૂળ તાક્યું. કુલાનંદ એ અનોખા અકલ્પ્ય અભિનયથી લેશ પણ ગભરાયા કે ડર્યા સિવાય ત્યાં જ સ્થિરતાપૂર્વક ઊભા રહ્યા. પેલા સાધુપુરુષે એમના હૃદયપ્રદેશ તરફ ત્રિશૂળ તાકતાં મંદ છતાં મક્કમ પગલે આગળ ને આગળ ચાલવા માંડ્યું. આખરે એમની છેક જ પાસે પહોંચી જઈને એમની છાતીમાં ત્રિશૂળ મારવાની તૈયારી કરી. બીજો કોઈ કાચોપોચો માનવ હોત તો ગભરાઈ જાત, નાસવા માંડત, કે બુમ પાડી ઉઠત, પરંતુ કુલાનંદ નિતાંત નિર્ભય રહ્યા. સાધુપુરુષે નિમીષ માત્રમાં એ આશ્ચર્યકારક અભિનય બંધ કરી દીધો અને કુલાનંદને ઉમળકાપૂર્વક આલિંગન આપ્યું. એકાદ ક્ષણ છૂટા પડીને એમણે કાંઈપણ બોલ્યા વિના ત્વરીત ગતિથી બદરીનાથના બજાર તરફ ચાલવા માંડ્યું. અમને એમને નાસ્તો કે ભોજન કરાવવાની ઈચ્છા થઈ. અમે એમની પાછળ ચાલ્યા પરંતુ બજારમાં ક્યાંય એમનો પત્તો ના લાગ્યો. એ નાનકડા બજારમાં ક્યાં ને કેવી રીતે અદૃશ્ય થઈ ગયા તે ના સમજાયું. પાછળથી પણ કેટલાક દિવસો સુધી અમે એમની તપાસ કરતા રહ્યા કિન્તુ અમારા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

એમના એ અભિનયનું સાચું રહસ્ય તો એ જ જાણે. કુલાનંદે કહેલું કે એ અભિનય પછી એમનું અંતર શાંત અને મળરહિત બનેલું અને એમનું મન ધ્યાનની અંતરંગ સાધનામાં સહેલાઈથી લાગવા માંડેલું. એમને માટે એ અલૌકિક અભિનય દીક્ષા અથવા અનુગ્રહવર્ષાના એક અનોખા પ્રકાર જેવો બની ગયેલો.

મહાપુરુષો કોના જીવનમાં ક્યારે, ક્યાં, કેવી રીતે પધારે છે અને મદદરૂપ બને છે તેની કલ્પના કોણ કરી શકે છે ? એમની લીલા અથવા મદદ કરવાની પદ્ધતિ વિલક્ષણ હોય છે. જે સ્વરૂપે અને પદ્ધતિએ એ પધારે છે એ સ્વરૂપે અને પદ્ધતિ પ્રમાણે પૂજ્ય તેમજ પ્રણમ્ય જ હોય છે-સદાને માટે પ્રણમ્ય.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. બદરીનાથના સિદ્ધપુરુષ : બચ્ચીદાસજી

આધ્યાત્મિક સાધનાના માર્ગમાં બહારના ભણતરની જરૂર પડે છે ખરી ? બહારનું ભણતર આવી સાધનામાં અતંરાયરૂપ નથી; બહારનું ભણતર હોય તો આધ્યાત્મિક સાધના થઈ શકે; પરંતુ એના સિવાય પણ સાધના થઈ શકે. એટલે કે સાધના માર્ગમાં એ એક અનિવાર્ય આવશ્યકતા નથી. એ વાતની પ્રતીતિ બાબા બચ્ચીદાસજીનાં જીવન પરથી સહેજે થઈ રહે છે.

બાબા બચ્ચીદાસ તદ્દન અભણ હતા. આધુનિક નિશાળનું ભણતર એમને બિલકુલ નહોતું મળ્યું. છતાં સાધનાના માર્ગમાં ઘણાં આગળ પહોંચેલા હતા, ને એમના મુખમાંથી અનુભવજન્ય જ્ઞાનની એવી એવી ઊંચી વાતો નીકળતી, જેને સાંભળવી એ પણ એક લ્હાવો હતો. ઘડીભર તો શ્રોતાઓ એ વાતો સાંભળીને મુગ્ધ થઈ જતા ને વિચાર કરતા કે આ સંતપુરુષની અંદર આવું ઉત્તમ પ્રકારનું અધ્યાત્મ જ્ઞાન ક્યાંથી આવ્યું ? પરંતુ એ જ્ઞાન અને તેની અભિવ્યક્તિ પાછળ એમનો ઊંડો, લાંબા વખતનો સ્વાનુભવ જ કામ કરતો હતો. એ સત્યની સમજ પણ એમને સહેલાઈથી પડ્યા વિના રહેતી નથી.

ભારતનાં ધર્મશાસ્ત્રોએ ગુરૂનો મહિમા ખૂબ જ મુક્તકંઠે ગાયો છે. પોતાના પરમ જ્ઞાનરૂપી પ્રકાશથી શરણાગત શિષ્યના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને કાયમ માટે દૂર કરનારા અને એને દિવ્યચક્ષુ દેનારા ગુરૂને શાસ્ત્રોએ બ્રહ્માની સાથે સરખાવ્યા છે, વિષ્ણુ બરાબર માન્યા છે. શંકર કહીને બિરદાવ્યા છે. એની પાછળ કેવળ અંધશ્રદ્ધા, અતિશયોક્તિ કે ભાવુકતા નથી, પરંતુ વાસ્તવિકતા છે. દ્વંદ્વાતીત તથા પરમ સુખદાયક થયેલા એ પરમાત્મદર્શી સદગુરૂની શક્તિનો જીવનમાં અનુભવ કરી ચૂકેલ પુરુષોએ ગુરૂનો એ મહિમા ગાયેલો છે. એ પણ એમને અંજલિ આપવા અને બહુ અલ્પ માત્રામાં. બચ્ચીદાસને એવા મહાન જ્ઞાનમૂર્તિ, યોગસિદ્ધ સદગુરૂનો સમાગમ થયેલો.

એ હિમાલયના દેવપ્રયાગ સ્થાનમાં રહેતા ત્યારે બંગાલી બાબા નામના એક સિદ્ધ મહાપુરુષ બદરીનાથની યાત્રાએથી પાછા વળતાં ત્યાં આવી પહોંચ્યા. બચ્ચીદાસ ત્યારે દેવપ્રયાગમાં અલકનંદા અને ભાગીરથીના સુંદર સંગમ પરની એક નાનકડી ગુફામાં રહેતા. બંગાળી બાબાએ પ્રથમ પરિચયે જ એમના આત્માના સુષુપ્ત સંસ્કારોને ઓળખી કાઢ્યા, અને એમના પ્રત્યે પ્રેમ બતાવ્યો. પછી તો બચ્ચીદાસે ભારે શ્રદ્ધા ને ઉત્સાહથી બંગાળી બાબાને સેવા કરી. એથી બંગાળી સંત પ્રસન્ન થયા. એમણે બચ્ચીદાસને મંત્રદીક્ષા આપીને સાધનાની ક્રિયા બતાવી. પછી તો બચ્ચીદાસજી ગુરૂની આજ્ઞાનુસાર બદરીનાથ ગયા ને ત્યાં રહીને સાધના કરવા માંડ્યા. એમનું અંતર સ્વચ્છ હતું, તથા શ્રદ્ધા દૃઢ ને લગની પણ ઉત્કટ હતી, એટલે સાધનામાં ખૂંપી જતાં એમને વાર લાગી નહીં. બદરીનાથની ઠંડી અસહ્ય હોય છે. નર-નારાયણ પર્વત વચ્ચે વિસ્તરેલી એ ભૂમિમાં સામાન્ય માણસ માટે લાંબા વખત લગી રહેવું મુશ્કેલ છે. છતાં વરસો સુધી બચ્ચીદાસજીએ ત્યાં એકધારો નિવાસ કર્યો. એની પાછળ એમની ઉત્કટ વૈરાગ્યવૃત્તિ, નિતાંત એકાંતપ્રિયતા, પ્રખર સાધનાપરાયણતા તથા તીવ્ર તિતિક્ષા કામ કરી રહી હતી. એવા વિશેષ ગુણો વિના એ ત્યાં ભાગ્યે જ રહી શક્યા હોત. એ એકાંત શાંત, સુંદર, સ્વર્ગીય પ્રદેશમાં રહીને એમણે એકધારી સાધના કરી, છેવટે શાંતિ તથા

સિદ્ધિ મેળવી. બદરીનાથનો મહિમા એમને લીધે વધી ગયો. બદરીનાથની યાત્રાએ આવતાં ભાવિક સ્ત્રીપુરુષો એમના દર્શને પણ અચૂક જતાં. એમનાં દર્શન, સમાગમ તથા સત્સંગથી લાભ મેળવતાં.

છેવટનાં વરસોમાં તો એ શિયાળામાં પણ બદરીનાથની આજુબાજુ રહેતા. બદરીનાથમાં ઋષિગંગા અને અલકનંદાના સંગમ પાસે એક નાનકડી મઢૂલીમાં એ વસવાટ કરતા. ઈ.સ. ૧૯૪૪માં એ મઢુલીમાં મેં એમની મુલાકાત લીધી ત્યારે એમના મુખ પર અસીમ શાંતિ અને એમનાં નેત્રોમાં અસાધારણ દીપ્તિની છાયા હતી. એ જોઈને, એમણે જીવનનું ધ્યેય સિદ્ધ કર્યું લાગતું હતું. આત્મશ્રદ્ધા, ગુરૂશ્રદ્ધા ને સતત પુરુષાર્થ સાથેની ઈશ્વરકૃપાથી માનવી જીવનની ધન્યતાની કેટલી ઉચ્ચોચ્ચ કક્ષાએ ચડી જઈ શકે તેના જીવતાજાગતા ઉદાહરણરૂપે એ અમારી સામે શાંતિથી બેઠા હતા. એમને જોઈને અમારા અંતરમાં આદરભાવ ઉત્પન્ન થયો.

'નર જો કરણી કરે તો નારાયણ હો જાય' એ વાત ખોટી નથી. સંપૂર્ણ સાચી છે. પરંતુ નર મન મૂકીને પુરતી શ્રદ્ધાભક્તિથી કરણી કરે તો ને ? હજારો ને લાખો લોકો એવાં છે, જે નારાયણ થવાનો તો શું પણ નર થવાનો પુરુષાર્થ પણ સાચા અર્થમાં નથી કરતા. તે જો જીવનની મહત્તા સમજીને બચ્ચીદાસની જેમ પુરુષાર્થ કરે તો શું ધાર્યું મેળવી શકે નહિ ?

*

આત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચેલા પુરુષનું સૌથી મોટું મહત્વનું લક્ષણ ક્યું હોય છે ? એવા એક પ્રવાસીના પ્રશ્નના જવાબમાં બચ્ચીદાસજીએ સહજ સ્મિત કરીને જણાવ્યું 'શાંતિ'. મનુષ્ય એવી શાશ્વત શાંતિની શોધમાં છે અને સાધનાથી પોતાના અંતરના ઊંડાણમાં ઉતરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાથી એ શાંતિ સહેલાઈથી કાયમને માટે સાંપડી શકે છે. પરમાત્મા પોતે સનાતન શાંતિસ્વરૂપ હોવાથી એમની સાથે પ્રત્યક્ષ સંબંધ બાંધનાર શાંતિની મૂર્તિ બને છે. જેનામાં ચંચળતા, અહંતા, શંકા તથા ભ્રાંતિ છે તે પરમાત્માથી દૂર છે એવું સમજી લેવું.

*

કોઈએ પૂછ્યું : 'સાધુનું ભૂષણ શું ?' તો એમણે કહ્યું : 'શુદ્ધિ અને સમતા. એને જ સાધુતા તરીકે ઓળખવામાં આવે છે. સાધુનું જીવન મોજશોખ કે ભોગવિલાસ માટે નથી હોતું. સંયમ અને સમાજની સેવા કાજે હોય છે. જે સાધુજીવનનો ઉપયોગ વૈભવશાળી બની આમોદપ્રમોદ કરવામાં કરે છે તે અધઃપતનને નોતરે છે. સાધુજીવન સાધનાનું તથા જાગૃતિનું જીવન છે.'

બચ્ચીદાસજી સદા સફેદ વસ્ત્રો પહેરતા, તે જોઈ એક સંન્યાસી મહારાજે 'ભગવાં કેમ નથી પહેરતા ?' એવો પ્રશ્ન પૂછ્યો તો નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો : 'મને ભગવાં વસ્ત્રોનો મોહ નથી, ભગવા અંતરનો અનુરાગ છે. વસ્ત્રોની ખોટી ચિંતા હું નથી કરતો.'

*

એમના સાધનાવિષયક અનુભવો અસાધારણ હોવાથી એમને સાંભળવાથી આનંદ થતો. એમણે એક અજબ અનુભવનું વર્ણન કરતાં કહ્યું : 'એકવાર બદરીનાથના મંદિર બંધ થયા પછી બદરીનાથથી સાતેક

માઈલ દૂર લક્ષ્મીવન નામે એકાંત સ્થાનમાં જઈને પર્વતની એક ગુફામાં હું રહેવા લાગ્યો. રાતે મારી પાસે કોઈ અજબ દેખાવના દૈવી આત્માઓ આવી મને કહેવા લાગ્યા :

'અહીં કેમ બેઠા છો ?'

'ભજન કરવા.' મેં કહ્યું.

'આ તો અમારો પ્રદેશ છે. મૃત્યુલોકના માનવોનો નથી. તમે બદરીનાથ જઈને ભજન કરો.'

મેં એ માન્યું નહીં. એ એમના આગ્રહને વળગી રહ્યા. બીજે દિવસે રાતે એ આત્માઓ પાછા આવ્યા અને મને લઈને આકાશગમનની સિદ્ધિથી ઉડવા માંડ્યા. જોતજોતામાં તો એમણે બદરીનાથ પહોંચીને મારી નાની સરખી મઢૂલી આગળ મૂકી દીધો, ને પછી જણાવ્યું : 'ભૂલેચૂકે ત્યાં આવશો તો તમારા આવા હાલ થશે. અહીં રહીને જેટલું કરવું હોય એટલું ભજન કરી શકો છો.'

બચ્ચીદાસજી એ આત્માઓને ઓળખી શક્યા નહિ-પરંતુ કહેતા હતા : 'એમની આકૃતિ અત્યંત આકર્ષક અને ગૌર વર્ણની હતી. એ અસાધારણ અનુભવ પછી એ લક્ષ્મીવન ગયા નહોતા. ઈ.સ. ૧૯૪૮ની આસપાસ શિયાળામાં એમણે કેદારનાથ તરફ પ્રયાણ કરીને એ તરફ જ દેહત્યાગ કર્યો. મહાદેવ મંદિરમાં એકઠા થયેલા દર્શનાર્થીઓએ અસીમ આશ્ચર્ય વચ્ચે જોયું કે બચ્ચીદાસજી શિવલિંગ પર માથું મૂકી કાયમને માટે ઢળી પડેલા. ભગવાન શંકરે એમને પ્રેમથી સત્કારી પોતાના સ્વરૂપમાં સમાવી દીધેલા. એમની અસાધારણ સાધનાથી તેઓ સિદ્ધિ મેળવીને અમર બની ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. પૂર્ણિમાનો પરિચય

ઋષિકેશની શાંત સુંદર ભૂમિ પરના પુરાણ પ્રસિદ્ધ ત્રિવેણીઘાટના ગંગાતટની સાધિકા પૂર્ણિમા.

એ નવયૌવના શ્યામવર્ણની સાધિકાને સૌથી પ્રથમ જોઈ ત્યારે શરદઋતુની સુંદર સવારે એ ગંગાતટ પર બેસીને કપડાં ધોઈ રહેલી. એ વખતે એ મોટા સુમધુર સ્વરે બંગાલી ભાષામાં જે ગીત ગાઈ રહેલી એનો ભાવાર્થ સરળતાથી સમજી શકાય તેમ હતો. ગીત નામસંકીર્તનના મંગલ મહિમાનું અને કળિયુગમાં નામજપ જેવું સર્વોત્તમ સાધન બીજું કોઈ જ નથી એવા વિશ્વાસની અભિવ્યક્તિની સાથે જીવોને નામજપ માટે પ્રદાન કરાતી પવિત્ર પ્રેરણાનું હતું. એનો સારસંદેશ કાંઈક એવો હતો કે હે જીવ, નામજપનું સાધન સમુદ્રમંથન પછી પ્રકટેલા પીયૂષની પેઠે શાસ્ત્રો તથા સદગ્રંથોના સારરૂપે પ્રકટેલું છે. એનો આધાર લઈને અમર થવામાં ને કૃતાર્થ બનવામાં વિલંબ શા માટે કરે છે ? પોતાના સ્વાર્થના કાર્યમાં પ્રમાદી બનવાનું હિતાવહ છે ?

એ પછી એણે કપડાં ધોતાંધોતાં ધૂન બોલવાનું શરૂ કર્યું. ઉપર ઉપરથી અવલોકન કરનારને એવું લાગતું કે એનું મગજ ઠેકાણે નથી. એ તરફના ગંગાતટ પરથી પસાર થનારા પ્રવાસીઓ એના તરફ આશ્ચર્યચકિત બનીને શંકાશીલ નજરે નિહાળ્યા કરતા, પરંતુ એને કોઈના તરફ ધારીને નિરખવાનો પૂરતો સમય નહોતો. એ મોટે ભાગે એના કામમાં મશગુલ હતી. છૂટા વાળ અને સફેદ સાડીથી સજ્જ થયેલી એ સાધિકા પોતાના બુલંદ અવાજે ગંગાના સમસ્ત તટપ્રદેશને ગજાવી મૂકતી.

ગીત તથા સંકીર્તનને પૂરું કરીને એણે બંગાલી ભાષામાં કોઈને સદુપદેશ સંભળાવતી હોય એમ કંઈક બોલવા માંડ્યું. એના વ્યક્તવ્યનો ભાવાર્થ એવો હતો કે હિમાલય અને પવિત્ર ગંગામાતાનો આ પુણ્યપ્રદેશ વારંવાર નથી મળવાનો. ઋષિઓનાં તપથી આ પ્રદેશનાં પરમાણુ પવિત્ર થયેલાં છે. એમનો જેટલો લઈ શકાય એટલો લાભ લઈ લો. જપ કરો, તપ કરો, સ્વાધ્યાય કરો, નિયમિત નિયમપાલન કરો. માયામાં ના પડશો. માયા ખૂબ જ કષ્ટ આપનારી છે.

એની પાસેથી પસાર થતા બે પુરુષોએ એને જોઈને સ્મિત કર્યું ને કહ્યું કે આ તો પગલી જ છે. રોજરોજ આવી રીતે લવારા કર્યા કરે છે. એની બુદ્ધિ ઠેકાણે નથી.

પરંતુ એના સુંદર સારગર્ભિત ડહાપણ ભરેલા ઉદગારો પરથી એ પગલી હોય કે એની બુદ્ધિ ઠેકાણે ના હોય એવું સહેજ પણ નહોતું લાગતું. એના ઉદગારો પરથી તો કવિની પેલી પ્રખ્યાત પંક્તિ 'દુનિયાને ઊંધા ચશ્મા ડાહ્યા દિવાના લાગે' યાદ આવતી.

કપડાંને ધોવાનું કામ પૂરું કરીને એ ગંગાના નિર્મળ નીરમાં નહાવા માંડી ત્યારે કોઈ કાષાયવસ્ત્રધારી સાધુએ કિનારા પર બેસીને એના તરફ ધારીધારીને જોવા માંડ્યું. એ સાધુને નિહાળીને એ ભારે ઉત્તેજના ભરેલા સ્વરે બોલી ઉઠી કે કપડાને રંગ્યું પરંતુ મનને ના રંગ્યું, મલિન રાખ્યું, તો શું કામનું ? ઘર છોડ્યું પણ સાધુનો સ્વાંગ ધારીને મનના વિકારોને ના છોડ્યા તો તેથી શું વળ્યું ? વિવેક અને વૈરાગ્ય વિના ત્યાગ વૃથા છે. વિકારવાળાં નેત્રોથી બીજાને નિહાળવા કરતાં તો અંધ બનવું વધારે સારું છે. હે સાધુ, ભગવન્નામ લે. સૌમાં ભગવાનને જો. પછી વિકાર તથા વાસના નહિ રહે. પરસ્ત્રીને માતાતુલ્ય માનવાને બદલે ધારીધારીને નિર્લજ્જની જેમ જોતાં શરમાતો નથી ?

સાધુ ચાલવા લાગ્યો એટલે એ આગળ બોલી : આવા કેટલાય કાષાયવસ્ત્રધારી કીડાઓ આ પવિત્ર પ્રદેશને અપવિત્ર બનાવતાં ફર્યા કરે છે. એ સંન્યાસનું અપમાન કરે છે. હું કહું છું કે સંન્યાસ લેવાની ઉતાવળ શા માટે કરો છો ? સંન્યાસ કંઈ ખેલ નથી. શીર સટોસટનો સોદો છે. ભગવાં પહેરવાં, મોજ કરવી, માલમલીદા ઉડાવવા અને કુદૃષ્ટિ કરવી એથી સંન્યાસની સાર્થકતા નથી થતી. એના કરતાં તો ઘરમાં રહો, પવિત્ર જીવન જીવો, ભગવન્નામ લો, અને સત્કર્મો કરો તો ભગવાન વહેલા પ્રસન્ન થશે, શાંતિ સાંપડશે, ને જીવન ધન્ય બનશે.

વસ્ત્રો પહેરતી વખતે એણે ફરીવાર ગીત ગાવા માંડ્યું, અને પાત્રમાં ગંગાજલ ભરીને એ વિદાય થઈ.

*

રોજ ગંગાસ્નાન કરતી વખતે પૂર્ણિમા ત્યાં દેખાતી. એક બાજુ ગંગા અને બીજી બાજુ ગંગા જેવી જ પવિત્ર એ. બંનેને લીધે એ ભૂમિ સજીવ લાગતી.

એક દિવસ અનોખી ઘટના બની. એક સફેદ વસ્ત્રવાળા વૈરાગી સાધુએ એ કપડાં ધોતી'તી ત્યારે એની પાસે પહોંચીને કહ્યું : 'તારું સ્વરૂપ કેટલું બધું સુંદર છે ? તારા જેવી સુંદરી શહેરમાં બીજી કોઈ ભાગ્યે જ હશે. તું તો સૃષ્ટિમાં ઉતરી આવેલી સ્વર્ગની અપ્સરા જેવી છે. તારું મુખ પૂનમના ચંદ્ર જેવું સંમોહક ને સુંદર છે. તારા નામ પ્રમાણે તું ખરેખર પૂર્ણિમા જ છે.'

પૂર્ણિમા એના શબ્દો સાંભળીને રોષે ભરાઈને બોલી ઉઠી : 'તું પાછો અહીં પણ આવ્યો કે ? છેલ્લા કેટલાક દિવસોથી મારી પાછળ પડ્યો છે તો લે તને મેથીપાક ચખાડું. તે સિવાય તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે. સાધુ થઈને અસાધુ જેવો વ્યવહાર કરતાં તને શરમ નથી આવતી ?'

હાથમાં ધોકો લઈને એ સાધુને મારવાને ઊભી થઈ એટલે સાધુએ ચાલતી પકડી.

એ બોલ્યો : 'હું તારાં વખાણ કરું છું ત્યારે તું મને મારવા દોડે છે ? હું તારો મિત્ર છું. આરાધક.'

'હું તને હમણાં જ ખબર પાડું છું. એ સિવાય તને સંતોષ નહિ વળે.'

પૂર્ણિમા એવું બોલીને આગળ વધી ને દોડી એટલે સાધુ પણ દોડ્યો. ગંગા તટ પરના લોકોએ હોહા કરી મૂકી. સાધુ જોતજોતામાં દૂરની માયાકુંડની કુટિરો પાછળ અદૃશ્ય થયો એટલે પૂર્ણિમા શાંતિપૂર્વક પાછી ફરી. થોડીકવાર પછી એણે કહેવા માંડ્યું : 'માયામાં ના પડો. માયા દુઃખદાયક છે. મોહાવનારી, ભાન ભૂલાવનારી છે. જ્ઞાન, વિવેક, વૈરાગ્ય, યોગ, બધાનો નાશ કરનારી છે. જીવનનું કલ્યાણ કરવા માટે માયાને બદલે માયાપતિને પ્રેમ કરો. ભગવાનને ભજો ને ભગવાનનું શરણ લો. શરીર નાશવંત છે. એના મોહને મૂકી દો. નામ જપો, નામ જપો, નામ જપો. નામના પ્રભાવથી મન નિર્મળ થશે ને માયામાંથી મુક્તિ મેળવશે. તીર્થમાં રહીને પાપ વિચાર ના કરો. કુકર્મી ના બનો. ભક્તિ કરો, ધ્યાન ધરો.'

દસેક મિનિટ બાદ કલકત્તાનું કોઈક કુટુંબ ગંગાસ્નાન કરવા આવ્યું. એને જોઈને પૂર્ણિમા પ્રસન્નતાપૂર્વક પાસે પહોંચીને પૂછવા માંડી : 'તમે કલકત્તાથી આવો છો ?'

'હા.'

'કલકત્તામાં ક્યાં રહો છો ?'

'બડા બજાર પોલીસ સ્ટેશન પાસે.'

'હું પણ કલકત્તાની છું. ત્યાં કાલીઘાટ પાસે અમારું મકાન છે.'

પેલા કુટુંબના સભ્યોએ જોઈએ તેવો રસ ના બતાવ્યો એટલે વાર્તાલાપ ત્યાં જ અટક્યો. પૂર્ણિમા પાછી ફરી ને ધીમેથી બોલી : 'માણસોને વાત કરતાં પણ કંટાળો આવે છે. વખત કેટલો બધો બદલાઈ ગયો છે ? અરે ભાઈ, આપણે ભગવાનના એક જ ઘરના વાસી છીએ. ભેદભાવ શા માટે રાખો છો ?'

એણે પાછું ગીત ગાવા માંડ્યું : નવદ્વીપની સુંદર ભૂમિમાં ચૈતન્ય મહાપ્રભુ અને નિત્યાનંદ સુમધુર કીર્તન કરતાં નાચે છે. એમની સાથે ભક્તોની મંડળી છે. કેટલો બધો પ્રેમ છે ? એવું લાગે છે કે પ્રભુ પોતે જ પોતાના પવિત્ર પૂર્ણ પ્રેમનો પરિચય કરાવવા માટે ચૈતન્ય સ્વરૂપમાં પ્રાદુર્ભાવ પામ્યા છે. નામરૂપી અમૃતરસને છૂટે હાથે વરસાવીને એ ભક્તો તથા પ્રશંસકોનું પરમકલ્યાણ કરી રહ્યા છે. નવદ્વીપની ધરતી ધન્ય છે, સૌથી વધારે ધન્ય છે. એની આગળ સ્વર્ગ પણ શું કરે ? વૈકુંઠની પણ શું વિસાત ?

*

પૂર્ણિમા કોણ હતી અને ક્યાં રહેતી ? એક પરિચિત પુરુષે વાત નીકળતાં જણાવ્યું કે પૂર્ણિમા પરણેલી તથા સંતાનવતી છે. એના પતિની નાનીસરખી દુકાન છે. લગ્ન પહેલાં જ એને ભગવાનની ભક્તિમાં રસ લાગેલો એટલે અત્યારે પણ મોટા ભાગનો વખત પૂજાપાઠમાં ને ભજન કીર્તનમાં વીતાવે છે. ઉંમર નાની-પાંત્રીસની આસપાસની છે, પરંતુ એનો આત્મા સંસ્કારી અને અનોખો છે. હું એની બાજુમાં જ રહું છું. કેટલીક વાર તો એ રાતભર ભજનકીર્તન કરતી હોય છે. કલકત્તામાં એની માતા રહે છે. એ કોઈવાર એને મળવા આવે છે. બાકી એ ગંગાકિનારે સાધિકા તરીકેનું પવિત્ર જીવન જીવતાં જીવતાં પોતાનો સમય સાદાઈથી શાંતિપૂર્વક પસાર કરે છે.

'એનાં પતિમાં ધાર્મિક સંસ્કારો છે ખરાં ?'

'પહેલાં જરાપણ નહોતા પણ હવે થોડાક દેખાય છે. એના પ્રભાવથી એના પતિએ ધૂમ્રપાન, શરાબ અને માંસાહારનો ત્યાગ કર્યો છે. એનો જીવનપ્રવાહ પલટાવા માંડ્યો છે.'

પૂર્ણિમાના અધિક પરિચયથી જાણવા મળ્યું કે એણે અવિવાહિતાવસ્થામાં એક વૈષ્ણવ સંત પાસેથી મંત્રદીક્ષા લીધેલી. એ સંતના સદ્દુપદેશે એના જીવન-પરિવર્તનમાં મોટો ભાગ ભજવેલો. એમના આદેશને અનુસરીને એ અનિચ્છા છતાં લગ્નજીવનમાં પ્રવેશેલી. સદભાગ્યે એને ઋષિકેશના પવિત્ર પ્રદેશમાં રહેવા મળ્યું. અહીં આવ્યા પછી એના આધ્યાત્મિક સંસ્કારો પોષણ પામ્યાં ને વધતા ગયા. કપાળે તિલક, કંઠે તુલસીમાળા અને સફેદ વસ્ત્રોથી સુશોભિત એની આકૃતિને અવલોકતાંવેંત એ સાધ્વી હોવાની છાપ પડતી. સવારે વહેલી ઉઠીને એ જપ તથા સંકીર્તન કરતી; પછી ગંગાસ્નાન, પાઠપૂજા તથા ઘરકામ. બપોરે સદગ્રંથનો સ્વાધ્યાય, સાંજે જપ અને રાતે સુતા પહેલાં સંકીર્તન. એ એનો નિત્યક્રમ હતો. એ કહેતી કે મનને નવરું ના પડવા દો. પ્રમાદી ના બનવા દો. ભગવાનના નામમાં ને કામમાં જોડી દો. પછી એ બુરા માર્ગે નહિ જાય. એને વિષયોમાં વિહરવાનો વખત જ નહિ રહે.

*

એક દિવસ સૂર્યાસ્ત થવાની તૈયારી હતી અને ઋષિકેશના ત્રિવેણીઘાટ પર ભગવાન સૂર્યનારાયણ અંતિમ દૃષ્ટિપાત કરી રહેલા ત્યારે પૂર્ણિમા ગંગાકિનારે ગંગાજળ ભરવા માટે આવી પહોંચી. ત્રિવેણીઘાટ પર એક તરફ કેટલાક બંગાળી મુસાફરો માછલી પકડવાનો પ્રયાસ કરતા'તા. એમને જોઈને એ બોલી ઊઠી : 'અરે, આ શું કરો છો ? આવા પવિત્ર તીર્થસ્થાનમાં આવીને નિર્દોષ જીવોની હત્યા કરો છો ?'

'તું વળી ઉપદેશ આપનારી અને ટોકનારી કોણ ?'

'ઉપદેશ આપતી કે ટોકતી નથી પરંતુ યાત્રી તરીકેનો ધર્મ સમજાવું છું.'

'અમે સઘળું સમજીએ છીએ.'

'સમજતા હોત તો આવું ના કરત. આ જગ્યા માછલાં પકડવાની છે કે શાંતિથી ફરવાની ને ભજન કરવાની ?'

'એ તો અમારો ખોરાક છે. પાણીમાં નિરર્થક વહી જાય એના કરતાં એમનો સદ્ઉપયોગ કરીએ તો શું ખોટું ?'

'એ સદ્ઉપયોગ નથી દુરુપયોગ છે. કોઈ તમને પકડીને મારી નાખે તો કેવું લાગે ?'

મુસાફરો માન્યા નહિ એટલે પૂર્ણિમાએ પોતાનો રોષ ઠાલવતાં જોરશોરથી બોલવા માંડ્યું. એનો શોરબકોર સાંભળીને બીજા લોકો ભેગા થઈ જવાથી પેલા મુસાફરો એમની હિંસક પ્રવૃત્તિને પરિત્યાગીને ચાલી નીકળ્યા.

પૂર્ણિમાને પ્રસન્નતા થઈ.

*

માયાકુંડના એક સુપ્રસિદ્ધ સાધુને મેં એના વિશે વાત કરી તો એમણે જણાવ્યું : 'પૂર્ણિમા તો પગલી જેવી છે. એના મગજનું ઠેકાણું નથી. ગંગા કિનારે ને ઘેર લાજમર્યાદા છોડીને જેમ ફાવે તેમ લવારા કર્યા કરે છે.'

પરંતુ એને પગલી માનવાનું કોઈ કારણ નહોતું. મને તો ના લાગ્યું. સંસારમાં એવી રીતે અનેકને પાગલ માનવામાં આવતા હશે અને કેટલાય પાગલો ડાહ્યા ગણાતા હશે. પૂર્ણિમા જે પંથે પ્રવાસ કરી રહેલી એ પંથ પવિત્ર, પ્રામાણિક, પરમ કલ્યાણકારક હતો એમાં મને સંદેહ ના રહ્યો. મેં એને એના પ્રવાસમાં સફળતા ઈચ્છી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. ગરીબની રોટી

મહાપુરુષોના જીવન પ્રસંગો પ્રેરક, પથપ્રદર્શક, પરમ શ્રેયસ્કર હોય છે. એમનો જીવનવ્યવહાર અસામાન્ય, જાગૃતિપૂર્વકનો અને રહસ્યમય હોય છે. એમનો જેટલો પણ વિચાર કરીએ એટલો ઉપયોગી થઈ પડે છે. ભારતના જ નહિ કિન્તુ સમસ્ત સંસારના સત્પુરુષ ગુરુ નાનકદેવનો એક અનેરો જીવનપ્રસંગ છે.

ભારતના પ્રવાસ દરમ્યાન ગુરુ નાનકદેવ જનતાને સ્થળે સ્થળે સદ્‌પદેશ સંભળાવતા એક નગરમાં જઈ પહોંચ્યા. એમણે એક સામાન્ય માણસના મહેમાન બનવાનું પસંદ કર્યું. એ માણસનું મન નિર્મળ અને પરમાત્મપરાયણ હોવાથી એમણે એના પર વિશેષ અનુગ્રહ વરસાવ્યો. એની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

નગરના પ્રજાજનો નાનકદેવનાં દર્શન અને સત્સંગ માટે આવવા લાગ્યા.

એક દિવસ એક નામાંકિત ધનાઢ્ય પુરુષે આવીને એમને ભોજનનું અને પોતાને ત્યાં રહેવાનું આમંત્રણ આપ્યું. નાનકદેવે એ આમંત્રણનો અસ્વીકાર કરીને કહ્યું કે મને ગરીબોનું ભોજન વધારે પસંદ છે.

પેલા શ્રીમંતને એમના ઉદગારો બહુ સારા ના લાગ્યા એટલે એના મનોભાવોને જાણી લઈને એમણે એને બીજે દિવસે ભોજન લાવવાનું કહ્યું.

એ શ્રીમંતે બીજે દિવસે ભોજન આણ્યું એટલે ગુરુ નાનકદેવે એના થાળના માલપૂડાને હાથમાં લઈને દાબી જોયા તો ત્યાં એકઠા થયેલા સૌ સત્સંગીઓના દેખતાં એમાંથી લોહી ટપકવા લાગ્યું. થોડા વખત પછીથી એમણે પેલા ગરીબની લાવવામાં આવેલી થાળીની રોટલીને દબાવી તો એમાંથી દૂધ ટપકવા માંડ્યું.

સત્સંગીઓ એ જોઈને આભા બની ગયા. ગુરુ નાનકદેવે જણાવ્યું કે આ ગરીબ માણસની રોટી પ્રામાણિકતા, પવિત્રતા ને પરસેવાની છે અને શ્રીમંત પુરુષના પકવાનમાં લોહી છે, એની પાછળનો પૈસો અપવિત્ર છે, એટલે જ મારાથી એનો સ્વીકાર કરાય તેમ નથી. મને ગરીબનો લૂખો રોટલો વધારે પસંદ પડે છે ને મીઠો લાગે છે.

શ્રીમંતના મનનું સમાધાન થયું. એ પોતાના જીવનને જાણતો હતો.

સત્સંગીઓને એ પાવન પ્રસંગમાંથી નવો પ્રકાશ મળ્યો.

આજના આપણા સેવકો, સદ્‌પદેશકો, સંતો અને મહંતો એ પ્રસંગમાંથી જીવનોપયોગી પવિત્રતાનો પદાર્થપાઠ શીખશે ખરા ? એ ગુરુ નાનકદેવ જેટલા વિવેકી ને જાગ્રત બને અને અનાવશ્યક આમોદ-પ્રમોદને તિલાંજલિ આપતાં શીખે તો એમને અને સમાજને અસાધારણ લાભ થાય. એમણે અને સૌ કોઈએ શીલ, સદાચાર, સંયમ, સાદાઈ, સાત્વિકતા અને શુદ્ધિને સન્માનતાં શીખવું જોઈએ. એથી વિરોધી તત્વો સાથે સદા સર્વત્ર અસહકાર કરવો જોઈએ. એમને એક અથવા બીજી રીતે ઉત્તેજવાં ના જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. બાબા નીમકરોલી

### ૧. વ્યાસ અંદર આવે

ગુજરાત રાજ્યના વર્તમાન વિકાસ કમિશ્નર શ્રી મનુકુમાર વ્યાસ આજથી લગભગ ત્રણેક વરસ પહેલાં નૈનીતાલ ગયેલા ને ત્યાંના શાંત સૌંદર્યસંપન્ન વાતાવરણમાં મે મહિના દરમ્યાન થોડોક વખત રહેલા. એમને આધ્યાત્મિકતા પ્રત્યે અનુરાગ હોવાથી કોઈક સંતપુરુષના સમાગમની ઈચ્છા થઈ. પરંતુ સંતપુરુષનો સમાગમ-લાભ સહેલાઈથી કેવી રીતે મળી શકે ? પરમાત્માની પરમકૃપા હોય તો જ તેની પ્રાપ્તિ થાય. નૈનીતાલના નિવાસ દરમ્યાન એક ધન્ય ચિરસ્મરણીય દિવસે એમને માહિતી મળી કે થોડેક માઈલ દૂર એક એકાંત પર્વતીય પ્રદેશમાં કોઈ અસાધારણ અવસ્થાએ પહોંચેલા મહાત્માપુરુષ વાસ કરે છે અને એ એકાંતપ્રેમી વિરક્ત ત્યાગી મહાપુરુષના દર્શન, સમાગમ તથા સત્સંગ માટે ભાવિક જનતા મોટી સંખ્યામાં પ્રતિદિન એકઠી થાય છે. એ માહિતી મેળવીને એમને સ્વાભાવિક રીતે જ આનંદ થયો અને એ એક બીજા ધન્ય દૈવી દિવસે એમના દર્શન માટે ચાલી નીકળ્યા.

પર્વતમાળાઓમાં પ્રવાસ કરતાં એ આખરે કૈચી નામના નાનકડા સ્થળમાં આવી પહોંચ્યા. ત્યાં એક સુંદર ચિત્તાકર્ષક હનુમાન મંદિર હતું. પેલા મહાત્માપુરુષ એમાં એક તરફ નિવાસ કરતા. વરસનો અમુક ભાગ એ ત્યાં ગાળતા અને શેષ સમય દરમ્યાન ઉત્તર પ્રદેશનાં જુદાં જુદાં સ્થળોનો સ્વેચ્છાપૂર્વક પ્રવાસ કરતા. ઉત્તર પ્રદેશમાં એમની પ્રખ્યાતિ પુષ્કળ હતી. એમના દર્શન માટે બહાર દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં એકઠા થયેલા. પરંતુ એમને એમના દર્શનનું સુખદ સૌભાગ્ય ક્યારે સાંપડશે તે કોઈપણ ચોક્કસપણે કહી શકે તેમ નહોતું. મહાત્માપુરુષ ખૂબ જ નિઃસ્પૃહ, નિર્મળ અને આત્મારામ હોય એવું અનુમાન સહેલાઈથી કરી શકાતું.

મનુકુમાર પણ એમના દર્શનની પાવન પળની પ્રતીક્ષામાં સૌની સાથે બેસી ગયા. એમની આતુરતા ઉત્તરોત્તર વધવા માંડી તો પણ એમણે બને તેટલી ધીરજ રાખી. ધીરજ રાખ્યા વિના બીજો કોઈ વિકલ્પ જ ક્યાં હતો ? મહાત્માપુરુષ પોતે ક્યારે બહાર આવશે અથવા દર્શનાર્થીઓને કૃપા કરીને કયી ધન્ય ક્ષણે અંદર બોલાવશે તે વિશે કશું જ નિશ્ચિતરૂપે નહોતું કહી શકાય તેમ.

તો પછી અહીંથી એમના દર્શન કે સમાગમ સિવાય જ વિદાય થવું ? એવી સલાહ તો કેવી રીતે આપી શકાય ? દર્શનની ઈચ્છાથી પ્રેરાઈને આટલે બધે દૂર આવીને દર્શન વિના જ પાછા ફરવાના વિચારને તો શી રીતે માની શકાય ? તો પછી ?

એ પ્રશ્નનો પ્રત્યુત્તર થોડાક સમય પછી આપોઆપ આવી ગયો. મહાત્માપુરુષના આદેશાનુસાર કોઈએ બહાર આવીને જણાવ્યું કે જે વ્યાસ હોય એ અંદર આવે.

મનુકુમાર વ્યાસને એ સાંભળીને આશ્ચર્ય તો થયું પરંતુ શબ્દો સ્પષ્ટ હતા. બીજી વાર પણ એ જ શબ્દો બોલી બતાવવામાં આવ્યા. દર્શનાર્થીઓમાં મનુકુમાર સિવાય બીજા કોઈ વ્યાસ નહોતા એથી એ અંદર ગયા. અંદર શાંતિપૂર્વક વિરાજેલા વયોવૃદ્ધ મહાત્માના દર્શનનું એમને સદભાગ્ય સાંપડ્યું. એમણે એમને પ્રણામ કર્યાં.

વાતાવરણમાં સ્વલ્પ સમય સુધી શાંતિ પ્રસરી રહી એટલે મહાત્માએ જણાવ્યું કે વડોદરામાં તમારા પિતાજી ગરીબોની સેવાનું જે કાર્ય કરી રહ્યા છે તે ઘણું સારું કરી રહ્યા છે.

એ સાંભળીને મનુકુમારને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એમના પિતાજી વડોદરામાં અન્ન-વસ્ત્ર દ્વારા ગરીબોની સેવા કરી રહેલા એ સાચું હતું, પરંતુ એની ખબર આ મહાપુરુષને આટલે બધે દૂર રહે કેવી રીતે પડી ? પોતાની અટક વ્યાસ છે એની માહિતી પણ એમને ક્યાં નહોતી મળી ? એમની અસાધારણ શક્તિનો એથી વિશેષ પુરાવો બીજો કયો હોઈ શકે ?

એમણે બીજું કશુંક પૂછવું હોય તો પૂછવા માટે કહ્યું પણ મનુકુમારે કશું ના પૂછ્યું.

એ સમાગમની છાપ એમના મન પર ઘણી ભારે પડી. એ એમના પર ચિરસ્થાયી અસર કરી ગઈ.

અમદાવાદમાં એકાદ વરસ પછી એ મને મળ્યા ત્યારે એ બધી હકીકત એમણે કહી બતાવી. એ મહાત્માનું નામ પણ એમણે કહી બતાવ્યું : બાબા નીમકરોલી.

ત્યારથી જ મને એમના પ્રત્યે પ્રેમ અને સદભાવ પેદા થયો ને લાગ્યું કે ભારતની ભૂમિમાં હજુ આવા અલૌકિક શક્તિવાળા મહાત્મા પુરુષો શ્વાસ લે છે ખરા. એમનું દર્શન અને એમની સાથેનું સંભાષણ સાચેસાચ સુખદ થઈ પડે. પરંતુ એવા સ્વનામધન્ય સત્પુરુષોના સુખદ સમાગમનો દેવદુર્લભ લાભ ઈશ્વરના અસાધારણ અનુગ્રહ વિના થોડો જ મળી શકે છે ? એવો અનુગ્રહ કરવો કે ના કરવો અને કરવો તો ક્યારે કરવો તે તેજ જાણે છે.

### ૨. પ્રેમ અને આદરભાવ

એ પ્રસંગ પછી ઈ.સ. ૧૯૭૨માં જુન-જુલાઈ મહિના દરમ્યાન લખનૌ યુનિવર્સિટીના પ્રાધ્યાપક શ્રી સીતારામ જયસ્વાલ મસૂરીમાં મળ્યા ત્યારે એમણે બાબા નીમકરોલી વિષે ખૂબ જ પ્રેમ તથા પૂજ્યભાવપૂર્વક વાતો કરી. એ વાતો પરથી એમના સંબંધી થોડુંક વધારે જાણવાનું મળ્યું અને એમને માટે પ્રેમ તથા આદરભાવ પેદા થયો. એ વખતે બાબા નીમકરોલી નૈનીતાલ પાસે કૈચી નામના સ્થળમાં આવેલા એ જ હનુમાન મંદિરમાં નિવાસ કરતા. એમની પાસે રહેતા એમના પ્રેમી ભક્ત કાલીબાબુએ એમની પાસે આવવાનું આમંત્રણ પણ આપ્યું. એ ત્યાં રહ્યા પણ ઠેઠ સપ્ટેમ્બરના અંત સુધી. તો પણ ત્યાં જવાનું ના બની શક્યું. કારણ બીજું કયું હોય ? એમને મળવાનો, એમના સમાગમનો સમય હજુ નહિ પાક્યો હોય એ જ. એમના સમાગમનો સુયોગ્ય સાનુકૂળ સમય પાકે છે ત્યારે જ એમને મળવાનું બની શકે છે અને એમનો લાભ પણ ત્યારે જ ઉઠાવી શકાય છે એમાં શંકા નથી.

ભારતમાં પાછલા કેટલાય કાળથી સ્વનામધન્ય મહા મહિમાપ્રાપ્ત મહાપુરુષોનો પવિત્રતમ પ્રાદુર્ભાવ થતો જાય છે. એમની પરંપરા વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે સુખશાંતિપ્રદાયક તથા કલ્યાણકારક બની છે. એણે રાષ્ટ્રને આધ્યાત્મિક ધનથી ધનવાન બનાવવામાં ઘણો મહત્વનો મૂલ્યવાન ભાગ ભજવ્યો છે. એ ઉપરાંત અસંખ્ય સાધકોને આત્મોન્નતિને માર્ગે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડીને પરમશ્રેયના ભાગી બનાવ્યા છે. મહાત્મા નીમકરોલી બાબાનું સ્થાન એ પરંપરામાં આગળ પડતું છે. એ પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠા કે કીર્તિથી સદા દૂર રહે છે અને પરમાત્મનિષ્ઠામાં લીન બનીને શ્વાસ લે છે તથા વિચરણ કરે છે.

એમના જેવા મંગલમય મહાત્માપુરુષો પ્રસિદ્ધિની દુનિયાથી દૂર હોય તો પણ જ્યાં પણ રહે છે ત્યાં રહીને બીજાને પ્રેરક ઠરે છે ને પ્રકાશ પૂરો પાડે છે એમાં સંશય નથી. એમને લીધે ભારતની ગૌરવશાલિની ભૂમિ વધારે ગૌરવ ધારણ કરે છે.

### ૩. બિલ્લી હજ ગઈ

દહેરાદૂનની ડી.એ.વી. કોલેજના એક પ્રસિદ્ધ પ્રાધ્યાપકને એક દિવસ મેં બાબા નીમકરોલી વિશે પૂછ્યું તો એમણે મોં બગાડીને જણાવ્યું કે હમણાં હું નૈનિતાલ ગયેલો ત્યારે બાબા નીમકરોલી ત્યાં જ હતા. એમની માન્યતા એ બાજુ ઘણી છે. પરંતુ મને તો એમને મળવા જવાનું મન ના થયું. મને જેમણે એમના દર્શનની ભલામણ કરી એમને મેં કહી દીધું કે એ તો કાંઈ મહાત્મા છે ? સો ઉંદર મારીને બિલ્લી હજ ગઈ.

મેં એમને એનો ભાવાર્થ પૂછ્યો તો એમણે કહ્યું કે એ તો પહેલાં ડાકુ હતા.

ડાકુ હતા ?

હા.

તો ડાકુ કદી મહાત્મા કે ધર્માત્મા ના બની શકે ? કદાચ પહેલાં એ ડાકુ હશે તો પણ અત્યારે તો ડાકુ નથીને ? રત્નાકરને દેવર્ષિ નારદનો સમાગમ સાંપડ્યો તો રત્નાકરનો મહર્ષિ વાલ્મીકિના રૂપમાં પુનરાવતાર ના થયો ? બાબા નીમકરોલી વર્તમાન કાળમાં શું છે તે વધારે મહત્વનું છે. એની સાથે આપણે વધારે કામ છે. બીજી આડીઅવળી ચર્ચાવિચારણાથી શું વળવાનું છે ? એથી કોઈ ઉપયોગી હેતુ નહિ સરી શકે.

પેલા પ્રાધ્યાપક ભાઈ એ પછી કશું ના બોલ્યા. પરંતુ એમના ઉદગારો એમના જેવા પુરુષોની મનોવૃત્તિનો પડઘો પાડે છે. એ મનોવૃત્તિ ખૂબ જ પૂર્વગ્રહયુક્ત હતી એમાં શંકા નથી. એવી પૂર્વગ્રહયુક્ત મનોવૃત્તિવાળા કૂપમંડૂકની પેઠે એમના જ ભાવોના ને વિચારોના સીમિત કે સંકુચિત કુવામાં જ ફરતા રહે છે ને ગુણગ્રાહી વૃત્તિને કેળવીને પરમાત્માના પરમ કૃપાપાત્ર મહાત્માપુરુષોનો લાભ નથી લઈ શકતા. એમની પૂર્વગ્રહયુક્ત બુદ્ધિ અને કૂપમંડૂક વૃત્તિ એમને પોતાની પકડમાંથી છૂટવા ને બહાર નીકળવા નથી દેતી. એને લીધે એ મહાપુરુષોના દેવદુર્લભ જીવનપ્રેરક પરમશક્તિસંચારક સત્સંગલાભથી સદાને માટે ને પોતાની મેળે જ વંચિત રહે છે. એથી અધિક દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે ?

કોઈક પુરુષ પોતાના પૂર્વજીવનમાં કુકર્મી હોય તો પણ સત્કર્મપરાયણ થઈ જ ના શકે એવું કોણ કહી શકે ? અને એ સત્કર્મપરાયણ થાય તો પણ સન્માનનીય ના બને એવું થોડું છે ? જીવનનો વિકાસમાર્ગ તો ગમે ત્યારે ને ગમે તેને માટે ખુલ્લો છે. એ માર્ગે આગળ વધીને જીવનનો વ્યક્તિગત વિકાસ કોઈ પણ કરી શકે છે. બાબા નીમકરોલીએ પણ વિકાસના એ સર્વસામાન્ય નિયમ પ્રમાણે સાધનાનાં કેટલાંક શિખરોને સર કરીને સંસિદ્ધિ મેળવી હોય તો એમાં ના માનવા જેવું અને એનો અકારણ વિરોધ કરવા જેવું કશું જ નથી. એવો વિરોધ કોઈપણ રીતે કલ્યાણકારક ના થઈ શકે. એને આદરણીય, અભિનંદનીય અથવા અનુકરણીય ના કહી શકાય. એક પ્રાધ્યાપક જેવા જવાબદાર પુરુષને માટે એવી વિરોધી મનોવૃત્તિનું સેવન કરવાનું જરા પણ યોગ્ય નથી.

**૪. પ્રત્યક્ષ મેળાપ**

કાનપુરના કાર્યક્રમને પૂરો કરીને અમારે વૃંદાવન જવાનું થયું ત્યારે ત્યાં હનુમાન ગલીમાં આવેલા હનુમાન મંદિરની પાછળના ભાગમાં બાબા નીમકરોલીના દર્શનનો લાભ સહેલાઈથી મળી શક્યો. એમની પદ્ધતિ થોડીક વિચિત્ર કે વિલક્ષણ હતી. એવી પદ્ધતિ મેં ત્યાં પહેલી જ વાર જોઈ. એ એમના વિશાળ નિવાસસ્થાનની બહારના દરવાજાને અંદરથી તાળુ મારી રાખતા. ત્યાં એક ચોકીદાર રહેતો. એ ચોકીદાર કોઈ મળવા આવે તો એમને પૂછીને એમની અનુમતિથી જ દરવાજો ખોલતો અને એવી રીતે દર્શનાર્થીઓ એમની પાસે પહોંચી શકતા. એવી પદ્ધતિ મેં બીજા કોઈપણ મહાત્માને ત્યાં નહોતી જોઈ.

ચોકીદારે અમારા કહ્યા પ્રમાણે અંદર જઈને સમાચાર આપ્યા એટલે બાબા નીમકરોલીએ અમને અંદર આવવાની અનુમતિ આપી. અંદર ખુલ્લા ચોકવાળી વિશાળ ધર્મશાળા હતી. એમાં એક તરફની ઓસરીમાં એક પાટ પર બાબા નીમકરોલી બેઠેલા. એ મોટી ઉંમરના દેખાતા. એમના મસ્તક તથા મુખ પર વાળ નહોતા. શરીર પર કાળી કંબલ ઓઢેલી. એમનું મુખ ઘઉંવર્ણું દેખાતું. પ્રથમ દૃષ્ટિએ એમાં કે એમની આંખમાં કાંઈ વિશિષ્ટ જેવું આકર્ષણ નહોતું લાગતું. એ તદ્દન સીધાસાદા જેવા દેખાતા.

અમે એમને પ્રણામ કરીને એમની પાસે બેસી ગયા.

'ઘણા વખતથી તમને મળવાની ઇચ્છા હતી. આજે એ ઈચ્છા પૂરી થઈ. શ્રી મનુકુમાર વ્યાસે બે વરસ પહેલાં તમારી વાત કહી બતાવેલી, લખનૌના શ્રી સીતારામ જયસ્વાલે પણ તમારો પરિચય કરાવેલો.'

મારા શબ્દોને સાંભળીને એમણે જણાવ્યું : 'મનુકુમાર વ્યાસ તો કમિશ્નર છે. શાના કમિશ્નર છે ? પહેલાં ટ્રાન્સપોર્ટના હતા.'

'એ પહેલાં ટ્રાન્સપોર્ટ વિભાગમાં હતા ખરા પરંતુ અત્યારે કમિશ્નર છે - વિકાસ કમિશ્નર.'

'તમારા મામાના એ છોકરા છે. સંત છે. સારા છે. પવિત્ર દિલના છે.'

એમણે એ બધું કેવી રીતે કહ્યું ? મનુકુમારે એમને મારી ઓળખાણ આપી હોય તો પણ એ વાતને તો બે વરસ જેટલો વખત થઈ ગયો. એ ઓળખાણને એમણે આવી રીતે કેવી રીતે યાદ રાખી ? કે પછી એમની હનુમાનજીની ઉપાસનાના પરિણામે સાંપડેલી સિદ્ધિથી એમને એ બધી માહિતી મળી શકી ? એ માહિતી હતી ખરેખર આશ્ચર્યકારક.

અમારી સાથેના શ્રી રૂપકિશોર કપુરે એમને મારો પરિચય કરાવ્યો એટલે એ બોલ્યા : 'યોગેશ્વર માતાની સારી રીતે સેવા કરે છે. માતાને સાથે રાખે છે. જગદંબાને માને છે. પ્રવચન સરસ કરે છે. કરો પ્રવચન.'

મેં કહ્યું : 'અહીં શું પ્રવચન ? આ કાંઈ પ્રવચન કરવાનું સ્થાન નથી અને અત્યારે મને પ્રવચન કરવાની ઈચ્છા પણ નથી થતી.'

એમણે એમનો આગ્રહ ચાલુ રાખ્યો પરંતુ એ આગ્રહને માન્ય રાખવાનો કશો અર્થ ન હતો.

એમણે રૂપકિશોરને ફરીવાર કહ્યું : 'યોગેશ્વર મહાન સંત છે. ભક્ત છે. ખૂબ જ પવિત્ર છે.' અને મને તથા એમને જણાવ્યું : 'કોઈવાર કૈચી આવજો. હું પણ મસૂરી આવીશ.'

થોડીક ક્ષણો સુધી વાતાવરણમાં શાંતિ રહી. અમારી સાથેના બીજા ભાઈઓ ધર્મશાળામાં બીજી તરફ ફરવા લાગ્યા ત્યારે મેં એમને સહજ રીતે જ પૂછી જોયું : 'મારે પરદેશ જવાનું સારૂં છે ?'

'હા.' એમણે તરત જ ઉત્તર આપ્યો : 'ત્યાં પણ ઘણાં ભક્તો છે. ત્યાં જવાનું ઘણું સારું છે. ગુજરાતના કોઈક ભક્ત તમને બોલાવશે.'

'ક્યારે જવાનું થશે ?'

'આવતા ઉનાળામાં જશો.'

'માતાજી સાથે કે એકલા ?'

'માતાજી સાથે. માતાજી શુદ્ધિથી રસોઈ બનાવશે. એમને જરૂર લઈ જજો.'

'મારે જવાનું થશે ત્યારે એમને જરૂર લઈ જઈશ.'

થોડીવાર પછી મેં એમનો અભિપ્રાય જાણવાની આકાંક્ષાથી એક અન્ય વિષયનો આરંભ કર્યો : 'પ્રેરણાઓ કેટલીક વાર સાચી ને કેટલીક વાર ખોટી કેમ પડે છે ?'

'મનની વાસના હોય છે તેથી ખોટી પડે છે.'

એમનો એ અભિપ્રાય મને એટલો બધો સંતોષકારક ના લાગ્યો. એ અભિપ્રાય એ વિષયના એક જ અંગની અભિવ્યક્તિ કરનારો હતો એથી એને સાંભળીને મને વરસો પહેલાં સિહોરના ગૌતમકુંડ પર રહેતા મહાત્મા હનુમાનદાસે આપેલા એવા જ ઉત્તરનું સ્મરણ થયું. બંને સંતોના અભિપ્રાયો એકસરખા લાગ્યા. મેં એ વિશે કશી દલીલ ના કરી. દલીલની આવશ્યકતા ના લાગી.

એટલામાં ત્યાં બે સંતો આવ્યા. બાબા નીમકરોલીએ એમાંના એકને અનુલક્ષીને જણાવ્યું : 'આ કીર્તન ઘણું સારૂં કરે છે. કીર્તન કરો.'

એ સંતે કીર્તન કર્યું.

ત્યાંથી વિદાય લેતી વખતે મેં કહ્યું : 'જીવનમાં બીજી કોઈ જ લાલસા નથી. જગદંબાની અધિકાધિક કૃપા થાય એટલી જ ઈચ્છા છે.'

નીમકરોલી બોલ્યા : 'કૃપા થઈ છે, થઈ રહી છે, ને થયા કરશે.'

'હવે અહીં છીએ ત્યાં સુધી અમે રોજ આવીશું.'

'ના. હવે ચોથે દિવસે આવજો.'

'રોજ નહિ.'

'ના.'

'કેમ ?'

'કેમ કે હું અહીં નથી. બહારગામ જવાનો છું.' અને રૂપકિશોર તરફ જોઈને બોલ્યા : 'ચોથે દિવસે સોમવારે લાવજો. નવ વાગ્યે. લગભગ.'

અમે ચાલી નીકળ્યા.

એ દિવસ તારીખ ૨૩-૧૧-૧૯૭૨ ગુરૂવારનો હતો. જીવનમાં એ યાદગાર બની ગયો.

બાબા નીમકરોલીનો બીજો મેળાપ તારીખ ૨૭-૧૧-૧૯૭૨ સોમવારે સવારે થયો. તે દિવસે વૃંદાવનથી દિલ્હી તરફ જતી વખતે અમે એમની પૂર્વસૂચના પ્રમાણે એમની પાસે જઈ પહોંચ્યા. બાબા નીમકરોલી અમને જણાવ્યા પ્રમાણે બહારગામ નહોતા જઈ શક્યા. શુક્રવારે એક ભાઈ એમને મળેલા અને રવિવારે અમને દિલ્હી લઈ જવા માટે આવેલા કાશીરામ પણ હનુમાનગઢીમાં જઈને એમનું દર્શન કરી આવેલા. કાશીરામને પોતાના અંદરના ઓરડામાં લઈ જઈને એમણે પૂછેલું કે તમને કશી તકલીફ છે ? કાશીરામે જણાવ્યું કે મારી પુત્રીની ચિંતા રહે છે તો એમના મસ્તક પર હાથ મૂકીને એમણે કહ્યું કે એની ચિંતા હવે ના કરતા. એને સારું થઈ રહેશે. કાશીરામને એમના આશીર્વાદથી દેખીતી રીતે જ આનંદ થયેલો.

એ કાશીરામની કારમાં જ હનુમાન ગઢી પહોંચ્યા ત્યારે અંદરનો દરવાજો બંધ હતો. અમે ચોકીદારને દરવાજો ઉઘાડવાની સુચના આપી. એ અંદર જઈને તરત જ પાછો આવીને કહેવા લાગ્યો કે યોગેશ્વરજીને નહિ મળે. પાછા જાય.

એ સાંભળીને રૂપકિશોરને ખૂબ જ ખરાબ લાગ્યું. એમણે કહ્યું, ‘અમે એમના કહેવાથી જ આવ્યા છીએ. એમણે અમને સમય આપ્યો છે. યોગેશ્વજીને આજે અત્યારે એમણે જ બોલાવ્યા છે.’

ચોકીદાર ફરી અંદર જઈને બાબા નીમકરોલીને પૂછીને આવ્યો ને બોલ્યો : ‘યોગેશ્વજીને પાછા જવાનું કહે છે.’

‘કોણ પાછા જવાનું કહે છે ?’

‘બાબા.’

‘બાબા આવા કેવા ? એ તો ઠેકાણા વગરના કહેવાય.’

ચોકીદાર લાચાર લાગ્યો. એની લાચારી સમજી શકાઈ. એને તો કેવળ ચિઠ્ઠીના ચાકર થવાનું હતું. એણે જણાવ્યું : ‘બાબા અંદર પૂજામાં જતા રહ્યા છે. એ ક્યારે બહાર આવે એ વિશે કશું કહેવાય નહિ.’

એ માહિતી એટલી બધી સંતોષકારક ના લાગી.

મારા મનમાં એક વિચાર પેદા થયો. એથી પ્રેરાઈને મેં કહ્યું : ‘બાબાને જઈને કહો કે દિલ્હીના કાશીરામ કપૂર આવ્યા છે.’

એ શબ્દોએ ધારેલું કામ કરી દીધું. થોડા જ વખત પછી પાછા આવીને ચોકીદારે બારણું ઉઘાડીને કહ્યું : ‘દિલ્હીના કપૂર અંદર આવે.’

ઉઘાડા બારણામાંથી અમે બધા અંદર ગયાં ત્યારે ચોકીદારે જણાવ્યું કે એકલા દિલ્હીના કપૂરને જ બોલાવ્યા છે માટે એ જ અંદર જાય તો મેં કહ્યું કે અમે સૌ કપૂરની સાથે જ છીએ. આ મંડળ કપૂરનું જ છે.

સામે જ ઓસરીમાં પાટ પર કામળો ઓઢીને બાબા નીમકરોલી બેઠેલા. ગયે વખતે એમણે વાતવાતમાં માતાજીને કહેલું કે તમે કોઈવાર સુખડી બનાવો છો ! એ શબ્દોને યાદ રાખીને માતાજી એમને માટે પ્રેમથી સુખડી બનાવી લાવેલાં. એનું પડીકું એમણે એમની આગળ ધર્યું એટલે એને જોતાંવેંત જ એ બોલ્યાં કે સુખડી લાવ્યાં છો ? લાવો.

શુક્રવારે એમણે માતાજીને હાથે બનાવીને રોટલી તથા શાક મોકલાવવા કહેલું ને માતાજીએ એ મોકલી આપેલું.

મને એમણે પૂછ્યું : 'તમે નંદગામ જઈ આવ્યા ?'

'ના. નથી જવાયું.' મેં જણાવ્યું.

'ગુજરાત ક્યારે જશો ? એકાદ મહિના પછી જાવ છો ?'

'કોઈવાર જઉં છું.'

'ક્યાં જાવ છો ?'

'જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, લીંબડી.'

એમણે અમને પ્રસાદ આપ્યો ને જવાનું કહ્યું. અમારી સાથેનાં બીજાં બધાં થોડેક દૂર ગયા એટલે મેં એમને કહ્યું 'તમે તો મને આ ઉનાળામાં પરદેશ જવાનું કહ્યું છે.'

'હા. આ ઉનાળામાં તમે પરદેશ જશો. જઈ આવો.'

'મારે પણ જવાનું થશે ?' માતાજીએ પૂછ્યું.

'હા. તમે પણ જશો. ત્યાં સારું રહેશે.'

મેં કહ્યું : 'તો પછી આવતા ઉનાળામાં તમે મસૂરી આવશો ત્યારે અમે ત્યાં નહિ હોઈએ.'

'આવતા ઉનાળામાં મસૂરી નહિ આવું. તે પછીના બીજા ઉનાળામાં આવીશ. તમારે માટે મસૂરી સારું છે. ત્યાં જ રહેજો.'

થોડીવાર પછી એમણે પૂછ્યું : 'કપુર કેવા માણસ છે ?'

'ઘણા જ સારા.'

'શો ધંધો કરે છે ?'

'સૂકા મેવાનો.'

'સારું કમાય છે ?'

'એવું લાગે છે ખરું.'

'સંતોની સેવા કરે છે ?'

'કરે છે.'

એમના એ પ્રશ્નો જરાક અસામાન્ય હતા. કાશીરામે એમને પહેલાં જ પૂછેલું કે હું લેવા આવીશ તો મારે ત્યાં દિલ્હી આવશો ? એમણે એનો ઉત્તર હામાં આપેલો.

બહાર આવીને મેં હસતાં હસતાં કાશીરામને કહ્યું : 'અમને તો બાબાએ મળવાની ના જ પાડી દીધેલી. તમારે લીધે જ અમને આજે એમના દર્શનનો લાભ મળી શક્યો. તમારા નામની શક્તિ ઘણી જ ભારે કહેવાય. તમને પોતાને પણ કદાચ એની ખબર નહિ હોય.'

કાશીરામ બીજું શું કહે ? એ બોલ્યા : 'ના મહારાજ ! તમારે લીધે જ અમને એમનું દર્શન થઈ શક્યું.'

અમારી મોટર મથુરાની દિશામાં દોડવા માંડી.

ઈશ્વરની કૃપાથી છેલ્લા દોઢેક મહિનામાં અમને બે મહાન, વિભિન્ન પ્રકૃતિના, વિલક્ષણ, વિરક્ત પુરુષોના દર્શનનો લાભ મળ્યો. એક દેવપ્રયાગમાં ને બીજો વૃંદાવનમાં. બંને પોતાના વિરોધી વ્યક્તિત્વને લીધે અમારા સ્મૃતિપટ પર સદા માટે અંકિત થવા માટે સરજાયેલા હતા.

### ૫. નીમકરોલીનું નામ

બાબા નીમકરોલીના નામકરણ પાછળ કશું રહસ્ય છે ખરું ? એમનું નામ બાબા નીમકરોલી કેમ પડ્યું ને ક્યારે પડ્યું એ વિશે કશી માહિતી મળી શકે છે ખરી ? મને એમના પ્રશંસકો કે ભક્તો દ્વારા એના સંબંધી જે કાંઈ જાણવા મળ્યું છે એનો ઉલ્લેખ સંક્ષેપમાં કરી લઉં તો એ અસ્થાને નહિ ગણાય.

વરસો પહેલાં બાબા નીમકરોલી-જ્યારે એમનું નામ નીમકરોલી નહોતું ત્યારે-ઉત્તર પ્રદેશમાં ટ્રેનમાં સફર કરતા હતા. ટ્રેન આગળ વધ્યે જતી'તી ત્યાં અચાનક એમના ડબામાં ટિકિટ ઈન્સ્પેક્ટર આવી પહોંચ્યા. એમણે એમની પાસે ટિકિટ માગી. એમની પાસે ટિકિટ હતી જ નહિ પછી એ ટિકિટ કેવી રીતે આપે ? ટિકિટ ઈન્સ્પેક્ટરે સાધારણ સાધુ સમજીને એમનો સારી પેઠે ઉધડો લીધો અને એટલાથી અટકવાને બદલે એમને આગલા સ્ટેશને ટ્રેનમાંથી નીચે ઉતારી દીધા. સરળ ને સીધા સ્વભાવના બાબા કોઈપણ પ્રકારના બડબડાટ, વિરોધ કે પ્રતિકાર વિના નીચે ઉતરી પડ્યા.

નીચે ઉતરીને બાબા એન્જીનની આગળ જઈને પાટાની વચ્ચે બેસી ગયા. વખત થયો એટલે ગાર્ડે ટ્રેનને ચાલુ કરવાનો સંકેત કર્યો અને એન્જીનવાળાએ પણ એને માટે તૈયારી કરી તો પણ ટ્રેન ના ચાલી શકી. ટ્રેન બાબાને બેસાડ્યા વગર જાણે કે આગળ વધવાનો ઈન્કાર કરવા લાગી. બાબા પાટાની વચ્ચે શાંતિથી, સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક બેસી રહેલા. એમને ત્યાંથી ઊઠવા માટે સમજાવવાના સઘળા પ્રયત્નો નકામા ગયા. આખરે એમને ગાર્ડ માસ્તરે, એન્જીન ડ્રાઈવર તથા ટિકિટ ઈન્સ્પેક્ટરે ટ્રેનમાં બેસવા માટે ઉપરાઉપરી પ્રાર્થના કરી. એમની એ પાર વગરની પ્રાર્થનાને લક્ષમાં લઈને બાબા ટ્રેનમાં બેઠા અને એ પછી જ ટ્રેન ઉપડી શકી. જનતાએ બાબાનો અતિશય આદરપૂર્વક જયજયકાર કર્યો.

જે સ્ટેશને એ અભૂતપૂર્વ આશ્ચર્યકારક ઘટના બની હતી તે સ્ટેશનનું નામ નીમકરોલી હોવાથી બાબાનું નામ પણ તે દિવસથી બાબા નીમકરોલી પડી ગયું. એ સારગર્ભિત નામ ત્યારથી માંડીને આજ સુધી તો ઉત્તર પ્રદેશમાં ઠેરઠેર પ્રચલિત થઈ ગયું છે. એમના નામનું અને કલ્યાણકારક કાર્યનું પ્રચલન ઉત્તર પ્રદેશમાં ઘણું વધારે છે.

### ૬. શરીર ત્યાગ

બાબા નીમકરોલીના કહ્યા પ્રમાણે ઈ.સ. ૧૯૭૩માં પરદેશ જવાનું તો ના થયું. એ સંબંધી એમની ભવિષ્યવાણી સાચી ના પડી શકી, પરંતુ પ્રત્યેક વરસની પેઠે મસૂરી જવાનું બન્યું. ત્યાંના નિવાસ દરમ્યાન જાણવા મળ્યું કે સપ્ટેમ્બર માસમાં હૃદય બંધ પડવાથી એમના સ્વર્ગવાસ થયો. એ સમાચાર ખૂબ જ આકસ્મિક, કરુણ તથા હૃદયદ્રાવક હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. બટુક મહારાજ

'મહાપુરુષો હોય છે જ એવા ઉદાર દિલના, વિશાળ મનના તેમજ ગુણગ્રાહી. એ બીજાના રજ જેટલા સાધારણ ગુણને પણ મહત્વ આપે છે ને પર્વત બરાબર કરીને પેખે છે એવું નથી કહ્યું ? યોગેશ્વરજી એવા જ લોકોત્તર ગુણદર્શી મહાપુરુષ છે એટલે મારા સંબંધી પોતાના પત્રમાં સારું જ લખેને ? તમે મને એમનો પત્ર વંચાવવા આવ્યા છો પણ એમાં જે લખ્યું છે તે આટલે દૂર બેસીને હું જ વાંચી દઉં. તે વાચન બરાબર છે કે નહિ તે તમે જોઈ લો.'

બટુક મહારાજના એ શબ્દોને સાંભળીને ડોક્ટરને આશ્ચર્ય થયું. એમને મેં સુરતથી પત્ર લખેલો તેમાં બટુક મહારાજ વિશે થોડુંક લખેલું. એ પત્ર લઈને એ બટુક મહારાજ પાસે ગયા તો બટુક મહારાજે ઉપર મુજબ ઉદગાર કાઢ્યા એથી એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું; પરંતુ એથી પણ અધિક અસાધારણ આશ્ચર્ય તો એમને ત્યારે થયું જ્યારે બટુક મહારાજ દૂર બેસીને પત્રને હાથમાં લીધા સિવાય જ એમાં લખેલા એમના સંબંધી મારા વાક્યોને બોલવા લાગ્યા.

'બરાબર છે ?' વાક્યોને વાંચી બતાવ્યા પછી એમણે પૂછ્યું.

'હા. બરાબર છે.' ડોક્ટરે જણાવ્યું.

'મારી કશી ભૂલ તો નથી થતી ?'

'ના.'

ડોક્ટરે પત્રને ખિસ્સામાં મૂકી દીધો.

બટુક મહારાજની વિશિષ્ટ શક્તિઓમાંની એકનો એવી રીતે એમને પરિચય થયો, અને એથી એ આભા બની ગયા.

પાછળથી મળવાનો સુયોગ સાંપડતા એમણે મને એ પ્રસંગ કહી સંભળાવ્યો.

'એમની શક્તિ સાચેસાચ આશ્ચર્યકારક છે.' મેં મારી પ્રતિક્રિયાને પ્રકટ કરતાં કહ્યું : 'આવા કઠોર કલિકાળમાં, ઘોર સંક્રમણ કાળમાં પણ આવા લોકોત્તર પુરુષો વાસ કરે એ માનવજાતિનું મોટું ભાગ્ય છે. એમના સંબંધી સાંભળીને આપણને આનંદ થાય છે. કોઈવાર એમને મળવાનું થશે ત્યારે વધારે આનંદ થશે.'

એવા વિશિષ્ટ શક્તિસંપન્ન સત્પુરુષોને મળવાનું કોઈને માટે પણ આનંદકારક જ થાય. એમનો સમાગમ સુખદ ઠરે એમાં સંદેહ નહિ.

બટુક મહારાજ કોણ હતા ને કેવા હતા ? ડોક્ટર દ્વારા જ મને એમની થોડીઘણી માહિતી મળી શકેલી. મુંબઈમાં એ એમના કોઈ ભક્તને ત્યાં અવારનવાર આવતા. એમણે એમના એ ભક્તને પોતાને મળવાના રહસ્ય વિશે જે કાંઈ કહેલું તે ખાસ યાદ રાખવા જેવું, અનોખું અને આશ્ચર્યકારક હતું. એમણે કહેલું કે મને મળવાની મરજી થાય ત્યારે તમારે મને યાદ કરીને ઘરમાં ઘીનો દીવો કરવો. જો હું મુંબઈમાં હોઈશ તો તે દિવસે તમારી પાસે આવી પહોંચીશ. પરંતુ જો ના આવું તો સમજી લેજો કે હું મુંબઈમાં નથી.

એ ભક્તે એવી રીતે પ્રયોગો કરેલા પણ ખરા. દીવો કરીને એ એમની પ્રતીક્ષા કરતા. અને એ દિવસે આવ્યા પછી એ તરત જ જણાવતા કે તમે આજે દીવો કરેલો ને ? એટલે જ હું આવી પહોંચ્યો છું. ભક્તને

એમના શબ્દો સાંભળીને ખૂબ જ નવાઈ લાગતી. જે દિવસે દીવો કરવા છતાં પણ એ ના આવતા તે દિવસે એ સ્વાભાવિક રીતે જ સમજી જતા કે એ મહાપુરુષ મંબઈની બહાર છે. એ ભક્તે જ ડોક્ટરને બટુક મહારાજનો પરિચય કરાવેલો. એ પછી ડોક્ટર એક દિવસ બટુક મહારાજને મળવા ગયા. એમણે એમને કહ્યું કે યોગેશ્વરજીને મળવા ચાલો તો એ તરત જ બોલ્યા કે એ યોગેશ્વરજીને મારે મળવું છે તો ખરું પરંતુ અત્યારે નહિ આવી શકું. અત્યારે તો એ મુંબઈ છોડવાની તૈયારી કરી રહ્યા છે. કોઈ વાર ભવિષ્યમાં વાત. એ એક ઉચ્ચ કક્ષાના મહાપુરુષ છે, વરસોથી હિમાલયમાં રહે છે ને સાથે એમનાં માતાજીને પણ રાખે છે. જગદંબાની એમની ઉપર કૃપા છે. એ સ્ત્રી માત્રને જગદંબાના સ્વરૂપ જેવી માને છે અને એવી જ રીતે જુએ છે. મારે ને સૌને માટે વંદનીય છે. હજુ તો એમની ખ્યાતિ ઘણી વધારે થશે અને લોકો એમને માન આપશે.

મારા વિશે એમણે એવી તો બીજી કેટલીય વાતો કહી બતાવી. એ સાંભળીને ડોક્ટરને અતિશય આશ્ચર્ય થયું. એ વાતો એમની વિશિષ્ટ અસાધારણ આરાધના શક્તિની પરિચાયક હતી. એ દિવસે મારે ખરેખર મુંબાઈથી નીકળવાનું હતું. ડોક્ટરે સ્ટેશન પર મળીને મને બટુક મહારાજ વિશે બધી માહિતી આપી ત્યારે મને એમને માટે પ્રેમ અને આદરભાવ પેદા થયો. ભારતના એ પ્રકારના અસામાન્ય શક્તિસંપન્ન સત્પુરુષોમાં બટુક મહારાજનું સ્થાન ખૂબ જ ઉલ્લેખનીય અને આગળ પડતું લાગ્યું. સુરત જઈને મેં ડોક્ટરને એમની અસાધારણતા ને અભિનંદનનો પત્ર પણ લખી નાખ્યો.

બટુક મહારાજના પ્રત્યક્ષ સમાગમનો સુયોગ હજુ સુધી નથી સાંપડી શક્યો. એવો સમાગમ જ્યારે પણ સાંપડશે ત્યારે સુખદ ઠરશે અથવા આનંદ આપશે એમાં શંકા નથી. એ જ્યાં હોય ત્યાં એમને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે. એ ગુજરાતનું ગૌરવ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. શબ્દોને સાચા કર્યા

વડોદરાના કારેલીબાગનો એકાંત વિશાળ વિશ્વવંદ્ય ઉદ્યાનનો પવિત્રતમ પ્રદેશ. બે વરસ પહેલાં ત્યાં પ્રતિવર્ષની પેઠે મારો ઉતારો હતો. તે દરમિયાન એક દિવસ બપોર પછી ત્યાં મને મળવા માટે વિખ્યાત સમાજસેવિકા તથા કવયિત્રી શ્રીમતી પ્રભાવતીબેન પજવાણી આવી પહોંચ્યા. એમણે મને અતિશય કરુણાર્દ્ર સ્વરે જણાવ્યું કે ગુજરાતી ભાષાના અગ્રગણ્ય કવિશ્રી પતીલની દશા અત્યંત કફોડી છે. એ કેન્સરથી પીડાય છે, ને હોસ્પિટલમાં છે. એમની આર્થિક સ્થિતિ લેશ પણ સારી નહિ હોવાથી એમની અને એમનાં કુટુંબીજનોની ચિંતાનો પાર નથી.

મને કરુણા થઈ આવી એટલે મેં કહ્યું કે તમે એમને સારુ સાહિત્યકારો પાસેથી ફાળો એકઠો કરો તો સારું. એમને એથી ઘણી મોટી મદદ મળી શકે. મેં પોતે એમને ફૂલ નહિ તો ફૂલની પાંખડી તરીકે સો રૂપિયાની મદદ કરી અને બીજી મદદ મેળવવાની પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ પૂરો પાડ્યો.

પ્રભાવતીબેન એ લઈને પ્રસન્નતાપૂર્વક વિદાય તો થયાં, પરંતુ બીજે દિવસે એક ભાઈ સાથે આવીને કહેવા લાગ્યાં કે તમારી મદદના બદલામાં કવિશ્રી પતીલે તમારો ખૂબ જ આભાર માન્યો છે, ને તમને મળવાની ઈચ્છા પ્રકટ કરી છે. ગમે તેમ કરીને પણ તેમને દર્શન આપવા પધારો એવી એમની ઈચ્છા છે.

એમની સાથેના ભાઈએ-શિક્ષકભાઈએ પણ એને માટે વિશેષ વિનંતિ કરીને જણાવ્યું કે એમની પાસે અત્યારે જ ચાલો. તમને લઈ જવા માટે અમે રીક્ષા લઈને આવી પહોંચ્યા છીએ. એમની દશા ખૂબ જ ગંભીર છે. ડોક્ટરોએ કહી દીધું છે કે એ આજની રાત ભાગ્યે જ કાઢી શકશે. એમને દેહને છોડવાનું દુઃખ નથી, પરંતુ એ પહેલાં એ તમારું દર્શન કરી લેવા માગે છે.

મારા મુખમાંથી એકાએક નીકળી પડ્યું કે મારાથી આજે નહિ આવી શકાય. કાલે બપોરે જમ્યા પછી એકાદ વાગે જ આવી શકાશે.

તે શિક્ષકભાઈ વિચારમાં પડ્યા. એમને મારી વાત જરા પણ ના ગમી. તે ઉદાસ બનીને બોલી ઉઠ્યા : 'તો પછી તેમને તમારા દર્શનનો લાભ નહિ મળી શકે ?'

'તેની ચર્ચામાં નહિ ઉતરું. હું તો કાલે જ આવી શકીશ.'

'પરંતુ આજે આવો તો ?'

'આજે નહિ આવી શકાય.'

અમારી પાસે વિશ્વવંદ્ય ઉદ્યાનના વ્યવસ્થાપક શ્રી વિષ્ણુભાઈ ઊભેલા. એમણે શિક્ષકભાઈને કહ્યું કે તમે નકામો વિવાદ કરો છો. યોગેશ્વરજી જે કહે છે તેમાં વિશ્વાસ રાખીને કાલે બપોરે એમને લેવા માટે આવી જજો.

'પરંતુ કાલે ડોક્ટરોના કહેવા પ્રમાણે કવિ પતીલ નહિ હોય તો ?'

વાર્તાલાપ ત્યાં જ અટકી પડ્યો. એને આગળ વધારવાનો કશો અર્થ નહોતો.

બીજે દિવસે એ શિક્ષકભાઈ બપોરે એકાદ વાગે રીક્ષા લઈને આવી પહોંચ્યા. અમે રીક્ષામાં બેસીને ચાલી નીકળ્યાં.

રસ્તામાં એમણે જણાવ્યું કે સવારે સ્કૂલમાંથી છૂટીને હું સીધો કવિશ્રી પતીલની પાસે હોસ્પિટલમાં ખાતરી કરવા જઈ આવ્યો કે એ જીવતા છે કે નહિ. એ જીવે છે એવી ખાતરી થવાથી તમારી પાસે રીક્ષા લઈને આવી પહોંચ્યો.

મેં કેવળ સ્મિત કર્યું. જગદંબાએ મારા શબ્દોને સાચા કર્યા એથી મને આનંદ થયો.

એની કૃપાથી શું ના થઈ શકે ?

હોસ્પિટલમાં કવિ પતીલની દશા ખૂબ જ કરુણ હતી. એ બેહોશ જેવા બનીને સુઈ રહેલા.

એમને મળીને અમે ચાલ્યાં ત્યારે પેલા શિક્ષકભાઈએ પૂછ્યું કે ફરી ક્યારે આવશો ? મેં જણાવ્યું કે હવે નહિ આવી શકાય.

'એક વાર પણ નહિ ?'

'ના.'

એ પછી બીજે જે દિવસે કવિશ્રી પતીલનું શરીર શાંત થઈ ગયું. એમને એક વાર પણ મળી શકવા બદલ મને સંતોષ થયો.

☼ ☼ ☼ ☼ ☼



## ૩૧. દુર્ગાસપ્તશતીનો પાઠ

કેટલાક અનુભવ પ્રસંગો જીવનમાં એવા અનોખા અથવા અદભુત બને છે, જે સામાન્ય તો શું, પરંતુ અસામાન્ય માનવબુદ્ધિથીય સમજી નથી શકાતા. એ જીવનમાં રોજબરોજના પ્રસંગો કરતાં તદ્દન વિલક્ષણ હોય છે. એ પ્રસંગો પરમાત્મા પ્રત્યેની પરમ શ્રદ્ધાભક્તિને અનિવાર્ય રીતે અને પુષ્કળ પ્રમાણમાં વધારે છે. એમનું ક્ષેત્ર માનવીય શક્તિના સીમાક્ષેત્રની બહારનું હોય છે. પરમાત્માની પરમકૃપાથી જ એમની પ્રાપ્તિ થતી હોય છે ને પરમાત્માની કૃપાથી જ એમને સમજવાનું સરળ બને છે. એવો જ એક અદભુત અનુભવ પ્રસંગ અહીં વર્ણવું છું.

એ પ્રસંગ તા. ૨૨-૧૦-૧૯૭૪ની રાતનો છે. એ વખતે નવરાત્રીના પવિત્ર દિવસો ચાલી રહેલા. ઠેરઠેર દુર્ગાસપ્તશતી અને રામાયણનો પાઠ થઈ રહેલો. ક્યાંક ભાગવત સપ્તાહનું પણ આયોજન થયેલું. અમે દિલ્હી જેમને ત્યાં ઉતરેલા તે કાશીરામભાઈને ત્યાં પણ દેવીની નિયમિત રીતે પૂજા થતી. નવરાત્રીના દિવસો હોવાથી મને વિચાર તો થયો કે કોઈક સારા સુપાત્ર પંડિત પાસે દુર્ગાસપ્તશતીનો વિધિપૂર્વક પાઠ કરાવું. પરંતુ પાછું થયું કે એવા પંડિત અહીં ક્યાં મળે ? અને મળે તો પણ બીજાને ત્યાં પાઠ કરાવવાની અનુકૂળતા હોય અથવા ન પણ હોય, એટલે વિચારને મેં માંડી વાળ્યો.

તો પણ જગદંબાની કૃપાનો કોઈ વિશેષ અનુભવ થાય એવી આકાંક્ષા તો હતી જ. અને એ ઈચ્છા બહુ અનોખી રીતે પૂરી થઈ. કેવી રીતે તે જોઈએ.

તારીખ બાવીસમી ઓક્ટોબરે સાતમ હતી. તે દિવસે રાતે અગિયાર વાગ્યા પછી મારી આંખ ઉઘડી એટલે હું જગદંબાનું સ્મરણ અને જગદંબાની પ્રાર્થના કરતાં બેઠો. એ જ વખતે મારી જમણી તરફની બારીની બહારની ઓસરીમાંથી એક બાજુથી મને દુર્ગાસપ્તશતીનો સુંદર પાઠ સંભળાયો. પાઠ કરનાર કોઈ પંડિત હોય એવું લાગ્યું. એમનાં ઉચ્ચારણો ખૂબ જ શુદ્ધ અને રસમય હતાં. તેમનો પાઠ પ્રમાણમાં ધીમો છતાં શુદ્ધ અને સહેલાઈથી સમજી શકાય તેવો હતો. મને એ સાંભળીને અતિશય આનંદ થયો. આશ્ચર્ય પણ થયું- અત્યારે આવી રીતે કોણ પાઠ કરતું હશે ? કદાચ કાશીરામે કોઈ પંડિતને પાઠ કરવા બેસાડ્યા હોય. એમણે જ બેસાડ્યા હશે; કારણ એમની અનુમતિ વગર અહીં આવી રીતે કોણ પાઠ કરી શકે ? એમણે પંડિતને પાઠ કરવા રોક્યા હશે. પાઠ પૂરો કરી તે રાતે અહીં આરામ કરશે.

પાઠ ચાલ્યો પણ બરાબર રાતના એક વાગ્યા સુધી. ત્યાં સુધી મેં એને શાંતિથી, સુખપૂર્વક સાંભળ્યા કર્યો. એથી અવર્ણનીય આનંદ અનુભવ્યો.

બીજે દિવસે મેં કાશીરામ અને એમની પત્નીને પૂછ્યું : 'રાતે તમે કોઈ પંડિતને પાઠ કરવા બેસાડેલા ?'

'ના. અમે તો કોઈ પંડિતને નહોતા બેસાડ્યા. કેમ ?'

'તમારે ત્યાં રાતે પાઠ થતો'તો.'

'પાઠ થતો'તો ?'

'હા. મેં એ સાંભળ્યો.'

મેં એમને વિગતવાર વાત કહી એથી એમણે આશ્ચર્યચકિત થઈને જણાવ્યું : 'એ પાઠ કરનાર જગદંબા વિના બીજું કોણ હોય ? એમણે આ ઘરમાં એવી રીતે એમની ઉપસ્થિતિ બતાવી.' એ ગળગળાં બની ગયાં.

માતાજીને પણ એ વાત નવી લાગી. એ મારી બાજુમાં-એક જ ખંડમાં સુતેલા તો પણ પાઠ નહોતાં સાંભળી શક્યાં. જગદંબાની વાણી તો એ જેને સંભળાવવા માગે તે જ સાંભળી શકે ને ?

એ વાણી ખરેખર અદભુત હતી.

હું એથી આકર્ષાઈને એ પંડિતને જોવા એમની પાસે પહોંચ્યો હોત તો શું થાત તે કોણ કહી શકે ? એની તો કેવળ કલ્પના કરવી રહી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. મહામૃત્યુંજય મંત્રની શક્તિ

ટપાલમાં એક અનોખા, કરુણભાવે લખાયેલો કાગળ હતો. એનો સારાંશ આ પ્રમાણે હતો :

'બાર વરસથી પણ વધારે વખત પછી આ પત્ર લખી રહ્યો છું. તમારી સ્મૃતિ તો અવારનવાર આવ્યા જ કરે છે. કાળ એનો લોપ કરી શક્યો નથી. તો પણ પત્ર દ્વારા પુરાણા સંબંધને તાજો કરવા આજે તૈયાર થયો છું એની પાછળ એક ખાસ પ્રયોજન છે. છેલ્લા કેટલાક વખતથી, લગભગ દોઢ-બે વરસથી મારું મન એકદમ અશાંત રહે છે. મને જીવનમાં જરા પણ રસ નથી પડતો. ક્યાંય ગમતું નથી. ઊંઘ પણ નથી આવતી. અવારનવાર આપઘાત કરવાનું મન થયા કરે છે. જગતમાં મારું કોઈ નથી એવું લાગ્યા કરે છે.'

'એવું કેમ થાય છે તે સમજાતું નથી. શરીર સારું છે. એમાં કોઈ વ્યાધિ નથી. ધન, વૈભવ, ઐશ્વર્ય બધું છે. સમાજમાં પ્રતિષ્ઠા પણ સારી પેઠે પ્રાપ્ત કરી છે. સ્ત્રી, સંતાન, સંબંધીજનોનું સુખ પણ સાંપડ્યું છે. બીજી કોઈ પ્રકારની તકલીફ નથી. તો પણ માનસિક અશાંતિ શા માટે રહે છે તે નથી સમજાતું. મને કોઈ જાતનું ચેન જ પડતું નથી. મનને ઘણીવાર સમજાવવાની કોશિશ કરું છું પરંતુ તે નકામી જાય છે.'

'આવે વખતે તમારું સ્મરણ થાય એ સ્વાભાવિક છે. મને આશા છે કે આટલો બધો વખત દૂર રહ્યો તે માટે તમે મને ક્ષમા કરશો; મારી ભૂલચૂકને-મારા અપરાધને લક્ષમાં નહીં લો; ને મને સંપૂર્ણ શાંતિ મળે એવો ઉપાય બતાવશો. મારી માગણી તમને સ્વાર્થી લાગે તો પણ એવી માગણી કર્યા સિવાય છૂટકો નથી. મને બનતી વહેલી તકે આ ભયંકર દુઃખમાંથી ઉગારી લો એવી પ્રાર્થના છે.'

કાગળ વાંચીને મને વિચિત્ર લાગણી થઈ આવી. એની પાછળ હતાશા તથા વેદના હતી. એ જીવનથી કંટાળ્યા હતા એ દેખીતું હતું. મારો અને એમનો વરસોથી પરિચય હતો. એમના સંબંધમાં છેલ્લા સમયથી ઓટ આવેલી. છેક આટલા વખતે એમણે પીડાથી પ્રેરાઈને પત્ર લખેલો. મદદની માગણી કરેલી. એમની ભાવના અને એથી પ્રેરાઈને પ્રારંભાયેલી પ્રવૃત્તિ સકામ હોવા છતાં, તિરસ્કરણીય નહોતી. દુઃખી અથવા અશાંત માનવ બીજું કરે પણ શું ? એ સૌથી પહેલાં, યેનકેન પ્રકારેણ દુઃખ અથવા અશાંતિમાંથી મુક્તિ મેળવવાનો મનોરથ સેવે એ સ્વાભાવિક છે. એને અનુકંપા અથવા સહાનુભૂતિથી જોવાની આવશ્યકતા છે. તરસ્યો માણસ સરિતા પાસેથી પાણીની જ ઈચ્છા રાખે; એના કુદરતી સૌંદર્ય તરફ એમનું એટલું ધ્યાન ન હોય, એ સહેજે સમજી શકાય એવું છે. સકામ તથા નિષ્કામ બંને પ્રકારની પ્રવૃત્તિ એકમેકની પૂરક છે ને માનવીની રુચિ, પ્રકૃતિ તથા વિકાસની ભૂમિકા પર અવલંબે છે, અને પોતપોતાની રીતે મહત્વની છે. શરૂઆતમાં સકામ અને પછી નિષ્કામ પ્રવૃતિનો પ્રારંભ થતો હોય છે. અને સકામ શબ્દની સૂગ નકામી છે. સકામ પ્રવૃત્તિ પણ કોઈને સન્માર્ગગામી બનાવતી હોય અથવા આત્મવિકાસમાં મદદરૂપ બનતી હોય તો તેમાં કશું ખોટું નથી.

મને ઈશ્વરની કૃપાથી જે સુઝ્યો તે ઉપાય મેં એમને બતાવ્યો. મેં એમને જે લખ્યું એનો સારાંશ સંક્ષેપમાં આ પ્રમાણે હતો.

'તમારી અશાંતિ સંપૂર્ણપણે શમી જશે, જીવનમાં નવો રસ પ્રકટશે, ને જીવન જીવવા જેવું લાગશે. એની ચિંતા ન કરશો. આજથી બરાબર દોઢ મહિને તમારું મન પહેલાંની પેઠે સ્વસ્થ, શાંત બની જશે.

આપઘાતનો વિચાર શાંત થશે. પરંતુ એને માટે એક કામ કરવું પડશે. મહામૃત્યુંજય મંત્રમાં અસાધારણ અમોઘ શક્તિ છે. એ ખૂબ કલ્યાણકારક છે. એના શ્રદ્ધાપૂર્વકના જપથી શાંતિ સાંપડે છે, વ્યાધિ ટળે છે ને દીર્ઘાયુ થવાય છે. તમારે એના રોજ એક હજાર જપ કરવાના છે, એક હજાર જપ કોઈ કારણે ન થાય તો જેટલા પણ કરી શકાય તેટલા જપ કરજો. તમારાથી નિયમિત રીતે ન જ કરાય તો કોઈ સાત્વિક પંડિત પાસે કરાવજો. તમારા ઈષ્ટમંત્રના જપ પણ કરતા રહેજો. એથી આજથી દોઢ મહિને સ્વસ્થ થઈ જશો ને શાંતિ પામશો.'

એમને માટે બીજો કોઈ વિકલ્પ જ નહોતો રહ્યો. મારા પત્રથી એમને સંતોષ થયો. એમણે મહામૃત્યુંજય જપનો આરંભ કરાવ્યો. ઈષ્ટમંત્રને પણ બને તેટલા વધારે પ્રમાણમાં જપવા માંડ્યો. દોઢ મહિના પછી એમણે મને જણાવ્યું : 'તમે કહ્યા પ્રમાણે બરાબર દોઢ મહિને મને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થઈ ને શાંતિ મળી છે. તમારી અને ઈશ્વરની કૃપાથી વિપત્તિનાં, વિપરીતતાનાં વાદળાં વિખરાઈ ગયાં. એને માટે તમારો જેટલો પણ ઉપકાર માનું એટલો ઓછો છે.'

મેં એમને જણાવ્યું : 'ઉપકાર ઈશ્વરનો માનો. એમણે જ તમને બચાવી લીધા. એમનું સ્મરણ હવે નિયમિત રીતે કરતા રહેજો. મહામૃત્યુંજય મંત્ર પણ ચાલુ રાખજો. એ તમારે માટે કલ્યાણકારક થશે.'

એમણે એમની કૃતજ્ઞતા વ્યક્ત કરવા મને થોડીક મદદ મોકલી. એ મદદને મેં એમના તરફથી ગરીબ વિદ્યાર્થીઓ માટેની ફીના ફંડમાં આપી દીધી.

મહામૃત્યુંજય મંત્રની અમોઘ શક્તિનો લાભ સૌ કોઈ ઉઠાવી શકે છે. એ મંત્ર સાર્વજનિક તથા સર્વકાલીન છે. શારીરિક, માનસિક અને સાંસારિક સંકટમાંથી છૂટવા માટે એનો આધાર લઈ શકાય છે એ તો ખરું જ, પરંતુ આત્મકલ્યાણની અભિલાષાને પુરી કરવા, આત્મદર્શન કરવા અથવા આત્મશાંતિ મેળવવા, અને ભગવાનનાં દૈવી દર્શન દ્વારા જીવનને કૃતાર્થ કરવા માટે પણ એને જપી શકાય છે. એ મંત્રજપ સર્વકાળે, સર્વસ્થળે ને સર્વપ્રકારે કલ્યાણકારક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૩. દક્ષિણેશ્વરની દેવી

ઈશ્વરની અદભુત, અચિંત્ય, મહામહિમામયી શક્તિ કેવી રીતે કામ કરે છે ? તર્કવિતર્ક કે વાદવિવાદના ક્ષેત્રમાં ઉતરવાથી એ પ્રશ્નનું રહસ્યજ્ઞાન અથવા તો સુખદ સમાધાન નહિ થઈ શકે. એને સમજવામાં તર્ક થોડીઘણી સહાય જરૂર કરી શકશે, પરંતુ એનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ તો કેવળ સ્વાનુભવથી જ થઈ શકશે. એ શક્તિ કામ કરે છે એ સાચું છે, એટલું જ નહિ પણ સાચા દિલથી ઈશ્વરનું શરણ લેનાર અને ઈશ્વરમય જીવન જીવનારના જીવનમાં તો ડગલે ને પગલે કામ કરે છે એ વાત નિર્વિવાદ છે. છતાં એની પ્રતીતિ લાંબે વખતે અને કોઈ વિરલ પળે, કોઈ વિરલ પુરુષને થતી હોય છે.

ઈ.સ. ૧૯૪૫માં દેવપ્રયાગના મારા હિમાલયના એકાંત નિવાસસ્થાનમાં હું હતો ત્યારે મને ધ્યાનાવસ્થામાં સૂચના મળી કે મારે નવરાત્રિના દિવસો દરમ્યાન કલકત્તામાં આવેલા શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના પ્રખ્યાત સ્મૃતિસ્થાન દક્ષિણેશ્વરમાં રહીને સાધના કરવી. મારે માટે કલકત્તા તદ્દન નવું હતું. અત્યાર સુધીના મારા જીવનમાં મેં એની મુલાકાત નહોતી લીધી. છતાં ઈશ્વરની આજ્ઞા મળી એટલે મેં ત્યાં જવાનો નિર્ણય કર્યો. ઈશ્વરની પ્રત્યેક પ્રેરણા, યોજના અને આજ્ઞા મંગલને માટે જ હોય છે એવી મારી શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાથી પ્રેરાઈને જ મારે આગળ વધવાનું હતું.

લાંબો પ્રવાસ પૂરો કરીને હું દક્ષિણેશ્વર આવી પહોંચ્યો ત્યારે એ રમણીય સ્થળને જોઈને મારા સંતોષ અને આનંદનો પાર ન રહ્યો. એ સ્થળ પણ રમણીય હતું, તેટલું જ શાંત હતું. બાજુમાં પોતાના પવિત્ર પ્રેમરસ જેવા પાણી સાથે સાગરમાં સમાવા માટે મંત્રમુગ્ધ થઈને વહી જતી ગંગા હતી. એ સ્થળમાં પ્રવેશ કરતાં મારું હૃદય શ્રીરામકૃષ્ણ પરમહંસને માટેના પ્રેમભાવથી ભરપૂર બની ગયું. મારું રોમેરોમ એક પ્રકારના અભૂતપૂર્વ અલૌકિક રસથી રંગાઈને ઊછળવા લાગ્યું. રામકૃષ્ણ પરમહંસના જીવનપ્રસંગનો વિચાર કરવાનો લાભ મને પહેલાં અનેક વાર મળ્યો હતો. એટલે એ બધા પ્રસંગો પ્રાણવાન બનીને મારી કલ્પનાની આંખ આગળ રમવા માંડ્યા.

એ સુંદર શાંત સ્થળમાં બીજે દિવસે સવારે મેં જગદંબાનું દર્શન કર્યું. દેવીનું મંદિર ઘણું ભવ્ય હતું. રામકૃષ્ણે એ મંદિરમાં દેવીના સાક્ષાત્કારની ઈચ્છાથી પ્રેરાઈને વરસો સુધી એકધારી, ઉત્સાહપૂર્વકની સાધના કરેલી. આંસુ સારેલા, પ્રાર્થના કરેલી, અને પ્રેમની પ્રબળતાને પરિણામે અંતરના ઊંડાણમાંથી પોકારો પાડેલા. આખરે એ મહાપુરુષના પ્રેમથી પ્રસન્ન થઈને દેવીએ એમને દર્શન આપેલું એ વાત આજે તો વિશ્વવિદિત છે. એ મહાપુરુષની દીર્ઘકાળની સાધનાનાં પ્રેરક પરમાણુ એ મંદિરમાં ફરતાં લાગ્યાં. એ પરમાણુ જાણે કે પોકારી પોકારીને કહેતાં હતાં કે, પ્રેમ અથવા ભક્તિ જેવો રાજમાર્ગ બીજો કોઈ નથી. એવી અવ્યભિચારિણી અનન્ય ભક્તિ કોઈ બડભાગીને જ પ્રાપ્ત થાય છે, અને જેને પ્રાપ્ત થાય છે તેનું જીવન જ્યોતિર્મય બની ઊઠે છે. તેની સાધના સફળ થાય છે ને તે ઈશ્વરના દર્શનનો દેવદુર્લભ લાભ પામીને ધન્ય બને છે. **भक्त्या लभ्यस्तवनन्यया ।** અનન્ય ભક્તિનો અંતરમાં આવિર્ભાવ થાય તો, અને તો જ, એ પરમ પુરુષ પરમાત્માની પ્રાપ્તિ શક્ય બને છે. રામકૃષ્ણદેવ એ પરમ પુરુષ પરમાત્માને જ 'મા' કહીને સંબોધતા અને 'મા'રૂપે ભજતા હતા.

અને એ ભજવાનું પણ કેવું ? એમની ભક્તિ ક્રમે ક્રમે બળવતી બનતી જઈને પરાકાષ્ઠાએ પહોંચેલી. એમનું મન દિવસરાત 'મા'ના સુધામય સ્વરૂપમાં જ લાગેલું રહેતું. દુન્યવી વિષયોને માટેની કોઈ પ્રકારની રસવૃત્તિનો એ અનુભવ જ ના કરતું. કહે છે કે એક વાર પ્રેમની પ્રબળતાને પરિણામે એમને જગદંબાના દર્શન માટે અજબ જેવી વેદના થઈ. આથી મંદિરની દિવાલ પર લટકતી તલવાર લઈને એ પોતાના જીવનનો અંત લાવવા તૈયાર થયા. ત્યારે જગદંબાએ પ્રત્યક્ષ થઈને એમને દર્શન આપ્યું. મારા મનમાં પણ જગદંબાના દર્શનની તાલાવેલી જાગેલી. એટલે મારું અંતર આતુર બન્યું. મને થયું કે આવા તપઃપૂત દેવસ્થાનમાં મને 'મા'નું દર્શન થાય તો કેટલું સારું !

*

બીજે દિવસથી નવરાત્રિનો પ્રારંભ થયો, એટલે મેં સંકલ્પ કર્યો કે, આ સ્થળમાં જગદંબાનો કોઈ અલૌકિક અનુભવ થાય તો જ મારે ભોજન કરવું, નહિ તો ત્યાં સુધી કેવળ પાણી પર રહીને પ્રાર્થના કરવી અને તલસવું. રામકૃષ્ણદેવે પોતે જ એક ઠેકાણે કહ્યું છે કે 'કલિયુગમાં કોઈ ત્રણ દિવસ અન્ન છોડીને પ્રાર્થે કે તલસે તો ઈશ્વર તેને દર્શન આપે છે.' એમના આ શબ્દો કેટલા સાચા ઠરે છે તે જોઉં તો ખરો ! અલબત્ત, જગદંબાને માટે કોઈ અજ્ઞાત પૂર્વસંસ્કારોને પરિણામે મારા દિલમાં પ્રબળ પ્રેમ પેદા થયેલો. એને લીધે જ એવો સંકલ્પ થઈ શકેલો.

દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણદેવના સ્મૃતિખંડની બહાર પરસાળમાં બેસીને મેં જગદંબાને પ્રાર્થના કરવા માંડી. મારા હૃદયના કરુણ ભક્તિભાવોને મેં નવાં નવાં ગીતોની રચના કરતાં ઠાલવવા માંડ્યાં. મારી સામે મારા પરિચિત દક્ષિણેશ્વર વિસ્તારના વાસી પુલિનબાબુ અને તેમનાં પત્ની બેઠેલાં. તેમને હું ગીતોનો અર્થ સમજાવતો ને ગીતોની રચના કરતો જતો. મારું ત્રીજું ગીત એવા ભાવનું હતું કે 'હે મા, અમારે ત્યાં કોઈક સ્નેહી આવે છે તો અમે તેનું સ્વાગત કરીએ છીએ. પરંતુ તમે તો હજુ અચળ બેઠાં છો. હું તમારા દર્શન માટે ઝંખું છું, છતાં તમે કેમ પ્રકટ નથી થતાં ? મારા પ્રેમનો ખ્યાલ કરીને ને મારા થોડાક પ્રેમને વધારે માનીને પણ મારા પર કૃપા કરો !'

મારી આંખમાંથી અશ્રુની ધારા વહેવા માંડી. મેં એને લૂછીને સામે જોયું તો પુલિનબાબુની પત્નીની પાસે એક જ પંક્તિમાં એક સૌંદર્યવતી સુકુમારી બેઠી હતી. એના વાળ ભીના તથા છુટ્ટા હતા. ગૌર શરીર પર એણે સફેદ સાડી પહેરી હતી. એનું અંગ અસાધારણ આકર્ષણથી યુક્ત હતું અને એની આંખમાં આંસુ હતાં. મને થયું કે મારી તરફ ટકટકી લગાવીને બેઠેલી આ વીસેક વરસની કુમારી કોણ હશે ? એ શા માટે રડે છે ?

એ દશામાં એકાદ કલાક પસાર થયા પછી પુલિનબાબુ એમની પત્ની સાથે વિદાય થયા. એમણે મને જમવા માટે આગ્રહ કરી જોયો. પણ મારે તો જમવું જ નહોતું.

એમના વિદાય થયા પછી હું મારો સામાન લઈને દક્ષિણેશ્વરમાં પંચવટીની પાસે શિવમંદિરના ઓટલા પર આવીને બેઠો અને જગદંબાને પ્રાર્થના કરવા લાગ્યો. પેલી કુમારી ત્યાં પણ આવી પહોંચી. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે સાડીના છેડાને ગળે વીંટીને, જમીન પર માથું મૂકીને મને પ્રણામ કર્યા અને પછી મારી સામે જોતાં નીચે જમીન પર બેસી ગઈ. થોડી વારે શુદ્ધ હિંદીમાં એ બોલી :

'બાબા, આપ બહુત દૂરસે આતે હૈ ન ?'

મેં કહ્યું : 'હા, દૂરસે આતા હૂં.'

'આપ યહાં હી રહેંગે ?' એણે ફરી પૂછ્યું.

'વિચાર તો ઐસા હી હૈ.'

'ઈસસે તો આપકા દેવપ્રયાગ હી અચ્છા હૈ. આપ દેવપ્રયાગ હી રહિયે.'

મેં કહ્યું : 'કુછ દિન યહાં રહૂંગા, ફીર દેવપ્રયાગ ચલા જાઉંગા.' મને શંકા તો થઈ જ કે હું દેવપ્રયાગ રહું છું તેની ખબર આને ક્યાંથી પડી ? કે પછી એ માહિતી એને પુલિનબાબુએ આપી ?

'બાબા મુઝે ભી દર્શન હોગા ?' એણે આંસુ વહાવતાં ફરી પૂછ્યું : 'ઉન્હોંને મુજે હરદ્વાર ધુમાઈ, લેકિન અભી દર્શન નહિ દિયા.'

મેં કહ્યું : 'આપકા ઈતના પ્રેમ હૈ તો દર્શન જરૂર હોગા. પ્રેમ હૈ તો દર્શન ભી હોતા હૈ.'

'ક્યા આપ સબકી રોટી ખા લેતે હૈ ?'

'જો પ્રેમસે દેતે હૈં ઉનકી ખાતા હૂં.'

'કલસે મૈં ઈસી જગહ પર રોટી લાયા કરુંગી.'

'આપ કહાં રહતી હૈ ?'

'યહીં, મંદિર કે પાસ. મેરા ઘર યહીં હૈ. યહાં પર બરસોંસે રોજ આયા કરતી હૂં. રોજ.'

પોતાની ડોલમાંથી મને ચાર રસગુલ્લા ને નાળિયેર આપીને એ બોલી : 'યહ પ્રેમસે દેતી હૂં.'

આખરે મને પૂર્વવત્ પ્રણામ કરીને એ ઊભી થઈ અને શિવાલયના રસ્તે આગળ વધી. મને થયુ કે આ કુમારી આટલા બધા ભાવવાળી છે તો એની સાથે જઈને એનું ઘર જોઈ લઉં. ઊભા થઈને મેં એને બોલાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ દેખાઈ જ નહિ. સામે બે લાંબી કેડીઓ ચાલી જતી હતી. એક મંદિર તરફ અને બીજી બહારના મોટા દરવાજા તરફ. પરંતુ ત્યાં એ હતી જ નહિ. આટલી વારમાં એ ક્યાં ચાલી ગઈ તેની ખબર ન પડી.

બીજે દિવસે મેં એની રાહ જોઈ, છતાં એ ન આવી ત્યારે ત્રીજે દિવસે મેં પુલિનબાબુને તેના સંબંધી પૂછી જોયું તો તેમણે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું : 'તમે કયી છોકરીની વાત કરો છો ? એવી કોઈ છોકરીનો અમને પરિચય જ નથી.'

'હું તમને ગીત સંભળાવતો'તો ત્યારે તે તમારી પત્નીની પાસે નહોતી બેઠી ?'

'ના, છેવટ સુધી તમારી સામે અમે બે જ બેઠેલાં. ત્રીજું કોઈ જ નહોતું.'

એમની પત્નીએ પણ એ વાતનું સમર્થન કર્યું. મેં તેમને બધી વાત કહી સંભળાવી તો તેમણે કહ્યું : 'તે કુમારી બીજી કોઈ નહિ પણ જગદંબા હોવી જોઈએ. તમે ભાગ્યશાળી કે તેનું દર્શન કરી શક્યા. પરંતુ અમારું ભાગ્ય એટલું ફૂટેલું કે પાસે હોવા છતાં અમે એનું દર્શન ના કરી શક્યાં.' એમની આંખ છલકાઈ ગઈ.

'પરંતુ હું પણ એને ઓળખી તો ના શક્યોને ?'

'તેથી શું ? એથી કાંઈ એના દર્શનનો લાભ મળ્યો એનો ઈન્કાર કરી શકશો ? એ ફરી વાર દર્શન આપશે ત્યારે ઓળખાણ પણ પૂરી પાડશે.'

તે રાતે મને સંકેત મળ્યો કે પેલી કુમારી સાક્ષાત્ જગદંબા જ હતી.

થોડા દિવસ પછી મારે એકાએક દેવપ્રયાગ આવવાનું થયું. એ પછી તો જગદંબાની વિશેષ કૃપા માટે મેં કેટલાંય તપ કર્યાં અને કષ્ટો વેઠ્યાં. એની પાછળનો ઈતિહાસ ઘણો મોટો છે. એ આલેખવાનું આ સ્થાન નથી. પરંતુ એ પ્રસંગ પછી મને પ્રતીતિ થઈ કે ઈશ્વરની મારા પર કૃપાદૃષ્ટિ છે. દક્ષિણેશ્વરની દેવીનો એ પાવન પ્રસંગ મારા જીવનમાં ચિરસ્મરણીય અથવા અમર બનીને આજે પણ એવો જ અકબંધ રહ્યો છે. કાળ એની સુવાસ તથા સંજીવની શક્તિને નથી કરમાવી શક્યો. વરસો વીતે છે તેમ એ મધુમય તથા પ્રેરક બનતી જાય છે. સાધકો અથવા આત્મિક પંથના પ્રવાસીઓને એમાંથી આશ્વાસન અને આશા મળશે એવી આશા છે. આપણાં દેવસ્થાનો, તીર્થો તથા પ્રાતઃસ્મરણીય સિદ્ધ પુરુષોનાં સાધનાસ્થાનો જડ નથી પરંતુ ચિન્મય છે. એમની અંદર આજે પણ પ્રાણ છે, પ્રેરણા છે, અને શક્તિનો ભંડાર છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. સાહિત્યકૃતિના સંરક્ષક

વાત હજુ ગયા વરસની છે. ઈ.સ. ૧૯૭૩ની.

વડોદરાના કારેલીબાગમાં આવેલા વિશ્વવંદ્ય ઉદ્યાનમાં મારો ઉતારો હતો ત્યાં એક દિવસ મધ્યાહ્ન પછી એ લબ્ધ પ્રતિષ્ઠિત પ્રોફેસર સાહેબ મને મળવા આવ્યા. થોડીક ઉપલક વાતચીત કર્યા પછી પોતાની પાસેથી ચારપાંચ પાનાનો એક હસ્તિલિખિત લેખ કાઢીને મારી આગળ મૂકીને, એમણે મને પૂછ્યું કે આ લેખ તમારો લખેલો છે ?

એના અક્ષરોને ઓળખતાં મને વાર ના લાગી. એ હસ્તાક્ષરો મારા જ હતા. લેખના પ્રથમ પૃષ્ઠના પ્રારંભમાં જ મોટા અક્ષરે લખેલું : તિરૂપતિ બાલાજીની યાત્રા - લેખક શ્રી યોગેશ્વર. એ લેખનું મને વિસ્મરણ થઈ ગયેલું તો પણ એના અવલોકનથી એ મારો જ લખેલો છે એની પ્રતીતિ થઈ.

'આ લેખના લેખક શ્રી યોગેશ્વર તમે જ છો ?' પ્રોફેસર સાહેબે મને પુનઃ પૂછ્યું.

'હા, હું જ છું.' મેં ઉત્તર આપ્યો. 'આ લેખ મારો જ છે.'

'તો પછી મને નિરાંત થઈ. આટલા બધા વખતે એક સારૂં કરવાયોગ્ય કામ કરવાનો મને સંતોષાનુભવ થયો' એ બોલી ઉઠ્યા.

એમના મુખમંડળ પર પ્રસન્નતા ફરી વળી.

'પરંતુ આ લેખ તમને કેવી રીતે મળ્યો ?' મેં પૂછ્યું.

'મને એ કોઈએ આપ્યો નથી. માર્ગમાંથી મળ્યો.'

'માર્ગમાંથી મળ્યો છે ?'

'હા.'

'કેવી રીતે અને ક્યારે ?'

'એનો ઇતિહાસ થોડોક લાંબો છતાં પણ રોચક હોવાથી કહી સંભળાવું. વાત એમ છે કે એક વાર- આજથી બારેક વરસ પહેલાં-સાંજે હું નડિયાદના સંતરામ મંદિરની પાછળના માર્ગ પરથી પસાર થતો'તો ત્યારે મારી નજર માર્ગમાં એક તરફ પડેલા આ લેખ પર પડી. મેં એને લઈ લીધો, વાંચ્યો, અને ખૂબ જ ગમવાથી ભવિષ્યમાં કોઈવાર એના લેખક મહોદયનો મેળાપ થશે તો એમને આપીશ એવી અપેક્ષાએ મારા કબાટમાં સાચવીને મૂકી દીધો. તમારો પરિચય મને પરોક્ષ રીતે ગયા વરસે થયો અને આ વરસે પ્રત્યક્ષ રીતે. મને થયું કે આના લેખક યોગેશ્વર તમે જ હશો. આજે રાતે આટલે વરસે એને તપાસ કરીને શોધી કાઢીને તમારી પાસે લઈ આવ્યો. અને તમને-એના મૂળ લેખકને સુપરત કર્યો ત્યારે મને સંતોષ થયો. સંતોષ જ નહિ પરંતુ આનંદ.'

'પરંતુ તમે એને ક્યાંક છપાવ્યો હોત તો ?'

'એના લેખકની અનુમતિ વિના મારાથી એવું દુસ્સાહસ ના થઈ શકે. એ દુસ્સાહસ જ કહેવાય.'

'અત્યારે એવું કેટલુંય ચાલે છે.'

'ચાલે છે પણ તે બરાબર નથી લાગતું.'

'તેને ફાડી નાખવાની ઈચ્છા થયેલી ખરી ?'

'ના. એવી ઈચ્છા શા માટે થાય ? સાહિત્યની નાની કે મોટી કૃતિ કેટલી બધી ભવ્યતાપૂર્વક તૈયાર થાય છે, કેટલી કિંમતી હોય છે, તે જાણું છું. એટલે એને ફાડવાની કલ્પના પણ નથી કરી શકતો. સાહિત્યકૃતિને ફાડવી એ એક અક્ષમ્ય અપરાધ છે.'

'અક્ષમ્ય અપરાધ ?'

'હા. મને તો એવું જ લાગે છે. હવે તમે તેને છપાવજો.'

'તમને હું ધન્યવાદ આપું છું. અંતરના અનેકાનેક ધન્યવાદ.'

'એમાં ધન્યવાદની કશી આવશ્યકતા નથી. મેં કશું ધન્યવાદ યોગ્ય નથી કર્યું. કેવળ મારું કર્તવ્ય જ બજાવ્યું છે.'

એ એકદમ નિર્વિકાર રહ્યા.

મને એમને માટે માન પેદા થાય એ સ્વાભાવિક હતું. મને થયું કે આપણી-આજુબાજુના જગતમાં આવાં-આ પરગજુ પ્રોફેસર સાહેબ જેવાં નમ્ર, નિખાલસ, નિસ્વાર્થ માનવરત્નો કેટલાં હશે ? હશે તો પણ એમના અવલોકનનો અવસર કોઈક જ વાર મળતો હોય છે-કોઈક ધન્ય ક્ષણે.

એમની ગુણગ્રાહકતા અને નિષ્ઠા ખરેખર અવિસ્મરણીય હતી. એથી પ્રેરાઈને જ એમણે મારી એ કૃતિને બાર બાર વરસ સુધી લેશ પણ નિરાશ થયા સિવાય સાચવી રાખેલી. એમની સાધના ફળવાથી એમને આનંદ થાય એ સ્વાભાવિક હતું. મહાપુરુષો કોઈ એકાંત અરણ્યમાં અથવા પર્વત પ્રદેશમાં જ રહે છે એવું થોડું છે ? એ આપણી આજુબાજુ વસતા કે વિચરતા હોય છે તો પણ કેટલીક વાર ઓળખી નથી શકાતા. એમની માહિતી કોઈક જ વાર મળતી હોય છે. એ પ્રોફેસર સાહેબ, એ મહાપુરુષ કોણ હતા તે જાણો છો ? ડોક્ટર ધર્મેન્દ્ર માસ્તર, મધુરમ્. નડિયાદના પ્રસિદ્ધ પ્રોફેસર, વિવેચક, વિચારક અને સાક્ષર.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. અપરિચિત સેવાભાવી સદગૃહસ્થ

કેટલાક માણસો હોય છે જ એવા કે એમને પૂરતો સમય હોય, એમની પાસે શક્તિ હોય અને પર્યાપ્ત સાધનસામગ્રી હોય તો પણ એના સદુપયોગ દ્વારા બીજાને મદદરૂપ ના થઈ શકે. બીજાને મદદરૂપ થવાની ઈચ્છાનો ઉદય જ એમની અંદર ના થાય. એ બીજાનું બગાડી શકે ખરા કિન્તુ સુધારી ના શકે. બીજી જાતના માણસો પોતાના સમય, સાધન અને સામર્થ્યની સીમામાં રહીને, તો કોઈકવાર એની ઉપરવટ જઈને પણ, બીજાને મદદ કરતા હોય છે. બીજાનું સુધારી ના શકે તો બગાડવાની પ્રવૃત્તિ તો કરતા જ નથી. એની કલ્પના પણ નથી કરી શકતા. એવા માણસો આ સંસારમાં થોડા હશે. તો પણ એમના સમાગમમાં આવવાનું સૌભાગ્ય સાંપડે છે ત્યારે અંતર આનંદાનુભવ કરે છે ને ભાવવિભોર બને છે. એ છૂટા પડે છે અને વરસો વીતે છે તો પણ એમની સંસ્મૃતિ નથી સુકાતી. એ માનવરત્નો હોય છે અને સાચું કહીએ તો એમની સંસ્મૃતિ સુકાવા દેવાની નથી હોતી. એને સદાને સારુ સાચવવામાં જીવનનું શ્રેય સમાયેલું હોય છે. એવા એક માનવરત્નની સ્મૃતિ અસ્થાને નહિ લેખાય, કલ્યાણકારક કે પ્રેરક ઠરશે.

તારીખ ૯-૧૦-૭૬. એ દિવસે બપોરે એકાદ વાગે અમે સિમલાથી પાછા ફરતાં ને દહેરાદૂન નગરની દિશા તરફ આગળ વધતાં ભૂતપૂર્વ નહાન સ્ટેટની રાજધાની નહાન પહોંચ્યા. ટેક્ષીને એક સ્થળે રોકીને એમાં માતાજીને તથા દહેરાદૂનના લલિતાપ્રસાદના ધર્મપત્નીને બેસાડીને, મેં લલિતાપ્રસાદ સાથે જે શક્ય હોય તે ભોજનસામગ્રીની તપાસ માટે નગરના બજારમાં પ્રવેશ કર્યો. બજાર સાંકડું અને લાંબુ હતું. એના એક સુપ્રસિદ્ધ શાકાહારી શુદ્ધ ભોજનાલયની માહિતી મેળવીને અમે ત્યાં પહોંચ્યા તો સમાચાર સાંપડ્યા કે ભોજનાલયના માલિક ભોજનાલયને બંધ કરીને આજે જ નહાનની બહાર ક્યાંક લગ્નપ્રસંગે ગયા છે. પ્રારંભમાં જ અમને પ્રતિકૂળતાની પ્રાપ્તિ થઈ તો પણ અમે આશા અને ઉત્સાહ સાથે આગળ વધ્યા. અમારી પાસે અન્ય કોઈ વિકલ્પ નહોતો.

લગભગ અડધા કલાક સુધી આગળ વધ્યા એટલે માર્ગમાં એક સદગૃહસ્થ મળ્યા. અમને અપરિચિત સમજીને અમારી પાસે આવીને બોલ્યા, 'ક્યાંથી આવો છો ?'

'સિમલાથી.'

'ક્યાં રહો છો ? સિમલામાં ?'

'ના.' લલિતાપ્રસાદ બોલ્યા : 'દહેરાદૂનમાં.'

'ત્યારે તો સિમલા ફરવા ગયા હશો.'

'હા.'

'શેની શોધ કરો છો ?'

'કોઈ સારા ભોજનાલયની.'

એ વિચારમાં પડ્યા. એમની પ્રસન્ન મુખમુદ્રા સહેજ ગંભીર બની ગઈ.

'એક ભોજનાલય અહીં બાજુમાં જ છે. ચાલો બતાવું.'

'એ તો અમે શોધી લઈશું.'

'પરંતુ હું બતાવું તો મને સંતોષ થાય.'

ભોજનાલય સમીપમાં જ હતું, પરંતુ અત્યંત અસ્વચ્છ હોવાથી એનો લાભ લેવા જેવો નહોતો, એટલે અમે એના દર્શનથી જ સંતોષ માનીને પાછા વળ્યા. એમણે કહ્યું : 'મારે બહાર જમવાના અવસરો ઘણા ઓછા આવતા હોવાથી મને ભોજનાલયોની માહિતી ઓછી છે. કોઈ વાર બહાર જવાનું થાય છે ત્યારે હું કેળાં જેવાં ફળથી ચલાવી લઉં છું.'

મેં કહ્યું : 'સારું શુદ્ધ ભોજનાલય ના હોય તો પુરીશાક મળશે તો પણ ચાલશે.'

એ સદગૃહસ્થ અમને એક મીઠાઈવાળાની દુકાને લઈ ગયા. એ દુકાન સારી દેખાઈ. ત્યાં જે સવારની બનાવેલી થોડીક પુરીઓ બાકી હતી એ અમારે માટે પૂરતી હતી. આવશ્યક ભોજનસામગ્રીને લઈને અમે ટેક્ષી પાસે પહોંચવાનો નિર્ણય કર્યો. પેલા સદગૃહસ્થ અમને એટલાથી મદદ કરીને સંતોષ વાળવાને બદલે ઘેર જઈને એમની સુપુત્રીને બોલાવી લાવ્યા, અને એની મદદથી ભોજનસામગ્રીને લઈને અમારી અનિચ્છા છતાં અમારી સાથે આવ્યા.

ટેક્ષી પાસે પહોંચીને બાજુની પોલીસ ચોકીની લોન પરના વૃક્ષની છાયામાં બેસીને ભોજન કરી શકાય તે માટે એ પોલીસની અનુમતિ મેળવી લાવ્યા. એ પછી એમણે અમારે માટે પાણીનો અને દૂધનો પ્રબંધ કર્યો, અને અને જમી લીધું તે પછી એમની સુપુત્રીની મદદથી પાછું પાણી લઈ આવ્યા. અમે અતિશય આગ્રહ કર્યો તો પણ એ અમારી સાથે જમવા માટે ના બેઠા.

અમે પૂછ્યું : 'તમે અહીં શું કરો છો ?'

'સરકારી નોકરી.'

'તમે અમારે માટે ઘણો સમય કાઢ્યો.'

'જે સમય સેવામાં વપરાય છે તે સુધરે છે. મારો સમય પણ સુધર્યો છે. મારી પુત્રીમાં પણ અત્યારથી સેવાના સંસ્કારો પડે તો સારુંને ?'

'તમારી ભાવના ઘણી સારી છે.'

'ઈશ્વરની કૃપા છે.'

'હવે ક્યાં જશો ?'

'આજે મારે રજા છે એટલે મારી પુત્રીની ઈચ્છાથી સિનેમા જોવા જવું છે. સંતોષીમાનું ચિત્ર આવ્યું છે. હવે સમય થવા આવ્યો છે.'

એ સદગૃહસ્થ વિદાય થયા. અમે પણ ટેક્ષીમાં આગળ વધ્યા. એ સદગૃહસ્થની સંસ્મૃતિ જીવનમાં સદાને સારુ જડાઈ ગઈ. એમને જોઈને અમને થયું કે માનવતા પરિપૂર્ણપણે મરી નથી. એનું દર્શન દુર્લભ જેવું હોય તો પણ એનો સર્વનાશ નથી થયો. એ હજુ જીવે છે

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. લાકડીનો ચમત્કાર

મુંબઈની પાસેનું સુંદર સ્થળ વજ્રેશ્વરી અને એની પાસેનું એથીય સુંદર શાંત, એકાંત, ઐતિહાસિક સ્થળ ગણેશપુરી. એને ઐતિહાસિક એટલા માટે કહું છું કે એની પાછળ એક સરસ ઈતિહાસ સંકળાયેલો છે. એ ઇતિહાસ અતિશય આકર્ષક અને અમર છે. એ સુંદર સ્થળમાં રહીને વરસો સુધી સાધના કરનારા ને છેવટે સિદ્ધાવસ્થાએ પહોંચનારા સ્વામી નિત્યાનંદે એને અસાધારણ તીર્થ જેવું બનાવી દીધેલું. એ મહાપુરુષને લીધે એનો મહિમા વધી ગયેલો. એને અદભુત આકર્ષણ પ્રાપ્ત થયેલું, અને એ એક શાંતિદાયક પ્રેરક તીર્થસ્થાન જેવું બનેલું. એના આરાધ્યદેવ સ્વામી નિત્યાનંદનાં દર્શન અથવા સુખદ સત્સંગ માટે લોકો ત્યાં મોટી સંખ્યામાં ઉમટતા.

એ મહાત્મા પુરુષના એક શિષ્ય, ભક્ત ને પ્રસંશક પરમહંસ સ્વામી આત્માનંદ એમની જેમ જ મૂળ દક્ષિણ ભારતના નિવાસી હતા, પરંતુ મુંબઈમાં વસી ગયેલા. એ મુંબઈમાં કોલેજના વિદ્યાર્થી તરીકેનું જીવન ગાળતા અને એમની અનુકુળતા પ્રમાણે વચ્ચે વચ્ચે જન્માંતરના કોઈક અજ્ઞાત સંસ્કારોને વશ થઈને સ્વામીજીની મુલાકાત પણ લેતા. સ્વામીજીની સુખદ સંનિધિમાં એમને અભૂતપૂર્વ આત્મવિકાસની પ્રેરણાની પ્રાપ્તિ થતી. એમને એમના પ્રત્યે સહજ અને અસાધારણ આકર્ષણનો અનુભવ થયા કરતો.

એમના એ વખતના જીવનમાં એક અવિસ્મરણીય ઘટના બની. એ ઘટનાનું વર્ણન એ આજે પણ ખૂબ જ ભાવવિભોર બનીને કરી બતાવે છે.

સાદી ને સીધી વૈદિક ભાષામાં કહીએ તો એમને લગ્ન કરવાની ઈચ્છા થઈ આવી. એ ઈચ્છા કાંઈ અપરાધરૂપ ન હતી. એમના જેવા નવલોહિયા ઉછરતા યુવાનને સારું સ્વાભાવિક હતી. તો પણ એમણે પોતાના ગુરૂ સ્વામી નિત્યાનંદની પાસે પહોંચીને લગ્નનો પ્રસંગ સુખરૂપ પૂરો થાય તથા લગ્નજીવન સફળતાપૂર્વક પસાર થઈ જાય તેને માટે એમના આશીર્વાદ મેળવવાની ઈચ્છા કરી.

એ ઈચ્છાથી અથવા શુભેચ્છાથી પ્રેરાઈને એ એમની પાસે ગણેશપુરી પહોંચી ગયા.

ગણેશપુરીમાં સ્વનામધન્ય સ્વામી નિત્યાનંદ શાંતિપૂર્વક વિરાજેલા. ત્યાં પહોંચીને એમણે એમને પ્રખર પ્રેમ તથા પૂજ્યભાવથી પ્રેરાઈને પ્રણામ કર્યા. નિત્યાનંદજી પ્રથમ તો શાંત રહ્યા, પરંતુ બીજી જ ક્ષણે ઊભા થયા ને બાજુમાં પડેલી લાકડી લઈને એમના પર પ્રહાર કરવા માટે આગળ વધ્યા.

એમનું એવું રૌદ્ર રૂપ જોઈને એ તો એકદમ ગભરાઈ જ ગયા, આશીર્વાદ માગવાની વાત તો બાજુએ રહી એ સંબંધી એ એક અક્ષર પણ ના બોલી શક્યા. લગ્નના વિચારને વ્યક્ત પણ ના કરી શક્યા. એને બદલે સ્વામીજીના શક્ય પ્રહારથી બચવા માટે નાસવા માંડ્યા. એમને સમજાયું નહિ કે સ્વામીજી આવી રીતે આટલો બધો ક્રોધ શા માટે કરી રહ્યા છે. હજુ પોતે તો એમને કશું કહ્યું નથી. કે પછી પોતાના મનોભાવોને જાણી લીધી અને એમને પસંદ ના પડવાથી એ આવો અદભુત અભિનય કરી રહ્યા છે ? ગમે તેમ પણ એ અભિનય હતો ખૂબ જ વિચિત્ર ને રહસ્યમય. એના ગર્ભિત રહસ્યસંદેશને પ્રકટ કરતાં સ્વામીજીએ લાકડી ઉગામવાની તૈયારી કરતી વખતે જ કહ્યું : ‘લગ્ન કરવાની ઈચ્છા કરે છે ? લગ્ન કરવું હોય તો આવી જા.

મારો પ્રસાદ ખા. લગ્ન તારે માટે કલ્યાણકારક નથી. તો પણ એને માટે આશીર્વાદ લેવા આવ્યો છે ? ભજન કર.'

આખરે એમણે લાકડી મૂકી દીધી.

એમનું રૌદ્ર સ્વરૂપ શાંત થયું.

એના સંદર્ભને સમજી ચૂકેલા આત્માનંદે (એ વખતે એ આત્માનંદ નહોતા બન્યા, પરંતુ વિદ્યાર્થી હતા) લગ્નનો વિચાર અમંગલ માનીને માંડી વાળ્યો.

એ પછી તો એ અવારનવાર નિત્યાનંદજીના દર્શનનો દેવદુર્લભ લાભ લેતા રહ્યા. નિત્યાનંદજીની સમાધિ સમયે એ એમની સામે જ બેઠેલા.

સ્વામીજીએ એમને પૂછ્યું : 'શું આપું ? શું જોઈએ છે ? જે જોઈએ તે માગી લે.'

એમણે બીજું કશું જ ના માગ્યું. એમને પૂજ્યભાવે પ્રણામ કરીને ફકત એટલું જ જણાવ્યું : 'મારે તો તમારી કૃપા, તમારો આશીર્વાદ જોઈએ. એ જ આપો.'

નિત્યાનંદે એમને આત્મિક આશીર્વાદ આપ્યો.

પરમહંસ સ્વામી આત્માનંદ એવા બધા પ્રેરક પ્રસંગોને આજે પણ નથી ભૂલ્યા. એ ભૂલવાની વસ્તુ થોડી જ છે ? એમનો ઉલ્લેખ કરીને એ આજે પણ ગદગદ્ બની જાય છે. હવે તો એ વિરક્તિવાળું પરિવ્રાજકનું જીવન જીવે છે ને છેલ્લાં અઠ્ઠાવીસ વરસથી મૌનવ્રત રાખે છે. એમણે એમના જીવનનું સાર્થક્ય કર્યું છે. એ કહે છે કે એ વખતે એમણે જે કાંઈ માંગ્યું હોત તે બધું જ સ્વામીજીએ અર્પણ કર્યું હોત, કિન્તુ એમણે એમની કૃપા માગી, શુભાશિષની ઈચ્છા બતાવી, અને એનો એમને લેશ પણ વસવસો નથી. એમના અસાધારણ અનુગ્રહનો અને અમોઘ આશીર્વાદનો અનુભવ એ જીવનમાં અહર્નિશ કરી રહ્યા છે અને એને લીધે આત્મવિકાસના સોપાનોને એક પછી એક સર કરતા શાંતિ અનુભવે છે.

લાકડીના પેલા ચમત્કારને એ આજે પણ નથી ભૂલ્યા, ને ભવિષ્યમાં ભૂલે એવો લવલેશ સંભવ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. ચમેલીનો પ્રયોગ

ભારતવર્ષમાં આયુર્વેદના અનુભવસિદ્ધ ધુરંધર આચાર્યોની અછત કોઈ કાળે પણ નથી રહી. પોતાની સ્વતંત્ર સ્વાનુભૂતિના આધારે કોઈપણ સાધારણ કે અસાધારણ રોગનું નિદાન કરીને એના ઉપચારોનો આધાર લઈ, આયુર્વેદની પ્રતિષ્ઠાને અખંડ રાખનારા આયુર્વેદાચાર્યો દેશમાં ઠેકઠેકાણે થતા રહ્યા છે. તાજેતરમાં થયેલા એવા એક અસાધારણ વૈદ્યરાજનો પરોક્ષ પરિચય પામવાનો પ્રસંગ મારા જીવનમાં બે વરસ પહેલાં પ્રાપ્ત થયો હતો-ઈ.સ. ૧૯૭૧માં.

ઉત્તર પ્રદેશના મેરઠ શહેરમાં મેરઠ વિશ્વવિદ્યાલયના નિવૃત પ્રાધ્યાપક શ્રી સૂદને ત્યાં મારો ઉતારો રાખવામાં આવેલો. એ એમની વિદ્વતા તથા ગુણજ્ઞતાને માટે મેરઠમાં અને એની આસપાસના વિસ્તારમાં વિખ્યાત હતા. એમની પાસે લગભગ રોજ સાંજ એક વૈદ્યરાજ આવતા. એમના અસાધારણ અનુભવજ્ઞાનની શ્રી સૂદે મારી આગળ પ્રસંશા કરી એટલે એમણે જણાવ્યું - 'સૂદસાહેબ મારા પ્રત્યે પ્રેમ રાખે છે. ને ગુણગ્રાહી છે તેથી મારી પ્રસંશા કરે છે, બાકી મારું આયુર્વેદજ્ઞાન બીજાની આગળ શી વિસાતમાં છે ? હું તો હજુ આ માર્ગમાં ક્રમેક્રમે મારી રીતે આગળ વધું છું. મને જે કાંઈ અલ્પ અનુભવ મળ્યો છે તે મારા પરમ પૂજ્ય પિતાશ્રી પાસેથી. એ આયુર્વેદમાં ખૂબ જ નિષ્ણાત હતા. મારું અલ્પ જ્ઞાન તેમને જ આભારી છે.'

'એમની આયુર્વેદસિદ્ધિનો એકાદ પ્રસંગ કહી બતાવશો ? એમની ચમત્કારિક અસાધારણ શક્તિનો ખ્યાલ આવે એવો કોઈક પ્રસંગ, જેણે એમને લોકોત્તર ખ્યાતિ આપી હોય.' આ સાંભળી તેઓ સહેજ વિચારમાં પડ્યા-જાણે એમણે જોયેલા ભવ્ય ભૂતકાળને વાગોળવા માંડ્યા.

થોડીવાર પછી એમણે જણાવ્યું : 'પ્રસંગો તો અનેક છે અને બધા જ અસાધારણ લોકોત્તર ને ચમત્કારિક છે. પરંતુ એમના જીવનનો એક પ્રસંગ ચિરસ્મરણીય થઈ પડ્યો છે. એણે એમને અસાધારણ યશ અપાવેલો અને એ પણ રાજદ્વારમાં.'

'રાજદ્વારમાં ? એટલે કે રાજાને ત્યાં ?'

'હા. રાજાને ત્યાં નહિ, પરંતુ મહારાજાને ત્યાં.'

'તો તો એ પ્રસંગ તમને કશી હરકત ન હોય તો અવશ્ય સંભળાવો.'

અને આયુર્વેદાચાર્યે એ પછી એક સરસ જીવનકથા કહી. એનો વિષય તથા સાર ઘણો રસપ્રદ હતો. નેપાલના મહારાજાને સર્વાંગસુંદર, સુશીલ રાજકન્યા હતી. એ રાજકન્યા બધી રીતે સ્વાભાવિક રીતે જ સુખી હોવા છતાં એના જીવનમાં એક મોટું દુઃખ પેદા થયું. એને અનિદ્રાનો વ્યાધિ લાગુ પડ્યો. એને લીધે એને માટે દિવસ કે રાતે સુવાનું એકદમ અશક્ય થઈ પડ્યું. મહારાજાની ચિંતાનો પાર ના રહ્યો. મહારાણી પણ અતિશય ઉદાસ અને ચિંતાતુર રહેવા લાગી.

મહારાજાએ રાજકન્યાને વ્યાધિમુક્ત કરવાના બનતા બધા જ પ્રયત્નો કરી જોયા. વૈદ્યો, હકીમો, ડોક્ટરો, નિસર્ગોપચારકો સૌની સલાહ લીધી ને મદદ માગી. પરંતુ કોઈ પણ પ્રકારના ઉપચારથી રાજકન્યા અનિદ્રામાંથી મુક્તિ મેળવી ન શકી ત્યારે એમની વેદના વધી ગઈ. રાજકુમારી પોતે પણ પોતાના જીવનથી કંટાળી ગઈ.

મેરઠના આયુર્વેદાચાર્યની ખ્યાતિ એ દિવસોમાં ઘણી વધારે હતી. એ રોગના નિદાનમાં ને ઉપચારમાં નિષ્ણાત મનાતા. એમણે નેપાલની રાજકુમારીના વ્યાધિની વાત સાંભળીને નેપાલ જવાની તૈયારી કરી.

નેપાલના મહારાજાએ એમનો સુયોગ્ય સત્કાર કર્યો. એમણે રાજકુમારીનું નિરીક્ષણ કરીને તેને વ્યાધિમુક્ત કરવાનો સંકલ્પ કર્યો. સંકલ્પની સિદ્ધિ પર એમની કારકીર્દીનો ઘણો મોટો આધાર હતો. એ સંકલ્પ તેમણે નેપાલના મહારાજાને જણાવ્યો. જેટલાં કરાવી શકાય તેટલાં ચમેલીનાં ફુલોને એકઠાં કરવાની સૂચના આપી. એમના આદેશાનુસાર ચમેલીનાં ફુલો એકઠાં થઈ ગયાં એટલે એમણે એ ફુલોને રાજકુમારીના પલંગ પર પથરાવ્યાં અને રાજકુમારીને એના ઉપર સુવડાવીને એના સમસ્ત શરીરને ફુલોથી ઢંકાવી દીધું. રાજકુમારીના બે નાસિકાદ્વારોને જ ઉઘાડાં રાખવામાં આવ્યા. પરિચારકોને તથા પરિચારિકાઓને ખાસ આદેશ આપવામાં આવ્યો કે રાજકુમારી કદાચ પોકારો પાડે તો પણ એને પલંગમાંથી ઊઠવા ન દેવી. કદાચ બળજબરી કરવી પડે તો બળજબરી કરીને પણ પલંગમાં જ સુતેલી રાખવી. એને વ્યાધિમુક્ત કરવાનો બીજો કોઈ ઉપાય નથી.

આયુર્વેદાચાર્યની ધારણા સાચી પડી. પલંગ પર સુતા પછી થોડોક વખત વીત્યો એટલે રાજકુમારી અત્યંત આર્ત અવાજે પોકારો પાડીને પલંગમાંથી ઉઠવાની ને નાસવાની કોશિશ કરવા માંડી. પરંતુ એ કોશિશ નિષ્ફળ કરવામાં આવી. છેવટે બધાના વિસ્મય વચ્ચે એ વર્ષો પછી પહેલી જ વાર ઘસઘસાટ ઊંઘી ગઈ. મહારાજા અને મહારાણીની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

બે-ત્રણ દિવસ પછી એ ગાઢ નિદ્રામાંથી પોતાની મેળે જ જાગ્રત થઈ. અને પછી તો એ રોજ ઊંઘવા લાગી. એનો અનિદ્રાવ્યાધિ કાયમને માટે મટી ગયો. આયુર્વેદાચાર્યને મહાન યશ મળ્યો. એમની પ્રતિષ્ઠા ઘણી વધી ગઈ. એમનું મહારાજ તરફથી રાજ્યોચિત સન્માન કરવામાં આવ્યું. એમને માનપત્ર તથા પારિતોષિક પ્રદાન થયું. મહારાજાની જિજ્ઞાસાના જવાબમાં એમણે જણાવ્યું : 'રાજકુમારીના મસ્તકમાં કીડા થઈ ગયેલા. એ કીડા એને નિરાંતે નિદ્રાધીન નહોતા થવા દેતા. ચમેલીના પુષ્પોની સુગંધથી એ કીડા સળવળી ઉઠીને એના નાકમાંથી બહાર નીકળ્યા ત્યારે એ વેદનાથી વ્યથિત બનીને બૂમો પાડવા લાગી. ક્રમે ક્રમે બધા કીડા બહાર નીકળી ગયા અને પથારી પર પડીને મરી ગયા એટલે રાજકુમારી ઘસઘસાટ ઊંઘી ગઈ. હવે એ રોજ ઊંઘતી રહેશે.'

રાજકુટુંબથી સન્માનિત થયેલા આયુર્વેદાચાર્ય એ પછી પોતાને ઘેર પાછા આવ્યા.

મેરઠમાં મળેલા એ વૈદ્યરાજની અને એમણે સંભળાવેલી એમના અત્યંત અસાધારણ આયુર્વેદાચાર્ય પિતાશ્રીની જીવનકથાની સ્મૃતિ ઘણી રોચક છે. એ સ્મૃતિ મને ખાસ તો એટલા માટે થઈ આવે છે કે પેલી રાજકુમારીની જેમ કેટલાય મનુષ્યો આજે શાંતિથી નથી સુઈ શકતા. એમની પાસે ધન, વૈભવ, ઐશ્વર્ય અને રાજસુખ છે. યૌવન તથા સૌંદર્ય છે અને સત્તા તથા પ્રતિષ્ઠા પણ છે, છતાં એમના અંતરાત્માને શાંતિ નથી. એ જીવનનો અસલ-અખંડ આનંદ નથી અનુભવી શકતા. એમનો એ વ્યાધિ કેવી રીતે ટળી શકે ? એમના મનમાં પડેલા વાસનાના કીડાઓ એમને બધે સ્થળે, દરેક પરિસ્થિતિમાં, અહર્નિશ બેચેન બનાવે છે. એ કીડાઓને બહાર કાઢવા માટે હરિનામનું સતત સ્નેહપૂર્વકનું સ્મરણ, મનન તથા સંકીર્તન કરવામાં આવે તો

એ ચિત્તાકર્ષક કીડાઓને બહાર કાઢી નાખે ને માનવના જીવનને સાચા અર્થમાં સુખી તથા શાંતિ કરી દે. આજના વાસનાગ્રસ્ત, કામુક મનુષ્યોએ એ સંદર્ભમાં આ કથાને વિશિષ્ટ રીતે વિચારવા જેવી છે. એ વિચારણા એમને માટે લાભકારક થઈ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. વનેશ્વરમાં થયેલો અનુભવ

'આટલે આવ્યા છો તો વનેશ્વરનું સ્થળ જરૂર જોઈ આવો.'

'ત્યાં શું છે ?'

'મહાદેવનું મંદિર છે. પુનાથી મહાબળેશ્વર જતાં અઢારેક માઈલ પર મુખ્ય માર્ગથી થોડેક દૂર એકાંત વનમાં વસેલું એ મંદિર છે. નાનું-છતાં ખૂબ જ શાંત અને સુંદર છે. એના અવલોકનથી અનોખો આનંદ મળશે.'

'એમ ?'

'હા. હું તમને ખોટું શા માટે કહું ? ખોટું કહેવાથી મને શો લાભ થાય ? ત્યાંનું વાતાવરણ ખુબ જ દૈવી, રસમય અને આનંદદાયક હોવાથી તમને ગમશે. મંદિરો અને શિવમંદિરો તો કેટલાંય છે-પરંતુ એ એક અલૌકિક મંદિર છે. મને ત્યાં એક અજબ જેવો અનુભવ થયો છે.'

'અજબ જેવો અનુભવ ?'

'હા. અતિશય અદભુત અનુભવ. જીવનમાં મને એવો અદભુત અનુભવ એ પહેલાં કદાપિ નહોતો થયો. એ પછી પણ નથી થયો - એ અનેરા અનુભવથી મારી દૃષ્ટિ બદલાઈ ગઈ છે, વૃત્તિ વિશદ થઈ છે અને શ્રદ્ધાભક્તિ વધીને વધારે બળવાન બની છે. એ અનુભવને હું આટલા દિવસો પછી આજે પણ નથી ભૂલી શક્યો. પહેલાં હું એવા અનુભવોને નહોતો માનતો ને ટાઢા પહોરના ગપ્પાં, મગજની નબળાઈ તથા ભ્રમ અને પાખંડમાં ખપાવતો; પરંતુ એ અનુભવે મારું માનસ પલટાવી નાખ્યું અને મને નવી સમજણ પૂરી પાડી.'

'એ અનુભવ ખરેખર અનેરો કહેવાય.'

'હા. એ અનેરો જ હતો. તમને સૌને એ કહી બતાવું.'

એ શબ્દો પુનામાં મળેલાં, મારા ઈ.સ. ૧૯૭૩ના જાન્યુઆરીમાં થયેલા પ્રવચનોમાં નિયમિત રીતે, પ્રેમપૂર્વક આવતા એક ભાઈના હતા. એ મારી સાથે એવી શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને વાર્તાલાપ કરી રહેલા.

થોડાક સમય પછી એ આગળ કહેવા લાગ્યા : 'એ અનુભવ આજે પણ એવો જ યાદ છે. એ વખતે હું વનેશ્વર મહાદેવનાં દર્શન માટે ગયેલો. એ સ્થળ મને ખુબ જ ગમી ગયું એટલે પુજાવિધિથી પરવારીને મેં ત્યાં મંદિરમાં રાત રહેવાનો વિચાર કર્યો.'

મારો વિચાર મેં પૂજારીને જણાવ્યો. એમણે એને નાપસંદ કરતાં કહ્યું 'મંદિરમાં રાતે કોઈ નથી રહી શકતું. ભૂતકાળમાં જે જે માણસો રાતે રહેલા તે સવારે જીવતા બહાર નહિ નીકળી શકેલા-પરંતુ મૃત દશામાં જ મળેલા. આ સ્થળ એવું અસાધારણ અથવા ભયંકર મનાય છે.'

'પુજારીની વાત મને વિચિત્ર લાગી. એવી વાત પહેલાં મેં સાંભળેલી ખરી; પણ મને એનો ભય નહોતો લાગતો. ગમે તેમ થાય તો પણ મેં એ સ્થળમાં, મંદિરની અંદર, રાત્રિ દરમ્યાન રહેવાનો નિશ્ચય કર્યો. મંદિર તદ્દન એકાંતમાં હતું અને રાતે તો છેક જ શાંત લાગે તેવું હતું-તો પણ શું ? પુજારીએ મને સમજાવવાના બનતા બધા જ પ્રયત્નો કરી જોયા, અને આખરે બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા ત્યારે મને

મંદિરના બહારના દરવાજાની કુંચી આપીને ખૂબ જ સાવધાનીપૂર્વક સુવાની સુચના આપીને સ્પષ્ટ કહ્યું - 'સવારે તમે નહિ બચી શકો. તમારૂં જીવન શાંત થવાની તૈયારીમાં છે.'

'ઈશ્વરની ઈચ્છાથી જે કાંઈપણ આવી મળે એને આનંદપુર્વક અપનાવવાની તૈયારી સાથે હું મંદિરમાં એકલો પડ્યો. મંદિરના બારણાને બંધ કરીને ભગવાન શંકરની સ્તુતિ કરવા લાગ્યો. મને જાતજાતના ને ભાતભાતના વિચારો આવવા માંડ્યા. ઊંઘવાનો પ્રયત્ન કરવા છતાં પણ ઊંઘવાનું કાર્ય એ એકાંત સ્થાનમાં એટલું બધું સહેલું તો નહોતું જ. કાળચક્ર પોતાનું કામ કરતું રહ્યું અને એ સ્થળમાં મધ્યરાત્રીનો સમય પૂરો થયો. મને થયું કે આ મંદિરમાં રાતે રહેનારા માનવો જીવતાં કેમ નહિ રહેતા હોય ? એવું વિલક્ષણ અહીં શું બનતું હશે ?'

'થોડા જ વખતમાં મંદિરના બારણા પર ટકોરા પડ્યા. બારણું ખખડ્યું-કોઈએ ખખડાવ્યું. મેં એને સાંભળ્યું-ન સાંભળ્યું કર્યું-પરંતુ ખખડાવનારે ખખડાવવાનું ચાલુ જ રાખ્યું. ધીમે પગલે ચાલીને મેં એને ઉઘાડ્યું તો ત્યાં એક અવનવું દૃશ્ય દેખાયું. મહારાષ્ટ્રના કોઈક ગામનાં સ્ત્રી-પુરુષ, એમના શિર પર સામાનની નાનીસરખી પોટલી હતી. મને થયું કે આ વિચિત્ર જેવાં દેખાતાં સ્ત્રીપુરુષ કોણ હશે અને અત્યારે અચાનક ક્યાંથી ને કયા પ્રયોજનથી પ્રેરાઈને આવ્યા હશે ? ત્યાં તો પુરુષે શાંત સ્વરે કહ્યું : 'અમારે ભગવાનનાં દર્શન કરવા છે. રસ્તામાં આવતાં-આવતાં થોડુંક મોડું થઈ ગયું. અમને દર્શન કરાવશો તો તમારો ઉપકાર માનીશું.'

'હું એમના તરફ જોઈ રહ્યો. એમનો દેખાવ છેક જ સાધારણ હતો. એમના ના પાડવાનું અથવા એમની અવજ્ઞા કરવાનું મને ઉચિત ના લાગ્યું. હું એમને મંદિરમાં લઈ ગયો. એમણે ખૂબ પ્રેમથી ભક્તિભાવપૂર્વક ભગવાનનું દર્શન કર્યું. એમના મુખ પર ઊંડો સંતોષ ફરી વળ્યો. એ સંતોષ પ્રકટ કરતાં એમણે મારો આભાર માન્યો, ને મને અંતઃકરણપૂર્વકનાં અનેકાનેક અભિનંદન આપ્યાં. મને પોતાને પણ એમના ઉદગારોથી સંતોષ થયો.'

'એમણે મને ભગવાન શંકરનો પ્રસાદ આપવા કહ્યું. હું મંદિરમાં પ્રસાદ હોય તો જોવા ને લેવા ગયો. જે મળ્યો તે પ્રસાદ લઈને થોડા જ વખતમાં બહાર આવ્યો ને જોયું તો પેલાં સ્ત્રી-પુરુષ દેખાયાં જ નહિ. મારા આશ્ચર્યનો પાર ના રહ્યો. મને થયું કે એ બંને ક્યાં ગયા ? મંદિરમાં તેમજ બહાર બધે જ જોયું-પણ એમનો પત્તો ના લાગ્યો. એટલી અલ્પવારમાં એ અદૃશ્ય થઈ ગયાં.'

'મંદિરનાં બારણાંને બંધ કરીને હું વિચારતો ને બધું યાદ કરતો બેસી રહ્યો. એ અનુભવે મારા અંતર પર ઊંડી અમીટ છાપ પાડી. એવા અનુભવો વિશે મેં વાંચ્યું કે સાંભળ્યું તો હતું જ, પરંતુ મને એમનામાં શ્રદ્ધા નહોતી થતી. એ મને ઉપજાવી કાઢેલા, ટાઢા પહોરનાં ગપ્પાં જેવા લાગતા. પરંતુ એ અનુભવે મારા મનને બદલી નાખ્યું. મને એનું રહસ્ય ના સમજાવા છતાં એટલું સમજાયું કે દુનિયામાં એવું કેટલુંય બને છે-જેનો તાગ માનવની સામાન્ય બુદ્ધિ નથી કાઢી શકતી, તો પણ એ તદ્દન વાસ્તવિક હોય છે. મારી શ્રદ્ધા વધી પડી.'

'બીજે દિવસે સવારે મંદિરમાં પધારેલા પૂજારી મને જોઈને ખૂબ જ નવાઈ પામ્યા. હું જીવતો હોઈશ એવી એમને કલ્પના જ ન હતી. એ મને આશ્ચર્યચકિત નેત્રે જોવા માંડ્યા. પરંતુ હું જીવંત હતો એ એક

હકીકત હતી. એમની જિજ્ઞાસાના જવાબરૂપે મેં એમને મારો સ્વાનુભવ કહી સંભળાવ્યો તો એ ખૂબ જ પ્રસન્ન થયા, વિસ્મય પામ્યા, અને બોલ્યા, 'ત્યારે તમે એમને જોયાં ?' '

'હા. જોયાં.'

'તો તો તમારા પર એમની કૃપા થઈ. તેથી જ તમે જીવતા રહી શક્યા. તમે સાચેસાચ ભાગ્યશાળી છો.'

'મારી આંખમાં આંસુ આવી ગયાં. ગળું રૂંધાઈ ગયું, ત્યારથી હું એવા અદભુત અનુભવોમાં માનતો થયો. આજે પણ માનું છું. એ સ્થળ ખરેખર ખૂબ જ ચમત્કારિક છે. તમે ત્યાં જરૂર જજો. એ સ્ત્રીપુરુષ કોણ હશે તે તો કેવી રીતે કહી શકાય, પરંતુ હતાં છેક જ વિલક્ષણ એમાં સંદેહ નથી.'

મેં એમને જણાવ્યું : 'એ ભગવાન શંકર અને પાર્વતી વિના બીજું કોણ હોઈ શકે ? એમ પણ કહેવાય છે કે એવી રીતે એ અલૌકિક એકાંત સ્થળમાં ભૂતકાળમાં વસતા સિદ્ધિ મેળવી ચુકેલા કોઈક પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય યોગીપુરુષ પોતાની વિશિષ્ટ શક્તિથી એવા અદભુત રૂપે પ્રકટ થયા હોય.' ગમે તેમ પણ એ આખોય અનુભવ અત્યંત અસાધારણ હતો. એથી કોઈને પણ આનંદ મળે એ સ્વાભાવિક હતું.

એ ભાઈએ એવી રીતે એમના અનુભવકથનને પૂરું કર્યું. એ કથન સૌને માટે રોચક થઈ પડ્યું.

બીજે દિવસે સંજોગો સાનુકૂળ થવાથી અમે વનેશ્વરનાં દર્શને ગયાં. સ્થળ સાચેસાચ સુંદર અને એકાંત હતું. મહાદેવના નાના સરખા મંદિરની આગળ જ સરસ કુંડ જોવા મળ્યો. એમાં એક બાજુથી પાણીનો પ્રવાહ મળતો દેખાયો. વૃક્ષો, પુષ્પો તથા વનરાજીથી વીંટળાયેલા એ શાંત ચિત્તાકર્ષક મંદિરના પાછળના ભાગમાં એક નાનકડી છતાં સુંદર સરિતા હતી. એનો પ્રવાહ બહુ પાતળો પડી ગયેલો. એની આજુબાજુ વિશાળ વન હતું. એ સ્થળ એકાંતવાસ અથવા સાધનાની દૃષ્ટિએ ખૂબ જ અનુકૂળ હતું. એ સ્થાનમાં કેટલોક સમય પસાર કરીને અમે સંતોષ પામ્યા અને પૂના પાછા ફર્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. મહાસંતોના સમાધિસ્થાનો

સ્વનામધન્ય સિદ્ધિશિરોમણિ મહાન સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજે એમની ઈચ્છાનુસાર જીવંત સમાધિ લીધે તો કેટલાંય વરસો થઈ ગયાં, પરંતુ એમની અલૌકિક આત્મિક શક્તિને અખંડ રાખીને એ આજે પણ કાર્ય કરી રહ્યા છે. એનો અનુભવ આજે આટલાં બધાં વરસો પછી પણ થયા વિના નથી રહેતો. જેના અંતરમાં એમને માટે આદરભાવ, અનુરાગ અને અસાધારણ શ્રદ્ધાભક્તિ હોય એ આજે પણ એનો એક અથવા બીજી રીતે ઓછાવત્તા પ્રમાણમાં અનુભવ કરી શકે છે. એ આહ્‌લાદક, અસાધારણ અનિર્વચનીય આત્મિક શક્તિથી આકર્ષાઈને આજે પણ અસંખ્ય દર્શનાર્થીઓ આલંદી ગામમાં આવેલા એમના સુપ્રસિદ્ધ સમાધિ મંદિરના દર્શને જાય છે અને ત્યાંના વિશુદ્ધ વાતાવરણમાંથી પોતપોતાની રીતે પ્રકાશ, પ્રેરણા તથા શાંતિ મેળવે છે.

એમના પ્રત્યેના અસાધારણ અનુરાગ અને આદરભાવથી પ્રેરાઈને મેં એમના એ સુંદર, પ્રેરક, શક્તિસંચારક શાંત સમાધિ મંદિરની મુલાકાત આજ સુધી ઘણીવાર લીધી છે અને લગભગ દરેક વખતે જુદાજુદા અનુભવોને પ્રાપ્ત કર્યાનો આનંદ મેળવ્યો છે. એ અનુભવો મારી પેઠે અધ્યાત્મમાર્ગના પ્રવાસીઓને ને સાધકોને પ્રેરણા પાશે અથવા આનંદ આપશે એવું માનીને એમાંના એકને અહીં રજુ કરું છું.

*

એ વરસે આલંદી જતી વખતે મારા મનમાં વિચાર અથવા ભાવ પેદા થયો કે સંસારમાં કોઈને ત્યાં જવાનું થાય તો તે સામાન્ય રીતે આપણું સ્વાગત કરે છે તો પછી સિદ્ધોના શિરમુકુટ જેવા જ્ઞાનેશ્વર મહારાજ સુંદર અલૌકિક સ્થળમાં આપણો સત્કાર ના કરે ? મહાપુરુષો પોતાની આત્મનિષ્ઠામાં લીન હોઈને સત્કાર અથવા અસત્કારના ભાવ કે વિચારથી પર હોય છે તો પણ ઈચ્છાનુસાર એનો આધાર લઈ શકે છે. એમાં કશું ખોટું નથી. મારી સાથેના ભાઈઓને પણ મેં કહ્યું : 'મારા ભાવ કે વિચારને જાણી લઈને જ્ઞાનેશ્વર મહારાજ એનો સમ્યક સંતોષકારક પ્રત્યુત્તર પૂરો પાડશે તો તેના પરથી એમની આત્મશક્તિ આજેય પણ અબાધિત રીતે કાર્ય કરી રહી છે તેની તમને પ્રતીતિ થશે.'

એ વિચાર કે ભાવ સાથે મેં સમાધિ મંદિરમાં પ્રવેશ કર્યો. અંદર જઈને જ્ઞાનેશ્વર મહારાજને મનોમન પ્રણામ કર્યા. સમાધિ મંદિરનું મૂળ સ્થાન ઘણું નાનું છતાં પણ આકર્ષક, પ્રેરક, શાંતિદાયક અને શક્તિસંચારક હતું. ત્યાં થોડાક વખત સુધી હું ભાવભક્તિથી ભરાઈને ઉભો રહ્યો. ત્યાં જ એક અકલ્પ્ય, અદભુત ઘટના બની. મંદિરના પૂજારીએ જ્ઞાનેશ્વર મહારાજની સમાધિ ઉપરથી એક સુંદર સુવાસિત ફુલમાળાને લઈ મને તે પહેરાવતાં જણાવ્યું - 'હું તમારું સ્વાગત કરું છું.' મેં આશ્ચર્ય અને આનંદની સાથે કહ્યું : 'તમે મને ઓળખતા જ નથી તો મારું સ્વાગત કરવાની ઈચ્છા કેવી રીતે થઈ આવી ?' તો તેમણે સ્મિતપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું : 'જ્ઞાનેશ્વર મહારાજની ઈચ્છાથી. હું તમને નથી ઓળખતો એ સાચું છે પરંતુ જ્ઞાનેશ્વર મહારાજ ઓળખે છે એ એટલું જ સાચું છે અને એમની પ્રેરણાથી જ હું તમારું આ પ્રમાણે સ્વાગત કરી રહ્યો છું.'

મારી સાથેના પુરુષો પુજારીના એ ઉદગારો સાંભળીને આશ્ચર્ય પામ્યા. એમની શ્રદ્ધાભક્તિ વધારે બળવાન બની પણ વાત કાંઈ આટલેથી જ અટકી નહીં. પુજારીએ મને જણાવ્યું : 'મારે ઘેર લઈ જઈને મારે તમારો સત્કાર કરવો છે.'

મેં એ માટે અનિચ્છા બતાવી પરંતુ તેમણે માન્યું નહિ. એમનું ઘર સમાધિ મંદિરની પાસે જ હતું. ત્યાં લઈ જઈને એમણે અમને સૌને બેસાડ્યા ને અમારો ચા તથા દૂધથી ખૂબ જ સ્નેહપૂર્વક સત્કાર કર્યો. જ્ઞાનેશ્વર મહારાજની વિશિષ્ટ અસાધારણ શક્તિનો વિચાર કરીને અમે એમને માટે વિશેષ અનુરાગ અને આદરભાવનો અનુભવ કરવા લાગ્યા. જ્ઞાનેશ્વર મહારાજ પોતાની અમોઘ-અલૌકિક શક્તિથી આજે પણ પોતાની રીતે સૂક્ષ્મ જગતમાં સક્રિય કાર્ય કરી કે કરાવી રહ્યા છે એની અમને ફરી પાછી પ્રતીતિ થઈ ને વિશ્વાસ થયો કે જીવનમુક્ત, પૂર્ણ, સિદ્ધ મહાપુરુષોનાં સમાધિસ્થાનો જડ સ્મૃતિચિન્હો નથી, પરંતુ જીવંત ચેતનાધામો છે. આજે પણ એ માનવના અંતરાત્માને અનુપ્રાણિત કરવાની શક્તિ ધરાવે છે. માનવની પોતાની અંદર જો થોડુંક સત્વ કે પ્રેરણાતત્વ હોય તો એમની અલૌકિક શક્તિનો સ્વાનુભવ એ સહેલાઈથી કરી શકશે. એનું પોતાનું અંતર જો જડ હશે તો કશું કહેવાનું નથી. એ જ્યાં પણ જશે ત્યાંથી ખાલી હૈયે ને ખાલી હાથે, અવનવી અશ્રદ્ધા તથા ભ્રાંતિ સાથે પાછો ફરશે.

એ ચિરસ્મરણીય પવિત્ર પ્રેરક પ્રસંગના અનુભવ પછી તો કેટલીય વાર અમે આલંદી જઈ આવ્યા. પ્રત્યેક વખતે એક અથવા બીજી જાતનો અનુભવ પણ થતો રહ્યો. બે વરસ પહેલાં મારા મુંબઈના પ્રવચનો પૂરા થવાની તૈયારી હતી ત્યારે કેટલાંય ભક્તિશાળી ભાઈ-બેનોએ આલંદી જવાની ઈચ્છા બતાવી. મેં જ્ઞાનેશ્વર મહારાજને તે માટે પ્રાર્થના કરીને પૂછ્યું તો તેમણે જણાવ્યું : 'આ વરસે આલંદી ન આવતા.'

એમની એવી સૂચનાને લીધે એમાં મંગલ માનીને મેં આલંદી જવાનો વિચાર સ્થગિત કર્યો ને સૌને જણાવી દીધું : 'તમારે જવું હોય તો જઈ શકો છો, બાકી મારાથી તો આ વખતે નહિ આવી શકાય.'

યજમાનની ઈચ્છા અથવા અનુકૂળતા ના હોય તો મહેમાન એમને ત્યાં સ્વેચ્છાથી જાય તે સારું ના કહેવાય. જ્ઞાનેશ્વર મહારાજની એ સુચનાનું રહસ્ય એ પછી થોડા જ સમયમાં સમજવા મળ્યું. માતાજીએ ડોક્ટરને આંખ બતાવી તો ડોક્ટરે એમને મોતીયો પાકી ગયો હોવાથી વહેલી તકે દવાખાનામાં દાખલ થઈ જવા કહ્યું. એને લીધે એમને દવાખાનામાં દાખલ કરવા પડ્યાં, જેથી એ વરસે આલંદી જવાની શક્યતા જ ના દેખાઈ.

ગયે વરસે અમે આલંદી ગયાં ને ત્યાંના વિશુદ્ધ વાતાવરણમાં એક રાત રહ્યાં પણ ખરાં. આ વરસે પુનામાં મારા પ્રવચનો ચાલતાં'તાં તે દરમ્યાન તારીખ ૬ જાન્યુઆરી ૧૯૭૩ને દિવસે અમે એક વાર ફરીથી આલંદી ગયાં ત્યારે પણ કોણ જાણે કેમ પણ સમાધિ મંદિરમાં પુજારીએ કરેલા વરસો પહેલાંના સ્વાગતના પ્રસંગનું મને વારંવાર સ્મરણ થવા માંડ્યું. મને થયું પણ ખરું કે પછી એવું સ્વાગત નથી થયું. જ્ઞાનેશ્વર મહારાજે પોતાની અલૌકિક આત્મશક્તિથી મારા એ મનોભાવને જાણી લીધો હોય તેમ, મેં સમાધિ મંદિરમાં પ્રવેશ કર્યો કે તરત જ પુજારીએ મને સમાધિ પરથી લઈને માળા પહેરાવી ને અતિશય પ્રેમપૂર્વક કહ્યું : 'હું તમને મારે ઘેર લઈ જઈને સત્કારવા માંગું છું. મારી આનાકાની છતાં એમનો આગ્રહ ચાલુ જ રહ્યો. ઘેર લઈ જઈને એમણે અમારો ચા તથા દૂધથી સત્કાર કર્યો અને અમે આલંદીથી વિદાય લીધી ત્યાં સુધી એ અમારી

સાથે રહ્યા. જ્ઞાનેશ્વર મહારાજે એવી રીતે બતાવી આપ્યું કે એમની આત્મશક્તિ અખંડ રીતે કાર્ય કરી રહી છે. એ શક્તિનો અનુભવ કરવા સૌ કોઈ સ્વતંત્ર છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. પ્રેતયોનિમાં સબડતા સાધુઓ

સૌરાષ્ટ્રનો પ્રવાસ કરતાં એક સાંજે અમે એ સ્થળમાં જઈ પહોંચેલા અને રાત રહેલા. રાતે બારેક વાગ્યા પછી અમારી બાજુમાં સુતેલી બેન રમીલાએ ઉંઘમાંથી જાગીને બૂમો પાડવા માંડી. મેં તથા માતાજીએ એની પાસે પહોંચીને એને શાંત કરવાની કોશિશ કરી તો પણ એ બૂમો પાડતી જ રહી. થોડા વખત પછી એણે કહ્યું -'મારે આ પલંગ પર નથી સુવું. પંકજની સાથે સુવું છે. અહીં મને બીક લાગે છે-કોઈક ડરાવે છે.'

એને એના નાના ભાઈ પંકજ સાથે સુવાડવાને બદલે માતાજીની સાથે નીચે પથારી કરીને સુવડાવી. તો પણ એની અશાંતિ લાંબા વખત સુધી મટી નહિ. એને જગદંબાનું સ્મરણ કરીને પ્રસાદી આપી ત્યારે એને શાંતિ થઈ.

એ પછી એ દુર્ગતિપ્રાપ્ત આત્માઓએ પોતાની પૂરી સંયુક્ત શક્તિથી મને અશાંત કરવાના આશયથી મારા પર આક્રમણ આરંભ્યું. હું એમના અશુભ આશયનું અનુમાન સહેલાઈથી કરી શક્યો. મેં એમનો પ્રતિકાર પ્રારંભ્યો. એમના પ્રતિકાર સિવાય બીજો કોઈ વિકલ્પ જ નહોતો રહ્યો. મેં જગદંબાનું શાંત ચિત્તે, સ્વસ્થતાપૂર્વક સ્મરણ કર્યું. ગાયત્રી મંત્રના જપ ચાલુ કર્યા. જગદંબાની પ્રાર્થના કરી ત્યારે રાહત મળી. જગદંબાએ કહ્યું : 'દસેક મિનિટમાં હું એ અશુભ આત્માઓને ઓરડામાંથી બહાર કાઢું છું.'

મારા બિછાના પર બેસીને હું એની પ્રતિક્ષા કરવા લાગ્યો. અને દસેક મિનિટમાં તો એ આત્માઓ ઓરડાની બહાર નીકળી ગયા. આજુબાજુના વાતાવરણમાં શાંતિ ફરી વળી. મારું શરીર અને મગજ હળવું બન્યું.

એ વખતે રાતનો એક વાગેલો. પેલી દસેક મિનિટ દરમ્યાન મને થયું કે વાતાવરણમાં કોઈક દુર્ગતિ પામેલા અમંગલ આત્માઓએ પ્રવેશ કરેલો; પરંતુ એ આત્માઓ કોણ હશે, અને એમની દુર્ગતિનું કારણ શું હશે ? એનો ઉત્તર પણ મને મળી ગયો. એ આત્માઓ કેમ કરી મારી આગળથી હઠતા નહોતા અને પોતાની સમગ્ર શક્તિથી મને બેચેન બનાવવાનો પ્રયત્ન કરી રહેલા ત્યારે હું એમના ઝાંખા રૂપને જોઈ શક્યો. એ બંને આત્માઓ સાધુપુરુષો હતા એ જાણીને મને વધારે દુઃખ થયું. બંને સાધુઓ ખૂબ જ જાણીતા હતા. થોડા વરસોમાં મૃત્યુ પામેલા, અને એમના અસંખ્ય પ્રસંશકો અનુયાયીઓ અને શિષ્યો હતા. એમની દુર્ગતિ થયેલી દેખીને મારું દિલ દ્રવી ગયું. મેં એમને કહ્યું : 'બીજાને તો તમે તમારા જીવનકાળ દરમ્યાન ઈશ્વરપ્રાપ્તિ કરવાનો અને શાંતિ તથા મુક્તિ મેળવવાનો ઉપદેશ આપતા-અને એ ઉપદેશને તમે જ ભૂલી ગયા ? તમારી પોતાની જાતને એ ઉપદેશ ના લાગુ પાડ્યો ?'

એમણે નકારમાં માથું ધૂણાવ્યું એટલે મેં પૂછ્યું : 'તમે તો સમજદાર સાધુઓ છો. તમને હવે શેનો મોહ અને શેની મમતા કે વાસના છે ?'

'અમે બાંધેલા સ્થાનોની અને મંદિરોની વાસના છોડી શકતા નથી.'

'શું એની મમતા સારી કહેવાય ?'

'સારી કહેવાય કે ના કહેવાય, પણ અમને એવી મમતા છે જ. અમે એમને જોઈને આનંદ અનુભવીએ છીએ ને એમને સાચવીએ છીએ પણ ખરા.'

'તમે સ્થાનોને બનાવવા ને સાચવવા માટે સાધુ બનેલા ? જીવનનું ધ્યેય તો પરમાત્માની પ્રાપ્તિ છે. તમારે પરમાત્માની પ્રીતિ ને મમતા રાખવાની અને વધારવાની હતી. તમે એ ધ્યેયમાંથી ચલાયમાન બન્યા અને આવા વાસના દેહને પામ્યા એ ખરેખર દુઃખદ છે. હવે તમે ક્યારે છૂટશો ? એ યોનિમાંથી છૂટવું જ જોઈએ. તમે કહેતા હો તો તમારી મુક્તિનો પ્રયાસ કરીએ. તમે કેવી રીતે છૂટી શકો તે જણાવો.' મેં એમને કહ્યું.

'પરંતુ અમારે આ યોનિમાંથી છૂટવું જ નથી તેનું શું ?'

'નથી છૂટવું ?'

'ના. નથી જ છૂટવું.'

'કારણ ?'

'આમાં અમને અતિશય આનંદ લાગે છે. અમને કશી તકલીફ નથી. આ યોનિ અમને ગમે છે.' દુર્ગતિ પામેલા સાધુએ કારણ દર્શાવ્યું.

'તો પણ આ અશુભ યોનિ છે. તમારે તેમાંથી છૂટવું જોઈએ. આ તો તમારાં જ્ઞાનવિજ્ઞાન, વૈરાગ્ય અને ભગવદ્ ભજન બધા પર પાણી ફરી વળ્યું ! તમારા ભક્તોમાં તમે 'મુક્તાત્મા પુરુષો' તરીકે જાણીતા છો. તમારી યોગ્યતાને જરાક તો વિચારી જુઓ. આ યોનિમાં પડીને અને એની આસક્તિ રાખીને તમે તમારું ઘોર અકલ્યાણ કરી રહ્યા છો. તમે બતાવો તો તમારે છૂટવા માટેનું કોઈક સત્કર્મ કરીએ.' મેં ફરીથી આગ્રહ કર્યો.

'મહેરબાની કરીને અમને આ જ યોનિમાં રહેવા દો. આમાં સુખ છે.'

'એનું કારણ તમારું અજ્ઞાન અને તમારી આસક્તિ છે. કૂતરાને હાડકાને ચાટવામાં સુખ લાગે છે-પરંતુ એ સુખ સાચું નથી હોતું. તમારા સ્થાનનો લાભ લઈને કેટલાય લોકો શાંતિ મેળવશે ને આધ્યાત્મિક માર્ગે આગળ વધશે; પરંતુ તમે પાછળ રહી ગયા. તમારા જ સ્થાનોમાં આસક્તિ કરી બેઠા. આસક્તિ તો કેવળ ઈશ્વરની કરવાની હતી. તમે હવે ક્યારે છૂટશો ?'

'એનો ઉત્તર અત્યારે નહિ આપી શકાય. અત્યારે તો અમારે છૂટવું જ નથી. છૂટવું હશે તો, અને ત્યારે, તમને જણાવીશું.'

હું એમની વાત સાંભળીને આશ્ચર્યચકિત બની ગયો. વધારે આશ્ચર્યચકિત તો એટલા માટે બન્યો કે એ બંને સાધુઓ હતા.

આખરે એ મારા ઓરડામાંથી વિદાય થયા.

*

બીજે દિવસે રમીલાબેને જણાવ્યું : 'એ પલંગ પર સુવા માટે ગઈ ત્યારથી મને થયું કે હું એના પર ના સુઉં તો સારું. મને ઉંઘ આવી ત્યારે કોઈ સાધુ મોં ફાડી જાણે ખાઈ જવા આવતો હોય એવી રીતે મારા તરફ આવવા લાગ્યો. એની સાથે કોઈ સ્ત્રી જેવી વ્યક્તિ પણ હતી. એમને જોઈ મને ભય લાગેલો.'

સાચું છે. સાધુપુરુષો વસ્ત્રો છોડે, નામ બદલે, કુટુંબ ત્યાગ કરે, પરંતુ મનને નિર્મળ અને ઈશ્વરપરાયણ કરીને વાસનામાંથી મુક્તિ ન મેળવે તો સાધુજીવન સફળ નથી બની શકતું. સાધુજીવન જીવનારે તો પળે પળે ને પદે પદે ખૂબ ખૂબ જાગ્રત રહેવું પડે છે. કોઈ પણ પ્રકારની લૌકિક લાલસા કે

વાસનાના શિકાર ના થાય, કોઈ વસ્તુ કે વ્યક્તિમાં આસક્તિ ન રખાય અને પોતાના જીવનના આદર્શને પણ ના ભૂલાય-તેનું નિરંતર ધ્યાન રાખવું પડે છે. ભૌતિક સંપત્તિ અને સમૃદ્ધિના પરિગ્રહની પાછળ પડવાને બદલે પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને પરમાત્માની પાછળ પડવાની સાધનાને જ એમણે મહત્વ આપવું જોઈએ. તો જ એ પોતાનું કલ્યાણ કરી શકે.

કમનસીબે અત્યારે સાધુપુરુષો પણ પરિગ્રહ, ભવનનિર્માણ અને લોકેષણા પાછળ વધારે પડ્યા છે. એમના કેટલાય સાધુઓ પોતાના વાસ્તવિક જીવનધ્યેયને ભૂલી જઈ જીવતાં જ વાસનાવશ થઈને દુર્ગતિ પામ્યા છે. સાધુ જીવન પવિત્ર આદર્શ પરમાત્મામય જીવન છે. એને એવું રાખવા માટે જીવન દરમ્યાન અને જીવન પછીની-બંને દુર્ગતિમાંથી છૂટવા માટે કટિબદ્ધ બનવું જોઈએ.

બીજે દિવસે અમારી મોટરના ડ્રાઈવરે પણ જણાવ્યું : ‘આપણે જે સ્થળમાં રાત રહ્યા તે સ્થળનું વાતાવરણ અમંગલ છે.’

મેં પૂછ્યું : ‘કેમ ?’

એણે કહ્યું : ‘હું આ સ્થળમાં બેત્રણ વાર આવી ગયો છે. પણ મારી છાપ એવી જ છે. રાતે બેત્રણ વાગ્યા સુધી મને ખૂબ ઢીલાશ રહી-માંદગી જેવું થઈ ગયું, અશાંતિ લાગી, અને જરા પણ ઊંઘ ન આવી. ધર્મસ્થાન હોવા છતાં અહીંનું વાતાવરણ એટલું બધું સારું નથી લાગતું.’

એ દુર્ગતિપ્રાપ્ત સાધુપુરષો વાસનાશરીરમાંથી છૂટીને પોતાના શેષ જીવનનું શ્રેય સાધી, શાંતિ મેળવે તો એમને ને બીજાં અનેકને લાભ પહોંચશે. ઈશ્વર એમને સદબુદ્ધિ આપે !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. મોહરહિત ઉપાસક

બહારથી સાધારણ ને નાના જેવા દેખાતા માણસોમાં કોઈવાર ઘણી મોટી અને અસાધારણ શક્તિ સમાયેલી હોય છે. એ શક્તિનું દર્શન કરીને આશ્ચર્યચકિત બની જઈએ છીએ, અને મંત્રમુગ્ધ થઈ વિચારીએ છીએ પણ ખરા, કે જગતમાં હજુ શક્તિસંપન્ન માનવરત્નોનું અસ્તિત્વ છે ખરું.

એથી ઉલટું, કેટલીક વાર બહારથી અસાધારણ, આકર્ષક અથવા મોટા દેખાતા માનવીઓ, યોગ્યતા અથવા શક્તિની નજરે પામર અને અલ્પ દેખાય છે, અને ગુણવત્તાથી પણ રહિત લાગે છે.

ચમેલી અને મોગરાંના પુષ્પો હોય છે તો ખૂબ નાનાં પણ એમની સુવાસ કેટલી જાણીતી છે ? જ્યારે બીજાં ઘણાં પુષ્પો બહારથી મોટાં અને સુશોભિત દેખાતાં હોવા છતાં પરિમલ વગરનાં હોય છે.

અહીં મારે બહારથી સાધારણ, પરંતુ અંદરથી અસાધારણ એવા એક પ્રતાપી પુરુષની વાત કહેવાની છે.

વાત તાજેતરની અને સાચી બનેલી છે. એ પુરુષમાં ઉપાસનાની અલૌકિક શક્તિ છે. આવી ઉપાસનાની શક્તિઓ વિશે સાંભળવામાં તો ઘણુંઘણું આવે છે, પણ એનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે અંતર ગદગદ્ થઈને અનેરી પ્રતીતિ કરે છે, કે ઉપાસકો અને ઉપાસના જગતમાં હજુ જીવે છે ખરાં.

ગયા મે મહીનામાં મેં મારા ગીતાજીના નિબંધોની હસ્તપ્રતનું પેડ એક ભાઈ-શ્રી હરિભાઈ મારફત, જાણીતા પ્રકાશક વોરા કંપનીને છાપવા માટે આપેલું. લગભગ છ-સાત મહિના પછી તે પુસ્તક છાપવાની વાત નીકળી ત્યારે વોરા કંપની દ્વારા હરિભાઈને જણાવવામાં આવ્યું : 'હસ્તપ્રત નથી મળતી. તેની તપાસ કરવાં છતાં તેનો પત્તો નથી લાગતો. સંભવ છે કે, એ હસ્તપ્રત તમે પાછી લઈ ગયા હો.'

હરિભાઈ તે હસ્તપ્રત પાછી નહોતા લઈ ગયા, એટલે તેની વધુ તપાસ કરવાની ભલામણ કરી. તો પણ એ તપાસનું કશું ધાર્યું પરિણામ આવ્યું નહીં. આમ થતાં એમને સ્વાભાવિક રીતે જ નિરાશા થઈ. એમણે મને બધી હકીકત લખી જણાવી એટલે તેના જવાબમાં મેં લખ્યું : 'ગીતાજીની હસ્તપ્રત વોરા કંપનીમાં જ પડેલી છે, અને મળશે પણ ખરી. માટે નિરાશ થયા વગર શોધ ચાલુ રાખજો.'

એવી જ સૂચના મેં, હસ્તપ્રતમાં રસ લેતા શ્રી હરગોવિંદભાઈ ભટ્ટને આપી. એમને ખબર પડી કે જે ઠેકાણે એ નોકરી કરતા હતા એ મકાનના ચોકીદારમાં એવી કોઈ વિલક્ષણ શક્તિ હતી, કે જેની મદદથી એ બીજાને ઉપયોગી બનતા અને તેના બદલામાં કશું જ લેતા નહીં. એમણે તે ચોકીદારનો સંપર્ક સાધ્યો તો ચોકીદારે પોતાની લાક્ષણિક રીતે આકાશ તરફ દૃષ્ટિપાત કરીને તરત જણાવ્યું : 'એ પુસ્તક ત્યાં-વોરા કંપનીમાં જ પડેલું છે, ત્યાંથી મળશે. તપાસ કરો. હું એને અહીંથી જોઈ શકું છું.'

પરંતુ વોરા કંપનીમાં ખૂબ ચીવટપૂર્વકની તપાસ કરવા છતાં ગીતાજીની એ હસ્તપ્રત મળી નહીં. એ જ અરસામાં મારે મુંબાઈ જવાનું થયું. હરગોવિંદભાઈ તરફથી ચોકીદારને ફરીથી પુછવામાં આવ્યું તો એમણે ઉત્તર આપ્યો : 'હસ્તપ્રતનું એ પેડ ત્યાં જ-વોરા કંપનીમાં જ પડેલું છે. હું એને બરાબર જોઈ શકું છું. એને પૂંઠું આસમાની રંગનું તથા કદ થોડુંક જાડું ને મોટું છે. તમે નિરાશ થયા વગર, વધુ ચીવટપૂર્વક તપાસ કરશો તો એ પેડ જરૂર મળશે.'

અને થોડીવારે ચોકીદારે કહ્યું : 'પછી મારે શ્રી યોગેશ્વરજીનાં દર્શને આવવું છે. એમનો મહિમા અપાર છે. એ ઘણા મહાપુરુષ છે. એમણે ઈશ્વરને પોતાના હૃદયમાં ધારણ કરી રાખ્યા છે. એમનું સ્મરણ કરતાં જ મારા શરીરમાં ઝણઝણાટી પેદા થાય છે, ને મને પ્રેરણા મળે છે. એ રોજ સવારે ગ્રંથ લખે છે તે હવે અઢાર મહિના સુધી લખશે. તે પછી લખવાનું છોડી દેશે. એમના સંજોગો બદલાઈ જશે. અને પછી તો એમનાં દર્શન પણ દુર્લભ થશે.'

ચીવટપૂર્વક તપાસ કરવા છતાંય એ પુસ્તકની હસ્તપ્રત ન જ મળી એટલે એમને-ચોકીદારને-ત્રીજી વાર પૂછવામાં આવ્યું. એમની ઉત્તર આપવાની રીત ખૂબ વિલક્ષણ હતી. એ આકાશ તરફ જોઈને, લેશ પણ વિલંબ કર્યા વગર તરત જવાબ આપતા. પહેલાં એમણે તે હસ્તપ્રત વોરા કંપનીના ડાબા હાથ તરફ પડી છે એવું કહેલું તેને બદલે હવે જમણા હાથ તરફ પડી હોવાનું જણાવ્યું.

હરગોવિંદભાઈ હરિભાઈને લઈ વોરા કંપનીમાં તપાસ કરવા ગયા ત્યારે વોરા કંપનીના એક કર્મચારીએ માહિતી આપી : 'અમારે ત્યાં અમુક હસ્તપ્રતો ઉપરના ભાગમાં રાખવામાં આવે છે. એ ભાગમાં બરાબર તપાસ કરવાથી દસેક મિનિટમાં એ હસ્તપ્રતનું પેડ હાથ લાગ્યું ત્યારે બધાને આશ્ચર્ય અને આનંદનો અદભુત અનુભવ થયો.'

*

બે દિવસ પછી એ ચોકીદાર મને મળવા આવ્યા ત્યારે મેં એમની અસાધારણ ઈશ્વરદત્ત શક્તિને માટે એમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં. એ વૃદ્ધ ધર્માવલંબી હતા. એમની સરળતા તથા નમ્રતા અજોડ હતી. પોતાની આવી, અદભુત ગણી શકાય તેવી, શક્તિનું એમને જરા પણ અભિમાન નહોતું. એમને મળીને મને ખૂબ આનંદ થયો. એ ધારત તો પોતાની શક્તિનું પ્રદર્શન કરી, ધન અને કીર્તિ પ્રાપ્ત કરી શકત; પરંતુ એ તરફ એમનું લક્ષ જ નહોતું. એમને પોતાના ચાલુ વ્યવસાયમાં અને શુદ્ધ, સાદા, પ્રભુપરાયણ જીવનમાં સંતોષ હતો.

મોહમયી ગણાતી મુંબઈનગરીમાં આવા મોહરહિત જીવનની પ્રીતિવાળા લોકોત્તર શક્તિસંપન્ન સત્પુરુષ કે ઉપાસક રહેતા હોય એની કલ્પના પણ કોઈને નહિ આવતી હોય ! ધન્ય છે, એ ઉપાસકને !

ગીતાજીના નિબંધોનું એ પુસ્તક છાપવા માટે આપી દીધું છે. એની સાથે એ ઉપાસકની સ્મૃતિ પણ સંકળાયેલી રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. સ્વામી શિવાનંદજી

શિવાનંદ આશ્રમ, હૃષિકેશ. હૃષિકેશની પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં સ્વર્ગાશ્રમના શાંત અને સુંદર વાતાવરણમાં, ગંગાના પવિત્ર તટ પર આવેલો એ આશ્રમ આજે સુનો છે. અથવા તો કહો કે ખિન્ન કે વિષાદમગ્ન છે, કેમ કે એ આશ્રમના અધિષ્ઠાતા દેવતા સ્વામી શિવાનંદજીનો દેહવિલય થયો છે. તારીખ ૧૪ જુલાઈની રાતે એમનું શરીર છૂટી ગયું છે. સ્વામીજીના દેશ તેમજ વિદેશમાં વસતા અસંખ્ય અનુયાયીઓ, ભક્તો, પ્રેમીજનો અને પ્રસંશકોને માટે એ સમાચાર ભારે મર્મઘાતક કે દુઃખદ ગણાય. એમના દેહવિલયથી હજારોએ પોતાના પ્રેરક અને પથપ્રદર્શક ખોયા છે તેમજ હજારોએ પોતાના શાંતિદાતા સદગુરુની છત્રછાયા ગુમાવી છે.

ભારતમાં છેલ્લાં સો વર્ષોમાં જે આધ્યાત્મિક અથવા તો સાંસ્કૃતિક નવનિર્માણ શરૂ થયું, તેમાં જે અસાધારણ પ્રતિભાસંપન્ન મહાપુરુષોનો આવિર્ભાવ થયો, તેમાંના સ્વામી શિવાનંદ એક હતા. ભારતીય સાધના કે સંસ્કૃતિના એ એક જ્વલંત જ્યોતિર્ધર હતા. વરસો સુધી એમણે એકાંતમાં રહીને સાધના કરી, અને એ પછી આશ્રમ, માસિક તેમજ પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ દ્વારા લોકોની સેવાના યજ્ઞમાં ફાળો આપ્યો. ભારતમાં ને ભારતની બહાર એક વર્ગ એવો હતો કે જે અંગ્રેજી ભાષામાં જ વાંચવા-વિચારવા ટેવાયેલો હતો. એ વર્ગને તર્કબદ્ધ શૈલીમાં ભારતનાં પ્રાચીન જ્ઞાન ને યોગસાધનાની આધુનિક આવૃતિ પૂરી પાડી, અને એ વર્ગને ધર્મ ને તત્વજ્ઞાનમાં રસ લેતો કર્યો. એમની એ સેવા કાંઈ ઓછી નથી. તે ઉપરાંત હિમાલયના વિલુપ્ત થતા જતા મહિમાને તાજો કરીને, વરસો સુધી એ એનું મુખ્ય આકર્ષણકેન્દ્ર બની રહ્યા. સુદૃઢ શરીર, શાંત, પ્રસન્ન ને પ્રકાશમય મુખમુદ્રા, ઉત્કટ સેવાભાવ, નમ્રતા ને અગાધ અનુકંપા, તથા ઉત્તમોત્તમ દાર્શનિક મેધાથી સંપન્ન એ મહાપુરુષ દેશ તેમજ દુનિયાની એક મૂલ્યવાન મૂડીરૂપ હતા એમાં સંશય નહિ; અને એમના સહવાસમાં અવારનવાર આવનારને એમની વિલક્ષણતા કે વિશેષતાનો પરિચય થતો.

ઈ.સ.૧૯૪૧ના આરંભમાં હૃષિકેશમાં મેં એમનું દર્શન કર્યું, તેમજ એમના આશ્રમમાં થોડા દિવસ નિવાસ કર્યો, ત્યારથી જ મને એમના અસાધારણ વ્યક્તિત્વની ઝાંખી કરવાનો યોગ પ્રાપ્ત થયો હતો. એ પછી બે વર્ષ પછી મેં બીજીવાર એમના આશ્રમની મુલાકાત લીધી ત્યારે વિશ્વનાથ મંદિર તથા ધ્યાનના હોલનું નિર્માણ થતું હતું. મને જોઈને સ્વામીજી દૂરથી મારી પાસે આવ્યા; અને મને એમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એથી મને અત્યંત આશ્ચર્ય થયું. પરંતુ એમાં આશ્ચર્ય જેવું કાંઈ જ ન હતું. સ્વામીજી કહેવા માગતા હતા કે જે વિશ્વનાથનું મંદિર પોતે બંધાવે છે તે વિશ્વનાથ સૌની અંદર રહેલા છે એમ માનીને પોતે પ્રણામ કરી રહ્યા છે. વરસો વીતી ગયાં છે. પરંતુ એ પ્રસંગમાં નીતરતી સ્વામીજીની નમ્રતાને હું આજે પણ નથી ભૂલી શક્યો. એવી નમ્રતા ને સમજ કોઈ વિરલ આત્મદર્શક પુરુષમાં જ હોઈ શકે.

ફરીવાર હું એમની પાસે નેપાળના રાજકુમાર સાથે ગયો હતો. ત્યારે મને એમના સ્વભાવનું એક બીજું જ પાસું જોવા મળ્યું. થોડીક યોગ તથા તત્વજ્ઞાનની વાતો કર્યા પછી સ્વામીજીએ રાજકુમારને કહ્યું : ‘વાતો તો પૂરી થઈ. અને બાકી હશે તો થશે. પરંતુ તમે આશ્રમને શું આપવા ધારો છો ? આશ્રમ તમારા જેવાના સહયોગથી જ ચાલે છે.’

રાજકુમારે કહ્યું કે 'હજી હમણાં તો મદદ આપી છે.' તો સ્વામીજી બોલ્યા : 'તે તો ભૂતકાળ થયો. પરંતુ હવે વર્તમાનકાળનું શું ? દરેક વખતે કાંઈ ને કાંઈ મદદ આપવી જ જોઈએ. તમે નથી જોતા કે આશ્રમમાં કેટલી બધી લોકોપયોગી પ્રવૃત્તિઓ થઈ રહી છે ? તે પ્રવૃત્તિઓમાં તમે મદદરૂપ ના થાવ તો તમારું ધન શું કામનું છે ? મારે માટે તો મારે કશું લેવાનું નથી !'

છેવટે રાજકુમારને મદદ આપવા તૈયાર થવું પડ્યું.

*

આ પૃથ્વી પર એવા લોકોત્તર આત્માઓ કોઈ ધન્ય તથા વિરલ કાળે ને વિરલ સ્થળે પ્રકટ થાય છે. એમના દેહવિલયનો શોક કરવાનો ના હોય. એ તો મૃત્યુંજય છે. જીવન દ્વારા માનવતાનાં જે મૂલ્યો અને ઉચ્ચ જીવનના આદર્શોનો એ ઉપદેશ આપતા ગયા છે તે મૂલ્યો અને ઉચ્ચ જીવનના આદર્શોને જીવનમાં સાકાર કરવાનો પ્રયાસ કરીએ એ જ બરાબર છે. એવી રીતે આપણે એમના પ્રેમના ઋણમાંથી મુક્ત થઈ શકીએ. બાકી મૃત્યુ તો અવશ્યંભાવિ છે. આ પંચમહાભૂતનું શરીર જેણે ધારણ કર્યું તેણે છોડવાનું જ છે. એ તો સૃષ્ટિનો એક સ્વાભાવિક ક્રમ છે. એ શરીરધારણને સાર્થક કરનારાં સત્કર્મો કરીએ એ જ ઉચિત છે.

આશ્રમમાં દેશપરદેશના શ્રેયાર્થી છે. સદાવ્રત છે, પ્રેસ છે, પુસ્તકાલય છે, યુનિવર્સિટી છે, દવાખાનું અને આંખની સારવારનું કેન્દ્ર છે, પરંતુ શિવાનંદજી નથી. ભારતના આધ્યાત્મિક આકાશનો એ તેજસ્વી તારો ખરી પડ્યો છે. ભારત એથી દીન બન્યું છે. આપણે એમને મૂક અંજલિ આપીને પ્રણામ કરીએ ! ઈશ્વરને પ્રાર્થીએ કે લોકસેવાના વ્રતધારી એવા સંતો દેશમાં વધારે ન વધારે પ્રમાણમાં પેદા થાય !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩. રામકલીનો મેળાપ

'તમારું નામ ?'

'મારું નામ રામકલી.'

'રામકલી ?'

'હા.'

'રામકલી નામ તો ઘણું સારું છે. તમારું મૂળ ગામ ?'

'પ્રયાગ પિયર, રાજાપુર સાસરું.'

'રાજાપુર સાસરું ?'

'હા.'

'રાજાપુર તો રામાયણના રચયિતા સંતશિરોમણિ તુલસીદાસનું જન્મસ્થાન.'

'મારું લગ્નજીવન રાજાપુરની એ જ પવિત્ર ભૂમિમાં થયેલું. એને મારું સદભાગ્ય સમજું છું.'

'પિયરમાં બીજું કોઈ નથી ?'

'ઘણા છે પરંતુ શા કામના ? ઈશ્વર સિવાય કોઈ કોઈનું નથી.'

'સાચેસાચ એવું છે ?'

'હા. મારા મનમાં એ વસ્તુ દૃઢ થઈ ગઈ છે. એટલે તો પિયર સાસરાનો ત્યાગ કરીને હું અહીં રહું છું. ભગવાન કૃષ્ણની ભૂમિ-લીલાભૂમિ વૃંદાવનમાં.'

'કોઈ તકલીફ તો નથી ?'

'ના. ભગવાનની ભૂમિમાં શી તકલીફ હોય ? અહીં તો બધી રીતે આનંદ આનંદ જ છે. ભગવાનની કૃપા છે.'

આ વાર્તાલાપ કોની સાથેનો છે તેની કલ્પના કરી શકાય છે ? વૃંદાવનની રમણરેતીના રમણીય પવિત્ર પ્રદેશમાં આવેલા બાંકે બિહારી ભવનમાં એક નાનીસરખી ઓરડીમાં છેલ્લાં કેટલાંક વરસોથી વાસ કરતી પ્રૌઢાવસ્થાએ પહોંચેલી કૃષ્ણપ્રેમી સાધ્વી સ્ત્રી રામકલી સાથેનો. એ વાર્તાલાપ અથવા એમાં પ્રકટ થયેલા એ પવિત્ર સાધ્વીના ઉદગારો એના અંતરની ઉદાત્તતાને, એની સરળતાને, નિષ્કપટતાને, નિખાલસતાને તથા વૈરાગ્યવૃત્તિને સૂચિત કરે છે. એ ઉદગારો સહેલાઈથી અને સુસ્પષ્ટ રીતે કહી જાય છે કે રામકલી કોઈ સામાન્ય સ્ત્રી નહોતી પરંતુ સર્વોત્તમ સંસ્કારસંપન્ન સન્નારી હતી. પૂર્વના કોઈક અસાધારણ અમીટ સંસ્કારવારસાથી પ્રેરાઈને સાંસારિક જીવનનો પરિત્યાગ કરીને કૃષ્ણ કૃપામૃતના અલૌકિક આસ્વાદ માટે એણે આ પ્રેમભક્તિપૂર્ણ પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં પ્રવેશ કરેલો. 'પૂરવ જનમની હું વ્રજગોપી' એ મીરાંબાઈની ઉક્તિ અનુસાર વ્રજની કોઈ કૃષ્ણલીલાની રાગિણી, કૃષ્ણપ્રેમી ગોપી એના રૂપમાં પુનઃ પ્રકટી હોય એવો ભાસ થતો. એ ભૌતિક જગતના બીજા વિભાગોને માટે નહિ પરંતુ વૃંદાવનના ભક્તિરસ ભરપુર પ્રદેશને માટે જ જન્મી હોય એવું લાગી આવતું.

એ પવિત્ર ભક્તિભાવવાળી સાધ્વીનો બાહ્ય વેશ છેક જ સાધારણ હતો. એમાં કોઈ નોંધપાત્ર ઉલ્લેખનીય વિશેષતા નહોતી દેખાતી. એના શ્યામ, કોઈ પણ પ્રકારના આકર્ષણરહિત અંગ પર મેલા જેવો સફેદ સાલ્લો રહેતો. કપાળે તિલક તથા કંઠમાં તુલસીમાળા એનાં એકમાત્ર આભૂષણ હતાં. એનું અંગ મધ્યમ કદનું હતું. વાત કરતી વખતે એનામાં સ્ત્રીસહજ સંકોચ દેખાતો. એના અંગમાં કોઈ પ્રકારનું બાહ્ય આકર્ષણ ના હોવા છતાં પણ એના વદન પર ઊંડી અપાર્થિવ શાંતિ, પ્રસન્નતા, નિસ્પૃહતા અને એની આંખમાં ચમક દેખાતી. એની વાણીમાંથી વિશ્વાસ ટપકતો. એ સઘળા પરથી સમજાતું કે એનો આત્મા ઘણો ઉદાત્ત અથવા ઉત્તમ છે. અમારો એની સાથેનો સમાગમ પણ એકદમ આકસ્મિક રીતે થયો. તારીખ ૨૩ નવેમ્બર, ૧૯૭૨ને દિવસે અમે કાનપુરનો કાર્યક્રમ પૂરો કરીને વૃંદાવન ગયા ત્યારે શેઠ બિશનચંદના આગ્રહને માન આપીને બાંકે બિહારી ભવનમાં એમના અતિથિ બનેલા. એવી રીતે તે ભવનમાં એક તરફ રહેતી રામકલીનો મેળાપ અમારે માટે શક્ય બન્યો. પ્રથમ દૃષ્ટિએ તો રામકલીમાં કાંઈ વિશેષતા જેવું ના દેખાયું. અમે એના તરફ ખાસ ધ્યાન ના આપ્યું. પરંતુ બીજે દિવસે સવારે અમારી સાથેના એક ભાઈ આસનના અભાવે ઊભા રહેલા ત્યારે એણે એમને માટે ખુરશી લાવી આપી. એના એવી વિનમ્ર વ્યવહારને જોઈને અમને એને માટે માન પેદા થયું. એથી પ્રેરાઈને મેં એ સાધારણ જેવી દેખાતી સાધ્વી સાથે વાર્તાલાપ કરવાનો આરંભ કર્યો. આ લેખના આરંભમાં એ જ વાર્તાલાપને રજુ કરવામાં આવ્યો છે.

*

રામકલીના મુખમાંથી સહેજ પણ ગોઠવ્યા વિના છેક જ સ્વાભાવિક રીતે જે શબ્દો નીકળતા તે શબ્દો એ જન્મજાત સાધ્વીની નિખાલસતાને, નિર્મળતાને, શ્રદ્ધાને અને અંતરની ઉદાત્તતાને પ્રકટ કરનારા હતા. એને વાતવાતમાં સહજ રીતે પૂછવામાં આવ્યું કે અહીં રહીને ભજનસાધન અથવા આત્મોન્નતિની સાધના તો થાય છે ને ? તો એણે શિશુસહજ ભાષામાં માર્મિક રીતે ઉત્તર આપ્યો કે જીવથી ભજન શું બની શકે ? અહીં ભજનનો એટલો મહિમા નથી. અહીં તો ભૂમિની રજ છે, અને રજનો જ મહિમા છે. રજ મળી ગઈ એટલે થયું. જેને રજ મળી ગઈ તેનું બધી રીતે કલ્યાણ થયું.

આ ભૂમિમાં કોઈ સારા, મોટા સંત વસે છે ?

એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં રામકલીએ જણાવ્યું કે મોટા-નાના સંતની શી ખબર પડે ? સંત તો સૌ સરખા હોય છે. મોટા-નાના નથી હોતા. મારું મન એવા ભેદભાવમાં નથી પડતું.

કેટલો સરસ, સારગર્ભિત પ્રત્યુત્તર ? એવો સારવાહી પ્રત્યુત્તર એના વિના બીજું કોણ આપી શકે ? નાના કે મોટા સંતપુરુષોના વ્યર્થ વિવાદમાં પડવાનું એને જરા પણ પસંદ નહોતું પડતું. એની એ પદ્ધતિ અવનવી હોવા છતાં ખરેખર આવકારદાયક હતી. એમાં કશું જોખમકારક અથવા હાનિકારક ન હતું.

બીજે દિવસે રામકલી પાસેથી કેટલીક બીજી મહત્વની વાતો જાણવા મળી. એમનો ઉલ્લેખ રસપ્રદ હોવાથી કરી લઈએ.

રામકલીને વર્તમાન શાંત સુંદર સ્થાનમાં રહેવાનું કેવી રીતે થયું તે વિશે ભાવપૂર્ણ ભાષામાં જણાવ્યું : 'ભગવાનની કૃપાથી જ સર્વ કાંઈ થતું હોય છે. એમની કૃપાથી જ હું અહીં આવી શકી છું. અહીં આવતાં પહેલાં મેં થોડોક વખત હરિદ્વાર તથા હૃષિકેશમાં ગાળેલો. અહીં આવીને પણ વરસો સુધી

શ્યામાબાઈના આશ્રમમાં રહેતી અને આ મકાનમાં રહેતા એક સંતપુરુષની સેવા કરવા આવતી. એ સંત ખૂબ જ ભજનાનંદી હતા. એમનું સ્વાસ્થ્ય બગડ્યું અને એમના શરીરત્યાગનો સમય સંનિકટ આવ્યો ત્યારે એમણે આ મકાનના માલિકને બોલાવીને મારી વાત કરતાં કહ્યું કે તમે રામકલીને અહીં જીવનભર રહેવા દેવાની તૈયારી બતાવતા હો તો ઠીક. મને એથી આનંદ થશે, નહિ તો હું એની બીજે વ્યવસ્થા કરી દઉં. મારે આવતીકાલે શરીર છોડવાનું છે. મકાનના માલિકે મને આજીવન રહેવા દેવાની બાંયધરી આપી એથી એમને શાંતિ થઈ. છેલ્લા દિવસોમાં એ મારા પર ખાસ પ્રસન્ન હતા. બીજે દિવસે પોતાની પૂર્વ સુચનાનુસાર એમણે શરીરનો પરિત્યાગ કર્યો. મકાનના માલિકે એ પછી એમના જ ઓરડામાં મારી રહેવાની વ્યવસ્થા કરી દીધી. મારે જે સીધુંસામાન જોઈએ છે તે બાંકે બિહારના મંદિરના મુનિમ પાસેથી લઈ આવું છું. મકાનમાલિક એમને એમની અનુકૂળતા પ્રમાણે જે થાય છે તે રકમ ચુકવી દે છે.'

'તમને કોઈ વાર બીજી આર્થિક મદદ મળી રહે છે ?'

'મળી રહે છે.' એણે જણાવ્યું, 'કોઈવાર કોઈ મુલાકાતીઓ કે ભક્તો આવે છે તો મને મદદ કરે છે ખરા. એવી મદદને એકઠી કરીને હું લાંબે વખતે સાધુસંતોને કે ગરીબોને ખીચડી વગેરે ખવડાવી દઉં છું.'

'ખવડાવી દો છો ?'

'હા. ખવડાવી દઉં છું. મારે પૈસાને શું કરવા છે ? પૈસાનો બીજો શો ઉપયોગ છે ? મારા જીવનને તો ભગવાન સારી રીતે ચલાવી રહ્યા છે. પછી હું પૈસાને શા માટે એકઠા કરું ?'

એ ઉદગારો રામકલીના અંતરની ઉદાત્તતાને પ્રકટ કરી રહેલા. એમને સાંભળીને મને થયું કે એનો અંતરાત્મા ઘણો ઊંચો છે.

એને પૂછવામાં આવ્યું કે ભજન કરો છો, તો એણે એની લાક્ષણિક રીતે જણાવ્યું, 'અહીં તો સૂવાનું પણ ભજન છે.'

'સૂવાનું પણ ભજન ?'

'હા. વ્રજની પરમપવિત્ર ભગવાનસેવિત ભૂમિમાં નાનીમોટી, સાધારણ દેખાતી કે અસામાન્ય લાગતી પ્રત્યેક ક્રિયા ભજન છે. આ ભૂમિમાં વસવું, વિચરવું ને શાંત થવું એ પણ ભજન છે. મને તો એ બધું ભજન જ લાગે છે.

*

રામકલીનું વ્યક્તિત્વ વિશદ, સરળ તથા દંભરહિત હતું. એણે સ્કૂલ કે કોલેજની કેળવણી નહોતી મેળવી તો પણ એની સદબુદ્ધિ, સમજ અને નિષ્ઠા ખૂબ જ પ્રસંશનીય હતી. એ કોઈ આશ્રમની અધિશ્વરી, મઠપતિ કે મહંત ન હતી. એની ખ્યાતિ પણ ક્યાંય નહોતી પ્રસરી. તો પણ એ એક નિષ્ઠાવાળી સાત્વિક સાધ્વી હતી એમાં સંદેહ નહોતો. એના સમાગમથી અને એની સાથેના સંભાષણથી અમને આનંદ થયો.

સવારે પોતાના નાનાસરખા નિવાસસ્થાનના પ્રાંગણમાં એ પારેવાંને દાણા નાખતી. એ પછી પૂજા માટે પુષ્પો તોડતી. નિત્ય કર્મમાંથી નિવૃત થઈને ભોજન બનાવતી. એ સઘળા સમય દરમ્યાન શાંતિથી ભાવમગ્ન બનીને ભજનો ગાતી કે ધૂન બોલતી. એનો કંઠ ખૂબ જ મધુર હતો. એ કહેતી કે વાણી છે જ ભગવાનના ગુણાનુવાદ માટે. એના ભક્તિમય સરળ જીવનને જોઈને વૃંદાવનમાં વરસો પહેલાં વસનારી

પરમ પ્રેમમયી મીરાંની સ્મૃતિ થઈ આવતી. મીરાંની એ નાનીસરખી આવૃતિ હોય એવું લાગ્યા કરતું. વિશુદ્ધ ને વિશાળ વ્રજમંડળમાં એવી નાનીમોટી કેટલી મીરાંઓ રહેતી હશે તે કોણ કહી શકે ?


*

એક દિવસ એક કાષાયવસ્ત્રધારી સાધુએ અમારી પાસે આવીને કામળાની માગણી કરી. રામકલીએ એને કહ્યું કે કાલે તો એક કપડું અપાવ્યું છે ને સાધુ થઈને સંતોષ રાખવાને બદલે ફરી માગે છે ? સાધુ એ સાંભળીને થોડોક ખિસિયાણો પડી ગયો. એ યમુનાતટ પર વૃક્ષ નીચે પડી રહેતો. રામકલીએ એને માગવાનું મૂકી દઈને ભગવાનમાં વિશ્વાસ રાખીને ભજન કરવાની સલાહ આપી. એ વખતનું એનું સ્વરૂપ જોવા જેવું હતું. સાધુએ એની સલાહ સાંભળીને અસંતોષની અભિવ્યક્તિ કરતાં ચાલવા માંડ્યું.

રામકલીનો સમાગમ સાચેસાચ સુખદ થઈ પડ્યો. એ સમાગમ ચિરસ્મરણીય બનવા સારુ સર્જાયેલો. આજે પણ એ એવો જ તાજો છે. એ એક સાચી સાધ્વી હતી એમાં સંશય નથી. વ્રજમંડળના વિશાળ ઉપવનની એક અનોખી કળાત્મક કમનીય કળી.

**(સમાપ્ત)**

## About the Author



(Aug 15$^{th}$ 1921 - Mar 18$^{th}$ 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography '<u>Prakash Na Panthe</u>' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18$^{th}$ 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*